णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहु माणो

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા

## પ્રસ્તાવ-ત્રીજો

**(પ્રવચન ૧૩૧ થી ૧૪૦)**

= કર્તા =

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજા

= સંકલન =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ – **94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૭

## નિઃશુલ્ક E-Book (PDF) દ્વારા પ્રાપ્ય - ઉપમિતિ ભવ પ્રપંચ કથા
## (પ્રવચન ધારા – શ્રેણિ) હસ્તલિખિત સંપુટ માહિતી !

| વોલ્યુમ | પ્રસ્તાવ | પ્રવચન | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| 1 | 1 | 1 થી 10 | 224 |
| 2 | 1 | 11 થી 20 | 208 |
| 3 | 1 | 21 થી 28 | 145 |
| 4 | 2 | 1 થી 16 | 294 |
| 5 | 3 | 1 થી 10 | 184 |
| 6 | 3 | 11 થી 20 | 188 |
| 7 | 3 | 21 થી 30 | 204 |
| 8 | 3 | 31 થી 42 | 260 |
| 9 | 3 | 43 થી 52 | 228 |
| 10 | 3 | 53 થી 62 | 238 |
| 11 | 3 | 63 થી 71 | 217 |
| 12 | 3 | 72 થી 79 | 164 |
| 13 | 3 | 80 થી 90 | 196 |
| 14 | 3 | 91 થી 100 | 226 |
| 15 | 3 | 101 થી 110 | 218 |
| 16 | 3 | 111 થી 120 | 204 |

## નિઃશુલ્ક E-Book (PDF) દ્વારા પ્રાપ્ય
## અન્ય હસ્તલિખિત પ્રવચનધારા - વોલ્યુમ્સ

| નામ | વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| પેરન્ટીંગ - સર્જરી | **સંતાન સંસ્કરણ** | **118** |
| સંયમ સ્વપ્નયાત્રા | **સંયમ સંવેદના** | **203** |
| પરિણતિ પાવનયાત્રા | **સંઘ વાત્સલ્ય** | **202** |
| આરાધના યાત્રા | **અંતિમ આરાધના** | **206** |
| પર્યુષણ-૧ | **પર્યુષણ પ્રવચનો (અષ્ટાહ્નિકાદિ)** | **254** |
| ધ્યાન યાત્રા | **આત્મૈષણા-શિબિર પ્રવચનો** | **212** |
| ધારા શ્રેણિ - ભાગ ૧ થી ૬ | **સંયમીઓ માટે પંચસૂત્ર વાચના** | **390** |

# વ્યાખ્યાન નંબર - 131

DATE 10 08 2021

પરમ કારુણિક મહર્ષિ સિધ્ધર્ષિ ગણિ મહારાજા, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, ત્રીજા પ્રસ્તાવમાં, એક જ શ્લોકની અંદર શાસ્ત્રોનું સર્વસ્વ રજુ કરે છે.

ઉપાદેયો હિ સંસારે ધર્મ એવ બુધૈ: સદા

તત્વાર્થમાં જે સમજણ છે, સુક્ષ્મ બુદ્ધિ છે, તો આ સંસારમાં ધર્મ સિવાય બીજા કોઈની પાછળ પડવા જેવું નથી.

વિશુદ્ધો મુક્તયે સર્વં તતોઽન્યદ્ દુ:ખકારણમ્ ।।

વિશુધ્ધ ધર્મ, એ જ મોક્ષદાયક થાય છે. અને એની સીવાયનું બધું જ, માત્ર ને માત્ર દુ:ખ જ આપે છે.

## આપણી પાસે ધર્મ છે, પણ ભેળસેળીયો ધર્મ છે!

માટે આપણો મોક્ષ થતો નથી. ભેળસેળમાં ફક્ત ભેળસેળ નથી હોતી, ભ્રમણા પણ હોય છે. ભેળસેળ એથી ભ્રમણા આપે છે. ભેળસેળથી માણસ એવા ભ્રમમાં રહે છે કે આ અસલી વસ્તુ છે.

આજથી લગભગ 86,000 [redacted] વર્ષ પહેલાની ઘટના, દેવલોકની અંદર ઈન્દ્ર, કૃષ્ણ મહારાજાની પ્રશંસા કરે છે, કે અત્યારે જંબુદ્વીપ, ભરત ક્ષેત્રની અંદર જે કૃષ્ણ વાસુદેવ છે એ અત્યંત ગુણવાન છે. એ કોઈ વસ્તુમાં દોષ જોતા નથી, ગુણ જ જુએ છે. અને બીજા નંબરમાં નીચ યોદ્ધા થી એ યુધ્ધ કરતા નથી. એક દેવ પરીક્ષા લેવા નીચે આવે છે, સવારી ચાલી રહી છે, કોહવાયેલી કુતરીનું મડદુ હોય, એથી ત્યાં વિકુર્વણા કરી છે, બધા મોઢું ફેરવી લે છે, ખુબ જ વાસ આવે છે. એમ લાગે કે હમણાં માથું ફાટી જશે. અને એ સમયે કૃષ્ણ મહારાજા પોતે મોઢું ફેરવતા નથી, નાક મચકોડતા નથી, અને પ્રસન્નતાથી

DATE

એટલું જ કહે છે, કે કુંતરી ના મડદાના મોઢામાં જે
દંત પંક્તિ દેખાય છે, જે દાંત દેખાય એ કેટલા ઉજ્જ્વળ
છે. દેવ સ્તબ્ધ થઈ જાય છે, બીજુ પરીક્ષા લે છે.
કૃષ્ણ મહારાજના અશ્વ રત્નનું અપહરણ કરીને, બધા-
સૈન્ય સાથે પાછળ પડે છે. અશ્વ સાથે, માણસ સ્વરૂપે-
દેવ કૃષ્ણ મહારાજ ને મળી જાય છે, કૃષ્ણ મહારાજ-
કહે છે કે તારામાં તાકાત હોય તો યુદ્ધ કરીને તું લઈ જા.
અને યુદ્ધમાં હરાવી દે પછી મારો અશ્વ રત્ન એટલે કે-
શ્રેષ્ઠ ઘોડો એને તું લઈ જા. બોલ તું કયા યુદ્ધથી
યુદ્ધ કરીશ ?, આપણે બન્ને ઘોડા પર બેસીને લડીએ-
કહે, ના ! ધનુષબાણથી લડીએ, ના !
હાથી પર બેસીને લડીએ, ના !
ગદાથી લડીએ, ના !
ભાલાથી લડીએ, ના !
કુસ્તી થી લડીએ, ના !
કઈ રીતે લડીશ તું ?, અને એ દેવે કહ્યું, કે હું શરીર-
ના બેઠકના ભાગથી યુદ્ધ કરવા માંગુ છું. યુદ્ધની નિતિ-
એવી, કે એ જ ભાગથી પ્રહાર કરવાનો. આ રીતના યુદ્ધ-
થી હું યુદ્ધ કરવા માંગુ છું. અને કૃષ્ણ મહારાજ એ-
એ જ ક્ષણે કહી દીધું, કે હું હારી ગયો, તું જીતી ગયો.
તું આ અશ્વરત્નને લઈ જા.

નાહં નીચયુદ્ધેન યુધ્યે

હું એવા નીચ યુદ્ધથી, જે હલકા લોકોને શોભે,
ખાનદાન ને ન શોભે, એવા યુદ્ધથી હું યુદ્ધ કરવા-
માંગતો નથી. જે એમ કહે છે, કૃષ્ણ મહારાજ ને
જૈન શાસ્ત્રો એ અન્યાય કર્યો, એમનું DEVALUATION
કર્યું, એ લોકો ને ખબર નથી, આગમો ની અંદર -
કૃષ્ણ મહારાજના ચાર મોઢે કેટલા વખાણ કર્યા છે.
સંવાયાંગ જેવું આગમ હોય, આવશ્યક નિર્યુક્તિ
જેવું આગમ હોય, એમના ગુણો નું વર્ણન એની અંદર

કર્યું છે. એક વસ્તુ તમને નડી રહી છે ને એ વસ્તુ-
માટે થઈને તમે નીચે ઉતરી શકો છો, તો એ પણ
નીચ કામ જ છે. થોડા લાખ કે થોડા કરોડ રૂપિયા-
માટે તમે તમારા સિદ્ધાંતો ને નીચે
મુકી શકો, અને નીચે ઉતરી શકો તો એ પણ નીચ
યુદ્ધ જ છે. ભીમ સાથેની બોલાચાલીમાં તમારે-
જીતવું છે, ને તમે ગાળાગાળી પર ઉતરી આવો છો.
તમે અપશબ્દો પર ઉતરી આવો છો, જુઠ ઉપર-
ઉતરી આવો છો, અપમાન પર ઉતરી આવો છો, એ
પણ નીચ યુદ્ધ છે.

નાહં નીચયુદ્ધેન યુધ્યે ।

રાજકુમાર, રામ એના માટે ઘોડાની બહુ-
જ VALUE હોય, આજે તમારા મોંઘા માં મોંઘા-
વાહનની જે VALUE હોય, એટલી VALUE એમને-
હોય, એમને પસંદ હોય, એમાં આખા રાજ્યમાં નહિ,
ત્રણ ખંડમાં નહિ, એવો ઘોડો. યા જે ઘોડો મળે,
જીતવાના તો કૃષ્ણ વાસુદેવ જ હોય, કોઈ પણ માણસ-
ની તાકાત નથી કે એમની સામે યુદ્ધમાં જીતી શકે.
એમને ખબર પણ નથી હોય છે. પણ કૃષ્ણ મહારાજને
જ્યાં આવી OFFER આવી ત્યાં હાર સ્વીકારી ને કહી
દે છે કે તું લઈ જ ઘોડાને! હું તમને પુછું કે-
પાંચ-પચ્ચીસ લાખ રૂપિયાની વધારે VALUE કે તમારી
ખાનદાની ની, તમારા ધર્મની, તમારા સંસ્કાર ની, ને
તમારા સિદ્ધાંત ની વધારે VALUE! આટલા તમે
સસ્તા છો,

તમારો ધર્મ આટલો સસ્તો છે ?

તમારા સંસ્કાર આટલા સસ્તા છે ?

સામે વાળો માણસ ખોટો છે, ખોટી રીતે BEHAVE કરે છે, ખોટા શબ્દો તમને કહે છે, ગમે તેમ કહે છે, તમે કહી દો કે મારી હાર થઈ ગઈ, એ LEVEL-પર ઉતરી ને ઝઘડો કરવાની મારી કોઈ તૈયારી-નથી.

મુદ્દાની વાત હવે આવે છે, દેવ બંને પરીક્ષા દ્વારા-જોઈ લે છે કે ખરેખર ઈન્દ્ર મહારાજએ, જે ગુણોનું વર્ણન કર્યું, એ જ ગુણો, કૃષ્ણ મહારાજમાં છે, અને ખરેખર આ બહુ જ ઉત્તમ વ્યક્તિ છે. ઉત્તમ-પુરુષ છે. અને દેવ, કૃષ્ણ મહારાજ ને કહે છે કે હું દેવ છું, આ બે રીતે તમારી પરીક્ષા કરી અને તમે-બંનેમાં પાસ થયા, તો હવે તમારે જે જોઈએ એ તમે માંગો. પ્રસન્ન થયો છું તમારા ઉપર. અને કૃષ્ણ-મહારાજના ગુણો, આગમ આગળ વર્ણવે છે કે, કૃષ્ણ મહારાજ, પોતાના માટે કશું પણ માંગતા નથી. કૃષ્ણ મહારાજ, એમ નથી કહેતા કે મને આવા-આભુષણો આપી દો, એમ નથી કહેતા આટલા-આટલા દેવો મને જોઈએ. કૃષ્ણ મહારાજ એમ-નથી કહેતા મને આટલી...આટલી...આટલી...આટલી-વસ્તુઓ આપી દો. કૃષ્ણ મહારાજ એમ કહે છે, તમે જો મારા ઉપર પ્રસન્ન થયા હો, તો ફક્ત એટલું આપો કે મારા રાજ્ય ની અંદર કોઈ બિમાર-ના પડે. એવા પરદુઃખ ભંજન કૃષ્ણ મહારાજ, -પોતાના માટે કશું માંગતા નથી. રાજ્ય ના આરોગ્ય માટે માંગે છે અને, દેવ છે એ કૃષ્ણ મહારાજને એક દિવ્ય ભેરી આપે છે. ભેરી એટલે મોટું નગારું, અને દેવે કહ્યું દર ૬ મહિને આ નગારાને વગાડવાનું, અને આ નગારા નો અવાજ જે પણ સાંભળશે, એને ૬ મહિના જુના રોગો હશે, ગમે તેટલા સમય જુના રોગો

પણ હશે, જે મરી જશે. અને નવા છ મહિના સુધી
એમને કોઈ રોગ થશે નહિ. છ મહિના પછી પાછી-
વગાડી, એટલે કોઈ પણ રોગ જે સમય વચ્ચે થયો-
હશે એ મરી જશે. કૃષ્ણ મહારાજ ખુબ જ પ્રસન્નતાથી
એ ભેરી નો સ્વીકાર કરે છે. રાજ્યમાં એ પ્રમાણે
ઘોષણા કરાવે છે, દર છ મહિને એ ભેરી વાગે,
જે સાંભળી એના રોગો મરી જાય, નવા છ મહિના સુધી
રોગો થાય નહિ. આ રીતે ક્રમ ચાલ્યા કરે.. ચાલ્યા-
કરે... ચાલ્યા કરે... રાજ્ય ની અંદર અમુક શ્રીમંતો-
હતા, અમુક મહાશ્રીમંતો હતા, તેઓ માંદા પડ્યા. હવે-
ભેરી વગાડવાને ચાર મહિનાની વાર છે, ને ચાર-
મહિના સુધી ની રાહ જોવી, ત્યાં સુધી રોગ સહન કરવો,
નિયમ એ નિયમ, એની પહેલા ભેરી વાગવાની નથી ને,
ચાર મહિના સુધી રાહ જોવી નથી ને શ્રીમંતો એમના-
રૂપિયાથી જે ભેરી વગાડવા વાળો, એ માણસને ફોડે
છે. એને કહે છે કે એક નાનો ટુકડો એ ભેરીમાંથી-
આપો ને, આવી દિવ્ય ભેરી છે એના ટુકડાથી એ
રોગ મરી જાય. એને પાણી ને અમે પી જઈશું ને
અમારું કામ થઈ જશે, એની જગ્યાએ આ PURE-
ચંદનનો ટુકડો છે, આ તમે લગાડી દેજો. માણસ
પૈસાથી ફૂટી જાય છે, ભેરીનો ટુકડો, થીગડાં તરીકે ચંદન
લગાડી ને, પેલા શેઠ ને ORIGINAL ભેરીનો-
ટુકડો આપી દે છે, અને આ રીતે શ્રીમંતો નું કામકાજ
ચાલતું રહે છે, ચાલતું રહે છે... ચાલતું રહે છે,
સાડા ત્રણ મહિના બાકી છે... ત્રણ મહિના બાકી છે...
અઢી મહિના બાકી છે... બે મહિના બાકી છે ....
દોઢ મહિનો... એક મહિનો... પચ્ચીસ દિવસ ...
વીસ દિવસ... પંદર દિવસ... દસ દિવસ.. આઠ દિવસ
પાંચ દિવસ... ચાર દિવસ, લોકો રાહ જોઈ રહ્યા છે,
હવે બે જ દિવસ... હવે એક જ દિવસ.. હવે બસ કાલે

સવારે ભેરી વાગશે ને બધા ત્યાં આવી ને ઉભા રહી-ગયા છે, બધાને કાંઈ ને કાંઈ રોગ છે. બસ ભેરી વાગે ને જે સાંભળીએ ને અમારો રોગ મટી જાય, અને સમય થઈ ગયો ને જોરથી ભેરી વગાડવાનો પ્રયાસ-કરવામાં આવ્યો, ને ભેરી એટલી બોદી થઈ ગઈ હતી, કે ભેરીનો બિલકુલ અવાજ જ ના આવ્યો. કોઈને-અવાજ સંભળાયો નથી ને, કૃષ્ણ મહારાજ સુધી ફરિયાદ-ગઈ, ને કૃષ્ણ મહારાજ જોવા આવ્યા કે થયું છે શું? અને જુએ છે, ભેરીમાં થીગડા છે, આખી ભેરી એની-બહુ જ કંગાળ દશા. ભેરી આખી કંથા થઈ ગઈ, કંથા એટલે કોઈ થીગડા છાપ કપડું હોય, અને હવે તો ORIGINAL ભેરી બચી જ નથી, માટે ભેરી વાગી જ નહિ. અને કૃષ્ણ મહારાજનો પિત્તો ગયો. આવું-થયું કઈ રીતે?

ગુપ્તચરોને કામે લગાડયા ને ગુપ્તચરો બધી જ બાતમી લાવ્યા, કે આવું આવું થયું છે! શું થયું છે? ગુપ્તચરો એ બધી વાત કરી કે શ્રીમંતો એ પોતાનો રોગ મટાડવા, આ રીતે માણસનો ફોડ્યો છે, ચંદનનો ટુકડો આપતા ગયા, ભેરીનો ટુકડો લેતા-ગયા, ભેરી દૂરથી એવી ને એવી દેખાય છે, પણ-હકીકતમાં આખી ને આખી બદલાઈ ગઈ છે, ને મધુક-જઈને આપે પણ એવું છે. અને કૃષ્ણ મહારાજ એ પૈસા ભેરી સાચવનાર માણસ હતો, એને સખત દંડ કરે છે, અને દેવતાનું આરાધન કરે છે, અને દેવતા બીજી ભેરી આપે છે.

ધર્મમાં જ્યારે ભેળસેળ થાય, ત્યારે ધર્મ નકલી બની જાય છે. અને ધર્મની શક્તિ બધી જ ખલાસ થઈ જાય છે.

ભેરી નકલી બની ગઈ, ભેરી ની શક્તિ બધી ખલાસ થઈ ગઈ. ભેરી દિવ્ય હતી, ભેરી ચમત્કારિક હતી, ભેરીનો અવાજ આવે, અને રોગ મટી જાય એ નક્કી હતું, પણ ભેરી આખી બદલાઈ ગઈ, અને ભેરી બદલાઈ ગઈ એના-કારણે ભેરી નો પ્રભાવ જતો રહ્યો.

ધર્મમાં ભેળસેળ થાય, ધર્મ નકલી બને, ધર્મ બદલાઈ જાય, અને પછી ધર્મનો પ્રભાવ, એનો લાભ આપણને મળી શકતો નથી.

<u>નકલ ગમે તેટલી આકર્ષક હોય તો પણ એ નકલ હોય છે.</u>

PURE ચંદનનો ટુકડો હતો એ પણ ભેરીની અંદર ભેળસેળ હતો. નકલ ને અસલ તરીકે ખપાવવા માટે એમાં આડંબર ભેળવવામાં આવે, ત્યારે નકલના ગુણાકાર થાય છે, ને આડંબર વાળી નકલ હોય એ માણસને ઓર ભુલાવામાં પાડે છે, ઓર ભ્રમણામાં પાડે છે. નકલી-મુલ્લો હોય એ સાત વાર નમાજ પડે તો પણ એ નકલી-જ રહે છે, ને એને જોનારા વધારે ભ્રમણા માં પડે છે. શ્રીમંતો ને સાજા થવું હોય તો એમના પોતાના સ્વાર્થ-માટે, શ્રીમંતો ભેરીમાં ભેળસેળ કરે એ વાત જુદી છે, ત્યાં એમનો સ્વાર્થ સધાતો હતો, હું તમને કહું છું, ધર્મમાં આપણે ભેળસેળ કરીએ, સામાયિક માં ભેળસેળ, વંદનમાં ભેળસેળ, ઉપવાસમાં ભેળસેળ, આયંબિલમાં-ભેળસેળ, પૌષધમાં ભેળસેળ, દાનમાં ભેળસેળ, હું તમને કહું છું આપણા ઉપવાસ વગરના ઉપવાસ હોય છે, આયંબિલ વગરના આયંબિલ હોય છે. સામાયિક વગરની સામાયિક હોય છે, પૌષધ વગરના પૌષધ હોય છે દાન વગરનું દાન હોય છે, અને આ ભેળસેળ કરવા-દ્વારા આપણે આપણને જ નુકશાન પહોંચાડીએ.

તો આ કેવું છે, શ્રીમંતો ને નુકશાન ન હતું, નુકશાન-
તેઓ ને હતું જે આ ભેરી સાંભળવા આવવાના હતા.
શ્રીમંતો તો પોતાના સારા માટે, પોતાનો રોગ મટાડવા,
આ રીતે ભેળસેળ કરતા હતા. ધર્મમાં ભેળસેળ આપણે
જ કરીએ ને આપણું જ નુકશાન થાય. આપણે ને
સમજાય છે આપણે શું કર્યું છે? શ્રીમંતો પોતાનો
સ્વાર્થ સાધવા ભેળસેળ કરતા હતા, આપણે આપણો-
સ્વાર્થ તોડવા ભેળસેળ કરીએ. શ્રીમંતો છે, એ રોગ-
મટાડવા માટે ભેળસેળ કરતા હતાં, આપણે રોગ વધારવા
ભેળ સેળ કરીએ છીએ. શ્રીમંતો એમનો રોગ કદાચ ના
મટે તો એ શ્રીમંત જ રહેવાના હતા, આપણા ભાવ-
રોગો કર્મ રોગો જો મટે નહિ, તો આપણે આ મનુષ્ય-
પણામાંથી વધારે ને વધારે અધમ ગતિઓ, અધમ-
યોનિઓમાં જવાના. કૃષ્ણ મહારાજ એ પેલા શ્રીમંતોને
સજા ન હતી કરી, પેલા નિયુક્ત માણસ છે એને જ-
સજા કરી હતી. આ ભવમાં આપણે ભેળસેળ કરી તો
સજા આપણને જ થવાની છે. દિવ્ય ભેરી બીજુ વાર-
મળી શકી હતી, આ શુધ્ધ ધર્મ એક વાર આપણે-
ગુમાવી દીધો, આવતા અનંત કાળ સુધી કદાચ આપણે
આ શુધ્ધ ધર્મથી વંચિત થઈ જશું. આગળ વધીને,

શ્રોતાનો પ્રશ્ન :- સાહેબજી, આ ભેળસેળીયો ધર્મ એટલે
શું છે? આચારોમાં પાલન ન થાય એ
ભેળસેળ છે? Exactly ભેળસેળ એટલે શું છે?

પૂજ્યશ્રીનો ઉત્તર :- અધ્યાત્મસારની અંદર, મહોપાધ્યાય
યશોવિજયજી મહારાજ એ આ સવાલનો
જવાબ આપ્યો છે, પ્રશ્ન એ છે કે,

શુધ્ધ ધર્મની વ્યાખ્યા શું છે?

તમે કોને શુધ્ધ ધર્મ કહેશો ? સો માણસો સામાયિક કરે
છે, બધા બરાબર બેઠા, વિધિ કરે છે, વાતો નથી કરતા,
બીજું-ત્રીજું નથી કરતા, સ્વાધ્યાય કરે છે, જપ કરે છે!
વ્યાખ્યાન સાંભળે છે, બધા જ સારી રીતે કરે છે પણ-
ભાવની તરતમતા હોય, તમે શુધ્ધ ધર્મ કહેશો કોને ?
નિશ્ચય નયથી જે પરમ સાત્વિક, અને જેની અંદર એક પણ
દોષ નથી, જેની અંદર પરાકાષ્ટા નો આદર ઝુકાનો ભાવ છે,
એ શુધ્ધ ધર્મ. એ શુધ્ધ સામાયિક !
એ શુધ્ધ ઉપવાસ !
એ શુધ્ધ આયંબિલ !
એ શુધ્ધ દીક્ષા !
વગેરે વગેરે ધર્મોની અંદર, જ્યાં પરાકાષ્ટાનું બધું જ છે,
દ્રવ્ય અને ભાવ, એ શુધ્ધ !

વ્યવહાર નય ની અપેક્ષા એ, ત્યાં જ્યાં-
પરાકાષ્ટા નો ભાવ અને દ્રવ્ય છે, એટલે કે ક્રિયા છે,
અને એની સાથે જે શુધ્ધ ક્રિયા, એમાં કિરણગુન-
તબક્કો કે ભૂમિકા છે, એને પણ શુધ્ધ ક્રિયા, વ્યવહાર-
નય કહે છે. એક માણસ છે, વંદન કરવા આવે છે,
એને કોઈ ભાવ નથી ને, મનમાં વિચારે છે કે ક્યાં-
આ મહાત્મા, કોઈ ઠેકાણા નહિ, આજનું ચારિત્ર, કરી લો
તો એ વંદન, કેવું લાગે વંદન કર્યા વગર બેસીએ તો !
એની ક્રિયા શુધ્ધ હોવા છતા, વંદન અશુધ્ધ છે. બીજુ-
બીજુ વ્યક્તિ આવી જેને વંદન કરતા આવડતુ જ નથી,
વંદન કરવાનો ભાવ છે, મહાત્મા પ્રત્યે અહોભાવ છે, જિંદગીમાં
પહેલી વાર એ ભાઈ ઉપાશ્રયે આવ્યા છે, ને કોઈ મિત્ર-
સાથે આવ્યા છે, એ મિત્ર કરે એમ જોઈને આમ-આમ-
આમ-આમ કરે છે, જે કરવામાં ય આડુ અવળું થાય
છે, એનો ભાવ બહુ જ સારો છે. એને વ્યવહાર દ્રષ્ટિએ
શુધ્ધ કહેવાય. જ્યાં શક્ય બધું જ કરાય છે. જ્યાં-

શક્ય બધું જ કરાય છે, જ્યાં શુદ્ધ ક્રિયાનું આલંબનપણું છે, હેતુ પણું છે, ત્યાં શુદ્ધ ક્રિયા છે. બહુ સરસ વાત - અધ્યાત્મસારમાં યશોવિજયજી મહારાજ એ કરી,

अशुद्धापि हि शुद्धाया: क्रिया हेतु: सदाशयात् ।

અશુદ્ધ ક્રિયા એની અંદર પણ જો શુભ ભાવ ભળેલો છે, તો એ શુદ્ધ ક્રિયાનો હેતુ થાય છે.

ताम्रं रसानुवेधेन स्वर्णत्वमधिगच्छति ।।

જો રસવેધ થઈ જાય તો તાંબુ છે એ પણ સોનું બની જાય. છે તાંબુ, રસવેધ થયો, એના પરમાણુ .. પરમાણુમાં - સુવર્ણત્વની પરિણતિ થઈ, અને એ તાંબુ સોનું બની - ગયું. વાત સમજાય છે?

એવી જ રીતે ભાવ શુદ્ધ છે, અહોભાવ છે, બહુમાન ભાવ છે, ખબર નથી પુરી, ને ક્રિયામાં કાંઈક - આડુ અવળું થાય છે, પણ એનો ભાવ છે એ તાંબાની ક્રિયા ને ભવિષ્યમાં સોનાની બનાવી દેશે. એને શુદ્ધ - ક્રિયાનો લાભ મળશે. જેની ક્રિયા કદાચ શુદ્ધ છે કે નથી, પણ અંદરમાં વિપરીત ભાવ છે, એ માણસ એની ક્રિયાને તાંબામાંથી પણ આગળ, લોઢું અને કથીર બનવા સુધી લઈ જાય છે.

સભાનો પ્રશ્ન :- પેલા ભાઈએ ખોટું વંદન કર્યું, પેલા - ભાઈએ સાચુ વંદન કર્યું, વંદન એ તો ક્રિયા છે, તો એમાં ભાવ આવ્યો શું? ખાલી ઓઘેનો ક્રિયા જ કરી!

પૂજ્યશ્રીનો ઉત્તર :- જ્યાં મહાત્મા પ્રત્યે અહોભાવ, પૂજ્ય ભાવ નો ભાવ રહેલો છે, ત્યાં ભાવ શુદ્ધિ નો અંશ છે. એટલે આ જ વાત કરે છે,

क्रिया हेतु: सदाशयात् ।

DATE

ઉપુ આપણને છે ને ભાવ કરતા ક્રિયાનું વધારે મહત્વ છે.
બહુ સરસ મઝાની વાત જ્ઞાનસાર પ્રકરણની અંદર, -
મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે.
क्रियाशून्यं च यज्ज्ञानं ज्ञानशून्या च या क्रिया ।
એક જ્ઞાન છે જેની અંદર કોઈ ક્રિયા નથી ને એક ક્રિયા છે, જેની અંદર કોઈ જ્ઞાન નથી, જ્ઞાન એટલે ભાવ, સદ્ભાવ, અહોભાવ, જે જ્ઞાન અંશ છે.
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥
તો આ બે વસ્તુ છે એમાં DIFFERENCE શું છે?
એક સુરજ અને એક આગીઓ એ બેમાં જે DIFFERENCE એ આ બેમાં DIFFERENCE છે. એકમાં જ્ઞાન છે - ક્રિયા નથી, ભાવ પુરેપુરો છે, શક્યતા નથી માટે માણસ કરી નથી રહ્યો, કશું જ નથી કરી રહ્યો. એક માણસ કરી રહ્યો છે, પણ ભાવ નથી એને, તો જેની પાસે - ભાવ છે એની પાસે સુરજની કક્ષા છે. જેની પાસે ભાવ - શુન્ય ક્રિયા છે, એની પાસે આગિયાની કક્ષા છે.

ભૈરી એક જ ભવની અંદર સુખકારક થવા - ની હતી. શુદ્ધ ધર્મ ભવોભવની અંદર ઉપકારક થવાનો, ભૈરી માત્ર રોગનો ઉપદ્રવ દુર કરવાની હતી. શુદ્ધ ધર્મ - છે, એ બધા જ ઉપદ્રવોને દુર કરનાર છે.
विशुद्धो मुक्तये ।
ઉપમિતિમાં સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે, જેટલો શુદ્ધ ધર્મ હશે, એ તમને વધારે ને વધારે આગળ લઈ જશે, એટલું જ નહિ, મોક્ષ સુધી લઈ જશે, તમે શુદ્ધ ધર્મ - માટે મહેનત કરો, તમે હવે આ બધો ભેળસેળિયો ધંધો છોડો. ભૈરી જે ચિકિત્સા હતી પણ એમાં ભેળસેળ થઈ - એટલે એ એક બોદું વાજિંત્ર બનીને રહી ગઈ.
શુદ્ધ ધર્મ મોક્ષદાયક હોય છે. પણ એની અંદર આપણે ભેળસેળ કરીએ છીએ, ત્યારે એ એક કોડું નાટક બનીને - રહી જાય છે.

મોક્ષ વિશુધ્ધ ધર્મથી મળી શકે, પણ આપણને વિશુધ્ધ ધર્મની તરસ કરતા, ભેળસેળિયા ધર્મની તૃપ્તિ વધારે હોય છે. આપણી પાસે સંતોષ છે, તૃપ્તિ છે. મેં આ કર્યું.. આ કર્યું.. આ કર્યું.. આ કર્યું.. આ કર્યું.. આ કર્યું... શુદ્ધ ધર્મ એની તમન્ના.. એની ઝંખના.. એની તરસ.. એનો - તલસાટ.. કોઈ કહે કે ભાઈ તમે કેટલી અઠ્ઠાઈ કરી - અમે સાંભળ્યું કે તમે સાત વાર અઠ્ઠાઈ કરી અને આંખમાંથી આંસુ નીકળી જાય, ઝિંદગી માં એક ઉપવાસ કર્યો નથી, આત્માની નજીક રહેવું આનું નામ ઉપવાસ, આહાર વગેરે બધું જ છોડી ને આત્મામાં ઠરી જવું, સ્વાધ્યાયમાં લીન થઈ જવું, બાહ્ય ભાવોથી મુક્ત થઈ જવું, ખાવાનું એ તો એક SAMPLE છે, એક માત્ર અંશ છે, જે જેમ પુદ્ગલ છે, એમ દરેક પ્રકારના બાહ્ય ભાવોથી મુક્ત થવું, એની સાથે આહારથી પણ મુક્ત થવું, આને સાચો નિશ્ચય - વ્યવહાર સંમત ઉપવાસ - કહેવાય, ઝિંદગી માં એક ઉપવાસ નથી કર્યો ને તમે - અઠ્ઠાઇ ની ક્યાં વાત કરો છો !

એક વિદ્વાન મહાત્મા હોય ને એને કોઈ પુછે કે તમારો અભ્યાસ કેટલો, તો મહાત્મા નો જવાબ હોય કે મને હજુ તો નવકાર આવડતો નથી.

## હજુ નવકાર શીખવાનો બાકી છે !

એક નવકાર આવડી જાય તો જે મારૂ કામ થઈ જાય, પણ કામ નથી થયું લાગતું, કારણકે એક નવકાર નથી આવડતો, આવડ્યું કોને કહેવાય ?, ઉપવાસ કર્યો કોને કહેવાય ?, દાન આપ્યું કોને કહેવાય ?, સામાયિક કોને કહેવાય ?, ગુરુવંદન કોને કહેવાય ?, એટલા DEVALUATE કરીને આપણી તો તો ધર્મક્રિયા, ધર્મ અનુષ્ઠાન, તપસ્યા વગેરેને

એના હોઈએ છીએ. આમ કર્યું એટલે થઈ ગયું, ઈષુ-
શર પણ નથી થયું !

विशुद्धो मुक्तये।

જ્યાં સુધી શુધ્ધ ધર્મ નથી, ત્યાં સુધી આપણો મોક્ષ થવાનો નથી.

મોક્ષ માર્ગની અંદર બહુનો આગ્રહ નથી, ચળકારનો આગ્રહ નથી, માત્ર શુદ્ધિ નો આગ્રહ છે, ને - શુદ્ધિ એ આપણી પાસે નથી તો ગમે તેટલો ધર્મ કરીએ, તો આપણો મોક્ષ થવાનો નથી.

અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથની અંદર મુનિસુંદરસૂરી મહારાજ કહે છે.

સભાનો પ્રશ્ન :- ધર્મ કરતા.. કરતા એની ધીરે ધીરે કરીને શુદ્ધિ આવે ને ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એ લક્ષ્ય હશે, શક્ય પ્રયાસ હશે. તો કરતા કરતા શુદ્ધિ આવશે. અને એ કશું જ નથી, તો કરતા કરતા રીઢાપણું આવશે ! કરતા.. કરતા શુદ્ધિ થઈ જ જાય એવું કશું જરૂરી નથી. જેટલું નથી થતું એનો ડંખ જરૂરી છે, એના માટેનો - આઘાત જરૂરી છે, એનો વસોપાત જરૂરી છે, બધી શક્તિ લગાડી દેવી, આવો પુરુષાર્થ જરૂરી છે, ભગવાનની આજ્ઞા પ્રત્યે બહુમાન જરૂરી છે, જે આપણાથી આગળ છે, એમના માટે આપણને સદ્ભાવ અને અહોભાવ હોય ને એમનું આલંબન લઈને આપણે લક્ષ્ય બાંધ્યું હોય કે મારે પણ અહિંયા પહોંચવાનું છે. આવી કોઈ જ ભૂમિકા નથી તો સમજો, કરતા- કરતા એવું પણ બની શકે, કે આપણે આત્મિક - દ્રષ્ટિએ, પરિણતિ ની દ્રષ્ટિ એ વધારે પાછળ જતા હોઈએ, કારણ કે જેટલી વાર કરીએ છીએ એ યંત્રવત્ આપણે -

DEVALUATE કરીએ છીએ, એ બરાબર છે અને આપણને એ બરાબર નથી લાગતું તો આપણને વલોપાત થવાનો જ છે, અને વલોપાત નથી એનો અર્થ એ જ બરાબર લાગે છે, એનો અર્થ અશુદ્ધ બરાબર લાગે છે. એનો અર્થ પ્રમાદ બરાબર લાગે છે, એનો અર્થ - ભગવાનની આજ્ઞાની અવગણના બરાબર લાગે છે, એની સાથે પાછો આપણે અંદર ઘમંડ ઉમેરીએ છીએ, એ અશુદ્ધ નો ઘમંડ છે. એ તો મારા કથીર ના ઘરેણા છે તો આ તો કોઈ સોનાના ઘરેણા મેળવવાનો રસ્તો જ નથી.

તમને કથીર ના શોખ છે તો તમે સોનાના કયાંથી મેળવવાના છો.

તમને ઉપાદેય બુદ્ધિ પણ નથી, કે આ તો કથીર ના ઘરેણા કહેવાય, આ તો કચરા છાપ છે આનો કોઈ મતલબ નથી. આની કોઈ VALUE નથી, આની તમારી પાસે પ્રોફિટ નથી, અને તમે તો રાજુના રેડ થઈ ગયા છો, અને બધાને બતાવતા ફરો છો કે મે ભાઈ મારા તો આ ઘરેણા છે, કેવા સરસ છે. તો વાત ત્યાં બધી જ પુરી થઈ જાય છે.

જેમ ને જેમ અશુદ્ધ ધર્મ કરે.. કરે.. કરે.. કરે.. કરે.. મોક્ષ થઈ જતો હોત, તો - અનંતકાળ પહેલા, આપણા બધાનો મોક્ષ થઈ ગયો હોત. કારણકે અશુદ્ધ ધર્મ તો ઘણો કર્યો છે.

અધ્યાત્મ કલ્પદ્રુમમાં મુનિસુંદર સૂરી - મહારાજ કહે છે,

दीपो यथाल्पोऽपि तमांसि हन्ति।

એક ઓરડો છે, ધારોકે સો ઘનફુટ, એનું આખું ઘનફળ છે. એક એમ આખું આપણે લઈએને CUBE જેવો આખો ROOM. અને એની અંદર

જેટલી SPACE છે, જેટલો અવકાશ છે, જેમાં એકદમ અંધારું છે. અને જેમાં આપણે અજવાળું કરવાનું છે તો - દીવાની SIZE કેટલી હોવી જોઈએ. સો ઘનફુટ હોવી જોઈએ કે દીવાની જ્યોત કેટલા ઘનફુટની હોવી જોઈએ કે મુનિસુંદરસૂરી મહારાજ કહે છે.

दीपो यथाल्पोऽपि तमांसि हन्ति।

દીવાની જ્યોત માત્ર આટલી જેવી હોય છે, અને આખા ઓરડાની અંદર અજવાળા એ દીવો ફેલાવી દે છે.

लवोऽपि रोगान् हरते सुधायाः।

શરીરની અંદર જાતજાતના રોગોએ ઘેરો ઘાલ્યો છે, આખા શરીરની અંદર અગણિત રોગો, એને માત્ર એક અમૃતનું ટીપું આપવામાં આવે તો એના બધાજ રોગો-મટી જાય, એકે અમૃતના GALLON ના GALLON - અને LITER ના LITER, પીવડાવવાની જરૂર નથી,

लवोऽपि रोगान् हरते सुधायाः।

એક નાનો અંશ પણ, એક નાનું ટીપું પણ, અમૃતનું છે, એ રોગ ને મટાડી દે.

तृण्यां दहत्याशु कणोऽपि चाग्नेः,

મોટી ઘાસની ગંજી હોય, આ હોલ છે એવા દસ હોલ ભરાય એટલી મોટી ઘાસની ગંજી હોય, અને એને - બાળવા માટે કાંઈ એટલો અગ્નિ ના લાવવો પડે. એક નાનકડો અગ્નિનો કણ નાખી દો, અને બધી જ એ ઘાસ-ની ગંજીઓ ભડકે બળી જાય.

धर्मस्य लेशोऽप्यमलस्तथांहः ॥

આજ રીતે, ધર્મનો લેશ પણ હોય, અંશ પણ હોય, એ નિર્મળ હોય, એ શુધ્ધ હોય, એ પાપોની ગંજી ને બાળીને ખાખ કરી નાખે છે. એક બાજુઆ વિશુધ્ધ ધર્મ છે. અને બીજુ બાજુ સંસાર છે, જેની અંદર પરિવાર છે, ઘર છે, દુકાન છે, ઓફિસ છે, કદાચ ભાવતા ભોજન છે. ગમતી સુગંધ છે, મનોહર રૂપ છે, સુંવાળા સ્પર્શો છે,

પ્રતિબોધક આચાર્ય મોહવિલય ઉદ્યાનની અંદર, દેશના - આપી રહ્યા છે.. આપી રહ્યા છે.. આપી રહ્યા છે... અને અદ્ભુત વાક્ય કહે છે,

विशुद्धो मुक्त्यर्थे सर्व यतोऽन्यद्दुःखकारणम् ।

પ્રભુ આચાર્ય બેઠા છે, રાજકુમાર, રાજકુમારી, દેવ, દેવી છે, વિશાળ પર્ષદા છે, અને આચાર્ય ભગવંત બહુ સ્પષ્ટ - કહે છે કે, શુદ્ધ ધર્મ સિવાય સંસારમાં જેટલું પણ છે - એ માત્ર ને માત્ર દુઃખનું કારણ છે, આચાર્ય ભગવંત - રાજા જેવા રાજાને કહી દે છે, કે રાજન્ ભલે આખા - રાજ્ય ની અંદર તમારો બોલબાલા હોય, રાજસભામાં તમે આવો, હજારો દરબારીઓ કુરનીશ બજાવતા હોય, મંત્રીઓ, મહામંત્રીઓ, સેનાપતિ, નગરશેઠ, શ્રેષ્ઠીઓ, બધા જ તમને લળી લળીને પ્રણામ કરતા હોય, તમે - રાજ સિંહાસન ઉપર બેઠા હો, સેવક રાજાઓ આવતા હોય, નજરાણા ધરતા હોય, તમારી બિરુદાવલી બોલતી હોય, તમારી પાસે ગમે તેટલું ઐશ્વર્ય હોય, ગમે તેટલી - સંપત્તિ હોય, ગમે તેટલી સત્તા હોય, તમે સમજી લો કે આ બધુ ભેગું થઈ ને તમે દુઃખ સિવાય બીજું કશું જ આપી શકે એમ નથી.

પ્રતિબોધક આચાર્ય રાણીને કહે છે કે તમને ભલે એવું લાગતું હોય કે, તમને પ્રેમાળ અને અનુકૂળ પતિ મળ્યા, શ્રીમંત અને સત્તાધીશ પતિ - મળ્યા, કદાચ આખા રાજ્ય ની બધી જ સ્ત્રીઓ તમારી ઈર્ષ્યા કરતી હોય, તમારું સૌભાગ્ય, તમારું રૂપ, બધા જ એની પાછળ કદાચ આમ મરી પડતા હોય. પણ સમજી લો કે આ બધું જ ભેગું થઈને પણ તમને દુઃખ સિવાય બીજું કશું જ આપી શકે એમ નથી.

પ્રતિબોધક આચાર્ય રાજકુમાર ને કહે છે કે

અપ્સરા જેવી રાજકુમારી તમને મળી હોય, આખું રાજ્ય યુવરાજ તરીકે, તમને માન આપતું હોય,

BORN WITH SILVER SPOON

એવું જેને કહેવાય, ને ગર્ભ શ્રીમંતતા તમને મળી હોય, ને ગમે તેટલા સુખોની રેલમછેલ તમારી પાસે હોય, ગમે તેટલા સાધનો હોય, ગમે તેટલા ગમતા વિષયો હોય, બધું જ કદાચ તમારી પાસે હોય, પણ સમજી લો આ બધું જ ભેગું થઈ ને, તમને દુ:ખ સિવાય કાંઈ-આપી શકે એમ નથી.

પ્રતિબોધક આચાર્ય દેવ અને દેવીને કહે છે. કાલસ અને વિચક્ષણાને, કે ગમે તેટલા દિવ્ય-ભોગો તમને મળ્યા, ગમે તેટલા વિષયો તમને મળ્યા, ગમે તેટલી અજબ-ગજબની શક્તિઓ તમને મળી, પણ તમે સમજી લો, કે આ બધું તમને જે મળ્યું છે, જેની મનુષ્યો કલ્પના સુધ્ધા ન કરી શકે, એવા ભોગો-ને એવા વિષયો તમને છતા પણ સમજી લો, આ બધુ-જ તમને દુ:ખ સિવાય બીજું કશું જ આપી શકે તેમ નથી.

પ્રતિબોધક આચાર્ય આપણને કહે છે, તમે બનાવેલો ને સમજેલો તમે ઉભો કરેલો સંસાર, તમે વસાવેલું ઘર, તમે ઉછેરેલો પરિવાર, તમે-વિકસાવેલો ધંધો, તમારા સગા-વાહલા, તમારા કુટુંબીજનો તમારા પતી-પત્ની, પુત્ર, સાધન, સામગ્રી, વાહન, જર, જમીન, ઝવેરાત, આ બધું ભેગું થાય, તો પણ એ તમને દુ:ખ સીવાય બીજું કશુ જ આપી શકે તેમ નથી.

विशुद्धो मुक्तये सर्वं यतोऽन्यद्दुःखकारणम् ।।

વિશુદ્ધ ધર્મ એ જ મોક્ષ દાયક છે. અને બાકીનું બધુ છે. એ દુ:ખ સીવાય કશું આપી શકે એમ નથી!

પ્રતિબોધક આચાર્ય, હજુ આગળ કાંઈ કહેવા જાય એની પહેલા આપણા જેવા નો પ્રશ્ન જાગે છે, કે

આ બધી વાત સાચી પણ આ બધું અમને બહુ ગમે છે!

પતિ-પત્ની હોય, દીકરા હોય, ધંધો હોય, ઘર હોય, પૈસા-હોય, વિષયો હોય, અમને બહુ જ ગમે છે તો, એમ-એને કેવી રીતે છોડીએ, તો પ્રતિબોધક આચાર્ય સામે પ્રશ્ન કરે છે કે, તમે નહિ પણ છોડો, તો પણ એ ક્યાં સુધી તમારી સાથે રહેશે?

अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसंकुलः ।

પ્રિય નો જે સંયોગ છે એ પળભરનો છે, એની અંદર-શોક છે, એની અંદર ઈર્ષ્યા છે, તમે ગમે તેટલું વળગી રાખો, પકડી રાખો, નહિ છોડું, નહિ જ છોડું, ક્યાં-સુધી સાથે રહેશે? એનો સંયોગ અનિત્ય છે.

વૃક્ષ ઉપર ડાળ છે, ડાળ માંથી બીજુ-નાની ડાળ નીકળી છે, એના ઉપર એક પંખીએ માળો બનાવ્યો છે. નાની ડાળ એ માળા ને જુએ છે ને હસે છે. નાની ડાળ વિચારે છે કે આ ક્યાં સુધી, એક-પવન જોરથી આવે, ને માળો વિખેરાય જાય. હું છું તો માળો છે. અને હું નથી તો માળો નથી ને એની-પહેલા પણ માળો વિખેરાય શકે છે, બહુ પવન જોરો આવી જાય તો. માળો તો મારાથી ટક્યો છે. મોટી ડાળી, નાની ડાળીને જોઈને વિચાર કરે છે, કે આ નાની ડાળી પર કોઈ વાંદરો એક ઠેકડો મારે તો તુટી જાય. અને જો છે તો એ મારા હિસાબે જ છે, જો-હું ન હોઉં તો આ રહે ક્યાં, ત્યાં થડ વિચારે છે, કે આ આટલી બધી ડાળીઓ જે ઉગી છે, મોટી મોટી થાય છે પણ મારા આધારે જ ને!

હું ન હોઉં તો આ બધી ડાળી ટકે જ કઈ રીતે ?
ઝાડનું મુળ વિચારે છે, કે આખું ઝાડ ઉભું છે,
થડ, ડાળી, એનાથી નાની ડાળી, એનાથી નાની ડાળી,
બધા પાંદડા, માળો, બધું જ મારા ઉપર ઉભુ છે.
ધરતી વિચાર કરે છે, કે આ મુળથી લઈને માળા-
સુધી બધું કોના આધારે ? મારા જ આધારે !
હું જ ન હોઉં તો આ બધા કોઈનું અસ્તિત્વ જ -
સંભવે નહિ. જે સમયે આકાશ, ધરતી સામે જોઈ
રહ્યું છે, મરક.. મરક હસી રહ્યું છે ને, અને પોતાના
મનથી ધરતી ને કહી રહ્યું છે કે, ધરતી, ગુમાન
કરવાનું છોડી દે, આ બધું ભલે તારા આધારે -
ટક્યું, પણ તુ પોતે નિરાધાર છે, તારા કરોડો કંપનો
ને હું જોઈ ચૂક્યો છું.

એક માળો માણસે બનાવ્યો હોય છે જેનું નામ હોય છે પરિવાર

પંખી હોય ને એક ડાળખી લાવે...લાવે...લાવે...લાવે...લાવે...
અને આખા માળાનું સર્જન થાય, માળો આખો બને.

માણસ આખો નિચોવાય ત્યારે પરિવારનું સર્જન થાય છે.

એ માળો એક નાની ડાળી ઉપર હોય છે, એ નાની ડાળી
જેના દ્વારા, માળો ટકયો હોય છે. જેનું નામ છે સબંધ !

સંબંધ નથી તો માળો છે જ નહિ !

સંબંધ છે ત્યાં સુધી જ માળો છે. કોઈ કવિએ બહુ
માર્મિક વાત કરી છે,

શ્વાસ પધરાવ્યા ચિતા પર ઉપટે લોહીના સંબંધો ક્યાં ક્યાં ગયા.

DATE

ચિતા ઉપર વાંસ પધરાવી દીધા, બસ અહિંયા સુધી ના-
સંબંધો! કોઈ કવિ એ બહુ દરદીલી વાત કરી છે,

તારા રીજ ઉપર પોક મુકીને ચુપ થયું,

એઈ લે આ દુનિયાનું સગપણ નું!

માણસ રડી એ લે છે ને માણસ ચૂપ પણ થઈ જાય છે,
અને સંબંધનું પૂર્ણવિરામ અહિંયા જ આવી જાય છે.
પરિવાર એ માળો છે, માળી જે નાની ડાળીના આધારે
ટક્યો એનું નામ છે સંબંધ, ને સંબંધ છે ત્યાં સુધી
પરિવાર છે, સંબંધ ગયો પછી પરિવારનો કોઈ પત્તો-
નહિ મળે. એ નાની ડાળી, મોટી ડાળીના આધારે ટકી
છે, એ મોટી ડાળીનું નામ છે શરીર. શરીરના હિસાબે
જ સંબંધ ઉભો થયો છે, શરીર છે માટે જ સંબંધ-
ટક્યો છે, શરીર જાય એ જ ક્ષણે સંબંધ પુરો થઈ-
જવાનો છે. મોટી ડાળી જે થડથી જોડાયેલી છે,
એ થડ થી ટકેલી છે, એ થડનું નામ છે શ્વાસ,
શ્વાસ ચાલે છે ત્યાં સુધી શરીર છે, ત્યાં સુધી
સંબંધ છે. ત્યાં સુધી પરિવાર છે, શ્વાસ ગયો ને-
વાત પુરી થઈ ગઈ. એ શ્વાસ નું થડ જે મુળના-
આધારે ટક્યું છે. એ મુળનું નામ છે આયુષ્ય!
આયુષ્ય છે ત્યાં સુધી જ શ્વાસ ચાલવાનો છે,
આયુષ્ય પુરુ થયું, શ્વાસ ભલભલાનો અટકી જવાનો
છે. એ આયુષ્ય નું મુળ જેના આધારે ટક્યું છે,
એ ધરતી નું નામ છે સંસાર, ને આ સંસાર છે
તો મુળથી માળા સુધી નું બધું છે. સંસાર નથી તો
કશું જ નથી. અને આ સંસારની અંદર કરોડો વાર
કંપન આવી ગયા છે
अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसङ्कुलः।

સંસાર એ ધરતી છે જેમાં કરોડો વાર ધરતીકંપો આવી-ગયા છે. સંસાર પોતે જ નિરાધાર છે. અને એ-સંસાર ઉપર આપણે બીજ, ચણતર કરવા જઈ રહ્યા-છીએ. એનો સીધો અર્થ એ છે કે આપણે પત્તાના પાયા ઉપર, પોલાદી બાંધકામો કરવા માંગીએ છીએ. જે બાંધકામ પાસે જે ચણતર પાસે તુટી પડવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ નથી.

જે-જે વસ્તુઓ આપણને ગમે છે, જેના વગર રહી શકતા નથી, જેને છોડી શકતા નથી, જે-આપણે શુદ્ધ ધર્મ મેળવવો છે, એમાં સૌથી વધારે કોઈ બાધક હોય તો એ આ પરિવાર વગેરેનો પ્રિયનો-સંયોગ છે. આપણો બસ અહિંયા જ ભાવ અટકે છે, બસ હું આ જ છોડી શકું એમ નથી, પણ સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે,

તમારે ન છોડવું હોય તો એ છુટી જ જવાનું છે!

જે કાલે જતું રહેવાનું છે એને હું મારું હૃદય આપું છું, એનો સીધો અર્થ એ છે, કે હું મારું હૃદય ગુમાવવાનો પ્રયાસ કરી રહ્યો છું. હું એ ચપ્પુની ધાર કાઢી રહ્યો છું જે કાલે મારુ ગળુ કાપવાનું છે. હું એ ઝેર તૈયાર કરી રહ્યો છું, જે કાલે મને ખલાસ કરી દેવાનું છે. હૃદય એને આપવું કે જેને ગુમાવવું ન પડે, જેને ગુમાવવું પડે એને હૃદય આપું છું એનો સીધો અર્થ એ છે કે હું હૃદય ગુમાવવા માંગુ છું. અને એનો સીધો અર્થ છે કે હું મારા જીવનને મોત બનાવવા માંગુ છું.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, બહુ પ્રેમથી-આપણને કહેવા માંગે છે, આંધળુકીયા ના કરો, પ્રવાહમાં-

ના તણાવ. વાસ્તવિકતા ને જુઓ કે વાસ્તવિકતા- શું છે કે પરિસ્થિતિ શું છે કે બધા કોલેજમાં- ભણે માટે તમારે ભણવું છે, બધા DEGREE લે, માટે તમારે DEGREE લેવી છે, બધા પરણે માટે- પરણવું છે. બધા પૈસા પાછળ દોડે એટલે પૈસા- પાછળ દોડવું છે. બધા પરિવાર ઉભો કરે, એનું- ભરણ પોષણ કરે, એને મરતા સુધી એની ચિંતા કરે, એની એ ચિંતામાં પોતાના વર્ષો વેડફે માટે તમારે એ કરવું છે, તો તમે સમજદાર નથી. ને તમે બે- સમજદાર છો, તો આ પ્રપંચમાં ના તણાવ, તમારા- આત્માનું હિત શેમાં છે, તમારા આત્માનું ભલુ શેમાં છે. આનો તમે વિચાર કરો. તો ખરા અર્થમાં તમે સમજદાર કહેવાવ.

અદ્ભુત વાત, પ્રતિબોધિક આચાર્ય, મોહે- વિલય ઉદ્યાનમાં આગળ કહેવા જઈ રહ્યા છે. આજે- સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × × ×

• classmate

# વ્યાખ્યાન નંબર- 132

DATE 11 08 2021

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, મોહ-વિલય ઉદ્યાનમાં પ્રતિબોધક આચાર્યના મુખે, ત્રીજા-પ્રસ્તાવમાં, આખા સંસારના પર્દા ફાશ કરી રહ્યા છે. અદ્ભુત શબ્દો, ઓછા શબ્દ, અગાધ અર્થ, ડુબકી-મારવાનું મન થાય એવા શબ્દો, તરબતર થઈ જઈએ એવા શબ્દો, અનાદિની અવળી દ્રષ્ટિ, ફરી જાય એવા શબ્દ!

अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसङ्कुलः।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે, કે તમારી બધી જ દોટ, જે પ્રિય માટેની છે પણ પ્રિયનો સંયોગ-પણ તો અનિત્ય છે. અને એ પાછો ઈર્ષ્યા અને શોકથી ઘેરાયેલો છે, વ્યાપ્ત છે. તો પછી એમાં તમને સુખની આશા જ ક્યાં છે!

સુરેશભાઈ એના દિકરા નિમેષને ધમકાવી-રહ્યા હતા કે આ રીતે પૈસા આપી દેવાતા હશે, જ્યાં ત્યાં પૈસા આપી દેવાતા હશે, માણસ જોયા વગર પૈસા આપી-દેવાના ?, પહેલા જોવું જોઈએ, વિચારવું જોઈએ, પાર્ટી કેવી છે, પૈસા પાછા આવે એવા છે કે નહિ, વ્યાજ મળે એમ છે કે નહિ, પૈસા વ્યાજ સાથે પાછા મળે એમ છે કે નહિ, કશું જોવાનું નહિ, એમને એમ આંધળુકિયા કરીને પૈસા આપી દેવાના, હવે ગયા ને પૈસા. હવે આખી જિંદગી એને યાદ કરી-કરીને રોતો રહેજે. માણસને પહેલાથી ઓળખવો જોઈએ, સાત વાર તોળવો જોઈએ, માણસને-પરખવો જોઈએ. વાત માત્ર સુરેશભાઈની નથી. માત્ર એમની વાત નથી, બધાની વાત છે. થોડા હજાર કે થોડા લાખનું INVESTMENT કરતા પહેલા તમે બરાબર જુઓ છો, બરાબર વિચારો છો, પરખો છો, પરીક્ષા કરો છો, વધુમાં વધુ વળતર આવે એવી તમારી દ્રષ્ટિ હોય છે, તો ત્યાં જ તમે પૈસા આપો, એની વગર તમે પૈસા આપો નહિ,

DATE

તેનું મુલ્ય અબજો રૂપિયાથી પણ થઈ ન શકે, એવું
આપણું હૃદય, એને આપણે એવી જગ્યાએ આપી દઈએ
કે જ્યાં કોઈ સુરક્ષા કે વળતરની આશા ન હોય,
જ્યાં સુરક્ષા કે વળતરનો નિશ્ચય ન હોય, માત્ર શંકા
હોય, માત્ર શંકા એ ન હોય, ઉલ્ટો નિશ્ચય હોય,
કે આ પાર્ટી ઉઠી જ જવાની છે ને કશું પાછું આવવાનું
જ નથી,

## આનાથી મોટી મુર્ખામી બીજી કઈ હોય શકે !

ધંધાના આપણે જેરખાં હોઈએ છીએ,
બુદ્ધિના આપણે બાદશાહ હોઈએ છીએ, એક પૈસો પણ
આપણે ક્યાંય રોકીએ એનું અઢળક વળતર મળી ને રહે
એ આપણા માટેની કાળજી હોય છે, તો પછી આ તો
એના કરતા અનેક ગણી ગંભીર બાબત છે.

## જેથી આપણા ભવો ભવનો સવાલ છે !

જ્યાં આ ભવનો પરભવનો સવાલ છે, એની બાબતમાં
કશું એવું જ નહિ, જેમને એમ બધું જ રોકાણ કરી
દેવું, અને પછી રોવું. આનાથી મોટી મુર્ખામી બીજી
કઈ હોય શકે ?

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને બહુ
પ્રેમથી કહેવા માંગે છે, ઘર ઉઠી જવાનું છે, પતી-પત્ની
ઉઠી જવાના છે, સગાવહાલા ઉઠી જવાના છે, ધંધો
ઉઠી જવાનો છે, બધી મિલકત છુટી જવાની છે, બધા
સંબંધો તુટી જવાના છે, તમને સો ટકા ખબર છે,
આ બધું જ ઉઠી જવાનું છે, તો આજ મોચીની
આખી જિંદગી એમના નામે, બધું જ રોકાણ એમની

અંદર, એ પણ કશું વિચાર્યા વગર! આપણી પાસે એક જ જવાબ છે, કે આ બધું મને ગમે છે માટે એમાં જ - બધું રોકાણ, સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે, કે

આ કોઈ જવાબ નથી, કે મને ગમે છે!

માટે આટલી આંધળી દોડધામ, બધું રોકાણ એમાં, આ કોઈ જવાબ નથી. ખરો સવાલ તો એ છે કે

★ જીવનમાં ગમો કરવા જેવો છે કે નહિ!

★ તેઓ ગમો કરવા લાયક છે કે નહિ!

અનિત્ય પ્રિય છે. દુઃખનું કારણ, અનિત્યત્વ પણ - નથી. અને સંયોગીત્વ પણ નથી. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને ઊંડાણમાં લઈ જવા માંગે છે. દુઃખનું કારણ શું - છે? સ્વજનો વહેલા મોડા તમારાથી દૂર થઈ જવાના, જીવતા સુધી સાથે રહેશે, ઉપરાંત મૃત્યુ વખતે વિયોગ - સો ટકા થઈ જવાનો. માટે તમે દુઃખી થાવ. અથવા સ્વજનો નો તમને સંયોગ થયો છે માટે તમે દુઃખી થાવ. સિદ્ધર્ષિ ગણિ મહારાજ ઊંડાણ માં લઈ જવા માંગે છે કે દુઃખ હેતુ, અનિત્યત્વ પણ નથી સંયોગીત્વ પણ નથી. લક્ષ્મી ચંચળ છે, પૈસા આવ્યા પણ ગમે ત્યારે જતા - રહેવાના! માટે તમે દુઃખી, જતા રહ્યા માટે તમે દુઃખી, એવું નથી. પૈસા આવ્યા હતા માટે તમે દુઃખી થયા, એવું પણ નથી, દુઃખ હેતુ પ્રિયત્વ છે. તમને સ્વજનો ગમે છે, તમને પૈસા ગમે છે, તમને ધંધો ગમે છે, એ તમારા દુઃખનું મૂળ છે, ને એ બધું પાછું - અનિત્ય છે, સંયોગ માત્ર છે. અને માટે વહેલું - મોડું

એનાથી જુદા થવાનું થવાનું, અને એનાથી તમે દુઃખી થઈ જવાના. જો પ્રિયત્વ ના હોય તો અનિત્યત્વ અને સંયોગીત્વ, આપણું કશું જ બગાડી શકે એમ નથી. એક વસ્તુ કે વ્યક્તિ આપણી પ્રિય થાય, એની આપણી મન વહેંચાય જાય, આ બંને ઘટના એક સાથે બનતી-હોય છે. આપણને કોઈ પ્રિય મળ્યું એટલે આપણામાં ઉપલબ્ધિ થઈ, આપણામાં કંઈ સરવાળો થયો, આવું-આપણે જે માનીએ છીએ, એ આપણી બહુ મોટી-ભ્રમણા છે. હકીકતમાં કોઈ વસ્તુ કે વ્યક્તિ આપણી પ્રિય થાય ત્યારે આપણી મનની બાદબાકી-થતી હોય છે.

પ્રેમકથા આધારિત ચલચિત્રો હોય ને, ચલચિત્રોમાં, સ્પષ્ટ એમ કહેવાતું હોય, કે પ્રેમ કરીને-એમે ઊંઘ ગુમાવી, એમે શાંતિ ગુમાવી, એમે સ્વસ્થતા-ગુમાવી, એમે આરોગ્ય ગુમાવ્યું, એમે પ્રેમ કર્યો એટલે એમને ઉજાગરો મળ્યો, બેચેની મળી, ઉચાટ મળ્યો, થાક મળ્યો, રોગ મળ્યા, અસ્વસ્થતા મળી. આટલું સ્પષ્ટ કહેવાતું હોય છેને તો પણ,

મૂઢ જીવને ભાન આવતું નથી!

એ સત્ય સમજી શકતો નથી!

પ્રિયત્વ એ જ આપણા દુઃખનું મુખ્ય કારણ છે! કોઈક પ્રિય છે ત્યાં સુધી આપણે દુઃખી છીએ, ચલચિત્રો ના-ગીતો, ચલચિત્રો ના સંવાદો, અથવા કથાઓ, અથવા આપણી નજર સામે બનતી કથાઓ, અથવા આપણી પોતાની જીવન કથાઓ, એ બધાનો સાર તો આજ છે, કે જેમ-જેમ તમે કોઈને પ્રિય બનાવશો, એમ એમ-તમે દુઃખી થશો.

જેનાથી પણ સંસારની અસારતાનો બોધ થાય એ વૈરાગ્ય-શતક છે. કારણકે સંસારની અસારતાનો બોધ આપણને થઈ જાય, તો એ આપણને વૈરાગ્ય સિવાય બીજું કશું જ આપે નહિ.

अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसङ्कुलः ।

પ્રિયમાં સુખ શોધવું, પ્રિયને સુખનું કારણ માનવું, આ બુદ્ધિનો અંધાપો છે. કારણકે પ્રિય કદી સુખ આપી જ શકતું નથી. કારણકે પ્રિયત્વ અને સુખત્વ, એ બંને કદી સાથે રહી શકતા જ નથી. કારણકે એ બંને વિરુદ્ધ વસ્તુ છે. એમનું સાથે રહેવું શક્ય જ નથી. અને છતા દુનિયા પ્રિય અને સુખ, આ બેનો સંબંધ જોડી દે છે. આ જ દુનિયાની બહુ મોટી ભુલ છે. અને,

**આ જ દુનિયાભરના દુઃખોનું મુળ છે!**

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને કહેવા માંગે છે, જેમ જેમ તમે પ્રિયની પાછળ દોડ્યા એમ-એમ તમે દુઃખી થયા. યોગશાસ્ત્રની અંદર કલિકાલ સર્વજ્ઞ કહે છે,

यत्प्रातस्तन्न मध्याह्ने यन्मध्याह्ने न तन्निशि ।

જે સવારે દેખાય છે એ બપોરે દેખાતું નથી, જે બપોરે દેખાય છે એ રાતે દેખાતું નથી.

निरीक्ष्यते भवेऽस्मिन्हा पदार्थानामनित्यता ॥

નજરની સામે સંસારના પદાર્થો, વસ્તુઓ, વાતાવરણો, વ્યક્તિઓ, આ બધાની અનિત્યતા દેખાય છે. ટપોટપ લોકો આપણી સામે મરી રહ્યા છે. ટપોટપ આખું વાતાવરણ શીર્ષાસન લઈ રહ્યું છે. વ્યક્તિની પ્રવૃત્તિ પણ હોય એમના સ્વભાવો બદલાઈ રહ્યા છે, એમના વલણો બદલાઈ રહ્યા છે. રાતોરાત દીકરો વહુનો થઈ જાય છે. રાતોરાત સગી પત્ની કોઈકની થઈ જાય છે. રાતોરાત વર્ષોની મુડી સાફ થઈ જાય છે. રાતોરાત બલભસ્ત શરીર રોગોમાં પટકાય જાય છે.

DATE

રાતો રાત મુગટ મન મિત્ર હતો એ દુશ્મન બની જાય છે. રાતો રાત જે આપણા ગાણા ગાતા હતા એ આપણી નિંદા કરવા લાગે છે, રાતો રાત આખી ને આખી દુનિયા ફરી જાય છે, તો અહિંયા કોના ઉપર આશ્વાસ રાખવો. અહિંયા કોણ આપણું ને કોણ આપણું હિતકર, અહિંયા કોણ આપણો કાયમી સાથ નિભાવે એવું છે ?

વૈરાગ્ય શતક ગ્રંથની અંદર પ્રાચીન પરમર્ષિ કહે છે,

ધી સંસારસહાવચરિયં નેહાણુરાગરત્તાવિ ।

સંસારના ચરિત્ર ને ધિક્કાર થાઓ, જેઓ આપણા પ્રેમમાં લપટાયેલા, આપણા સ્નેહ ના પાશમાં બંધાયેલા, દિવસ-રાત આપણો જ વિચાર કરતા, આપણી જ પાછળ મરી ફીટતા, એવા પણ સ્વજન હોય,

જે પુવ્વણ્હે દિટ્ઠા તે અવરણ્હે ન દિસંતિ ।।

સવારે તો તેઓ દેખાય હતા પણ બપોરે તેઓ દેખાતા નથી, આવા સંસારના ચરિત્ર ને ધિક્કાર છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

સંકેતદિવ્વપિમ્મા

અહિંયા ગમે તેટલો રાગ સ્વજનો વગેરે નો હોય ને, કદાચ એ આત્મા, મૃત્યુ પામીને દેવલોકમાં પણ જાય છે, છતા-દેવલોક માંથી કોઈ અહિંયા ખબર પુછવા આવતું નથી, એકાદ સંવાદ કરવા આવતું નથી. કારણકે ત્યાંના પ્રેમ-અત્યંત દિવ્ય હોય છે. મળ-મુત્રની ભરેલી કોથળી એવી અહિંયા સ્ત્રી હોય, અહિંયા વિજાતીય પાત્રો ના શરીર-ગંદકીથી ભરેલા હોય, દિવ્ય લોકની અંદર, એ દેવીઓ-એ અપ્સરાઓ, અદ્ભુત રૂપ, અદ્ભુત લાવણ્ય, દિવ્ય પુદ્ગલો, વૈક્રિય પુદ્ગલોનું બનેલું એમનું શરીર ને, સુગંધ.. સુગંધ.. સુગંધ છોડતું હોય, તેજ છોડતું હોય-ને અદ્ભુત લાવણ્ય, ને આખી જીંદગી એમનું યૌવન

એકબંધ રહે, દેવ એના પ્રેમમાં પાગલ બની ગયો હોય, લપટાઈ ગયો હોય, એનું જ ધ્યાન ધરતો હોય, બની-ઠનકેલા નાટકો, ચેટકો, સંગીતો વગેરેની મહેફિલો માણતા હોય. અને મતમતના ફરવાના સ્થાનોની અંદર ફરતા-હોય, પરસ્પર એક રૂપ થઈ ગયા હોય. એક બીજાનો-વિયોગ બિલકુલ સહન ના કરે ને પલકારાની અંદર દેવીનું આયુષ્ય પુરું થાય, અને એના બધા જ પુદ્ગલો વિખેરાય-જાય, ને દેવ માથુ પટકી-પટકી ને રડે. અને સ્થાન જેવું લાગે કે દેવી ક્યારેક એની સાથે હતી, એક પલકારા-પહેલા હતી ને એક પલકારા પછી એનો કોઈ જ પત્તો નથી, અને જે આનંદ એની સાથે માણ્યો, જે વિષય સુખ ભોગવ્યું, જે એની સાથે હર્યા-ફર્યા, જે એની સાથે પ્રેમાલાપ કર્યા, એ બધુ દેવને ખુપતું સળગાવતું હોય ને યાદોની જ્વાળાઓ એને ભડકે બાળતી હોય, અને દેવ માથુ પછાડી પછાડીને રડતો હોય. આ સંસારનું સ્વરૂપ છે.

હજુ સંસાર ને આપણે ઓળખ્યો નથી, પરખ્યો નથી, હજુ સંસાર સારો લાગે છે, જે પ્રિય છે, જે સારુ છે, જે તમને આકર્ષે છે. જે તમને પ્રલોભે છે, જેની માટે તમને એવું લાગે છે કે આ જ સંસારમાં સાર-છે. જેની વગર તમે રહી શકતા નથી, કદાચ વિજાતીય હોય, કદાચ પૈસા હોય, કદાચ સત્તા હોય, કદાચ આરોગ્ય હોય, કદાચ પરિવારની શાંતિ પણ હોય, સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે, આ બધું જ અનિત્ય છે, અને સરવાળે દુઃખ સિવાય બીજું કશું જ આપે એમ નથી. છેક સુધી તમારે છોડવું નથી ! છેક સુધી એને વળગી ને રહેવું છે, મન-વચન-કાયાથી એના થઈને રહેવું છે, એની જ ચિંતા કરવી છે, ગયા પછી એમનું શું થશે એની તમને ચિંતા છે, ગયા પછી તમારું શું થશે. આની તમને ચિંતા નથી !

DATE

अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसङ्कुलः।

અનિત્ય છે, પ્રિયનો સંયોગ. ગમે છે માટે આ કાયમ - તમારું રહેશે આ તમારી ભ્રમણા છે. અને એ વિદાય લે છે ત્યારે એ ભ્રમણા તૂટે છે, એનો આઘાત હોય છે ને માટે તમે પોક મુકી મુકી ને રડો છો. માત્ર ને માત્ર આ જિનશાસન અને દેવ, ગુરુ ને ધર્મ એ સિવાય તમારા કોઈ છે નહિ, થયા નથી ને થવાના પણ નથી, એની ઉપેક્ષા કરીને જેની પાછળ તમે દોડો છો, એ બધા માત્ર ને માત્ર તમને રોવડાવી શકે એમ છે. એમની MAXIMUM CAPACITY આટલી જ છે, કે તમને રુદન સિવાય, દુઃખ સિવાય, પીડા સિવાય, આઘાત સિવાય, પ્રત્યાઘાત સિવાય, દુર્ગતિ સિવાય, ભવભ્રમણ સિવાય - બીજું કશું જ આપી શકે એમ નથી.

યોગશાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞ કહે છે,

शरीरं देहिनां सर्वपुरुषार्थनिबन्धनं।

પતિ તમારા તમને લાગે, પૈસા લાગે, ધંધો લાગે, ઘર લાગે, બંગલો લાગે, ગાડી લાગે, આ બધું જ, એના સાથેના - વ્યવહારો, એની સાથેની પ્રવૃત્તિઓ, એની સાથે તમે જે સમય ગાળો, એનો તમે જે રીતે પણ ઉપયોગ કરો, એ બધાના મુળમાં કાંઈ હોય તો એ તમારું શરીર છે.

प्रचण्डपवनोद्धूत_घनाघनविनश्वरम् ॥

એવું પણ શરીર, હકીકતમાં પ્રચંડ પવન, તીવ્ર પવન, અને જોરથી જે પવન ફુંકાય, અને વાદળાના સેંકડો ટુકડા થઈ જાય, અને ક્યાંય વાદળુ વિખેરાય જાય, વાદળુ હતું, ન હતું થઈ જાય. વાદળું હતું પણ ખરું, એવો પ્રશ્ન થઈ જાય, વાદળાનો કોઈ પત્તો જ ન મળે.

આ વાદળુ એટલે બીજું કાંઈ નહિ, આપણું શરીર!

DATE

અને પવન એટલે મતમતના રોગ વગેરે, અકસ્માત વગેરે, મૃત્યુ વગેરે ઉપદ્રવો.

તમે વિદેશ જવાનો પ્રોગ્રામ બનાવી લીધો, તમે SWITZERLAND પહોંચી પણ ગયા, ત્યાં બધું તૈયાર છે, ગાઈડ તૈયાર છે, ગાડી તૈયાર છે, તમારો ROUTE તૈયાર છે, SCHEDULE તૈયાર છે, બધે જવાનું છે, પણ શરીરમાં આગ તાવ આવી ગયો, માથું ફાટ... ફાટ... ફાટ... થાય છે,

शरीरं देहिनां सर्वपुरुषार्थनिबन्धनम् ।

બધા તમારા PROGRAMS ON THE SPOT CANCEL થઈ જાય છે. હાય.. હાય કરતા તમે હોટલની રૂમમાં એ સમય તમે પસાર કરી લો છો ને તમારો જવાનો સમય આવી જાય છે.

બધું જ જેના આધારે છે, એ શરીર પોતે જ નિરાધાર છે, પોતે જ તકલાદી છે, એ ક્યારે ક્યા કોથળામાંથી કયું બિલાડું કાઢે એનો કોઈ જ ભરોસો નથી. સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે.

જેનો ભરોસે તમને સંસારનો ભરોસો છે ?

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, યોગશાસ્ત્રની અંદર કહે છે.

कल्लोलचपला लक्ष्मी सङ्गमाः स्वप्नसन्निभाः ।

લક્ષ્મી શું છે ? એ તરંગ જેવી ચંચળ છે. સાચું બોલો, દરિયા કિનારે, તમે ગયા છો, મોજ ને તમે જોઈ રહ્યા છો, એક સેકંડ માટે પણ તમને એવું દૃશ્ય જોવા મળે કે મોજું સ્થિર થઈ ગયું ?, મોજું યા ઉછળતું હોય ને યા મોજું શમી ગયું હોય, મોજું હોય જ નહિ, મોજું છે, તરંગ છે, લહેરીઓ છે, અને સ્થિર છે, શક્ય જ નથી. સિધ્ધર્ષિ ગણિ મહારાજ, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, આ

મહાપુરુષો આપણને કહેવા માંગે છે કે, તમારી પાસે લાખો રૂપિયા હોય, કરોડો હોય, અબજો હોય, ગમે તેટલી તમારી પાસે સંપત્તિ હોય, સમજી લો એ,

## સંપત્તિ નથી, દરિયાના મોજાં છે!

એ સ્થિર રહે, એ પ્રતિષ્ઠા પામે, એ કાયમ રહે, એ કદી ચાલ્યા ન જાય, એ શક્ય જ નથી. કલિકાલસર્વજ્ઞ કહે છે.

સંગમા સ્વપ્નસન્નિભાઃ।

ગુરુદેવની વિદાયને દોઢેક મહિના જેવું થયું. ગુરુદેવની યાદો અમને સતાવ્યા કરે, ગુરુદેવ અવાર-નવાર સ્વપ્નમાં આવ્યા કરે, શાંત ચિત્તે અમે ભૂતકાળને યાદ કરીએ, ગુરુદેવની સાથેની ક્ષણો, સાથેના દિવસો, મહિનાઓ, વર્ષો, અત્યારે અમને એવું લાગી રહ્યું છે કે જાણે બધું સપના જેવું હતું. અમે અહીંયા હતા, અહીંયા હતા, આમ થયું હતું, આમ થયું હતું, ગુરુદેવની છાયા હતી, નિશ્રા હતી, ગુરુદેવનો સંગમ હતો, ગુરુદેવનો સંયમ હતો, ગુરુદેવે વિદાય લઈ લીધી. આખો ભૂતકાળ અમને સપના જેવો લાગે.

કલિકાલ સર્વજ્ઞ આપણને આ જ કહેવા માંગે છે કે તમારી પાસે ખુરશી હશે, સત્તા હશે, રૂપ હશે, યૌવન હશે, સ્વજનોનો મેળાપ હશે. કોઈ સારી તમને ગમતી જગ્યાઓનો મેળાપ હશે. બધા જ મેળાપો, બધા જ સંયોગો, બધા જ સંગમો, હકીકતમાં સપનાથી વધુ કશું જ નથી. સપનું જ છે. કારણ કે સપનું પણ આપણે જોઈએ, સાંભળીએ, અનુભવીએ, ને એકદમ સત્ય લાગે ને એકાએક બધું જ જતું રહે છે ને, આપણે એકલા બચી જઈએ

છીએ. ને બીજું કશું જ હોતું નથી. બરાબર એ જ રીતે સંસારના પણ બધા જ સંયોગી, અનિત્ય છે. આપણે છેલ્લા જતી જવાના, બીજું કશું જ રહેવાનું નહિ. અને ત્યારે એક ઝટકો લાગશે, કે શું આ બધું સપનું હતું ? એક કવિએ બહુ મઝાની વાત કરી છે.

॥ અંત પણે પણ સ્પષ્ટ થયું ના, સપન ગયું કે સત્ય હરાયું !

આખી જિંદગી બધું હું કરતો રહ્યો, કરતો રહ્યો, કરતો રહ્યો, કરતો રહ્યો, છેવટે બધું જ અલોપ થઈ ગયું, હું બહુ મુંઝવણમાં આવી ગયો, વિચારોમાં ડુબી ગયો, હું મનોમંથન કરતો રહ્યો, ને હજુ મને સ્પષ્ટ નથી થતું કે, કે આ સપનું ગયું કે આ સત્ય હતું ને જે સત્ય - હરાય ગયું.

સભાનો પ્રશ્ન :- આપણું તો મગજ છે એટલે સમજાય છે પણ એની શારિરીક રીતે પરિસ્થિતિ જ નથી. અને શારિરીક રીતે એ પરિસ્થિતિ છે તો સંયમનું નામ - સાંભળીને ગભરાટ થાય છે.

પૂજ્યશ્રીનો ઉત્તર :- ત્રિશષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર, અને એની અંદર પાર્શ્વનાથ ભગવાનના - બીજા ભવ ની કથા, આની અંદર આ પ્રશ્નનો જવાબ આપેલો છે પાર્શ્વનાથ ભગવાન નો બીજો ભવ હાથી તરીકે થયો હતો, મેરુભૂતિ હાથી જંગલની અંદર થયો છે. પૂર્વ ભવની અંદર - શ્રાવકત્વ પાળ્યું, છેલ્લી ક્ષણો ની અંદર, આર્તધ્યાન થઈ ગયું, એના કારણે હાથીનો ભવ મળ્યો પણ, શ્રાવકપણા - ને કારણે, તિર્યંચ ગતિની અંદર પણ શ્રેષ્ઠ કહેવાય, અપેક્ષાએ. હાથી એટલે ઉત્તમ પશુ કહેવાય, એમાં પાછા મોટું પુણ્ય છે એના નાયક છે, કેટકેટલી હાથણીઓના -

DATE

માલિક છે. જંગલની અંદર મજેથી પોતે વિચરે છે. મહાત્મા નો સંયોગ થાય છે, પ્રતિબોધ પામે છે. પ્રશ્નની નજીક આવુ શારિરીક પરિસ્થિતિ ન હોય તો શું ? સંસારનું સ્વરૂપ તમને સમજાઈ ગયું છે, માત્ર તમારું શરીર સંયમને અનુકૂળ નથી, પ્રશ્નને વધારે હજુ હું ENLARGE કરું, કદાચ પરિવારનો સંયોગ નથી, કદાચ ધંધાકીય એવી-ગુંચવણો છે કે તમે નીકળી શકો એમ નથી. કદાચ હેવું થઈ ગયું છે... x..y...z ! કોઈપણ કારણસર, સંસારનું સ્વરૂપ યથાવત સમજ્યા પછી, શાસનને સમજ્યા-પછી, સંયમ એ જ ઉપાદેય છે, સંયમ જ લેવા જેવું છે, સંયમ સિવાય બીજું કશું જ કરવા જેવું નથી, આની સ્પષ્ટ સમજણ હોવા છતા, તમે સંયમ લઈ-શકતા નથી, તો શું કરવાનું ?

પાર્શ્વનાથ ભગવાનનો જીવ મરુભૂતિ હાથી, પોતાના જીવન સંદેશ દ્વારા આપણને જવાબ આપે છે. ચરિત્ર ના શબ્દો છે,

ઈર્યાદિભિરતો ઽચારીત ॰ ભૂત્વા ભાવયતિઃ સ્વયમ્ ।

એ હાથી પોતે ધર્મનો પ્રતિબોધ પામે છે, એ ત્યારથી-જીવે છે, ત્યાં સુધી, અષ્ટ પ્રવચન માતાનું શક્ય બધું જ પાલન કરે છે. એ હાથી, ઈર્યા સમિતિ નું પાલન કર્યા વગર એક પગલું મુકતો નથી. એ હાથી, પોતે કોઈક વૃક્ષની સુકી પડી ગયેલી ડાળ, જેની અંદર પાંદડા છે, એ સાથે રાખે છે, એ કંઈક બેસે, હલે કે સુવે-ત્યાં બધું પુંજ-પ્રમાર્જ ની બધી ક્રિયા કરે છે. એ હાથી, કદી જુઠુ બોલતો નથી, ભાષા સમિતિ નું પાલન કરે છે. એ હાથી, એષણા સમિતિ ની અંદર,

સૂર્યતપ્તામ્ભસઃ પાતા ।

સુર્યના કિરણોથી જે અત્યંત તપી ગયેલું પાણી હોય, જે અચિત હોવાની સંભાવના હોય, એવું જ પાણી

DATE

પીવે છે. એ હાથી,

શુષ્કપત્રાદિ...

એ સુકા, પ્રાસુક, અચિત થઈ ગયેલા, પાંદડાઓ જ ખાય છે.

ષષ્ઠાદિનિરતસ્સદા

એ હંમેશા લગભગ છઠ ને પારણે છઠ કરે છે. ક્યારેક - અઠ્ઠમ કરે છે. ક્યારેક અઠ્ઠાઈ કરે છે. અને જ્યારે જ્યારે પારણું હોય, એવા દિવસે આવા જ અચિત આહાર - પાણીનું ગ્રહણ કરે છે. મરૂભૂતિ હાથી, એનું જે ચરિત્ર - ત્રિશષ્ટિશલાકા પુરુષ ની અંદર વર્ણવ્યું છે, આપણે આભા થઈ જઈએ. એક ગેબીમાં આટલો વૈરાગ્ય ! અને બહુ અદ્‌ભુત શબ્દ, કલિકાલ સર્વજ્ઞ એ ત્યાં મુક્યો,

ભાવયતિ: સ્વયં

ભલે દ્રવ્યથી એ તિર્યંચ છે. દ્રવ્યથી એ શ્રાવક છે, અદ્‌ભુત શબ્દો એમાં છે,

કુઞ્જરઃ શ્રાવકીભૂય

એ હાથી પોતે શ્રાવક છે. તિર્યંચ ગતિની એક મર્યાદા - છે, પાંચમા ગુણસ્થાનક થી આગળ જઈ ન શકાય, દીક્ષા લઈ - ના શકાય. સમ્યક્‌દર્શન તિર્યંચની અંદર હોય શકે, આગળ વધી ને દેશવિરતિ પણ તિર્યંચ ની અંદર હોય શકે, એક અપેક્ષા એ પાંચમા ગુણસ્થાનકે છે. પણ એનો જે સંયમનો પક્ષપાત, એની જે શક્ય યતના, એની જે પુરુષાર્થ, એની જે તપ, એનું જે અષ્ટ પ્રવચનમાતાનું પાલન, એની અપેક્ષાએ

કલિકાલ સર્વજ્ઞ એ હાથી ને ભાવ સાધુ કહે છે !

હું કહું છું, દીક્ષાર્થી પણ હોય, દીક્ષાનું - મુહૂર્ત નીકળી પણ ગયું હોય, અને છતા એટલી બધી - JOURNEY કરથી ગાડી ની અંદર, વિરાધનાનો ભય ન હોય, પોતે મનના પ્રોગ્રામો બનાવે, જ્ઞાનનો ચિક્કાર ઉપયોગ

DATE

કે, ELECTRIC સાધનોનો ઉપયોગ કરતા છીએ ન હોય, ભલે આવતી કાલે દીક્ષા છે, આજે ભલે દીક્ષાના અન્તર વાયણા રૂપે સંસારને જેટલો માણી શકાય એટલો માણવો આવી ક્યાંક સુક્ષ્મ વૃત્તિ પણ આવી ગઈ હોય, તો જરા અર્થમાં એમને દીક્ષાર્થી જ ના કહેવાય.

જરા જેને સંયમનો પ્રેમ પ્રગટ્યો, જરા જેને સંયમનો પક્ષપાત થયો, જરા અર્થમાં જેને સંયમની - અભિલાષા થઈ. એને એમ થાય કે મારુ મુહુર્ત નીકળી ગયું, તો શું! મારે તો મારા પૌષધ છોડવા જ નથી. આજના કાળમાં એવા મુમુક્ષુ દીક્ષાના દિવસ સુધી, પૌષધ પાર્યો નથી. દીક્ષાર્થી ને HERO બનાવવા,
દીક્ષાર્થી ને શોખીન બનાવવા,
દીક્ષાર્થી ને રંગરાગી બનાવવા,
દીક્ષાર્થી ને મન નથી, તો એ FORCE કરીને દુબઈને - સિંગાપુર લઈ જવા.

આ બધી દીક્ષાર્થીની ભાવ હત્યા કરવાની પ્રવૃત્તિ છે!

એક પેંગ્વિન હોય ને એને તમે સહરાના રણમાં મુકી દો, એ પેંગ્વિન નું થાય શું? એક - માછલી છે. માછલીને પાણી માં રહેવું એ ત્યાં જીવી શકે, એને તમે જમીન ઉપર મુકી દો, માછલી નું શું - થાય?

મુમુક્ષુ એ માછલી હોય છે, ઉપાશ્રય એ પાણી હોય છે!

ગુરુકુલ વાસ એ એનો OXYGEN હોય છે!

એને બહાર કાઢવો, એને મુહુર્તના નામે, હવે આગળ

વધી ને કહું એને રંગરાગના નામે, સગાવહાલા ઓના-નામે, વાયણા- પગલાના નામે, હજુ આગળ વધીને કહું, યાત્રાના નામે, ગુરુ કહેતા હોય એ વાત જુદી છે. ગુરુના કહેવાથી જે કરાય એનું નામ જ ગુરુકુલવાસ છે. મુમુક્ષુનું મન થાય એમ ભાઉ.. આમ ભાઉ.. સ્વજનો ને મન-થાય, આ કરાવીએ ને તે કરાવીએ, આ બધું સંયમધર્મની સૂક્ષ્મ વિરાધના સ્વરૂપ છે. વાયણા- પગલા- યાત્રા ન કરવા-જેવો પણ એકાંત નથી. આશય સમજવાનો પ્રયાસ-કરજો, અને આ બધું કરવું જ પડે, પછી ભલે મુમુક્ષુ યાત્રામાં ભગવાન પાસે, દસ ટકા સમય હોય. બાકીનો નેવું ટકા સમય હોય એમાં વિજાતીય સંપર્ક હોય, એમાં ફોન હોય, એમાં સાંસારિક રંગ રાગો હોય, એમાં સ્વજનો મોહ વધારવાનો પ્રયાસ કરતા હોય, અથવા તો-કુદરતી રીતે મોહ વધી રહ્યો હોય, અને દીક્ષાર્થીની-ગીતાર્થતા ઘટી રહી હોય, તારીખ સામે આવી રહી હોય, દીક્ષાર્થી, દીક્ષા નો દિવસ નજીક આવે ત્યાં સુધીમાં-CONFUSE થઈ ગયો હોય, થોડો ગભરાય ગયો હોય, એનો ભાવ એ શમી ગયો હોય, અથવા તો જડ એમાં જોર આવી ગઈ હોય, ત્યારે દીક્ષાર્થી ની શું પરિસ્થિતિ હોય, આની કોણે ચિંતા કરી છે ?

## દીક્ષાર્થી નો અર્થ ભાવ સાધુ છે !

સાધુ તમારા ઘરે, ગોચરી વહોરી ને એમના કામ પુરતુ, જપ પુરતુ વહોરીને આવી જાય, સાધુ તેમ ઉપાશ્રયમાં જ રહે, પાંચ, દસ કે પંદર વર્ષના પર્યાય વાળા સાધુને પણ એમના ગુરુ તેમ એકલા ક્યાંય મોકલી ના દે, બરાબર-એ જ રીતે, મુમુક્ષુ ની સ્થિતિ એક સાધુ જેવી છે, ગુરુના એ ગૃહસ્થ શિષ્ય છે. જેનું ગુરુ એ ઘડતર કર્યું છે, એનું ગુરુ એ જતન કર્યું છે. જેમને ગુરુએ દરેક

ગાઢ ભાવો અને વિભાવોથી બચાવીને રાખ્યા છે - એમની સ્ત્રી સામે આંખ ઉંચી કરવા દીધી નથી, અને જે મુમુક્ષુ ને સાવ આવી રીતે ગુરુ વગર, ગુરુકુલવાસ - વગર, વાતાવરણ વગર, આલંબન વગર, સ્વાધ્યાય - વગર, સાધના વગર, એવી પરિસ્થિતિ માં મુકી દેવા, આ માછલી ને પાણી ની બહાર કાઢવાની પ્રવૃત્તિ છે.

ચાર - ચાર ને છ - છ મહિના પહેલા - મુહૂર્ત નીકળ્યા હોય ને, અને પુરે પુરો એનો, એ મુહૂર્ત નીકળ્યા પછીનો સમય, તમારા વ્યહવારો, પ્રચ- લિત પ્રવૃત્તિ ની અંદર વીતાવ્યો હોય, હું તમને કહું છું, એ પાંચ - સાડા પાંચ મહિના પછી એ મુમુક્ષુને એકાંત- માં મળીને એની પરિસ્થિતિ તમે પુછો, તમારી આંખમાં કદાચ આંસુ આવી જશે. ગુરુ તમને રજા આપે, ગુરુ વિચારે કે મા-બાપ એનો દીકરો આપે છે ને મોહ હોય, પ્રસંગો હોય, આ હોય ને તે હોય, પછી - ક્યાં આખી જિંદગી આ બધું થવાનું ને, ગુરુ તમને ભલે - ભલે કરે, હું તમને કહું છું કે જે સંયમ - તમારે અપાવવું છે, એ સંયમ ઉંચામાં ઉંચા ભાવોથી મળે, અને એવી રીતે મળે કે આખી જિંદગી ઉપર - એની અસર હોય, અને સંયમ ઉંચા માં ઉંચું જે - તમારા સ્વજન મહાત્મા પાળે, એ જોવાની તમારી ફરજ છે કે નથી ?

સંયમ આપતા પહેલા જ એનું સંયમ ચૂંથી નાખવાનું !

મેં દીક્ષાર્થી ને આ બધી વાત આકરી લાગુ પડે તો જે એ કક્ષા સુધી પણ નહિ પહોંચેલા, હજુ પણ PRE-SCHOOL હોય ને, એ કક્ષાએ રહેલા, એવા આપણે બધા, હજુ તો તમને ફૂલી ફૂલી ભાવના થઈ છે,

કે ભાઈ સંયમ લેવા જેવું છે. લેવું છે પણ પરિસ્થિતિ આવી છે. તો તમારે કેટલું સાચવવું પડે ?

ભય છે ને, એ વાતાવરણને આધીન છે. અને હું ત્યાં સુધી કહું છું, ઘણા મુમુક્ષુઓ મારી પાસે-માર્ગદર્શન લેવા આવે છે અને કહે છે કે ઉપાશ્રયની અંદર તો અમારા ઉછળતા ભાવો હોય છે. ઘરે જઈએ ને ભાવ ચાર દિવસમાં ઢીલા પડી જાય છે. અમે એકદમ NORMAL થઈ જઈએ, અમે બીજા છોકરાઓ જેવા થઈ જઈએ, ભલે દીક્ષાર્થી જ નથી ને હજુ એ અમને CONFUSION થાય છે-કે આ દીક્ષા લઈ લઈએ ને પછી આવું થાય તો શું કરવાનું? અને માટે અમે મુંઝવણમાં હોઈએ છીએ ને મારો મુમુક્ષુઓ-ને એટલો જ જવાબ હોય છે કે, ભાઈ તમે જે-વાતાવરણમાં ભય છો, એ વાતાવરણમાં મારે જવાનું હોય ને તો મારો પણ ભાવ પડી જાય. જીવ જ્યાં સુધી છદ્મસ્થ છે-ત્યાં સુધી વાતાવરણ ને આધીન છે. ચોવીસ કલાક-અડતાલીસ કલાક જતા રહ્યા, મુમુક્ષુનો સ્વાધ્યાય થયો નથી, ગુરુની દ્રષ્ટિમાં એ બેઠો નથી, એને ગુરુકુલવાસ મળ્યો-નથી, ધીમે ધીમે ગમે તેટલા તીવ્ર વૈરાગી મુમુક્ષુના ભાવો, DOWN જવાના જ છે. કેટલા DOWN જશે એ જીવદળ-ઉપર DEPENDENT છે.

## ફરક તો પડવાનો જ છે !

પૂર્વકાળની અંદર આવા લાંબા-લાંબા સમયના મુહૂર્તો નીકળતા ન હતા. અઠવાડિયું, દસ દિવસ કે પંદર દિવસ તો બહુ થઈ ગયું. લોકો માટે સારું છે, લોકો ને લાગે કે ઘરે દીક્ષાર્થી આવી ગયા, ઘર પવિત્ર થઈ ગયું, કંઈક નિયમ લઈએ. બહુમાન સમારંભો થાય, લોકો રોતા હોય એની અંદર, પોતાના પાપો ધોતા હોય, એ બધી જ વાત સાચી !

મુમુક્ષુ નું શું ? ફરી કહું છું આવી કોઈ જ ઔકાત-
નથી કે આવું બધું કર્યું જ ન થવું જોઈએ. તમારી-
વાત દુબઈ ને સિંગાપુર સુધી પહોંચી છે. હું કહું છું-
ભલે પણ હોય, પ્રશ્નની વધારે નજીક આવું, આ બધું
કલ્પના ચિત્ર છે, ~~[illegible]~~ સ્પષ્ટ પ્રશ્ન પુછ્યો, સારું કર્યું-
પુછી લીધો, અમારા મહાત્મા છે અહિંયા બેઠા છે,
દીક્ષા પહેલા શિખરજીની યાત્રા એ ગયા હતા, ત્યારે-
પણ દીક્ષાર્થી ન હતા, પણ બીજા એક દીક્ષાર્થી એ
યાત્રામાં આવ્યા હતા, મને કહે અમે એમનું દીક્ષાર્થી
તરીકે બહુમાન પણ કર્યું હતું, એ જ યાત્રા માં કોઈની
સાથે પરિચય થયો, સંપર્કો એક બીજાને અપાયા,
સંપર્ક ચાલુ હતો એક બીજા સાથે દીક્ષા ને બદલે લગ્ન
થઈ ગયા.

જીવ નિમિત્ત આધીન છે, જીવ વાતાવરણને
આધીન છે, આપણે કહીએ આવું કર્યું, આવું ખરાબ
કર્યું, આપણે એની નિંદા કરવા લાગીએ, હું કહું છું,
આ એની પણ વાત નથી. જીવ નો સ્વભાવ, જીવની
પરિસ્થિતિ, એની નિમિત્તાધીનતા, એને સમજવાની આ
વાત છે.

વરઘોડા નીકળી ગયેલા પણ આજે સંસારની અંદર છે!

પત્રિકા છપાઈ ગયેલી એવા પણ આજે સંસારની અંદર છે!

જરૂરી નથી આવું જ કારણ હોય બધાનું. કોઈનો અકસ્માત
થયો, કોઈને બીજો કોઈ PROBLEM ઘરમાં આવ્યો,
X.. Y.. Z.. કંઈ પણ થયું, આજે એવા ઘણા છે.
ગુરુકુલવાસની અંદર વરસ, બે વરસ રહ્યા પછી પણ,
સળંગ પૌષધો કર્યા પછી, વૈરાગ્ય શતક, ઈન્દ્રિય પરાજય
શતક, પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ, સંસ્કૃત BOOK કર્યા પછી,

ગુરુ એ સંમતિ ની મહોર લગાડ્યા પછી, મા-બાપે પણ વૈરાગ્ય જોઈને મૂક્યા પછી, એ મુમુક્ષુની વાતાવરણને કારણે આવી દશા થઈ શકે, હું તમને કહું છું કે તમારી સંયમ ભાવના ઊગી પણ ખરી, તમે કહો કે શરીર માટે થઈને-અમે દીક્ષા લઈ શકીએ એમ નથી, તો શું ? તમારે તમારી SECURITY, તમારા ભાવની SECURITY, તમારા આચારની SECURITY, તમારા વૈરાગ્યની SECURITY, એની ઉભી કરવા માટે કેટલો ભોગ આપવો પડે ? મારી વાત સમજાય છે તમને ?

આ બધી ગામની વાત નથી, પેલા શિખરથુના દીક્ષાથી પરણી ગયા, હાય.. હાય..! એ માટેની વાત નથી.-આપણી માટે હાય__હાય ન કરવું પડે એટલા માટે ની વાત છે. હું કહું છું આવતા ભવમાં પણ તમને દીક્ષા મળે, એના-માટેની શરત છે કે આ ભવમાં તમારો ભાવ ઢીલો પડે નહિ, ને ભાવ પડે નહિ એના માટે તમારે સખત પુરુષાર્થ કરવો-પડશે, ને એક હાથી જેવો હાથી, જંગલની અંદર-એ શક્ય સંયમ આવી કક્ષાનું પાળી શકે, તો આપણે કેટલું પાળવું જોઈએ, એનો આપણે વિચાર કરવો જોઈએ.

જીવનની અંદર શક્ય વ્રત, નિયમો, આરાધના આઠ પ્રવચન માતા વગેરેનું એ પાલન નથી, તમને જોઈને-ચાલવામાં કોઈ ધંધામાં નુકસાની થાય ? તમારા ઘરે દસ-જણા જે પુંજણી હોય ને બધી ક્રિયા તમે, પુંજ પ્રમાર્જ ને-કરતા હો, એમાં તમારું ઘર ચાલે એમ નથી. તમે નક્કી કરો, આ STAPPLER PIN આપણે આડેધડ મારીએ ને-એના કારણે PIN ક્યાં કઈ રીતે DISPOSE થાય નક્કી નહિ, કોઈ જીવના પેટમાં જાય. અમે એક PIN મારીએને એમાં અમને ઉપવાસનું પ્રાયશ્ચિત આવે. તમારી આ દ્રષ્ટિ ખરી ?

એક સાથે અમારી જોવાઈ ગય એમને અઠ્ઠમનું પ્રાયશ્ચિત આવી, ટાંચણી રાખી હતી, જોવાઈ ગઈને હવે મળતી નથી અઠ્ઠમનું પ્રાયશ્ચિત એમને આવે. અમારા ગચ્છાધિપતિશ્રી, એમને કોઈ પત્ર મોકલ્યો, STAPPLER-મારી ને કવર PACK કર્યું હતું, ગચ્છાધિપતિશ્રીએ એ COVER ને ખોલ્યું નહિ, એને બીજા કવરની અંદર નાખ્યું, એની અંદર એક ચબરખી મુકીને ચીપકાવી ને મોકલી દીધું. પેલા જે પણ હતા એમને કવર મળ્યું, કવર-એમણે ખોલ્યું, પોતાનું કવર પાછું મળ્યું, અને ચબરખી માં લખ્યું હતું, તમારું કવર ખોલવામાં મને ઉપવાસનું-પ્રાયશ્ચિત આવે છે, અને તો આનો ઉપયોગ નહિ-કરતા.

## કેટકેટલી વિરાધનાઓ!

હું કહું છું તમારો ધર્મ વધ્યો, તમે ઉપધાન કર્યા, તમે ત્રણ ઉપધાન કર્યા, તમે નવ્વાણુ કરી, તમે કોઈક-અનુષ્ઠાન કરાવી દીધું, મોટું દાન આપી દીધું, તમે-એટલાથી સંતોષ ના માનો. બીજુ બાજુ જુઓ તમારા-પાપો, જયણા, હિંસાઓ, કેટલી જીવનમાં વધી છે આનો વિચાર કર્યો છે ખરો? જેટલા તમારા નળ ચાલે, જેટલા તમારો ELECTRICITY નો USE ચાલે, જેટલા તમે, આમ કોઈ કામનથી, SECOND એ ~~[illegible]~~-SECOND એ, અસંખ્ય તેઉકાયના જીવોની વિરાધના-થઈ રહી છે ને એ સમય તમે ફોન પાછળ વિતાવી-શકો, અને કહો કે મારી પરિસ્થિતિ નથી ને માટે હું દીક્ષા લઈ શકું એમ નથી.

## જેને દીક્ષાની ભાવના નથી, આપણો દંભ છે!

અથવા તો આપણે આપણી પોતાની કરેલી છેતરપીંડી છે.

આપણી ભ્રમણા છે કે આપણે દીક્ષાર્થી છીએ, હકીકતમાં આપણે સંસારાર્થી જ છીએ, જો આપણે દીક્ષાર્થી હોઈએ તો શક્ય દીક્ષા નું પાલન આપણે સંસારમાં કર્યા વગર રહીએ નહિ. મારી વાત સમજાય છે તમને ?

જ્યાં શક્ય પણ કરવાનું નથી, ત્યાં યોગની અવગણના છે!

અને જ્યાં યોગની અવગણના થાય છે, હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

अवधीरितो हि समाचारो जन्मान्तरेऽपि दुलभस्स्यात्।

તમે સામાયિક ની અવગણના કરી, પૌષધની અવગણના કરી, અષ્ટ પ્રવચન માતા ની અવગણના કરી, બાર વ્રતની, જેમાં-શક્ય પાલનની અવગણના કરી, તમને જન્માંતરની અંદર-સાધુ પણું દૂરની વાત છે, શ્રાવકપણું પણ નહિ મળે.

ઉપદેશમાલામાં ધર્મદાસ ગણિ મહારાજ કહે છે,

लद्धिल्लियं च बोहिं अकरन्तो अणागयं च पत्थन्तो

તમે બોધિ મેળવ્યું, તમે સમ્યકત્વ મેળવ્યું, પછી તમે જે જ્ઞાન મેળવ્યું એની અનુરૂપ તમારી પ્રવૃત્તિ નથી, ને તમે ભવિષ્યની આશા રાખો છો, કે આ મને ભવિષ્યમાં મળે, ભવાંતર માં આઠ વર્ષની કુણી વયમાં, સંયમ લેવું સ્વામી કને, મને મહાવિદેહની અંદર, ઘાતી અઘાતી કર્મ ખપાવી, ધર્મદાસ ગણિ મહારાજ કહે છે,

अन्नं दाइं बोहिं लब्भिसि कयरेण मुल्लेण।।

ભવાંતરની અંદર તમને બોધિ મળે, એની "COST" તમારે આ ભવમાં ચુકવવી પડે. દીક્ષા મળે, દેશ વિરતિ મળે, અને-સમ્યક્દર્શન પણ ભવાંતરમાં મેળવવું હોય, આ ભવમાં મળેલા સમ્યકત્વ ને તમે કેટલું સ્મરણ કરો છો, આ ભવમાં-મળેલું જ્ઞાન, એનું અનુરૂપ કેટલું આચરણ કરો છો ? ખુબ જ જરૂરી છે. અને જો એ નથી કર્યું તો ભુલી જવ,

ભવાંતરની અંદર તમને જિનશાસન પણ મળે.

સિદ્ધર્ષિગણિ મહારાજ, બહુ પ્રેમથી આપણને સંસારનું સ્વરૂપ બતાડે છે. બહુ પ્રેમથી કહે છે, બધું જ ક્ષણ નશ્વર છે, સંયમ એ જ સાર છે, સંયમ-વગર ઉદ્ધાર નથી. આ સંયમ તમારા જીવનમાં અમુક-અંશે તો લાવી શકો એમ છો, જો તમે એ ન લાવો-તો ભવિષ્યની કોઈ આશા નથી. ખુબ મંથન કરો, ખુબ વિચારો, મારું થશે શું ? રોમે રોમે એક-ગભરાટ ઉભો કરો, અને પછી એક નિશ્ચય કરીને સંકલ્પપૂર્વક, માત્ર ને માત્ર શુધ્ધ ધર્મની આરાધનાના-લક્ષ્ય સાથે, પ્રચંડ પરાક્રમ સાથે તમે ઝંપલાવી દો. તો જ આત્મા નું કલ્યાણ થશે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !

classmate

# વ્યાખ્યાન નંબર- ૧૩૩

DATE 14 08 2021

પરમ કારુણિક શ્રી સિધ્ધર્ષિ ગણિ મહારાજ, ઉપમિતિ-ભવ પ્રપંચ કથાના ત્રીજા પ્રસ્તાવમાં, પ્રતિબોધક આચાર્યના મુખે સંસારનો તાદૃશ ચિતાર કરી રહ્યા છે. બહુ સરસ મઝાની વાત આચારાંગ સુત્રની અંદર સુધર્મા સ્વામી-ભગવાન કહે છે.

पडिलेहाए नावकंखइ

સંસારની થોડી પણ ઈચ્છા તમારા મનમાં હોય, એનું કારણ એટલું જ છે કે તમે હજુ સુધી સંસારને જોયો-નથી. તમે જોઈ લો જો સંસારને તો પછી તમને-બિલકુલ ઈચ્છા નહિ થાય. જરૂર સંસારને છોડવાની છે, એવી રીતે સંસારી કહે અમે નથી છોડી શકતા, હજુ-અમને મોહ સતાવે છે. હજુ અમને જવાબદારી છે, જરી સવાલ પણ આ નથી, જરી જરૂર પણ આ નથી, હજુ અમે સંસારને જોયો નથી, ઓળખ્યો નથી, તે માટે હજુ અમને સંસારનો રાગ છે. આ આપણો ખરો-પ્રશ્ન છે!

યોગશાસ્ત્રની અંદર કલિકાલ સર્વજ્ઞ કહે છે,

वात्याव्यतिकरोत्क्षिप्ततूलतुल्यं च यौवनम् ।

રૂનું પુમડું છે, હવાની અંદર છે, ને જોરથી પવનનો ઝપાટો આવે છે, અને જો રૂનું પુમડુ એને ટકી રહેવાનો કોઈ અવકાશ નથી, એનો કોઈ પત્તો નથી, એ ક્યાં જતું રહ્યું એની કોઈ ખબર નથી. કલિકાલ-સર્વજ્ઞ કહે છે કે આ જ યૌવન છે. ઘડપણ નો ઝપાટો-આવે છે, રોગનો ઝપાટો આવે છે, અકસ્માત નો-ઝપાટો આવે છે, અને ક્યાંય યૌવન ફેંકાઈ જાય છે, હતુ ન હતુ થઈ જાય છે. ભુતકાળ બની જાય છે,

वात्याव्यतिकरोत्क्षिप्ततूलतुल्यं च यौवनम् ।

પ્રતિબોધક આચાર્ય, એ પર્ષદા અને પર્ષદાના આલંબને આપણને સૌ ને કહે છે.

DATE

अनित्यं यौवनं चापि ।
अनित्यः प्रियसंयोग इष्टेर्ष्याशोकसङ्कुलः ।

માત્ર ને માત્ર પ્રિયના મુદ્દે, ગમો ના મુદ્દે, સ્વજનના-મુદ્દે, માશાના મુદ્દે, સંસારને તમે પકડીને બેઠા છો, પણ જે તમને ગમે છે, જે પ્રિય છે, એના સંયોગ ઉપર તો અનિશ્ચિતતા છે. અનિત્ય નશ્વર છે- આવું વ્યવહાર નય કહે છે. વ્યવહાર નયના-ઘણા બધા પ્રકાર છે. એમાંથી વ્યવહાર નયનો એક પ્રકાર, એનો ન્યાય છે,

सत्सामीप्ये सद्वद्वा

જે સત ની સમીપ છે એને સતગત કહેવાય, જેમ શબ્દોમાં વ્યાકરણ ની અંદર, આ શબ્દો ને ઢાળેલા છે,

वर्तमानसामीप्ये वर्तमानवद् वा

જે જેની નજીક છે, એ એજ છે એમ કહેવાય ! એવો આ ન્યાયનો ભાવાર્થ છે.

ઘરે ફોન આવે છે કે એ છે ઘરે, તમે જવાબ આપો છો એ મુંબઈ ગયા. હજુ એ-કદાચ અમદાવાદમાં સ્ટેશન સુધી પણ પહોંચ્યા નથી. હજુ રસ્તામાં છે આપણે કહીએ છીએ મુંબઈ ગયા. ત્યાં એ કામ કરે છે,

सत्सामीप्ये सद्वद्वा

ડોક્ટરે હાથ ઉંચા કરી દીધા છે, ICMIT આપી દીધી છે, રોગ કોઈ રીતે કાબુમાં આવે એમ નથી, દરદી-ની સ્થિતિ કથળતી જ જાય છે, એમ કહેવામાં આવે-છે, હવે એ ગયા. ગયા જ સમજો.

અનિત્ય ને પ્રિય બનાવવા એ બરાબર એના જેવી ઘટના છે કે એક એવી વ્યક્તિ સાથે લગ્ન કરવા, જેની ૮૦ વર્ષની ઉંમર છે.

અનિત્ય ને પ્રિય બનાવવા એટલે એક એવી વ્યક્તિ સાથે લગ્ન કરવા, કે જે મરણ પથારી માં સુતા છે, જે જેની છેલ્લી ઘડીઓ ગણાઈ રહી છે. અનિત્ય ને પ્રિય - બનાવવું, એટલે એવી વ્યક્તિ સાથે લગ્ન કરવા, જેની ધુંપ જતી રહી છે, હવે એ માત્ર એક મડદુ છે. અનિત્ય ને પ્રિય બનાવવું એટલે એક એવી વ્યક્તિ - સાથે લગ્ન કરવા, કે જે ચિતા ની અંદર સુતેલી છે, પાર્થિવ દેહ માત્ર છે. જેને અગ્નિદાહ આપવાની - તૈયારી છે. અનિત્ય ને પ્રિય બનાવવું એટલે એવી વ્યક્તિ સાથે લગ્ન કરવા, કે જે ભડભડ સળગી રહી - છે. અનિત્ય ને પ્રિય બનાવવું એટલે એવી - વ્યક્તિ સાથે લગ્ન કરવા, જેની રાખ થઈ ચુકી છે ને જેની રાખ સાથે ફેરા લેવામાં આવી રહ્યા છે. અનિત્યને પ્રિય બનાવવું એટલે એક એવી પાર્ટી માં રોકાણ કરવું, જેના માટે બજાર માં વાત શરૂ થઈ ગઈ છે કે, આ - પાર્ટી હવે ગઈ. અનિત્ય ને પ્રિય બનાવવું એટલે કે એવી પાર્ટી માં રોકાણ કરવું, જ્યાં ALREADY, RAID પડેલી છે, દરોડા પડેલા છે. અનિત્ય ને પ્રિય બનાવવું એટલે એવી પાર્ટીમાં રોકાણ કરવું, જે ALREADY ઉઠી ગઈ છે, દેવાળુ નીકળી ગયું છે. અનિત્ય ને પ્રિય બનાવવું, એટલે એવા મકાનમાં FLAT ખરીદવો, જે મકાન જર્જરીત થઈ ગયું છે ને વારંવાર.. વારંવાર ધ્રુજ્યા કરે છે. અનિત્ય ને પ્રિય બનાવવું, એટલે એવા મકાનમાં FLAT ખરીદવો, જેના દસ્તાવેજ કરવા. જેની ચુકવણી કરવી, કે જે ધરતીકંપની અંદર ધરાશાયી - ALREADY થઈ ગયો છે, નજરની સામે. અનિત્ય ને પ્રિય બનાવવું, એટલે એવા FLAT ની અંદર રોકાણ કરવું, જે ભુતપુર્વ બની ચુક્યો છે, જે હવે મકાન નથી, જે હવે FLAT નથી, જે FLAT ની ઉપર ઘણો બધો કાટમાળ છે, જે FLAT દટાયેલો છે, અને એ FLAT ની એની મુળ કિંમતે ખરીદવાનો પ્રયાસ કરવો. આનો અર્થ છે અનિત્ય ને પ્રિય - - બનાવવું!

અનિત્ય ને પ્રિય બનાવવું એટલે એવી ગાયને દોહવાનો પ્રયાસ કરવો, જેની કતલખાનાની લાઈનની અંદર નંબર આવી-ગયો છે, એના શિંગડા પકડવામાં આવ્યા છે, અને એનું ગળુ કપાવાની તૈયારીમાં છે. અનિત્ય ને પ્રિય બનાવવું એટલે કે ગાયનું ડોકું છુટું પડી ગયું છે, એ ગાય ને-દોહવાનો પ્રયાસ કરવો. અનિત્ય ને પ્રિય બનાવવું એટલે COW MEAT નું PACKET હોય એમાંથી દૂધને દોહવાનો પ્રયાસ કરવો. અનિત્ય ને પ્રિય બનાવવું, એટલે ફાટેલા ફુગ્ગા ને ફુલાવવાનો પ્રયાસ કરવો. અનિત્યને પ્રિય-બનાવવું, એટલે કરમાયેલી માળા એને ખરીદવી અનિત્ય-ને પ્રિય બનાવવું એટલે અકસ્માતમાં કોઈ ગાડીનો ફુચો થઈ ગયો છે, એને મુળ કિંમતે ખરીદવાનો પ્રયાસ કરવો.

આપણે વિચારીએ છીએ કે બધી વાત-સાચી, સંસાર ખોટો છે, ખરાબ છે, દુઃખ મય છે, દુઃખનો હેતુ છે, બધી વાત સાચી પણ, મને સંસાર-બહુ ગમે છે. હું સંસારને છોડી શકું એમ નથી, સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને એ જ કહેવા માંગે છે કે ભાઈ આ ગમે તેટલું તમને ગમતું હોય, વહાલું હોય, પણ તુ સમજુ લે કે આ જતું જ રહેવાનું છે, આ કાયમ રહેવાનું નથી. આ કાયમ ટકવાનું નથી, જતું જ રહેવાનું છે. જે ગયું જ સમજો, જતું જ રહ્યું છે એવું સમજો, એ હવે છે જ નહિ એવું સમજો. તો પછી આમાં રાગ કરવાનો, ન છોડવાનો સવાલ જ ઉભો થતો નથી.

अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसङ्कुलः।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે કે ચાલો ભાઈ તમારી દલીલ એવી છે કે જતું રહેશે ત્યારે જતું રહેશે, ભવિષ્યમાં નહિ હોય, કાલે નહિ હોય, પરમ દિવસે નહિ હોય, આવતા વર્ષે નહિ હોય, પાંચ-પચ્ચીસ- પચાસ વર્ષ, MAXIMUM ૭૦-૯૦ વર્ષ,

પછી આમાંથી કશું જ નહિ હોય, પણ જ્યારે છે એનું - શું ? જ્યારે છે અમને બહુ ગમે છે, અમને એના પર બહુ રાગ છે, અમે એમાંથી ઉગેલા છીએ, તો પછી અમે એને છોડીએ ને આવતી કાલનો વિચાર કરીને આજે છોડી- દઈએ, એવું પાગલપણું અમે શા માટે કરીએ ? તો સિધ્ધર્ષિ ગણિ મહારાજ એનો જવાબ આપે છે.

इहेर्ष्याशोकसङ्कुलः

એક તો પ્રિયનો સંયોગ અનિત્ય હોય છે, અને હોય છે ત્યારે પણ શુધ્ધ પ્રિય સંયોગ ક્યાં હોય છે, એમાં કેટલી- બધી ભેળસેળ હોય છે, એમાં કેટલા બધા દર્દ હોય છે. એમાં કેટલી બધી ઈર્ષ્યા હોય છે. એમાં કેટલો બધો શોક હોય છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

ब्राह्मणो जातिरद्विष्टो वणिग्जातिरवञ्चकः ।

દુનિયામાં પ્રાયઃ કરીને એવું જોવા નહિ મળે કે બ્રાહ્મણ હોય, એને કોઈ વસ્તુ નો કે વ્યક્તિ નો દ્વેષ ના હોય. પ્રાયઃ કરીને દ્વેષ હશે. વણિક જાતિ હશે, વેપારી હશે, અને કોઈ માણસની છેતરપીંડી કરતા જ નહિ હોય, બહુ દુર્લભ છે. પ્રાયઃ કરીને એવું જોવા નહિ મળે.

प्रियजानिरनिर्ष्यालुः प्रायेण न हि दृश्यते ।।

જેને પત્ની પ્રિય છે, અને એની ઈર્ષ્યા ન હોય, આવું પ્રાયઃ કરીને જોવા નહિ મળે. ચરિત્ર ગ્રંથોની અંદર એવા કેટ- કેટલા પતિદેવોનું વર્ણન આવે છે, જેમણે ઘરને પત્નીની જેલ બનાવીને રાખી હતી. ન કોઈ ત્યાંથી બહાર જઈ શકે, ન બહારથી કોઈ આવી ને કોઈને મળી શકે. પતિ આમાં સુખી બને ? પત્ની આમાં સુખી બને ? કોણ આમાં સુખી બને ? બંને દુઃખી બને !

अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसङ्कुलः ।

પત્ની પરની શંકા, પત્ની ની હત્યા કરી દે, પત્ની ના મિત્રની હત્યા કરી દે, અને આપઘાત કરી લે, એવા પતિઓની ખોટ નથી. પતિ ઉપરની શંકાથી રાતના અગિયાર વાગ્યથી સવાર-

સુધી, કકળાટ અને તડાફડી બોલાવતી પત્નીઓનો કોઈ
તોટો નથી. એકે બીજાના ફોન ની અંગત બાબતો,
અંગત જીવનને ખેદાન-મેદાન કર્યા વગર રહેતી નથી.

अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसङ्कुलः।

COURT ની અંદર એક SYSTEM હોય છે જેને BENEFIT
OF DOUBT કહેવાય. જે માણસ સાચો પણ હોય શકે છે
જે મુદ્દે એને છોડી દેવામાં આવે છે. આ પ્રિયનો સંગમ,
આ દાંપત્ય જીવન, આ લગ્ન, આ પતિ-પત્નીના સંબંધ
એમાં LAWS OF DOUBT હોય છે, એ ખોટી પણ હોય શકે,
એ ખોટા પણ હોય શકે, એ મુદ્દે પરસ્પરને ગોળી-
મારી દેનારાઓનો પણ તોટો નથી.

રૂપરૂપના અંબાર જેવી પત્ની તમને મળી
એટલે સમજી લો કે, તમારું જીવન ઈર્ષ્યાની આગમાં -
ભસ્મીભૂત થઈ ગયું. કામદેવ જેવો પતિ તમને મળી ગયો
એટલે સમજી લો કે, તમારું જીવન નરક બની ગયું.
નીતિશાસ્ત્રી સ્પષ્ટ કહે છે,

भार्या रूपवती शत्रुः।

એના જેવો કોઈ દુશ્મન હોતો નથી. માણસને એ ગમે છે,
માણસ એને ચાહે છે, માણસ એના વગર રહી શકતો -
નથી, અને માણસ એનાથી જ દુઃખી દુઃખી થઈ જાય છે
એનો વિયોગ થઈ જાય ત્યારે તો માણસ દુઃખી હોય જ છે,
એના સંયોગમાં પણ માણસ હકીકતમાં રીબાતો જ
હોય છે, કારણ કે જે ગમે છે, એ દુઃખ સિવાય કશું
માણસને આપી શકતું નથી. ગમતી વસ્તુ અંતે માત્ર
દુઃખ જ આપી શકે છે, કારણ કે ગમો એ પોતે જ દુઃખ
છે, એનો વિષય ચાહે કોઈ પણ હોય, એ વસ્તુ -
હોય, એ વ્યક્તિ હોય, એ કંઈ પણ હોય, એ માણસને
દુઃખ જ આપી શકે છે માટે એક પ્રાચીન કહેવત છે,

**પ્રીત કીયે દુઃખ હોય!**

કેટલા તમારા પ્રીતના વિષય છે, એ બધા હકીકતમાં - તમારા દુ:ખના વિષય છે, એ તમારી દુ:ખની SOURCE LINE છે, અને એનાથી તમે દુ:ખી જ થવાના છો. મુળશુધ્ધિ પ્રકરણની અંદર બહુ અદ્ભુત વાત કરી.

सम्बन्धानात्मनो जन्तुर्यावतः कुरुते प्रियान् ।

જીવ બીજાની સાથે પોતાના કેટલા કેટલા પ્રિય સંબંધ કરે છે, આની સાથે પ્રિય સંબંધ, આની સાથે પ્રિય સંબંધ, ક્યાંક કોઈ લગ્ન સંબંધ છે, ક્યાંક કોઈ મિત્ર સંબંધ છે, ક્યાંક કોઈ સગાનો સંબંધ છે, ક્યાંક કોઈ પરિચિતનો સંબંધ છે, ક્યાંક કોઈ ધંધાનો સંબંધ છે, કોઈને કોઈ રીતનો સંબંધ,

सम्बन्धानात्मनो जन्तुर्यावतः कुरुते प्रियान् ।

કેટલા કેટલા પ્રિય સંબંધ આ જીવ કરે છે,

तावन्तः तस्य जायन्ते, हृदये शोकशङ्कवः ॥

કેટલા પ્રિય સંબંધ જીવ કરે, એટલા એના હૃદયની અંદર શોકના કાંટા ભોંકાય છે. માણસને લાગે છે કે આ મારું - પ્રિય, આ મારા પ્રિય, અને એનાથી હું સુખી થાઉં, - માણસની નજર ગેરસમજ છે, ઘોર અંધારુ છે, માણસને કશી વાસ્તવિકતાની ખબર નથી, હકીકતમાં જે પ્રિય છે, એ જ માણસને દુ:ખ આપે છે.

अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसङ्कुलः ।

પ્રિયનો રસ્તો એવો છે, જેમાં અત અતના મુકામો, અવશ્ય આવે છે.

- ★ એક મુકામ છે ઈર્ષ્યા,
- ★ એક મુકામ છે આરોપ,
- ★ એક મુકામ છે ક્રોધ,
- ★ એક મુકામ છે અભિમાન,
- ★ એક મુકામ છે લોભ,
- ★ એક મુકામ છે ઝગડો,
- ★ એક મુકામ છે ઉજાગરો,
- ★ એક મુકામ છે TENSION,
- ★ એક મુકામ છે મત્સર,

classmate

DATE

- એક મુકામ છે પરિવાર,
- એક મુકામ છે અભ્યાખ્યાન,
- એક મુકામ છે અરતિ,

આ બધા મુકામો પ્રિયના રસ્તે આવ્યા જ કરે છે, અને પ્રિયના રસ્તે જે છેલ્લું મુકામ આવે છે, એ છેલ્લું મુકામ, એ છેલ્લું મુકામ હોય છે શોકનું, એ છેલ્લું મુકામ હોય છે, વિલાપ નું, છેલ્લો મુકામ હોય છે વિયોગ નો, એ છેલ્લો મુકામ હોય છે રોગનો, એ છેલ્લો મુકામ હોય છે મોત નો !

આધ્યાત્મિક શબ્દકોશની અંદર, પ્રિય - અને શત્રુ આ બંને સમાનાર્થી શબ્દો છે, એને આટલું રહસ્ય બજાર છે,

એને જિંદગીમાં કોઈ પણ દુઃખી કરી શકતું નથી !

ખરો આત્માર્થી એ છે, જેને પ્રિયથી ડર લાગે છે. ખરો આત્માર્થી એ છે જેને પ્રિયથી ભાગી છુટવાનું મન થાય છે. ખરો આત્માર્થી એ છે, જે પ્રિયના નામથી પણ ગભરાય. જેને પ્રિયત્વ એ - બુખાર જેવા વાયરસ લાગે. જે પોતાને દુર્ગતિમાં ઠસડી - જતી વ્યક્તિ કે વસ્તુ લાગે. જેને પ્રિયત્વની સંવેદના થતાની સાથે, પોતાનો આત્મા અભડાઈ ગયો હોય એવું - લાગે, અને જેને જેને જ્યાંમાં જ્યાં ત્યાંથી દુર જઈને, સમતા રસમાં નહાય નહિ, ત્યાં સુધી શાંતિ ન થાય, એ ખરા આત્માર્થી !

સભાનો પ્રશ્ન :- ભગવંત, પરસ્પર ની લાગણી અને હુંફ વગર આખી જિંદગી કઈ રીતે પસાર - થઈ શકે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- બહુ સરસ મજાનો પ્રશ્ન છે !
કદાચ અમે વૈરાગી થઈ જઈએ, કદાચ અમે ઘર બાર છોડી દઈએ, કદાચ અમે અનિત્ય સંયોગો- છોડી પણ દઈએ, આ રીતે જીવન શક્ય છે ખરું ? શું- એ જીવનમાં શાંતિ હોઈ શકે ? મારો એક પ્રતિપ્રશ્ન છે, તમારા જીવનમાં શાંતિ છે ? પ્રશ્નનો જવાબ વૈરાગ્ય- શતક ગ્રંથની અંદર, પ્રાચીન પરમર્ષિ આ શબ્દોમાં આપે છે.

मा जाणासि जीव! तुमं पुत्तकलत्ताइ मज्झ सुहहेउ ।

જીવ તું ભૂલે ચૂકે એમ વિચારતો નહિ કે, આ બધા છે તો જીવન શાંતિથી પસાર થાય છે, તો જીવનમાં સુખ છે, તો જીવનમાં આનંદ છે. દીકરો સુખનું કારણ છે, પતિ સુખનું કારણ છે. પત્ની સુખનું કારણ છે. ભૂલેચૂકે આવું નહિ- વિચારતા, કારણકે વાસ્તવિકતા આખી જુદી છે.

निउणं बंधणमेयं संसारे संसरंताणं ॥

આ બીજું કશું જ નથી, આ સુક્ષ્મ બંધન છે. જે તમને સંસારની અંદર જકડી રાખે છે, જેના કારણે તમારી સંસારની યાત્રાનો, રખડપટ્ટીનો, આ ચોર્યાસી લાખ યોનિના ભવ- ભ્રમણનો અંત આવ્યો નથી. સવાલની હજુ નજીક આવું, જ્યાં કોઈ લાગણી નથી, હૂંફ નથી, આલંબન નથી, પીઠબળ નથી, સથવારો નથી, અમે સંસારમાં જોઈએ સિત્તેર વર્ષે માણસ વિધુર થાય, ભલે દીકરાઓ છે, ભલે વહુઓ છે, પૌત્રો છે, સંપત્તિ છે, પણ એના ઢીલા થઈ જાય છે, માણસ હતો એનાથી DOUBLE ઘરડો થઈ જાય છે, કારણકે એના પત્ની ગયા, એના દીકરા-વહુઓ એમને ખુશ રાખવાનો પ્રયાસ કરે પણ એમનો ચહેરો ઉદાસ.. ઉદાસ.. ઉદાસ.. જ હોય, વાત બધી ત્યાં પુરી થઈ જાય છે તો આ બધા તાત્વિક પદાર્થોનું અમે શું કરીએ ? આ તો અમારો અનુભવ જ છે. એક માણસનું હર્યું ભર્યું ઘર છે ને બીજો માણસ એકલો છે. અમે તો એમ માનીએ કે એકલા માણસ જેવો દુઃખી બીજો કોઈ નહિ, એ ક્યાંક ને

ક્યાંક વલખા મારશે, કોઈનો સાથ મળે, સંગાથ મળે,
પ્રેમ મળે, હુંફ મળે, વિદેશમાં બધા પંખીડા ઉડી ગયા-
હોય છે તો છેલ્લે માણસ, કુતરાને મિત્ર બનાવે છે,
અને હુંફ.. સાથ, એમાંથી શોધવાનો પ્રયાસ કરે છે.
એનો હાર્દ એટલો છે કે કોઈની સાથ, સંગાથ, લાગણી,
હુંફ ના હોય, તો જીવન કઈ રીતે જીવી શકાય ને, આ
વાત સાચી છે. એક બાજુ આ આધ્યાત્મિક પદાર્થનું
હાર્દ આ છે કે, તમારા આત્મા સિવાય બાકી બધું જ
નકામું છે, હેય છે, ભયાનક છે. દુર ભવ એનાથી-
છોડો એને, નહીં તો તમારો મોક્ષ નથી. અને બીજુ-
બાજુ આ PRACTICAL LIFE ની અંદર જીવની એ-
સ્થિતિ કે, આ બધા પરિબળ વગર જીવી જ ના શકે,
ને એના કારણે, કેવળજ્ઞાનની અંદર તીર્થંકર ભગવંતોએ
જે રીતે જેનું ઠેકાણું પડે, એવો માર્ગ બતાવ્યો. એક
આદર્શ સાધુના છે, જેની અંદર પ્રશસ્ત પણ રાગ નથી.
ઉપનિષદો ની અંદર એક અદ્ભુત વાત કરી છે.

एको भिक्षुः यथोक्तः स्यात्

જે એકલા હોય એને જ સાધુ કહેવાય. તમારું ગ્રુપ-
છે પાંચ જણનું, પચ્ચીસ જણનું, પચાસ જણનું, આને
અમે સાધુ કઈ રીતે કહીએ, તમારા પરસ્પર ના ક્યાંક
લાગણી ના તાર જોડાય છે, રાગ થાય છે. સાથે રહ્યા-
ક્યાંક વાસણો ખખડ્યા તો દ્વેષ થાય છે. પરસ્પરના-
વ્યવહારો છે, પ્રેમ છે. ગુરુ જાય છે ને શિષ્ય પગે-
મુકી ને રડે છે, કોઈક મહાત્મા ક્યાંક ચોમાસુ કરવા
જઈ રહ્યા છે ને બધાની આંખમાં આંસુ આવે છે.
આને રાગ કહેવાય, આ પણ આત્મા નું સ્વરૂપ નથી.
આ પણ આત્મ સ્વભાવથી દુર જવાની વસ્તુ છે,
અમે આને સાધુ પણું કઈ રીતે કહીએ ?. એક-
નય વિશેષ ની પ્રરૂપણા છે,

एको भिक्षुर्यथोक्तः स्यात् ।

DATE

સાચા સાધુ, આદર્શ સાધુ, ખરા અર્થના સાધુ. એમને કહેવાય જે એકલા હોય.

द्वावेव मिथुनं तेडा

તમે કહો ના લોઈ ઓરલું એક માં તો ન આવી શકાય. અમે બે સુધી રાખીએ, ચાલો, અને ઉપનિશદો કહે છે, એને (COUPLE (જોડું)) કહેવાય, બે સાધુ એને સાધુ- કઈ રીતે કહેવાય. આગળ વધીને ઉપનિશદો કહે છે,

त्रयो ग्राम: समाख्यात:

ત્રણ છે એ તો એક ગામ કહેવાય, એને સાધુ ના કહેવાય.

उर्ध्वं तु ~~नगरं~~ नगरायते ।।

અને ચાર કે એનાથી વધારે સાધુઓ હોય, એને તો નગર- કહેવાય, શહેર કહેવાય, એને અમે સાધુ ના કહીએ.

એક આદર્શ છે. જ્યાં પ્રશસ્ત રાગ, દ્વેષ- સુધ્ધા નથી, એ આદર્શ સાધુ પણું. તીર્થંકર કલ્પની અંદર, પ્રત્યેક બુધ્ધ કલ્પની અંદર, સ્વયં બુધ્ધ કલ્પની અંદર, અને જીનકલ્પ ની અંદર છે. જ્યાં છદ્મસ્થ અવસ્થાની અંદર આવા કોઈ જ વ્યવહાર નથી, કોઈની સાથે વાત કરવી, બીજા સાધુની સાથે રહેવું, બીજા સાધુની સાથે વિહાર- કરવો, ~~પરસ્પ~~ પરસ્પર ગોચરી, પાણી, વંદન, સુધ્ધા ના- વ્યવહારો કરવા, આવું કશું જ જ્યાં નથી, આ પરાકાષ્ઠા નું સાધુપણું. જે વ્યક્તિ ને વૈરાગ્ય થયો સંસારનું સ્વરૂપ- સમજાયું, એ સીધા ત્યાં ના જઈ શકે, એ સીધો- જિનકલ્પ માં એ શક્ય નથી, માટે સ્થવિર કલ્પની વ્યવસ્થા બતાડી. ગચ્છ વ્યવસ્થા બતાડી, ગુરુ છે, વિદ્યા ગુરુ છે. ગુરુ ભાઈઓ છે, એક પ્રકારનો પરિવાર છે, લાગણી છે, હુંફ છે, અને આ આલંબનની સાથે ખુબ શ્રુતની સાધના શરૂ કરે છે.. કરે છે.. કરે છે.. એ સાધનામાં ખુબ આગળ વધતો જાય છે, વધતો જાય છે, એ યોગ્યતા ઓર, વધે, ઓર વધે, ઓર વધે, ઓર વધે, ઓર વધે, હવે એ

એટલો CAPABLE થતો જાય છે, હવે એ જીવને આવા - બધા ટેકાની પણ જરૂર નથી, અને એના પછી એ તબક્કો આવે છે, જેમાં શાસ્ત્રીય રીતે એકલ વિહારી પ્રતિમા જે અત્યારે આપણે એકલ વિહારી કહીએ એની - વાત નથી, શાસ્ત્રીય રીતે, પહેલું સંઘયણ હોય, નવપૂર્વ - ઉપરનો અભ્યાસ હોય, એટલું બધું બળ છે, સત્વ છે, તપ છે, સમતા છે, યોગ્યતા છે, ગુરુએ અનુજ્ઞા આપી - છે, અને એ એકલ વિહારી પ્રતિમા, જેમાં અભિગ્રહ વિશેષ, જેમાં ગચ્છથી અલગ એકલા વિહાર કરવાનો, જે પરિસહો અને ઉપસર્ગો આવે એ સમભાવે સહન કરવાના, એનો તબક્કો આવે છે. અથવા જિનકલ્પનો તબક્કો - આવે છે, જ્યાં ગચ્છવાસ ને, ગુરુકુલવાસને છોડવાનો છે અને જ્યાં નિશ્ચય સાધુપણું, એકાંત ઉત્સર્ગનું સાધુપણું, જેમાં અંદર વ્યવહારમાં એ અપવાદ નથી ને નિશ્ચયમાં - પણ અપવાદ નથી, પ્રવૃત્તિમાં એ અપવાદ નથી, પરિણતિમાં એ અપવાદ નથી, માનસિક અતિચારનું પણ જ્યાં ઉંચું પ્રાયશ્ચિત આવે. એવો જે કલ્પ અને એના માટેની પુરી તૈયારી સાથે એ મહાત્મા એ કક્ષા એ પહોંચે છે!

પ્રશ્નનો ત્રીજુ રીતે જવાબ આપુ, એક - તમારો પણ સંસાર છે, અને નિશ્ચય દ્રષ્ટિએ જોઈએ, તો અમારો ગુરુકુલવાસ જેમાં પ્રશસ્ત રાગ-દ્વેષ, મારા - શિષ્યને હું વાત્સલ્ય પણ આપું, અને ખખડાવું પણ - ખરો, આ અમારો પણ એક સંસાર છે. જીવવિચારનો તમે પહેલો પાઠ લીધો હોય ને તો ત્યાં આ વાત આવે છે, જીવ બે પ્રકારના છે, સંસારી અને મોક્ષમાં રહેલા. જે મોક્ષમાં નથી એ સંસારી છે, અપેક્ષા એ અમે સંસારી છીએ, હજુ અમારા રાગ-દ્વેષ છે, અમે - છદ્મસ્થ છીએ, એ અપેક્ષા એ અમે સંસારી છીએ, હજુ પ્રશસ્ત પણ રાગ-દ્વેષ અમારામાં છે, તો વ્યવહાર

નય અમને સાધુ કહે છે, નિશ્ચય નય અમને સંસારી કહે છે, અમારો પણ સંસાર છે. પણ એ સંસાર મોક્ષના માર્ગ સ્વરૂપ સંસાર છે.

એ સંસાર વિતરાગતાના ઉપાય રૂપ સંસાર છે !

જે તમારો સંસાર એની અંદર પરિવાર છે, લાગણી છે, હૂંફ છે, એકબીજાનું પીઠબળ છે, વળગણ છે, આ બધું સંસારના કારણ રૂપ સંસાર છે. વ્યવહાર અને નિશ્ચયનો સમન્વય-કરું તો તમારો સંસાર, સંસારના માર્ગ સ્વરૂપ સંસાર છે.

અમારો સંસાર મોક્ષમાર્ગ સ્વરૂપ સંસાર છે !

ભલે અત્યારે જિનકલ્પ નથી, ભલે અત્યારે એકલ વિહારી-પ્રતિમા નથી, ભલે અત્યારે પ્રત્યેક બુધ્ધ, સ્વયં બુધ્ધ કે-તીર્થંકર હાજર નથી. સ્થવિર કલ્પની અંદર, ગુરુકુલવાસની-અંદર અમે દીક્ષા લઈએ ને, જિંદગીના વર્ષોના વર્ષો એ વાતાવરણની અંદર, એ વ્યવસ્થાની અંદર, અમે વિતાવીએ. પચાસ-પચાસ વર્ષો સુધી ભેગા રહ્યા પછી, એક બીજા સાથે લાગણીના તારે અમે પણ બંધાયેલા હોઈએ. એક મહાત્માને પર્યુષણ પુરતુ, ચોમાસા પુરતુ મોકલ્યા હોય, જો કે ત્રણ-મહાત્મા આઠ દિવસ કે ચોમાસુ માટે ગતા હોય, એમના ગયા પછી અમને પણ ખાલી ખાલી લાગે. છતા એ જિનકલ્પ આદિ વ્યવસ્થા આજે ન હોવા છતા, અંતિમ સમયે શાસ્ત્રીય આજ્ઞા છે કે, સંપૂર્ણ પણે તમારે શિષ્ય વગેરેના-મમત્વથી મુક્ત થઈ જવુ. હવે પ્રશસ્ત પણ નહિ હવે-પરમ નિશ્ચય દશા, હવે નિશ્ચય સંયમ એની અંદર આ જવાબદારી એ નથી, બધુ તમે બહુ કર્યુ,

નિષ્કારણ સીરે।

તમે શિષ્યોને પ્રતિબોધિત કર્યા, દીક્ષા આપી, યોગક્ષેમ કર્યુ,

શિક્ષા શિક્ષા

ગ્રહણ ~~શિક્ષા~~, આસેવન ~~શિક્ષા~~, એમને ભણાવ્યા, ગણાવ્યા, સારણા, વારણા કરી, વર્ષોના વર્ષો સુધી તમે એમની- કાળજી કરી. તમે શિષ્યોની વ્યવસ્થા કરી, તમે- ઉત્તરાધિકારી સ્થાપી દીધા, તમે બધું એમને સોંપી- દીધું. હવે ભુલી જાવ તમે ગુરુ છો, હવે ભુલી જાવ- તમારા કોઈ શિષ્ય છે, ભુલી જાવ તમારો કોઈ ગચ્છ છે, શાસ્ત્રીય આજ્ઞા છે, અંતિમ આરાધનાની પહેલી વિધિ, પહેલું STEP, અંતિમ આરાધનાનું બતાડ્યું,

પરગણસङ्क्रम

તમારું GROUP, તમારો ગચ્છ, તમારા શિષ્યો, તમારા- ગુરુ ભાઈઓ, આમને છોડીને, જ્યાં તમારા કોઈ- ગુરુ નથી, શિષ્યો નથી, ગુરુ ભાઈઓ નથી, જ્યાં તમારા પરિચિત એવા મહાત્મા નથી, એવા સંવિગ્ન- ગીતાર્થ મહાત્માઓના GROUP ની અંદર જઈને તમે રહો, આ અંતિમ આરાધનાનું પહેલું STEP છે.

એવી અદ્ભુત જિનશાસનની વ્યવસ્થા છે.

<u>સભાનો પ્રશ્ન</u> :- સાહેબ આપે જે પહેલું STEP બતાડ્યું, એ વ્યવસ્થાનો આજના કાળમાં અમલ નથી થતો !

<u>પૂજ્યશ્રીનો ઉત્તર</u> :- ઘણી બધી વસ્તુ અંતિમ આરાધના કરનાર મહાત્માઓ ભણતા હોય છે, સમજતા હોય છે. શ્રાવક જીવનની ઘણી બધી વસ્તુઓ તમે નથી કરી શકતા, સાધુ જીવનની ઘણી બધી- વસ્તુઓ અમે નથી કરી શકતા. ન કરવા છતા તમારો પક્ષપાત હોય છે, સાચો સાપેક્ષ ભાવ થી તમે સુશ્રાવક- છો તો હશો, એ દિશાનો પ્રયાસ હશે. એ રીતે આજના કાળમાં પણ, મહાત્માઓનો પ્રયાસ હોય જ છે.

એને દ્રવ્યથી ન છુટે તો મહાત્માઓ ભાવથી છોડી દેતા હોય છે.

એને પોતાના આત્માની અંદર ડુબી જતા હોય છે!

આ દશા અમે નજર સામે ગુરુદેવની જોઈ છે. બહુ સમજવાની વાત આ છે. પ્રશ્નનું હાર્દ એ છે કે, અમે એવી સાચી લાગણીથી જોડાયેલા, અને એ લાગણી જે અમારું જીવન છે. એના વગર અમે જીવી શકીએ એમ નથી. તો એ અનિત્ય છે કે એની અંદર ઈર્ષા-વગેરેની ભેળસેળ છે. એ મુદ્દે અમે એમને છોડીએ - કઈ રીતે, શા માટે છોડીએ? અને જવાબ આ છે. કે તમારે માત્ર વર્તમાન જોવું છે? ગમે છે માટે - પકડી રાખો, ગમે છે માટે ન છોડો. આ જોવું છે. કે તમારે એ ગમાનું, એ વળગવાનું, એ પકડી રાખવાનું પરિણામ જોવું છે.

સભાનો પ્રશ્ન :- એક પ્રવચનમાં આપ એવું બોલ્યા હતા કે, નિશ્ચય વગરનો વ્યવહાર એ નારક છે, અને વ્યવહાર વગરનો નિશ્ચય એ દંભ છે, એ સુત્ર આમાં કેવી રીતે લાગે?

પૂજ્યશ્રીનો ઉત્તર :- તમે એમ કહો કે મને કોઈ રાગ - નથી, અને આ તો નિર્લેપ ભાવે - સંસારમાં બેઠો છું, તમારું બધું જ ATTACHMENT છે, તમે એમાં જ રચ્યા-પચ્યા છો, તમે છોડતા નથી ને - તમે કહો મારે રાગ નથી. તો આ નારક અને દંભ સિવાય બીજું શું હોય શકે? તમે કહો કે અમને - રાગ એ છે ને અમે છોડી એ નથી શકતા, તો સિદ્ધર્ષિ ગણિ મહારાજ એના માટે કહે છે કે નહિ છોડતો - મરી જશો!

ગચ્છાધિપતિ શ્રી જયઘોષ સૂરીશ્વરજી મહારાજ
એમની પાસે એક ભાઈ આવ્યા, એ ભાઈની પાછળ
એક કુતરું આવ્યું, ભસે નહિ, કોઈને હેરાન ના કરે,
બરાબર ત્યાં આવીને ભાઈની બાજુમાં બેસી ગયું,
તો સાહેબ પણ જોઈ રહ્યા. ગચ્છાધિપતિને વંદન કરીને
પેલા ભાઈ કુતરાની એવી બધી વાતો કરી, સાહેબ-
આ કુતરું તો આમ છે ને.. આમ છે ને.. આમ છે..
આટલી આટલી આરાધના કરી, એને આ કરાવું છું,
આ કરાવું છું, તે કરાવું છું, બસ હું જ્યાં જઉં ત્યાં
સાથે આવે, આમ છે... તેમ છે... આમ છે ---તેમ-
છે, વગેરે વગેરે વાત એ ભાઈએ કરી,

ગચ્છાધિપતિ શ્રી એ કહ્યું કે એની
આરાધનાની અનુમોદના છે. પણ તમારો જીવ આ
નિમિત્તે પણ કુતરા.. કુતરા.. કુતરા.. કુતરામાં જ
રહે, એનાથી બની શકે, કે તમારા આયુષ્યનો-
બંધ આ કુતરાની ગતિ નો પડે.

મોક્ષ માં તમારે જવું છે, આત્માનું-
કલ્યાણ કરવું છે, તો તમારી નજર સામે, તમારા-
વ્યવહારમાં, તમારા જીવનમાં, તમારા વિચારમાં,
સતત ને સતત મોક્ષ માર્ગના આલંબન હોય તો તમે
મોક્ષે જઈ શકશો. સંસારમાં રહેવું, સંસારીઓ
વચ્ચે રહેવું, સંસારીના નિમિત્તો, લાગણીઓના-
નિમિત્તો ની વચ્ચે રહેવું, આજ સુધીમાં એવા-
અનંત પતિઓ થઈ ગયા, જે સીધા મરીને પત્નીના
માથાની જુ તરીકે ઉત્પન્ન થયા છે આજ-
સુધીમાં એવી અનંત પત્નીઓ થઈ ગઈ, જે
પતિના WASH ROOM ની અંદર, પતિની અશુચિ-
માં, એક કીડા તરીકે ઉત્પન્ન થઈ છે.

આજ સુધીમાં અનંતા એવા મા-બાપ થઈ ગયા, જે દીકરાના ઘરની પાસેની ગટરની અંદર, ઉંદર કે- વાંદા તરીકે ઉત્પન્ન થયા. આજ સુધીમાં એવા અનંત માણસો થઈ ગયા, પોતાની તિજોરીની અંદર, ગરોળી- રૂપે, કરોળિયા રૂપે, વાંદા રૂપે, યુવાન રૂપે ઉત્પન્ન- થયા. આજ સુધીમાં એવા અનંત શ્રીમંતો થઈ- ગયા, જે પોતે રોકાણ કરેલા FLAT ની અંદર, જમીન- ની અંદર, ક્યાંક કોઈ છોડ રૂપે, ઘાસ રૂપે, કરોળિયા રૂપે ઉત્પન્ન થયા. હું કહું છું, ખતરનાક છે આ બધું !

તમને ગમે છે, તમને એનું ATTACHMENT છે, તમે એટલા માટે નથી છોડતા, કે તમને એનો- બહુ રાગ છે. સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે બહુ રાગ છે તો ભાગી છૂટો એનાથી, એજ તમારો દુશ્મન છે, એ જ તમારા હત્યારા છે, એ જ તમારા અનંત- મૃત્યુના કારણ છે. એ જ તમને ઢસડીને નરકમાં લઈ- જનારા છે. તમે એ એને છોડતા નથી તો એનો રાગ- છુટવો તો હજુ અઘરો છે. વસ્તુ છોડવી સ્થુલ વસ્તુ છે, રાગ છોડવો સુક્ષ્મ વસ્તુ છે. તમે સ્થુલ એ ના છોડી શકો, તમે દ્રવ્ય સ્તરે પણ પાછા પડો, તમે વ્યવહાર- સ્તરે પણ પાછા પડો, તો ભાવ સ્તરે, સુક્ષ્મ સ્તરે, નિશ્ચય સ્તરે છોડવું, એ તો બહુ જ વધારે અઘરું છે. બહુ સરસ મજાનો ઉપાય ઉત્તરાધ્યયન સુત્રની અંદર- ભગવાન મહાવીર સ્વામી આપે છે,

कोहो हओ जस्स ण किंचणाइं

તમારો લોભ, મમત્વ, લાગણી, આસક્તિ નથી છુટતી. તમે પહેલો ઉપાય આ કરો, તમે એ લાગણીનું પાત્ર છે, વિષય છે, આલંબન છે, એને તમે છોડી દો, પછી જુઓ તમારો લોભ કેવો ઓછો થઈ જાય છે.

DATE

સભાનો પ્રશ્ન :- સાહેબજી, સિદ્ધર્ષિ ગણિ મહારાજ એમ કહે કે અહિંયા સંસારમાં આ અવસ્થા છે, હવે માની લો કે આપે સમજાવ્યું સંસાર નું સ્વરૂપ એ સમજુ ને ત્યાં આગળ આવીએ, ત્યાં એમ કહે કે અનંતી વાર ઓઘા લીધા ને હજુ પણ રખડવાનું થશે, હજુ આમ કરવું પડશે, તો અમારું ઠેકાણું ક્યારે પડશે ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- ભગવદ્ ગીતા ની અંદર આ સવાલ નો જવાબ આપ્યો છે,

नायं लोकोऽस्ति न परो न सुखं संशयात्मनः।

★ અનંતી વાર ધંધા એ કર્યા છે,
★ અનંતી વાર લગ્ન એ કર્યા છે,
★ અનંતી વાર તમે ઘરપણ માંડ્યા છે,

અને એમાં તમે FAIL ગયા છો, તો આ વખતે ઘર કેમ માંડવું, લગ્ન કેમ કરવા, ધંધા કેમ કરવા એ તમે વિચારતા નથી. ત્યારે નજર સામે, આ ભવની અંદર ઘણા ધંધા કરે છે, ઘણા ને ધંધાની અંદર માર પડે છે, નુકશાન-થાય છે, દેવાળુ નીકળે છે, ઘણાની બદનામી થાય છે. મુડી એ જતી રહે એવા ધંધા કરનારા પણ-તમારી નજરની સામે છે, ~~અલ~~ છતા તમે ધંધો કરો છો, કારણકે એના વગર તો છુટકો જ નથી.

હું કહું છું, દીક્ષા લેવામાં મોજમ છે, ઓઘો લેવામાં મોજમ છે, સાધુ પણું સહેલું નથી અઘરું છે, તમે એને સહેલું બનાવી દો તો-એને સાધુ પણું પણ ના કહેવાય, અઘરું જ છે, સાધુપણું ! સાધુપણામાં મોજમ છે,

# પણ સાધુપણું ન લેવામાં વધારે જોખમ છે!

ભગવદ્ ગીતા ની અંદર બહુ સ્પષ્ટ-કહ્યું કે તમારે સંશય કરવો છે કે લીધું પછી આમ થઈ ગયું ને તેમ થઈ ગયું આ BASE ઉપર, લગ્ન-પણ કરી શકાય એમ નથી, ધંધો પણ કરી શકાય એમ નથી, દવા એ લઈ શકાય એમ નથી, ખોરાક લઈ-શકાય એમ નથી, શ્વાસ પણ લઈ શકાય એમ નથી, ક્યાંય પણ જઈ શકાય એમ નથી. તમે ઘરની અંદર સ્થિર, આપણાં વોસિરામિ જેવા રહો તો એ તમે-SAFE નથી, માથે છાપરું પડી શકે એવી પણ-શક્યતા છે, HEART ATTACK આવી ભય એવી પણ શક્યતા છે. બધી જ સંભાવના છે. છતાં પણ આપણે

# બધા જ પ્રકારનો સંસાર ચલાવી રહીએ છીએ!

नायं लोको न परो न सुखं संशयात्मनः।

જે શંકા જ કર્યા કરે, જે ઈર્ષ્યા જ કરે, જે પાછો જ-ઇચ્છ્યા કરે, એનો આલોક પણ નથી ને, પરલોક પણ નથી, આ ભવ પણ એનો નષ્ટ થઈ ભય, આ લૌકિક વ્યવહારો પણ ન ચાલે. અને લોકોત્તર વ્યવહારો પણ ના ચાલે, દીક્ષા લીધા પછી અમને એવું કાંઈ થઈ ગયું, અને અમે દીક્ષા બરાબર પાળી નહિ તો અમારા આત્માનું શું થાય, આ મુદ્દે દીક્ષા ન લેનારા એ, લગ્ન પણ ન-કરવા જોઈએ, પાત્ર મળે પછી ગમ્યું નહિ, અમારો-પરસ્પરનો વિશ્વાસ રહ્યો નહિ, અમારો પ્રેમ રહ્યો નહિ, અમે પરસ્પર જુદા થયા, અને અમારું ઘર નરક-બની ભય ને રોજના ઝગડા થાય, આવું થાય એના કરતા મારે લગ્ન કરવા નહિ, નુકશાન ભય એના-કરતા ધંધો કરવો નહિ, સંસારમાં ક્યાંય આ મુદ્દો આવતો

DATE

નથી, હજુ સંસારનું સ્વરૂપ સમજ્યું નથી, હજુ-
સંયમ એ જ અનંત તરણ તારણ છે, અનન્ય -
શરણ છે, એના વગર મરી જવાના આપણે, હજુ
આ બુદ્ધિ જાગી નથી, માટે અનંતી વાર નિષ્ફળ-
ગયા, ત્યારે સમ્યગ્‌દર્શન ન હતું, ભગવાનના-
વચન પ્રત્યેની શ્રધ્ધા ન હતી, તો આ ભવે-
પાંચમો આરો, ભરતક્ષેત્ર, ભલે હુંડા અવસર્પિણી,
ભગવાનના વચન પરની શ્રધ્ધા મળી હોય, તો
આપણા માટે આજ મહાવિદેહ છે, મહાવિદેહ પણ
અનંત વાર મળ્યું, પણ

શ્રધ્ધા ન હતી મળી, માટે કલ્યાણ ન થયું !

જો સમ્યગ્દર્શનની સ્પર્શના, જો ભગવાનના વચન-
પરની શ્રધ્ધા ની સ્પર્શના, આપણને થઈ હોય,
ભગવાનના વચનના અવલંબને સંસારને લાત મારીને
આપણે નીકળવા તૈયાર હોઈએ, તો આ શ્રધ્ધાનું
ફળ શું આપણને વિપરીત મળશે ?

સંયમ લઈને કદાચ ભવિષ્યની અંદર,
જે આત્મા શિથિલ પણ થશે, કદાચ પડશે પણ ખરો,
શિથિલ થવા માટે, પડવા માટે નથી જવાનું, પણ જે-
પ્રામાણિકતા સાથે, જે નિશ્ચય સાથે, જે પરાક્રમ-
સાથે, જે પરાકાષ્ઠાના વૈરાગ્ય સાથે, ભગવાનના-
વચન ઉપર સંપૂર્ણ શ્રધ્ધા મુકીને, સંસારને લાત
મારીને ભગવાનની આજ્ઞાના પાલનના માર્ગે, જે
આત્મા પ્રસ્થાન કરે છે, એનાથી એના આત્માનું
નિશ્ચિંત અને નિશ્ચય કલ્યાણ થાય છે. એવા
પડનારાનું પણ ભવિષ્યમાં ફરીથી ઉત્થાન થાય છે,
અને નીકળમાં તેઓ મોક્ષે જાય છે, અને ભગવાનની

આજ્ઞાની ઉપેક્ષા કરનાર, પોતાની રીતે સમાધાની કરી લેનાર, સંસારમાં SET થઈ જનાર,

**જેમનો અનંતકાળે પણ આરો આવતો નથી!**

જે સંશયાત્મા છે, બધી વસ્તુમાં શંકા કરે છે, એ બધી રીતે પાછો પડે છે.

**સાધકોનો પ્રશ્ન** :- સંસારમાં છીએ ત્યાં સુધી, પરિવાર-સાથે કેવા ભાવથી રહેવું ?

**પૂજ્યશ્રીનો ઉત્તર** :- પ્રશ્નનો હાર્દ છે કે, હજુ-સંસારમાં છીએ ત્યાં સુધી કઈ રીતે રહેવું ? ઘર તો બળી જ રહ્યું છે, અમે બહાર નથી નીકળી શકતા, તો અંદર કેવો વ્યવહાર કરવો, એવો જ પ્રશ્ન છે, બીજું કાંઈ નથી. હું તમને કહું છું, સંસારમાં સાચી રીતે, જે ભગવાનને સંમત હોય એવી રીતે - રહેવાની જે રીત છે ને, એ રીત એને જ મળી શકે, અને એ જ અપનાવી શકે, જે એક ક્ષણ માટે પણ સંસારમાં રહેવા માટેનું સમાધાન કરવા માટે તૈયાર નથી. હજુ તમે આ પ્રશ્ન પુછો છો ને એ તમારી ઢીલાશ છે, માટે તમને ત્યાં સુધી એ રીત મળી શકે એમ નથી, જે દિવસે તમે કહી દો કે રહેવાય જ નહિ તો રહેવાની રીતનો સવાલ જ ક્યાં આવે છે, ત્રાસ છે સંસાર, કતલખાનું છે સંસાર, ઝટ નીકળી પડું, એક ક્ષણ-મારાથી રહેવાય એમ નથી, આ ભૂમિકા તમને મળી-તો જ સંસારમાં રહેવાની, ભગવાનની દ્રષ્ટિમાં જે રીત ઉચિત હશે, એ તમને મળશે!

DATE

સભાનો પ્રતિભાવ :- એટલો તો વૈરાગ્ય ના મળ્યો હોય સંસારમાં !

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- આપણી પાસે છે ને, હું કહું છું કે ઘણી બધી રીતે તમે આ પ્રશ્ન કરો, તમારી પરિસ્થિતિ કહો, તમે પ્રામાણિકતા થી કહો, હું તમને એટલું જ કહું છું કે તમે આ બધા શબ્દોને છોડી ને, હજુ સંવેગ - નિર્વેગ, સંસારનું સ્વરૂપ, આ, તે, ગમે તે કહીએ, આપણી સ્થિતિ એવી છે કે આપણે મનમાં એક - COMPLEX રાખીને ભગવાનની વાણી સાંભળીએ - છીએ. હજુ OPEN થઈએ, ખુલ્લા થઈએ, FRAME ની બહાર નીકળીને ચિત્ર જોઈએ, મધ્યસ્થતા થી વિચારીએ, કે આ સંસાર છે ને આમાં શું કરવા - જેવું છે, હવે બોલો !

આપણે આવીએ છીએ, બેસીએ - છીએ, તમારો વ્યાખ્યાન પછીનો SCHEDULE - નક્કી હોય છે, કારણકે તમને ખબર છે ગમે તે સાંભળીએ, આપણે તો સંસારમાં જ રહેવાના છીએ. આજના વ્યાખ્યાનમાં ગમે તેવી વાત આવે, ગમે - તેટલી સાચી હોય, આપણે કહેવા માટે સાચી - માનીએ છીએ, હકીકતમાં ખોટી માનીએ છીએ, માટે આપણી આગળની દિનચર્યા બરાબર ચાલી શકે છે. તમારી પરિસ્થિતિ એવી છે, તમે એક LEVEL સુધી પહોંચ્યા છો, તમે બધા - સારા છો, ધર્મી છો, આરાધક છો, જિનવાણીના પિપાસુ છો, મોક્ષના ઇચ્છુક પણ છો. પણ તમારી એક મર્યાદા આવી છે ને. તમે જે તમારી મર્યાદા બાંધી છે, આપણે અહિંયા સુધી આવી

DATE

ગયા, MAJORITY લોકોને, પોતપોતાના ધર્મ માટે સંતોષ છે. તમને આનંદ છે. તમારી આરાધના તમને પુરતી લાગી છે. ભલે તમે બોલી કદાચ કે અમે દીક્ષા નથી લઈ શકતા. લેવી પણ નથી! કદાચ આ સ્થિતિ છે. જેને માટે તમે ત્યાં અટકી ગયા છો.

એક વ્યક્તિ વિચારે છે કે માંસ તો કઈ રીતે છોડી શકાય, હું નથી છોડી શકતો, હું તો મહિનામાં ચાર વાર ખાઈશ, એનાથી વધુ શક્ય જ નથી. આપણને આશ્ચર્ય થાય કે આ શું વાત કરે છે. એક કણ ના ખવાય, જિંદગીમાં ચાર વાર ના ખવાય, જિંદગીમાં એક વાર પણ ના ખવાય. આટલું તને સમજાતું નથી, ના... ના... હું આ ના છોડી શકું! બરાબર જ્ઞાની એની આપણા માટે એવું જ થાય છે, કે આ માણસ આમાં અટકી ગયો, હું સામાયિક, પ્રતિક્રમણ કરી લઉં, ઉકાળેલું પાણી પી લઉં, બેસણા કરી લઉં, જિનવાણી સાંભળી લઉં, પૂજા કરી લઉં, આટલું દાન આપી દઉં, પર્યુષણમાં ચોસઠ પ્રહરી-પૌષધ કરી લઉં. બાકી તો સંસાર હું ના છોડી શકું.

જ્ઞાનીઓ કહે છે, સંસાર એ જ માંસ છે!

બહુ સરસ મઝાની વાત, ઉત્તરાધ્યયન સૂત્રમાં કહી.

सामिसं कुललं दिस्स बज्झमाणं निरामिसं।

એક ગીધ છે એક સમડી છે, એની પાસે માંસ છે, એ પીંખાઈ જાય છે, બધી સમડીઓ એના ઉપર તૂટી પડે છે. એ ઘાયલ થઈ ને પડે છે, બીજુ સમડી પાસે માંસનો ટુકડો આવે છે, એની પણ એ દશા, ત્રીજુ-પાસે આવે છે, એની પણ એ દશા, ચોથી પાસે આવે છે એ સમજે આ જેની પાસે આવે એ મરી જાય છે.

લોહીલુહાણ થઈ જાય છે, છોડી જાણે, છોડી દે છે, અને એ સુરક્ષિત થઈ જાય છે. ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે કે,

## સંસાર એ જ ત્રાસ છે!

ને જ્યાં ત્રાસ છે, ત્યાં લોહીલુહાણ થવાનું, પીંજાવાનું, ખૂંધાવાનું, ફરી ફરી મરવાનું! જુઓ તમારા બધાની યોગ્યતા છે, પાત્રતા પણ છે, શક્તિ પણ છે, ક્ષમતા પણ છે, તમારી મર્યાદા તમે બાંધો નહિ, સંકુચિત વિચારોમાંથી બહાર આવો, મિથ્યા સંતોષમાંથી બહાર આવો, જે સતત રડતી હોય, ઝુરતી હોય, સંયમ માટે. સંસાર જેને ખારો લાગે, ત્રાસ લાગે, લાગ મળે ને ઘરમાંથી ઉપાશ્રયમાં આવીને સામાયિક, પૌષધ લઈને બેસી જાય, ગુરુના ચરણોમાં માથું મુકીને, ધ્રુસકે ને ધ્રુસકે રડે ગુરુદેવ સંસાર છોડાવો. આનું નામ શ્રાવક! નિશ્ચય શ્રાવક! આદર્શ શ્રાવક! ઉત્કૃષ્ટ શ્રાવક! જેની આ દશા હોય ને જ્યાં સુધી આ દશા નથી મળી, ત્યાં સુધી નિશ્ચય દ્રષ્ટિ આપણને શ્રાવક કહેવા માટે પણ તૈયાર નથી. આ પરિણતિ મેળવવાનો પ્રયાસ કરીએ! આજે સમય થયો છે, આજે આટલું રાખીએ!

x x x x x

classmate

# વ્યાખ્યાન નંબર - 134

DATE 15 08 2021

अनित्यः प्रियसंयोग इहेर्ष्याशोकसङ्कुलः ।

જે ગમે છે એનો સંયોગ પણ અનિત્ય છે, એ ઈર્ષ્યા - અને શોક થી સંકુલ છે ને છેવટે માણસ એનાથી દુઃખ સિવાય બીજું કશું જ મેળવતો નથી. આધ્યાત્મિક શબ્દ કોષની અંદર ગમો અને ગુનો આ બંને સમાનાર્થી શબ્દ છે. ગમો એ સંસાર છે, દુર્ગતિ અને ભવ-ભ્રમણ એની સજા છે. આપણા આખા ઈતિહાસનો સાર આટલો જ છે.

## ગુના કર્યા, સજા ભોગવી!

અને એ આપણો વર્તમાન પણ આવો જ છે, તો આપણું ભવિષ્ય પણ આ જ રહેવાનું છે.

## ગુના કર્યા, સજા ભોગવી!

MARK કરવાની વસ્તુ એ હોય છે કે આપણે ગમો કરીએ ને, એ સમય ઓછો હોય છે, આપણને જેનો ગમો છે એ વસ્તુ આપણને મળે એ સમય એનાથી પણ ઓછો-હોય છે. અને ગમારૂપી ગુનાની સજા ભોગવવાનો કાળ એ બંને કરતા અનંતગણો હોય છે. ઉત્તરાધ્યયન સૂત્રની અંદર ભગવાન મહાવીર સ્વામી, બહુ વાત્સલ્ય અને પ્રેમની સાથે આપણને સમજાવે છે વત્સ,

खणमित्तसुक्खा बहुकालदुक्खा,

તારો ગમો, તને ગમતી વસ્તુ, એને મેળવવાનો આનંદ, ભોગવવાનો આનંદ, આ બધું ક્ષણ માત્ર છે. અને એ ગમાની સજા ભોગવવાનો કાળ એ અનેક ગણો છે, કે અસંખ્યાત ગણો, કે અનંત ગણો છે.

पगामदुक्खा अनिकामसुक्खा ।

એક ક્ષણનું જે પણ સુખ મળે છે એ તુચ્છ હોય છે,

DATE

પુત્ર હોય છે, નાનું હોય છે, નશ્વર હોય છે, અને દુઃખનો કદી એ પાર આવતો નથી, દુઃખનો પાર-લાવતા-લાવતા ખુબ દુઃખી.. દુઃખી થઈ ગયો હોય છે, હેરાન પરેશાન થઈ ગયો હોય છે, થાકી ગયો હોય છે.

अनित्यः प्रियसंयोग इर्ष्याशोकसङ्कुलः।

ગમા નો રસ્તો, રાગ નો રસ્તો, એ હરિયા દુઃખનો રસ્તો છે, આખી દુનિયા એ રસ્તે હાટ લગાડે છે, અને પછી હાય હાય કરીને રડે છે કે અમે તો દુઃખી થઈ ગયા, તો બીજું શું થાય!

પ્રિયનો સંયોગ તકલાદી છે, અનિત્ય છે, ઈર્ષ્યા ને શોકથી સંકુલ છે, આવું તો-સંસારનું સ્વરૂપ છે જ, પણ સંસારનું સ્વરૂપ તો હજુ બિહામણું છે, સિધ્ધર્ષિ ગણિ મહારાજ-આગળ વધે છે.

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम् ॥

પ્રિયનો સંયોગ પણ અનિત્ય છે, અને યૌવન છે-એ યૌવન પણ અનિત્ય છે. અને એ યૌવનની અંદર, જે આચરણ હોય છે, જે વર્તન હોય છે, એ કુત્સિત હોય છે, 'કુત્સિત' શબ્દ ખરાબ, જુગુપ્સનીય, ગંદા એવા અર્થમાં છે. એ કુત્સિત આચરણ વાળું યૌવન હોય છે.

## યૌવન એક ઘડિયાળ છે!

ઘડિયાળ એ સૌથી નાનો કાંટો છે, કલાકનો કાંટો છે, જે બહુ જ ધીમે ધીમે ચાલે છે. બાળપણ એ મિનિટ નો કાંટો છે, જેની ગતિ મધ્યમ છે. યૌવન એ સેકંડનો કાંટો છે, જે સૌથી જલ્દી ચાલે છે.

DATE

બહુ સરસ મઝાની વાત, શાસ્ત્રકાર ભગવંતો યૌવનના સંદર્ભમાં કહે છે,

यौवनं नगनदीस्यदोपमम्

યૌવન શું છે ? તો એ નદીના વેગ જેવું છે, નદી-હંમેશા વહેતી હોય, ને નદી કદી ઉભી ના રહે, એય પર્વતીય વિસ્તારમાંથી જતી હોય, પર્વતમાંથી જતી હોય, ખુબ જ વેગીલી એ નદી હોય, એવી નદી જેવો વેગ, યૌવન નો હોય છે. બધાની એક ઈચ્છા હોય છે, મારી ઉંમર સ્થિર થઈ જાય તો, બધાની આ ઈચ્છા પુરી પણ થાય છે, પણ ઘડપણમાં!

## ઘડપણમાં ઉંમર શાંત થઈ ગઈ હોય છે!

ઘડપણની અંદર હવે બીજુ કોઈ અવસ્થા આવતી નથી. ઘડપણ પછી વધુ ને વધુ ઘડપણ આવે છે, બીજું કશું આવતું નથી. વૈરાગ્ય શતક ગ્રંથ કહે છે,

जुव्वणं च नइवेगसन्निभं।

નદી ના વેગ જેવું યૌવન છે, દોડશે.. દોડશે.. દોડશે.. દોડશે.. ક્યાં પહોંચશે ? છેવટે ઘડપણમાં પહોંચશે, ખબર નહિ પડે, ક્યાં જુવાની જતી રહી ને ક્યાં-ઘડપણ આવી ગયું! જીવનનો કોઈ સાર હોય તો, આખા આયુષ્યની BEST PORTION કહેવાય, BEST તબક્કો, BEST સમયગાળો, એ જુવાની હોય છે. આવતા આવતા તો વર્ષો નીકળી જાય છે. અને આવ્યા પછી ક્યાં જતી રહે છે એ ખબર પડતી નથી. બાકી રહે છે ઘડપણ, જેનો મોત સુધી વિકાસ થતો રહે છે.

રેશ્મિલ અરીસાની સામે ઉભો છે, પોતાની SKIN, પોતાના વાળ જોઈ રહ્યો છે, વાળ ધીમે ધીમે ઓળી રહ્યો છે. મલકાઈ રહ્યો છે. પોતાના રૂપની, રંગની

શરીરનો, આકારનો, એક અભિમાનનો ભાવ એના-
મનની અંદર ઉઠી રહ્યો છે. કેટલીએ મિનિટો પસાર
થઈ જાય છે, પારકી પંચાત અને પોતાનું-
શરીર આ બે મુદ્દે, માણસ કલાક સુધી ઉભો રહી
શકે છે ને બિલકુલ થાકતો નથી. જેટલી આત્માને
દેહ દ્રષ્ટિ છે એટલી આત્મ દ્રષ્ટિ આવી જાય, તો
એની કલ્યાણ યાત્રા શરૂ થઈ જાય પણ, હજુ -
આપણને જેટલો આપણા શરીરમાં રસ છે, એટલો
આપણા આત્મામાં રસ નથી. શરીર અંગે,
વૈભાવિક સુખ અંગે, જીવને એટલો બધો રસ છે,
પોતાનું નામ લખવા માટે એને કાગળ ને પેન-
આપ્યા હોય, કેટલાય પાના એમનમાં ભરી દેશે.
માણસને પોતાના માટે બોલવામાં એટલો બધો
રસ છે કે, ગમે તેટલો થાકી પણ ગયો હશે,
કલાકો સુધી પોતાના માટે બોલશે, થાકશે નહિ,
ઉલ્ટું એનો થાક ઉતરી જશે. એ અરીસા સામે
ઉભો રહેશે પોતાને જોયા કરશે, જોયા કરશે,
કેટલોય સમય જશે એ થાકશે નહિ, એને જોનારા
થાકી જશે. જે માણસ કોઈનું કશું સાંભળવા-
તૈયાર ન હોય, એ માણસ પણ કલાકો સુધી
પોતાની પ્રશંસા સાંભળવાનો હોય, બિલકુલ થાકશે
નહિ, ઉલ્ટું એ પ્રશંસા સાંભળવા માટે વીતસરનો
ભુખ્યો હશે. બધાને પોતે માં બહુ જ રસ છે,
એમાં કશું ખોટું પણ નથી, પણ કમનસીબી એ
છે, કે જીવને એને ખોટું પોતે પકડાઈ ગયું છે,
જે પોતે નથી એ પોતે માન્યું છે, એ પોતાનાથી
પકડાઈ ગયું છે ને એ જીવ પોતાની આખી જિંદગી
એની પાછળ વેડફી નાખે છે. એનું કલ્યાણ થાય-
એની પહેલી ને છેલ્લી શરત આ જ છે, કે
એને સાચુ પોતે પકડાય, એનો આત્મદ્રષ્ટિ

DATE

ભુલે, એને પ્રતિભાસ થાય, એને સ્પષ્ટતા મળે,
કે હું આ નથી, હું શરીર નથી, હું પરિવાર નથી, હું
પૈસો નથી, હું સંબંધ નથી, રંગ નથી, વાળ નથી,
ચામડી નથી, હું પોતે આત્મા છું તો એ આ સાચું-
પકડાય તો એનું કલ્યાણ નિશ્ચિત છે.

સુનિલ ને જોઈ પોતે પકડાઈ ગયું છે
તો જોટા પોતાના દર્શન વંદન કરે છે. હું તમને કહું છું
કેના પ્રત્યે તમને ઉપાદેય બુદ્ધિ છે, જ્યાં તમને-
આકર્ષણ છે, જ્યાં ATTRACTION છે, એને જ તમે
ખરા અર્થમાં વંદન કરો છો. ઉપાશ્રયમાં આવો, બુગામાં
બેઠેલા મહાત્મા ને તમે વંદન કરી પગ લો, પણ તેમને
જોઈને તમને વિસ્મય ભાવ નથી, એક મીઠી ઈર્ષ્યા-
નથી, એ ફાવી ગયા, હું રહી ગયો, એ શ્રીમંત ને
હું ભિખારી, એ બરાબર જાગી ગયા, જોટો હું આ-
સંસારની અંદર ફસાઈ ગયો, આ ભાવ આપણ ને નથી,
ને કોઈ શ્રીમંત ને, ઉદ્યોગપતિ ને, નેતાને, અભિનેતા-
ને જોઈને બહુ મોટું નામ કમાઈ ગયા, એમને જોઈને
ઉપાદેય બુદ્ધિ થાય છે, તો ખરા વંદન મહાત્મા ને નથી,
એ શ્રીમંત વ્યક્તિ ને છે.

જ્યાં ઉપાદેય બુદ્ધિ નથી, આદર નથી,
મીઠી ઈર્ષ્યા નથી, જ્યાં એમના જેવા થવાની સ્પૃહા-
નથી, ત્યાં ખરા અર્થમાં વંદન નથી થયા હોતા, ત્યાં-
વંદન આભાસ થયા હોય છે. કહેવાના વંદન હોય છે,
દેખીતા વંદન હોય છે, ઉપરછલ્લા વંદન હોય છે, ખરા
વંદન તો ત્યાં જ છે, જેની આપણ ને મીઠી ઈર્ષ્યા
આવે છે. સુનિલ અરીસાની સામે ઉભો છે, વાળ
પોતે ઓળી રહ્યો છે, વાળ ઓળતા ઓળતા, પોતાની
મેતા મેતા, અચાનક એને ધ્રાસકો પડે છે.

સજ્જન આઘાત લાગે છે, ચાર ડગલા ડાબી બાજુ - જઈને ત્યાં પલંગ છે એના પર ફસડાઈ પડે છે, મડદાની જેમ સુનિલ પડ્યો છે. થોડી પળો એમ જ વિતી ગય છે, એ ગંભીર વિચારની અંદર ડુબી ગય - છે, રસોડામાંથી એની પત્ની આવે છે, પત્ની સાધો છણકો કરી ને બોલે છે આ શું ખુન થઈ ગયું હોય - એમ પડ્યા છો! પત્ની તોછડી છે પણ સુનિલને - અત્યારે બિલકુલ તોછડાઈ લાગતી નથી, અને એ જ ગંભીરતા સાથે સુનિલ કહે છે, ખરેખર ખુન થઈ ગયું. પત્ની એની ભાષા આગળ ચલાવે છે ને કહે છે - તમે તો બોલતા છો, જાણે પત્નીને વાઢી હોય! અને સુનિલ કહે છે મારું નહિ, મારી જુવાનીનું ખુન થઈ ગયું! પત્ની આશ્ચર્ય અને પ્રશ્નાર્થના ભાવ- ની સાથે એની સામે જોઈ રહે છે, અને સુનિલ કહે છે, આ મારા માથામાં એક સફેદ વાળ ઉગ્યો છે! પત્ની જોઈને કહે છે કે હા ઉગ્યો તો છે. સુનિલ - કહે છે એ જ સફેદ ખંજર છે.

## એણે મારી જુવાનીનું ખુન કર્યું છે!

જીવનમાં ક્યારેક ને ક્યારેક દરેક વ્યક્તિ, આવા- ખુનનો અનુભવતી હોય છે, ખુન શબ્દ ભારે છે, એનું અભિનય તત્વ હજુ વધારે ભારે છે. જીવનમાં ક્યારેક ને ક્યારેક દરેક વ્યક્તિ સુનિલની જેમ, આ રીતે પલંગ પર જઈને ફસડાઈ નો પડે, પણ- મનથી તો જરૂર ~~[illegible]~~ ફસડાઈ પડે છે, જ્યારે એને પોતાનો ધોળો વાળ દેખાય છે એક ચાઈનીસ કહેવત છે કે,

**ધોળા વાળ જેવો ઉપદેશ દુનિયામાં બીજો કોઈ નથી.**

પણ મોટે કર્યા ખુબ, જે ઉપદેશને પણ સમજી શકતો નથી, સાંભળી શકતો નથી. શાંતસુધારસ ગ્રંથ ની-અંદર વિનયવિજયજી મહારાજ કહે છે.

सृजतीमसितशिरोरुहललितं मनुजशिरः सितपलितम् ।

ભુવનની અંદર એક રાક્ષસી આવે છે, પિશાચણી આવે-છે, એક ડાકણ આવે છે, જેનું નામ છે જરા. જેનું-નામ છે ઘડપણ. એ શું કરે છે?

## ભીંગસના કાળા માથાને ધોળું બનાવી દે છે!

को विदधानं भूघनमरसं प्रभवति रोद्धुं जरसम् ? ॥

આજે દુનિયાની અંદર એવી કઈ શક્તિ છે, એવી કઈ તાકાત છે, કઈ શોધ છે, કયું વિજ્ઞાન છે, કયું-મંત્રતંત્ર છે, કયું ઔષધ, કયું રસાયણ છે? જે આખા શરીર ને નિરસ બનાવી દેતા, ઘડપણ ને રોકવા સમર્થ છે. આત્મા, પરલોક, પુણ્ય, પાપ, નરક, સ્વર્ગ, મોક્ષ હજુ કદાચ પરોક્ષ છે, શું ઘડપણ પણ પરોક્ષ છે? રૂપરૂપના-અંબાર જેવી વ્યક્તિ, માત્ર ઘડપણમાં પ્રવેશ કરે ને દીઠી ન ગમે એવી થઈ જાય. આ ઘડપણ શું આપણે ભાળ્યું નથી. જેનાથી ઘરના બધા લોકો પરાભવ કરે, બધા અપમાન કરે, ભલે આપણે વધારાના છીએ, અને આપણે ઘર અને પરિવાર માટે કાંઈ કર્યું જ નથી, એવી આપણી સ્થિતિ હોય.

## શું આ ઘડપણ આપણાથી અભાળ્યું છે?

જે લોકો બોલાવતા હતા, જે લોકો માન આપતા હતા, એ લોકો ઘડપણની અંદર હવે ભાવ ન આપે, ને ક્યાં આવી ને ઉભો રહી ગયો, એવો મનમાં આપણા માટે વિચાર કરે, શું એ ઘડપણ ને આપણે ભાળ્યું નથી?

અપમાનની તુટતી અપેક્ષાઓ, બોજ રેપ શરીર, સ્વજનો ની અવજ્ઞાઓ, જેમના માટે ઘસાઈ મર્યા, નીચોવાઈ ગયા, એ જિંદગી, એમના દ્વારા કરાતી-અવગણનાઓ. શરીરની મનમનની તકલીફો, માનસિક ચિંતાઓ, ઉજાગરાઓ, એકલવાયાપણું, અટુલાપણું,

को विद्धानां मूधनमरसं प्रभवति शेद्धुं जरसम् ? ॥

શરીર નિઃરસ બની ગય છે, મન નિરસ બની ગય-છે, જીવન નિરસ બની ગય છે, વ્યહવાર નિરસ-બની ગય છે, આપણને મળનારા, મળનાર નિરસ-બની ગય છે. અપેક્ષાઓ પણ વધી છે, અને-દુર્ભાગ્ય પણ વધ્યું છે, અને અપેક્ષાઓ તુટતી જ ગય, અને માણસ અંદરથી તુટતો ગય, આનું-નામ ઘડપણ !

## ઘડપણ એ જીવનનું એક કડવું સત્ય છે !

આ સત્યનો સામનો દરેકે કરવો પડે છે, નથી-કરતા એ લોકો ભાગ્યશાળી નથી હોતા, ઓછા આયુષ્યવાળા હોય છે. સુનિલ ખરેખર મડદા જેવો થઈ ગયો છે, નિરાશ, હતાશ થઈ ગયો છે કે

## શું મારી જુવાની જતી રહી ?

શું હવે ખરેખર મારે મરી જવાનું છે ? શું હવે ખરેખર મરતા પહેલા મારે રિબાવાનું છે ? ને પત્ની જરા નજીક આવી છે, એ વાળને પોતાના હાથ થી તોડી નાખે છે, ને કહે છે કે ચિંતા ના કરો હવે મેં જુમી ને જ પતાવી દીધી છે.
સુનિલના હોઠો ઉપર TEMPRARY સ્મિત આવી

જાય છે. સુનિલ એના કામે લાગી છે, અજવાળિયું પસાર થાય છે. સુનિલ ફરી વાળ ઓળતી હોય છે. ત્રીજે-સફેદ વાળ દેખાય છે. સુનિલને પગની નીચેથી ધરતી સરકી જતી હોય એવું લાગે છે. પોતાના હાથે જ વાળ તોડી નાખે છે ને મન મનાવે છે કે તડકાથી ધોળો સફેદ થઈ ગયો હશે.

વાળ તોડી શકાય છે, ઘડપણને તોડી શકાતું નથી!

વાળ રંગી શકાય છે, પણ ગયેલા રંગને પાછો લાવી શકાતો નથી!

ઘડપણ ને TEMPRARY ઢાંકી શકાય છે, પણ પાછા જુવાન થઈ શકાતું નથી. ઉંમર છાનગી રાખી શકાય છે, પણ આપણી પરિસ્થિતિ આપણાથી છાનગી રાખી શકાતી-નથી.

એક જણની પત્નીએ એક વાર COURT-ઉપર કેસ ઠોકી દીધો, અને માંગણી કરી કે, મહિલાઓની COURT ની બહાર એમની ઉંમર પહેલા પુછી લેવી જોઈએ, અને પછી જ સાચુ બોલાવડાવવાના સોગંધ લેવડાવવા-જોઈએ!

ઘડિયાળ ઢાંકો, CALENDAR ઢાંકો, કલરથી ધોળા વાળને ઢાંકો, MAKE UP થી ઢીલી ચામડી ને ઢાંકો, સમય તો દોડતો જ રહેવાનો છે. ઉંમર કુદકે ને ભુસકે વધતી જ રહેવાની છે. યૌવન એક દિવસ ભુતકાળ બની-જવાનું છે. અને ઘડપણ આવી ને ઉભુ રહેવાનું છે. એમાં આપણું કંઈ જ ચાલવાનું નથી! થોડો સમય હજુ પસાર થાય છે. અને સુનિલનું જે માથુ છે, એ કેટ-કેટલા ધોળા વાળથી ભરાય જાય છે. બુઢ્ઢા-બુઢ્ઢા એટલા-

બધા ધોળા વાળ, હવે એ બધાને ખેંચી કાઢવા પણ-
શક્ય નથી, સુનિલ ને કશી સુઝ નથી પડતી, કરવું
શું, કઈ રીતે કરવું ?, કેમ કરવું ?, સુનિલ એની
ચિંતામાં છે, એની પત્ની એની પાસે આવે છે,
એની મુંઝવણ સમજે છે. પત્ની સુનિલ ને-
HAIR-DYE આપે છે. સુનિલ જુએ છે કે વાપરેલું
હતું, પત્નીની આંખ ઝુકી જાય છે. સુનિલ નો-
આઘાત DOUBLE થઈ જાય છે.

બહુ ધિઠ્ઠાઈ હોય ને, તો ઘડપણ-
આવ્યા પછી પણ, માણસને વૈરાગ્ય ના જાગે એને
ધર્મની બદલે HAIR-DYE સુઝે, MAKE UP-
સુઝે, SURGERY સુઝે, શાસ્ત્રકાર ભગવંતો-
એવા આત્માઓ માટે કહે છે,

धी धी धिट्ठत्तणं ताणं ।

ધિક્કાર થાઓ.. ધિક્કાર થાઓ.. એવા યુવાની ને
ધિઠ્ઠાઈ છે, એને જેટલા ધિક્કાર આપીએ એટલા-
ઓછા છે. સુનિલે વાળને થાળે પાડ્યા, ત્યાં-
દાંતો એ બળવો પોકાર્યો, માંડ-માંડ એમનું
ઠેકાણું પડ્યું, ના પડ્યું.. ત્યાં ઘુંટણે એમનું-
વક્તવ્ય શરૂ કર્યું, હજુ માંડ માંડ એમને શાંત કર્યાં
એ શાંત થયા ન થયા, ત્યાં કમરે શોરે મચાવ્યો,
માથા થી પ્રસરેલા ઘડપણ નો આખા શરીરને ચેપ-
લાગતો ગયો, સુનિલ ની પહેલા એ મથામણ હતી
કે એના ઘડપણની એને પોતાને ખબર ના પડે.
હવે સુનિલ એના માટે કામે લાગ્યો છે કે,
એના ઘડપણ વિશે બીજાને ખબર ના પડે. બીજા
કોઈ ન જાણે,

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम् ।।

સુનિલ બરાબર કામે લાગ્યો છે.

DATE

જીવને છેતરવા માટે પોતાનું છેતરાવું જરૂરી હોય છે!

સુનિલની DOUBLE કામગીરી છે, પહેલી કામગીરી પોતાના ઘડપણને બરાબર ઢાંકી રાખવાના પ્રયાસો, બીજુ કામગીરી- પોતાના ઘડપણથી પોતાને પડતી તકલીફોને દુર કરવાના પ્રયાસો.

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम् ।।

ઘણી વાર હું વિચાર કરું છું કે, એક વૃધ્ધની સંવેદના- કેવી હશે ? માગે એક માણસે પોતે ઉભી કરેલી- COMPANY, પોતાની COMPANY, જેનો માલિક માણસ, પોતાની COMPANY ને વધુ ને વધુ ફાયદામાં જતી જોઈ- રહ્યો હોય, પોતાની નજર સામે, એવી વૃધ્ધની સંવેદના હશે ?

એક ખેડુત છે, સખત મહેનત કરીને, ટાઢ, તડકો, વરસાદ, બધુ સહન કરીને, બિયારણ વાવ્યું છે, સિંચન કર્યું છે, પાળ બનાવી છે. માંડ માંડ પાક તૈયાર થયો છે ને, અને આખા પાકને, તીડનો- કોળિયો બનતો પોતાની નજરની સામે જે ખેડુત જોતો હોય, આવી વૃધ્ધની સંવેદના હશે ?

યૌવનની થાળી માંડ.. માંડ.. માંડ.. માંડ પિરસાઈ છે, માણસ જમવાની શરૂઆત કરી રહ્યો છે, માણસ જમવા જઈ રહ્યો છે, અને ત્યાં ઘડપણ આવી- જાય છે.

થાળી એકાએક ખુંટવાઈ જાય છે !

માણસ ભોંઠો પડી જાય છે, હજુ તો એને ઘણી બધી ભુખ છે, હજુ તો એણે શરૂઆત કરી છે, પણ થાળી ખુંટવાઈ ગઈ છે, એનું મન પડી જાય છે, એ વીલખો પડી જાય છે, શું આવી વૃધ્ધની સંવેદના હશે ?

હું ઘણી વાર વિચાર કરું કે એક માણસ, ઘરડો
થઈ ગયો હોય, ચામડી લચી પડી હોય, કરચલી..
કરચલી.. કરચલી.. થઈ ગઈ હોય, મોઢું બોખું
થઈ ગયું હોય, શરીર થોડું વળી ગયું હોય,
દેખાવ પણ ગમે એવો નથી, ને એનું આરોગ્ય,
સ્વાસ્થ્ય પણ કથળી ચુક્યું છે જાતજાતની
શરીરમાં તકલીફ છે, એ માણસ કઈ રીતે ACCEPT
કરી શકતો હશે, કે હા, હું ઘરડો છું! હવે હું
ઘરડો થઈ ગયો, હવે મારે ઘરડા રહેવાનું છે, એ
માણસ કઈ રીતે ACCEPT કરતો હશે, કે હવે હું-
મોત તરફ ધસી રહ્યો છું. ઘડપણ આવ્યું એટલે
હવે મૃત્યુ આવવાનું, એક દિવસ બસ હું ઉપડી
જવાનો, માણસ કઈ રીતે ACCEPT કરી શકતો-
હશે!? અને કદાચ કોઈ ACCEPT ના પણ
કરે તો બીજો રસ્તો શું છે!?

को विद्धानां मूढमनस्कं प्रभवति रोद्धुं जरसम्।

આમ માણસ કદી પણ આવો વિચાર નથી કરી-
શકતો, કે એવું શું હોય શકે કે આ બધી વિડંબણા-
માંથી બચી શકાય. નાનું બાળક હોય કશી-
ખબર પડતી નથી, તદ્દન નિરાધાર, નિઃસહાય-
કહેવાય, એ મા-બાપ ના હોય તો એ જીવી જ ના-
શકે એવી સ્થિતિ, ઉંવા.. ઉંવા કર્યા કરે
કશી ગતાગમ પડે નહિ, અશુચિમાં હાથ નાંખે,
નાકમાંથી અશુચિ એના મોઢામાં જતી હોય, ગમે
તેવું બોલતો હોય, એ જ્યારે મોટો થાય છે,
પાંચ-સાત વર્ષનો હજુ કેટલી બધી અણસમજ,
એની કેટલી કાચી ઉંમર, કેટલું બધું ગાંડા જેવું
વર્તન, ગાંડા જેવી વાત, સમજે નહિ, રોવા બેસે,
પંદર વર્ષ, વીસ વર્ષની ઉંમર થાય છે, હજુ એની
બાળી સમજ નથી, કે જેમ ફેરવે એમ ફેરવાઈ

ભય, ખોટા રસ્તે જતો રહે, તેમવા કરવાની અંદર સમય બગાડે તેનો કોઈ જ REWARD નથી, એનું એને ખુબ જ મહત્વ છે, બધાને રમવું હોય છે. ભેગતરનો બોજ છે, આગળ - આગળના સપના છે, એને મેળવવાની દોટ છે. પચ્ચીસ-ત્રીસ વર્ષની ઉંમર થઈ છે, માંડ માંડ એ કંઈક ઠેકાણે પડ્યો છે, કંઈક ધંધો, કંઈક શીખી-રહ્યો છે, ક્યાંક જેસે છે પૈઠીએ, લગ્ન થાય છે, બધી રામાયણ હવે વધી ભય છે, છોકરા થાય છે, રામાયણ હવે અધિક વધી ભય છે, કેટલા બધા-પડકારો એવા છે, પરિસ્થિતિ એવી છે, ઘરની અંદર કંકાસ - કકળાટી છે, મોંઘવારી વધતી ભય છે, મંદી વધતી ભય છે, ખર્ચા વધતા ભય છે, ચિંતા-વધતી ભય છે, ઉજાગરા વધતા ભય છે, શરીર ના-વળતા પાણી થયા છે, શરીર ની તકલીફો વધતી ભય છે, યૌવન એની નજરની સામે બહુ જ ઝડપથી જઈ રહ્યું-છે, માણસ હવે ઘડપણ તરફ આગળ વધી રહ્યો છે, પાત્રીસ- ચાલીસ- પિસ્તાલીસ. ભતભતની તકલીફો શરીરની અંદર વધી રહી છે, છોકરા હવે મોટા થઈ ગયા છે, ઘણી રીતે મોટા થઈ ગયા છે, માથે પડે એવા થયા છે, બાપ બને એવા થયા છે, પત્નીનો સ્વભાવ બહુ ઝડપથી બદલાઈ ગયો છે, એની તબિયત પણ બગડી રહી છે, એનો સ્વભાવ પણ વિચિત્ર થઈ રહ્યો છે, છોકરી પણ જે રીતે બાળપણમાં વર્તતો હતો એની કરતા એનું વર્તન-ઘણું બધું બદલાઈ રહ્યું છે, માણસ શાંતિથી જીવન-માટે પણ વિચાર ના કરી શકે કે માણસ શાંતિથી-વિચારે તો એને સૌ ટકા લાગ્ય વગર ના રહે, કે આ-મારી એક મશ્કરી થઈ રહી છે. એક મશ્કરી ભર્યું નાટક, એક વિડંબણા ભર્યું નાટક, મને એનો ROLE આપી દેવામાં આવ્યો, બહુ SERIOUSLY આજ સાચું, આ જ પરમ શ્રેય, આ જ મારી જવાબદારી, આ જ કરવા-

જેવું, એમ સમજ્યું ને હું રોલ ભજવ્યા કરું છું પણ,
હકીકતમાં આમા મુર્ખામી સિવાય બીજું કશું જ નથી.
હું તમને કહું છું. તમારી આત્મ શક્તિ ખુલી જાય,
તમને આત્મજ્ઞાન થઈ જાય, આત્મ ધ્યાન થઈ જાય,
ને કંઈક ચમત્કારીક અનુભૂતિ તમને થઈ જાય, ને
એનાથી તમારું કલ્યાણ થઈ જશે, આવું તમે માનતા
હો ને, હું તમને કહું છું આવા પણ ભુલામણા-
રસ્તા હોય છે, આ બધી વસ્તુ ખોટી જ છે એવું-
નથી, તમારું જ્યાં આકર્ષણ છે ને, હજુ બરોબર-
જ્યાં આકર્ષણ હોવું જોઈએ, હજુ જે તમારો રસ્તો છે,
હજુ જે તમારા VERY NEXT STEPS છે ને એ
STEPS ઉપર તમે પગ ના મુકો, ત્યાં સુધી આગળના
STEPS આવવાના નથી, ને હવેની STEP એ છે
કે તમે સંસાર પરથી સંપૂર્ણ પણે મૌન થઈ જાવ.
હજુ પૈસામાં રસ છે, પત્ની માં રસ છે, પતિમાં રસ છે,
પુત્રમાં રસ છે, ઘરમાં રસ છે, વ્યહવારોમાં રસ છે,
ઘરેણામાં રસ છે, મિલકતમાં રસ છે, તમને આ-
બધી વસ્તુઓમાં હજુ રસ છે, તો આત્મ ધ્યાન,
આત્મજ્ઞાન થવું મુશ્કેલ છે.

મન ઉતરી જાય સંસાર પરથી, સાવ
બાળી દેવા જેવો છે આ સંસાર, આ જીવન તદ્દન
વિચિત્ર છે, આવું ન જ હોય શકે. આચારાંગ વૃત્તિની
અંદર શિલાંગસૂરી મહારાજ બહુ સ્પષ્ટ કહે છે,

जरा-मरण-दौर्गत्य-व्याधयस्तावदासताम् ।

એમ ઘડપણની વાત કરીએ કે ઘડપણની અંદર આવી
બધી વિડંબણાઓ હોય છે,

मन्ये जन्मैव धीरस्य भूयो भूयस्त्रपाकरम् ॥

આટલી પીડા હોય, આટલું બધું છોડવાનું, આટલી
અંદર વેદના, અને માણસ બહુ જ વલોપાત કરતો

classmate

DATE

હોય, કાકલુદી કરતો હોય, ડૉક્ટર વગેરે ને ગમે તેટલી પ્રાર્થના કરતો હોય, મારે મરવું નથી, અને યમરાજ આવી-ને એને ઉપાડીને, આ મતિની વિડંબના !

दौर्गत्य - व्याधयस्तावद्दासताम् ।

દુર્ગતિની વિડંબના, ગરીબાઈની વિડંબના, રોગની વિડંબના, કેટલા પરાભવો એની વિડંબના, કેટલા અપમાનો એની વિડંબના, આ બધાની વાત જવા દો !

मन्ये जन्मैव धीरस्य भूयो भूयस्त्रपाकरम् ॥

તમે એ બુદ્ધિશાળી હો, તમે એ સમજદાર હો, તમારામાં એ થોડી પણ સમજ હોય, તો તમને તમારા

ફરી ફરી થઈ રહેલા જન્મો માટે જ શરમ આવવી જોઈએ!

કંઈક એવું કરો, ફરીથી જનમવું ના પડે ને, અને જનમવું નહિ પડે એટલે આ બધી જ વિડંબના, આ ગર્ભાવાસ, આ બાળપણ, આ યૌવન, આ ઘડપણ, આ વિડંબનાઓ આ બધા-થી મુક્તિ મળી જશે. કંઈક એવું કરો,

જેનાથી ફરી ફરી જન્મ જ ના લેવો પડે !

એક કવિએ બહુ મજાની વાત કરી છે !

વૃદ્ધ ને સામે ઉભેલો જોઈને, આઈનો ડુબી ગયો ભુતકાળમાં !

એ જ ઘર છે, એ જ કબાટ છે, એ જ અરીસો છે, વર્ષોથી એ જ અરીસા સામે પોતાની જાત ને જોવામાં આવે છે, બાળપણમાં જોઈ, યૌવનમાં જોઈ, હવે ઘડપણ આવ્યું છે ને ઘરડો માણસ, અરીસા ની સામે હાજર થયો છે, આઈનાની સામે ઉભો રહ્યો છે ને આઈનો વિચાર કરે છે,

શું આ એજ માણસ છે ?

વૃધ્ધને સામે ઉભેલો જોઈને, આઈનો ડૂબી ગયો ભૂતકાળમાં !

એક કવિએ જબુ મજાની વાત કરી છે.

દર્પણની સામે હું મને જોઉં છું.

તો લાગે છે કે હું કેવો મારો વિકાસ છું !

એક વિકાસ છે, પણ કેવો વિકાસ છે ? આવો વિકાસ !

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम् ।

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે, સિધ્ધર્ષિગણિ
મહારાજ કહે છે, યૌવન અનિત્ય તો છે, આ તો એની-
કડવી વાસ્તવિકતા છે, એની સાથે સાથે, યૌવનની-
બીજુ વાસ્તવિકતા એ છે. કે કુત્સિત એટલે કે-
ગંદા આચરણથી ભરેલું છે. જો યૌવન ના હોત તો
માનવ જીવન નું પુસ્તક વાંચવા લાયક હોત. જો યૌવન-
ના હોત તો માણસની જીવન ની ચાદર ઉપર નજુવા-
ડાઘ હોત. જો યૌવન ના હોત તો માણસને ભવ-
આલોચના કરતા આટલી બધી તકલીફ ના પડતી-
હોત. જો યૌવન ના હોત, તો માણસને પોતાના-
ચારિત્ર અને ચારિત્ર માટે ગૌરવ થાત. પણ આવું કશું
પ્રાય: બનતું નથી, કારણકે માણસનું યૌવન ખરાબ-
આચરણથી, ગંભીર ભૂલોથી, શરમજનક કૃત્યોથી,
ખરડાયેલું હોય છે.

યૌવન બધાને જ ગમે છે ને યૌવન-
જ રહે એમ બધા ઇચ્છે છે, ને છતા બધા સમજે છે,

કે યૌવન જેવું ગંદુ જીવનમાં બીજું કશું જ નથી !

જીવનનો સાર જ યૌવન હોય ને યૌવનની અંદર જ આવી ગંદકી ભરેલી હોય તો જીવનમાં ખરેખર જીવવા જેવું શું રહ્યું, સંસારમાં સાર બીજું શું રહ્યું, માણસને શરીર ગમે છે, પોતાનું ગમે છે, બીજાનું ગમે છે, પણ માણસ આંખ-આડા કાન કરે છે, માણસ એવા નથી માંગતો કે મારા શરીરની અંદર શું છે, અને મારું શરીર પરિચીત છે, એવું જ બીજાનું શરીર છે, મારું શરીર પણ ગંદુ છે, એનું શરીર પણ ગંદુ છે, માત્ર ઉપર ચામડીનું આવરણ છે, બાકી તો,

અશુચિના લાડવાથી વધારે બીજું આ શરીર કશું જ નથી!

શરીર બહારથી સારું લાગે, અંદરથી ગંદુ છે, યૌવનની પણ આવી જ દાસ્તાન છે. બહારથી સારું લાગે છે, ગુલાબી-ચામડી છે, લાવણ્ય છે, રૂપ છે.

પણ એની અંદર શું પડ્યું છે?

કેટલા શરમજનક કૃત્યો, કેટલી જુગુપ્સનીય બાબતો, કેટલી લજ્જાસ્પદ વાતો, કે બહાર થાય તો માણસ કોઈને મોઢું-ના બતાડી શકે, આવું છે યૌવન!

પરેશભાઈ, ઘરની અંદર મરણ પથારીએ સુતા છે, ડોક્ટરે હાથ ઉંચા કરી દીધા છે, ઘડીઓ-ગણાય રહી છે, આવવા વાળા બધા આવી ગયા છે, બધા ઘેરી ને ઉભા છે. નવકાર સંભળાવી રહ્યા છે, કંઈક સ્તવન, સૂત્ર વગેરે પણ સંભળાવવાનું ચાલુ છે, પણ પરેશભાઈનું મન એમાં જતુ હોય એવું લાગતું-નથી, મોઢા ઉપર ચિંતા છે, ગમગીની છે, આઘાત જેવું લાગે છે, વસવસા જેવું લાગે છે. નરકના સ્વપ્નો

પરેશભાઈ ને પુછે છે કે કંઈક તમને ચિંતા છે, કંઈ તકલીફ છે, શું છે એમને કહો ? પરેશભાઈ ના પાડે છે પણ એમનો ચહેરો કહે છે કંઈક છે તો ખરું પણ કહી શકતા નથી. દીકરો એકદમ - નજીક આવી ગયો, બોલો પપ્પા કંઈ કામ છે, કોઈ કામ, કોઈ ઉઘરાણી, કોઈ ધર્મનું કામ તમને, જે પણ હોય અમે એ બધું કરશું તમે ફક્ત વાત - કરો, શું છે, ગભરામણ શાની છે ? પરેશભાઈ - કશું જ બોલતા નથી, દીકરો બધા સગા-વહાલાને રૂમ ની બહાર જવાનું કહે છે, ફક્ત ઘરના બે - ત્રણ જણ છે ને દીકરો પુછે છે, પપ્પા બોલો શું છે, કંઈ ચિંતા ના કરો, શું છે કહી દો ?

પરેશભાઈની આંખમાંથી આંસુ જાય - છે, બધા સ્તબ્ધ થઈ ને જોઈ રહ્યા છે, દીકરો - હવે મમ્મી ને ભાઈ ની બહેન ને પણ બહાર કાઢી દે છે, હવે માત્ર પરેશભાઈ છે ને દીકરો છે, દીકરો પપ્પા નો હાથ પોતાના હાથમાં લે છે અને બરાબર દબાવે છે હાથ, પપ્પા ને દિલાસો આપે - છે, આશ્વાસન આપે છે, હિંમત આપે છે, પપ્પા બોલો, જે ઈચ્છા હોય એ બોલો ! પરેશભાઈ હવે હોઠ ખોલે છે ને એટલું જ કહે છે બેટા એમ કરને, મહારાજ સાહેબ ને બોલાવી આવ. દોડે છે દીકરો, ઉપાશ્રયે પહોંચે છે, વિનંતી કરી ને મહાત્મા ને લઈ આવે છે, ગુરુ ભગવંત છે, એમના શિષ્ય છે, દીકરો છે, ઘરના બે ત્રણ અંદર આવી જાય છે, ઈશારો - કરે છે એ બહાર જાય છે, દીકરાને ઈશારો કરે છે એ બહાર જાય છે, ગુરુ ભગવંતને - વિનંતી કરે છે, આપના શિષ્યને પણ !

ગુરુ ભગવંત, શિષ્યની પણ બહાર મોકલી દે છે,
હેમની અંદર જે વ્યક્તિ છે પરેશભાઈ છે અને ગુરુ
ભગવંત છે. ગુરુ ભગવંત માંગલિક સંભળાવે છે,
પરેશભાઈ ભાવથી માંગલિક સાંભળે છે. માંગલિક
પુરુ થાય છે ને આંખમાંથી અનરાધાર આંસુની ધારા-
વહેવા લાગે છે. ગુરુ ભગવંત માથે હાથ ફેરવીને,
એમને પ્રેમથી આશ્વાસન આપે છે. દિલાસો આપે છે.
પરેશભાઈ કાંઈ બોલવા મથે છે પણ બોલી શકતા-
નથી. પરેશભાઈ ગુરુ ભગવંતની આંખમાં આંખ-
પરોવીને જુએ છે ને, કરુણાનો અખુટ સ્રોત-
અખુટ ધોધ એમના ઉપર વરસી રહ્યો હોય, વાત્સલ્ય
વરસી રહ્યું હોય, આવું પરેશભાઈ જુએ છે ને, પરેશ-
ભાઈને આત્મીયતા, આશ્વાસન, હિંમત મળે છે,
થોડી ક્ષણો એમ જ વીતી જાય છે. પરેશભાઈ ગુરુ-
ભગવંતનો એક હાથ પકડી લે છે. બીજો હાથ પરેશભાઈ
ના માથે ફરી રહ્યો છે. ગુરુ ભગવંત બહુ ધીમા,
બહુ ગંભીર, બહુ પ્રેમાળ શબ્દોથી એટલું જ કહે છે,
તમારે જે કહેવું હોય એ કહી દો, તમે કાંઈ ચિંતા-
ન કરો.

હિંમત કરીને પરેશભાઈ કહે છે, ગુરુદેવ,
મારે આલોચના કરવી છે. આજથી ચાલીસ વર્ષ પહેલા,
મારી ૩૪-૩૫ વર્ષની ઉંમરે, મારાથી આવુ આવુ ..
આવુ આવુ પાપ થઈ ગયું. ધ્રુસકે ને ધ્રુસકે, હિબકા
ભરી ભરીને પરેશભાઈ રડી પડે છે. ગુરુ ભગવંત -
આશ્વાસન આપે છે. હિંમત આપે છે, પ્રેમથી કહે છે,
પાપ કરવું બહુ સહેલુ છે, આલોચના કરવી અઘરી છે,
જેનો મોક્ષ નજીક હોય, એ જ સરળ ભાવે પોતાના
પાપોની આલોચના કરી લે, અંતિમ અવસ્થામાં પણ તમે
આલોચના કરી, તમારા આત્માને નિર્મળ બનાવવાનો

તમે પ્રયાસ કર્યો, ગુરુ ભગવંત ખુબ આશ્વાસન-આપી છે, પરેશ ભાઈને હવે બહુ જ હલકું લાગી છે, સારું લાગી છે. પણ મેં આવું કર્યું. એ વાત એમના મનની અંદર અત્યાર સુધી ખટક્યા કરી, હજુ સુધી ખટકે છે, પણ એક ભાર ગયો. યુવનના છેલ્લા દિવસોની અંદર, યુવાનના છેલ્લે દિવસે માણસને, સૌથી વધુ કાંઈ સતાવનારી-વસ્તુ હોય, તો એણે યૌવન વયમાં કરેલી ભુલો-હોય છે.

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम् ।

આપણે બધા છે ને, આંખ મીંચીને, આંખ-આડા કાન કરીને, ધીઠ્ઠા બનીને, તમારી ભાષા-માં કહેવાય, મોઠા બનીને, પ્રવાહની અંદર ચાલે રાખીએ છીએ. આપણે સચ્ચાઈ ને જોવા-માંગતા નથી, સ્વીકારવા માંગતા નથી, બે-ત્રણ વરસ પહેલા અમદાવાદના એક વિસ્તારમાં અમારી સ્થિરતા હતી, ઉપાશ્રયની બહાર રોડ અને એ-રોડ ની અંદર ગટર લાઈનનું ઢાંકણું! કાંઈ મોટી TRUCK, SECUTION કરવા માટે-બોલાવવામાં આવી હશે, ઢાંકણું ખોલવામાં-આવ્યું, ગટર CHOCK-UP હશે, કામ ચાલતું હશે, એક દોઢ કલાક સુધી કામ ચાલતુ રહ્યું, આખો વિસ્તાર, ત્યાં બંગલાઓ છે, મોટા-મકાનો છે, આખો RESIDENTIAL વિસ્તાર છે. હજારો લોકો જે વિસ્તાર ની અંદર રહે છે, કેટલાય ફુટ સુધી, બધે જ માથુ ફાટી જાય એવી વાસ, દારે દારે, ઉપાશ્રયની અંદર પણ-એટલી જ વાસ આવે, વાસ ક્યાંથી આવી?

પાસ હતી જ, એને ઢાંકી દીધી હતી. ક્યાંક કોઈ-વ્યક્તિ એ બહાર અશુચિ કરી એની બધા જ ચર્ચા કરે, તમારા WASHROOMS, તમારી PIPELINES, તમારી ગટરો, બધુ છે જ! ઢાંકી દેવાથી કશું-ચોકખું નથી થઈ જતું, ઢાંકી દેવાથી કશું સુગંધી નથી થઈ જતું, અને એ બધી ગટર એ બધી દુર્ગંધ-એ બધી કોની નીપજ છે, તો એ આપણી જ નિપજ છે. મને વિચાર આવ્યો કે આમ માણસ અકળાય જાય, બિલકુલ સહન ના કરે, એવું વાતાવરણ થઈ ગયું, કોઈ ની ફરિયાદ કરવાનું મન એ થાય, આ બધું-શું માંડ્યું છે, પણ કોણ ફરિયાદ કરે છે પોતાની જ ફરિયાદ છે. ગુનો પોતાનો છે, સજા પોતાની છે. કોની ફરિયાદ કરવી, શાની ફરિયાદ કરવી. ભાઈ આ બધું તમારા જ શરીરનું પોત છે, બીજું કશું જ નથી. અને આ શરીરની અશુચિ ને ક્યાંય સારી-કહેવડાવી, એવી યૌવનની અશુચિ, એવી કુત્સિત આચરણની અશુચિ, એવી પાપો ની અશુચિ, એવા મલિન વિચારો ની અશુચિ, એવી વાણીની અશુચિ, એવા વર્તનની અશુચિ, એવી ધારનાઓની અશુચિ,

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम् ।

જે સંસારને વળગી રહ્યા છો, બૈરીને બેઠા છો, ન છોડું.. ન છોડું.. ન છોડું.. એ સંસાર શું છે, એ તો ભણો છે

સિદ્ધર્ષિગણિ મહારાજ બહુ પ્રેમથી-આપણને કહેવા માંગે છે, તુ માત્ર જો! તું આમ જો ભેદ દઈને, આંખ બંધ કરીને, ઢાંકે એનાથી દુર્ગંધ, સુગંધ નથી થઈ જતી. સંસારનું સ્વરૂપ બદલાઈ નથી જતુ. કુત્સિત એ પ્રશસ્ત નથી થઈ જતું, તુ આંખ આડા કાન કર, એ તો જે છે એજ છે.

DATE 15 08 2021

એની કશી વાત કરવા જેવી નથી, જોવા જેવું નથી, લેવા જેવું નથી, અડવા જેવું નથી, વળગવા જેવું- નથી, ભેટવા જેવું નથી, એના ઉપર થૂંકવા- જેવો આ સંસાર છે, તું ફક્ત જો તો ખરી! આજે સમય ઘણો છે, આજે ખાટલું રાખીએ!

× × × × ×

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો    દશા પોરવાડ. સંઘ - પાલડી

# વ્યાખ્યાન નંબર - 134

DATE 19 08 2021

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, ઉપમિતિ ભવ પ્રપંચ કથાના ત્રીજા પ્રસ્તાવની અંદર, પ્રતિબોધક આચાર્યના મુખે સંસારનું વર્ણન કરી રહ્યા છે,

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम्

યૌવન એક તો તકલાદી છે, ને બીજું ગંદુ છે, સારા માં સારો માણસ પણ જેના કારણે, ખરાબ-અને ગંદુ કરવા પ્રેરાય, એનું નામ યૌવન! યૌવનના હોત તો માણસને પોતાના માટે લજ્જિત ન થવું પડત.

★ યૌવનનો અર્થ છે કામદેવની ખુબ ઉપરની જબરજસ્તી!

★ યૌવનનો અર્થ છે જ્ઞાનની હદ પુરી!

★ યૌવનનો અર્થ છે ઉંડી ખીણો વચ્ચે સાંકડો પર્વતીય રસ્તો!

★ યૌવનનો અર્થ છે દારૂ નો નશો!

★ યૌવનનો અર્થ છે સદાચારનું વિઘ્ન!

યુવાની બહુ અઘરી છે, ખટપટી છે, અશુચિ છે, ગંદકી છે, એવું કહેવાય છે કે SOCIAL MEDIA અને-INTERNET એણે લોકો ને ભ્રષ્ટ કરી દીધા છે. વાત સાચી પણ છે, પણ સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે-છે કે એકલું યૌવન લોકો ને ભ્રષ્ટ કરી દેવા માટે સક્ષમ છે. યૌવન ચાર નંબર મારે, SOCIAL-MEDIA, ચાલીસ નંબર મારે. ચાર નંબર કે ચાલીસ નંબર, માણસ તો મરી જ જવાનો. કોઈ નાની ઉંમરે દીક્ષા લેતું હોય છે ને ત્યારે આપણે એમ કહીએ છીએ, કે એ બાળક છે, એ શું સમજે છે, પણ આપણે સમજણા થઈ ગયા છીએ, એ આપણે સમજીએ છીએ

એ આપણો PLUS POINT છે કે MINUS POINT છે! એના ઉપર આપણે ખાસ વિચાર કરવાની જરૂર છે, શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

धन्ना ते बालमुणिणो कुमारवासम्मि जे उ पव्वइआ।

ધન્ય છે તે બાળ મુનિઓ, જે કુમારવાસની અંદર, કુંવારાપણામાં, પ્રવર્જિત થયા, દીક્ષીત થયા!

निज्जिऊण अणंगं दुहावहं सव्वलोगस्स ।।

જે બધા જ લોકો ને દુ:ખદાયક બને, એવા કામદેવને જીતીને બાળવયની અંદર તેઓ દીક્ષીત થઈ ગયા. તેઓ ખરેખર ધન્ય છે.

<u>બાળક સમૃધ્ધ હોય છે, જુવાન કંગાળ હોય છે!</u>

"બાળકની પાસે અણસમજનો ખજાનો હોય છે, જે જુવાનનો લુંટાઈ ગયો હોય છે!"

આપણે સમજણા છીએ, આપણને લાગે છે, કે આપણે ઉંચા થયા, આપણે આગળ વધ્યા, પણ આ સમજણાપણું એ હકારાત્મક શબ્દ છે કે નકારાત્મક શબ્દ છે, એનો વિચાર કરવાની આપણે જરૂર છે. આપણને આપણું યૌવન ગમે છે, બીજાનું યૌવન ગમે છે, ગમે છે એટલું જ નહિ એનું તીવ્ર આકર્ષણ છે, પણ એ યૌવનની અંદર શું રહેલું છે એ આપણે કદી જોતા નથી.

એક સરસ મજાનું SILK કે VALVET નું કપડું હોય, કપડું આખું, બે પડમાં કરીને સીવી દીધું હોય, બહુ જ સરસ લાગે, પણ અંદર હાડકા હોય, મળ હોય, મુત્ર હોય,

ગંદકી હોય, દુર્ગંધ હોય, યૌવન બરાબર એના જેવું જ છે, જે બહારથી બહુ સારુ લાગે છે, ને અંદર ગંદકી સિવાય કાંઈ ભર્યું જ નથી. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને જે સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, એમાં અલૌકિક, અપૂર્વ, આ તો કંઈ નવી વાત આવી એવું બિલકુલ નથી.

એવો કોઈ પ્રસંગ હોય ને, એમાં યુવાન ઉપર એવી શંકા કરાય જેમાં કોઈ અણબનાવ બન્યો હોય, વૃદ્ધ હશે એ વિશ્વસનીય થશે. ક્યાંક કોઈને ઘરમાં ઉતારવાના હશે તો યુવાન માટે માણસ સાત વાર વિચાર કરશે, ઘરડા માટે વિચાર નહિ કરે. કારણકે- લોકો સમજે છે કે યૌવન ગંદુ હોય છે.

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम् ।

મહાત્મા આવ્યા છે, પરેશભાઈએ દિલ ખોલીને વાત કરી છે, આંખ માંથી આંસુની ધાર વહી રહી છે, પોતાનું પાપ પરેશભાઈએ એ મહાત્માને જણાવ્યું છે, મરણ પથારીએ સુતા છે, છેલ્લી ઘડીઓ ગણાઈ રહી છે, પરેશભાઈ કહે છે કે સાહેબ, ૨૫ વર્ષની ઉંમરે યુવાની- ના જોશમાં મારાથી આ પાપ થઈ ગયું, મારા મા-બાપે ધર્મ સંસ્કારો આપ્યા, આજે પણ ઘરની અંદર ધાર્મિક- વાતાવરણ છે, લીલીવાડી છે, દીકરો છે, વહુ છે, પૈસા છે પ્રેમ છે, શાંતિ છે, બધું છે પણ જ્યારે મને મારું કરેલું પેલું પાપ બહુ જ ખુંચી રહ્યું છે. મને ફરી ફરી એ વિચાર આવે છે કે જો મેં એ પાપ ન કર્યું- હોત તો મને મારા માટે કેટલો સંતોષ હોત સાહેબ! ડોક્ટરે કહી દીધું છે આજનો દિવસ હું પુરો કરવાનો- નથી, હું જઈશ તો સાહેબ, એક વાર તો મરવાનું જ હતું, મોત આવવાનું જ હતું, પણ આજે મને થાય છે કે એ વખતે મેં એ પાપ ના કર્યું હોત, તો મને- - મારા ઉપર ગૌરવ હોત.

DATE

મારી જીંદગી માટે મને સંતોષ હોત. એક ઘટના-
એ મારી જીંદગીમાં ન આવી હોત તો, આજે મને
કેટલું સારું લાગતું હોત. મને મારા ઉપર બહુ
ગુસ્સો આવે છે, મને જુવાની ઉપર ગુસ્સો આવે
છે. મારા જેવા સારા માણસની જુવાની એ-
બગાડી દીધી ને મેં આવું કામ કરી દીધું.

સાહેબ, આપને મેં બોલાવ્યા એનું-
કારણ એટલું જ છે, કે શું આ અવસ્થાની અંદર
હું એ પાપનું પ્રાયશ્ચિત કરી શકું ખરો?
अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम्।
સંસાર આપણને એટલે જ ગમે છે, કે હજુ બરાબર
એને ઓળખ્યો નથી.

સારું કહેવાય એવું સંસારમાં છે શું?

જ્યાં સારામાં સારું મનાય છે, એ હકીકતમાં શું-
છે? શાંતસુધારસની અંદર વિનયવિજયજી-
મહારાજ કહે છે,
हन्त हत यौवनं पुच्छमिव शौवनं।
યૌવન બહુ જ વિચિત્ર છે. યૌવન એ કુતરાની પુંછડી
જેવું વાંકું છે.
कुटिलमति तदपि लघु दृष्टनष्टं।
યૌવન બહુ જ કુટિલ છે, વક્ર છે, વિચિત્ર છે,
એટલું જ નહિ, હજુ તો એને જોયું હોય, હજુ-
તો એ આવ્યું હોય, હજુ તો માંડ એની શરૂઆત
થઈ હોય, અને એનો વિનાશ થઈ જાય છે.
વૈરાગ્ય શતકની અંદર પ્રાચીન પરમર્ષિ કહે છે,
सव्वं अणिच्चं पिच्छह दिट्ठं नट्ठं गयं तेण।
હજુ તો જોયું, યમરાજ એની ભરખી જાય, મોત એને

ભરખી જાય, પર્યાય એને ભરખી જાય, ઉપક્રમ એને ભરખી જાય, આખી દુનિયા અનિત્ય છે, એવું તમે સમજો! આચારાંગ સૂત્રની અંદર સુધર્મા સ્વામી ભગવાન બહુ સ્પષ્ટ કહે છે,

भेउरेसु ण रज्जेज्जा।

જે નશ્વર છે, જે નાશવંત છે, જે વહેલું કે મોડું જનારું જ રહેનાર છે, એની અંદર શા માટે તમે રાગ કરો છો? એક જાપાનીસ કહેવત છે.

DO NOT CARVE ON ICE, PAINT ON WATER

તમે કદી બરફની અંદર કોતરકામ ના કરો, તમે કદી પણ પાણી ઉપર ચિત્રકામ ના કરો, એનો કોઈ જ અર્થ નથી. તમે કરો ત્યારથી એનો વિનાશ શરૂ જ થઈ ગયો હોય છે. બહુ સરસ મજાની વાત એક કવિએ કરી છે.

પ્રેમ અને સત્ય વચ્ચેનું અંતર આંસુ છે,

નશ્વરના મોહનું પરિણામ માત્ર આંસુ છે!

શાંતસુધારસમાં વિનય વિજયજી મહારાજ કહે છે.

तेन बत परवशाः परवशाहतधियः,
कटुकमिह किं न कलयन्ति कष्टम् ॥

એ યૌવનથી માણસ પરવશ થઈ જાય છે, પરાધીન થઈ જાય છે, જેમ ભૂત વળગે ને એનો વળગાડ થઈ જાય, એમ માણસ પોતાને આધીન ના રહે પરાધીન થઈ જાય.

યૌવન પણ એક પ્રકારના ભૂત જેવું છે!

એક પ્રકારના વળગાડ જેવું છે, માણસ પોતાને આધીન નથી રહેતો, એની બુદ્ધિ, એની સમજણ, એનો-વિવેક, એનું જ્ઞાન એની ખાનદાની, એનું ભણતર, એનો અભ્યાસ, આ બધું જ ક્યાંય સાફ-થઈ જાય, એવું કામ યૌવન એની પાસે કરાવે છે.
વિનયવિજયજી મહારાજ કહે છે,

હતધિયઃ।

સદ્બુદ્ધિનો ચુરો કરી નાખવાનું કામ યૌવન કરે છે. સદ્બુદ્ધિને ચૂંથી નાખવાનું કામ, બાળી નાખવાનું કામ, રફેદફે કરી નાખવાનું કામ, તદ્દન અવિવેક-ભર્યું કામ કરવાની પ્રેરણા યૌવન કરે છે.

**માણસને પશુ બનાવી દેવાનું કામ યૌવન કરે છે!**

માણસને ગાંડોતુર બનાવી દેવાનું કામ યૌવન કરે છે. માણસને ભવિષ્યનો વિચાર ન કરવા દેવાનું કામ યૌવન કરાવે છે. યૌવન માણસને ક્યાંય નીચી-ભૂમિકાએ, અધમ ભૂમિકાએ, લઈ જવાનું કામ કરે-છે, એ યૌવનને સારું કઈ રીતે કહી શકાય ?

યૌવનની અંદર રૂપ હોય એ વધારે સારું ગણાય છે, પણ રૂપ હોય એટલે યૌવન-વધારે ગાંડુ બને, પ્રાયઃ કરીને, વધારે ગંદા કામો-એના કારણે થાય. તો યૌવન અને રૂપ એને સારા કઈ રીતે કહી શકાય ?

શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

સુરૂપં સુશીલં પ્રાયેણ નહિ દૃશ્યતે।

એ વ્યક્તિનું રૂપ પણ બહુ સારું હોય ને એ સુશીલ હોય, આવુ પ્રાયઃ કરીને દેખાતું નથી.

એમાં પણ કરોડો લોકો જેમને આદર્શ માનતા હોય, - એમના જેવું બનવા ઈચ્છતા હોય, તેઓ સ્વર્ગમાં જીવે છે, પરમ -- પરમ -- પરમ સુખી છે, આવું માનતા હોય, એવા જે ચલચિત્રો વગેરેના જે કલાકારો હોય, તેઓ આ પંક્તિનું જીવંત ઉદાહરણ હોય છે.

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम् ।

શિષ્યાનો પ્રશ્ન :- ભગવંત! યૌવનમાં ઘણા સાત્વિક જોવા મળે છે, અને વૃદ્ધત્વમાં પણ તામસિક - જોવા મળે છે !

પૂજ્યશ્રીનો ઉત્તર :- શાસ્ત્રકાર ભગવંતોએ, આનો - જવાબ આ શબ્દોમાં આપ્યો છે,

प्रायेण दर्शनम् ।

યૌવનની અંદર પ્રાયઃ કરીને, યુવાનું મન બગડતું હોય છે, અને પ્રાયઃ શબ્દ એટલા માટે મુક્યો કે કરોડો અબજો માં કોઈક એકાદ એવું હોય, કે જે યૌવનની અંદર - પવિત્ર હોય, અને એવા કરોડો અબજો એમનું ઉદા - હરણ લેવું કે, જે કરોડો અબજો માં એકાદ હોય એનું ઉદાહરણ લેવું, એ આપણે વિચારવું પડે. હજુ આગળ વધીને શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

यौवने विकरोत्येव मनः संयमिनामपि ।

માણસ ગમે તેવો વૈરાગી હોય, સાત્વિક હોય, બ્રહ્મચારી - હોય, છતા પણ યૌવનની અંદર એને વિકાર જાગતો જ હોય છે.

राजमार्गे प्ररोहन्ति वर्षाकाले किलाङ्कुराः ॥

નાની ગલી કુંચી હોય, વરસાદ પડે અને એ ગલીકુંચીમાં ઘાસ ઉગી જાય, છોડ ઉગી જાય, અંકુરા ફુટે એ હજુ સમજાય, જે રાજમાર્ગ છે, જ્યાંથી કેટલાય લોકો પસાર થતા હોય, જે બહુ સારી રીતે બનાવેલો હોય. અને

એવા રાજમાર્ગની અંદર પણ ચોમાસામાં, વરસાદમાં, અંકુરા ફૂટી જાય! રાજમાર્ગ એટલે અંકુરા ન જ ફૂટે, એટલી બધી ચહલપહલ એટલી બધી અવર-જવર, એવી રીતે સદાચારી માણસ, જેને વિકાર આવતો, આપણે વિચારીએ ન જ આવે, પણ જેમ ચોમાસું આવે ને રાજમાર્ગમાં પણ જેમ અંકુરા ફૂટી જાય, એ રીતે યૌવન આવે, એને સદાચારી, સાત્વિક યુવાને પણ પ્રાયઃ કરી ને વિકાર આવી જાય!

પ્રશ્ન ને બીજા ANGEL થી થાય છે? યૌવનમાં સાત્વિક લોકો પણ હોય છે, કોઈ જ ના નથી, વાત સાચી છે. સિદ્ધર્ષિ ગણિ-મહારાજ આપણને એ જ APPEAL કરવા માંગે છે કે, તમારા યૌવનને સાચવી ને રહેજો. આ બધી વાતો નો અર્થ એ નથી, કે એવી કોઈ દવા લો, એવું કાંઈક કરો કે જલ્દી ઘડપણ-આવી જાય, યૌવન જતું રહે. વાતતો સંસારના સ્વરૂપ ની છે, કે સંસાર છે શું? એનું સ્વરૂપ શું છે? એને હજુ સુધી આપણે-સમજ્યા નથી, એને સમજશું ક્યારે?

સંસારમાં જે સુવર્ણ કાળ કહેવાય, એ યૌવન પોતે, એવો કથીર કાળ છે, કેટલો-ગંદો છે, ગલીચ છે, શરમજનક છે, લજ્જાસ્પદ-છે, નિંદાસ્પદ છે, જુગુપ્સનીય છે. જે હિરોઈનો-નો, ચલચિત્રોમાં કરોડો દર્શકો જોતા, એમને જોવા માટે તરસતા, એમને ચાહતા. એ હિરોઈનો આજે ક્યાં છે ને કેવી રીતે જીવે છે, આની કોઈએ જોવાની પરવાહ કરી છે ખરી?

જેમના અરમાન હતા કે જે કાયમ પડદા ઉપર છવાઈ રહે, જેમના અરમાન હતા કે જેમનું યૌવન સદાબહાર રહે, જેમના અરમાન હતા કે જેમનું ધ્યાન કદી-પણ પાછું ના પડે. પણ એક દિવસ જેમના બધા જ અરમાન ધૂળમાં મળી ગયા, ને એ એક દિવસ-બહુ લાંબે નથી આવતો, પાંચ-દસ વર્ષમાં આવી જાય છે. તેઓ ફેંકાઈ જાય છે. એમની SEAT ઉપર નવા-ચહેરા આવી જાય છે. પછી એમની પણ એ જ-દશા થાય છે. એ SEAT પર બેસવાની ઈચ્છા-કરોડોની હોય છે, પણ એના પર બેસવા માટે શું-મુલ્ય ચુકવવું પડે છે. એ SEAT ટકાવી રાખવા-કેવા મરણિયા બનવું પડે છે. ને એમાંથી ઉથલી પડ્યા પછી, એના પર બેસવાની સજા, આજીવન કેવી આકરી ભોગવવી પડે છે, એની કલ્પના કોણે કરી છે

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम्।

## ચારિત્રનું ગળું કાપ્યા સિવાય ત્યાં સુધી પહોંચી શકાતું નથી.

ચારિત્રનું ગળું કાપ્યા પછી પણ નવ્વાણું ટકા કન્યાઓ ત્યાં સુધી પહોંચી શકતી નથી. જે પહોંચી ગયા એમને પણ પહોંચ્યા પછી, પોતાના-શબ્દકોષમાં, ચારિત્ર શબ્દ રાખવો શક્ય હોતો નથી! અને જે પહોંચેલાઓને ચારિત્ર શબ્દને શબ્દકોષમાં રાખવાની પણ ઈચ્છા હોતી નથી. એઓ ખુરશી ને ટકાવી રાખવાની ચિંતા, ચિંતા બની ને-બીજી રીતે બાળ્યા કરે છે, કે જ્યાં સુધી એ ખુરશી ટકે ત્યાં સુધી પણ એને ટકાવવાની કોઈ અર્થ હોતો નથી, અને એ ખુરશી પરથી ઉતરી પડ્યા પછી, આખી જિંદગી રીતસર નરક બની જાય છે.

अनित्यं यौवनं चापि कुत्सिताचरणास्पदम्।

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને બહુ પ્રેમથી એ કહેવા માંગે છે, ક્યાં સુધી તમે આંખો મીંચીને ગાડરિયા પ્રવાહમાં, ઘેટા બનીને, ઉંધુ ઘાલીને, સંસારના માર્ગે ચાલે રાખશો. કેટલા નાટક, કેટલા નખરા, કેટલા દંભ, કેટલા તમાચો મારીને લાલ રાખેલા ગાલ, કેટલા કૃત્રિમ સ્મિતો, કેટલા બધા આઘાત જનક વ્યવહારો, કેટલા ગંદા ને - ગલીચ ચરિત્રો, કેટલા બગડાયેલા ચારિત્રો, બહુ જ ખુલ્લું થાય તો કોઈ-કોઈને મોઢું ન બતાવી શકે, એવા કડવા સત્યો !

## આ સંસાર તમને ગમે છે ?

આને વળગી ને બેઠા છો, આ જ સારો લાગે છે, જે અર્થ અને કામ ના ક્ષેત્રે બહુ સફળ થયેલા કહેવાય, બહુ આગળ વધેલા કહેવાય, એવા ઉદ્યોગપતિઓ હોય, એવા કલાકારો હોય, એમનું સંપૂર્ણ જીવન, સંપૂર્ણ દાસ્તાન, જો બહાર પાડવામાં આવે તો કદાચ એ શ્રેષ્ઠ વૈરાગ્ય ગ્રંથ - બની જાય. એક પર્દાફાશ થઈ જાય છે, અર્થ - અને કામના માર્ગે સુખ છે જ નહિ, ગરીબ અને વાંઢો માણસ એમના કરતા અનેક ગણો વધારે સુખી હોય છે. એક પર્દાફાશ થઈ જાય કે અર્થ - અને કામના રસ્તે, વળવું એટલે દુઃખી થવાનો જ ધંધો છે. એક પર્દાફાશ થઈ જાય કે, અર્થ અને કામ ના ક્ષેત્રે જેઓ બહુ જ સફળ કહેવાય છે, એમનું આરોગ્ય કેવું છે, એમની FAMILY - LIFE કેવી છે, એમના સંસ્કાર કેવા છે, એમના જીવનમાં ગુણો છે કે નહિ, શાંતિ છે કે નહિ ?, સાચુ સુખ છે કે નહિ ?

DATE

ઉજવાશ છે કે નહિ ?, એમને ઊંઘ બરાબર આવી - જાય છે કે ઉજાગરા કરે છે ?, એમને ભૂખ લાગે છે કે નહિ ?, એમના પતિ કે પત્ની છે કે નહિ ?, છે તો કેટલામાં છે, એમની શું સ્થિતિ છે, એમની FAMILY LIFE કેવી છે ?, એમને ધર્મ સાથે શું - લેવાદેવા છે કે ધર્મ એમનાથી શરમાઈ જાય છે, કંઈક સંસ્કારી છે કે એમની અગ્નિ સંસ્કાર થયો છે ! આ બધી જ ખોડો ફૂટી જાય !

પણ પીતે પોતાની ખોડો કોઈ કોણ ?

પોતે પોતાની શરમિંદા કરે કોણ ?, અને એના કારણે આ એક ભ્રમણા ચાલ્યા કરે છે કે પૈસામાં સુખ, રૂપમાં સુખ, પ્રસિદ્ધિમાં સુખ, અભિનેતા બનવામાં - સુખ, ACTING ના FIELD ની અંદર સુખ, અને આવા સરેઆમ નિષ્ફળ ગયેલા જો, પોતાની સફળતા - ના ગાણા ગાયા કરે છે, અને ગવડાવ્યા કરે છે.

સભાનો પ્રશ્ન :- સાહેબજી આ યૌવનના રેપો છે એનું નિદાન ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- સિદ્ધર્ષિ ગણિ મહારાજ, બસ આ - જ વાત કહેવા માંગે છે. યૌવનને તમે જોયું છે ખરું પણ બંધ આંખે જોયું છે. તમે એને ખુલ્લી આંખે જુઓ, જો યૌવનને તમે બરાબર જોશો, ખુલ્લી આંખે જોશો, તો તમે ધ્રુજી જશો, તમે - ભડકી જશો, તમે ઉભા થઈ જશો, તમે થુ... થુ કરી દેશો. તમારા આ જ શબ્દો હશે કે જે યુવાની સુવર્ણ કાળ કહેવાય, એવું યૌવન, એ જો આવું નાજી હેવા જેવું છે, તો વિષ્ટા ના ખોડામાં રમતું બાળપણ,

અને ગાળો ખાતું ઘડપણ એ તો સાવ નાખી દેવા-
જેવું છે. અને જો આ જ વાસ્તવિકતા છે તો-
એનો સીધો અર્થ એ છે કે આખો ~~સસ~~ સંસાર-
જ નાખી દેવા જેવો છે. જન્મ પણ રોગ છે,
બાળપણ પણ રોગ છે, યૌવન પણ રોગ છે,
રૂપ પણ રોગ છે, વિકાર પણ રોગ છે, અને
પ્રશ્ન ની નજીક આવું, કે આનું નિદાન શું છે,
યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર, હરીભદ્રસૂરી-
મહારાજ એ આ પ્રશ્નનો જવાબ આપ્યો છે.

भव एव महाव्याधि: जन्ममृत्युविकारवान् ।

આ સંસાર એ જ મોટો રોગ છે, તમે બાળપણ
કહો, યૌવન કહો, ઘડપણ કહો, ઉપાધિ કહો,
શોક કહો, જરા કહો, સંક્લેશ કહો, બધા જ-
સંસાર ના સમાનાર્થી નામ છે ને સંસાર એ જ
મહારોગ છે, રોગ હોય એટલે કે તાવ રૂપી રોગ,
એની અંદર વિકાર થાય, CHANGES થાય, તાવમાં
શરીરનું તાપમાન વધી જાય, આ તાવ રોગનો-
વિકાર છે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે આ-
જન્મ મરણ વગેરે, જે આ સંસાર રૂપી મહા-
રોગના વિકારો છે, જે રોગ તમને થઈ ગયો છે,
માટે તમારા જન્મ, મરણ, ઘડપણ, યૌવન વગેરે
વગેરે બદલાવ તમારામાં ચાલે છે.

विचित्रमोहजननः,

રોગ થાય તો એની અંદર માણસની બુદ્ધિ, શક્તિ-
કુંઠિત થઈ જાય, એ મુંઝાઈ જાય, એ મોહમાં
પડી જાય, એને દિવસ છે, રાત છે, શું છે,
એ ખબર ના પડે. આ સંસાર રૂપી મહારોગ છે,
જેની અંદર વિચિત્ર પ્રકારનો મોહ જાગે છે
અને આગળ વધીને હરીભદ્રસૂરી મહારાજ કહે છે,
રોગની અંદર વેદના હોય છે, અને આ સંસાર-

classmate

DATE

રેપી મહારોગ, એમાં કઈ વેદના છે ?
તીવ્રરાગાદિવેદન: ॥
તીવ્ર રાગ, દ્વેષ, વગેરે જે રોગો, એની વેદના આ રોગમાં હોય છે. નિદાન એટલે કારણ, આનું મુળ શું છે, હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે, કર્મ એ આનું નિદાન છે. પ્રશ્ન નો આશય કદાચ એ કે એની TREATMENT શું છે ?, હરીભદ્રસૂરી મહારાજ કહે છે, રત્નત્રયી ની - વિશુદ્ધ આરાધના, એજ આની TREATMENT છે !

CANCER ના દર્દીને CANCER ની સારવાર ની જેટલી જરૂર છે, એના કરતા અનંત ગણી - જરૂર આપણને રત્નત્રયી ની વિશુદ્ધ આરાધના ની છે. અને છતા આપણને દ્રવ્ય ઔષધ, સંસારની પલોજણ, પૈસા વગેરે ની પડી છે, હજુ આપણ ને આપણા ભયંકર રોગની દવા, અનંત કાળે, બહુ જ.. બહુ જ.. બહુ જ પુણ્ય ભેગું થયું, અને માંડ આપણને એ દવાની સામગ્રી મળી છે, એ સામગ્રી ની હજુ આપણને કિંમત થતી - નથી. એને ભથી પડીએ, બરાબર લાગી જઈએ, આ રોગ, બસ LIMITED TIME છે, એની અંદર - અનંતકાળના રોગો બધા મટાડી દેવાના છે, ન મટાડ્યા - તો મરી જઈશું આપણે, ને જ્યાં ગયા ત્યાં દવાની - સામગ્રી નહિ હોય તો આપણું શું થશે ?, આની આપણને કોઈ ચિંતા ખરી ?

ગુરુદેવ વાચનામાં અમને એક સરસ - મજાનું EXAMPLE આપતા, માણસ કોમામાં છે, ડોક્ટરે બધું જ નિદાન કર્યું છે, દવા આપી છે, અને એક વાત કરી છે, આ દવા આપશો ને, એ કામ નહિ કરે, તો બધા કહે તો આપો શા માટે ? ડોક્ટર કહે છે, બરાબર સાંભળો ! એમ દવા તરત કામ નહિ કરે,

મોડી કામ નહિ કરે, એમ ને એમ આપશો તો કામ નહિ કરે, ત્યારે આમ ચાંપતી નજર રાખવાની કે આ માણસ ભાનમાં આવે, એને ભાનમાં આવે ત્યારે દવા આપશો, તો કામ કરી જશે અને માણસ સાજો થઈ જશે. વરસો ના વરસો એ માણસના કોમામાં ગયા છે, સગાઓ નજર રાખે છે, વારા પાડ્યા છે, રાતે પણ કોઈને કોઈ હાજર હોય છે. બસ એ ભાનમાં આવે ને દવા આપી દેવાની છે, બની શકે અડધી મિનિટ માટે ભાનમાં આવે, બની શકે દસ સેકન્ડ માટે ભાનમાં આવે, બની શકે પાંચ મિનિટ માટે ભાનમાં આવે. આપણે સુઈ ગયા, આપણે આંટો મારવા ગયા, આપણે પ્રમાદમાં રહ્યા, અને એ ભાનમાં આવી ને પાછા કોમામાં સરકી પડ્યા, તો વાત પુરી થઈ ગઈ. હવે ફરી પાછા એ ક્યારે જિંદગીમાં ભાનમાં આવે ન આવે, ક્યારે આવે ત્યારે આપણે હાજર હોઈએ, કશો જ ભરોસો નહિ! નિગોદ આદિ ગતિઓ, એકેન્દ્રિયાદિ ગતિઓ આ કોમાની દશા છે. અસંજ્ઞિપણાના ભવો, મિથ્યાત્વી પણાના ભવો, અણસમજના ભવો, જ્યાં જિનશાસન નથી મળ્યું, જિનવાણી નથી મળી, જિનવાણી નું અનુસરણ કરવાની, મનુષ્ય ભવ વગેરેની સામગ્રી નથી મળી. આ બધો જ કોમા નો પ્રભાવ.

જિનશાસન મળ્યું મનુષ્ય ભવ મળ્યો, જિનવાણી મળી, શ્રધ્ધા મળી, આ ભાનનો-કાળ, આમાં સર્વવિરતિ સ્વરૂપ, શુધ્ધ રત્નત્રયીની આરાધના નું ઔષધ લઈ લઈએ, તો આપણું કામ થઈ જાય. અનંતકાળના રોગો મટી જાય.

ફરી કદી કોઠામાં સરકી ન પડીએ, એ ભાનની જાગો શાશ્વત બની જાય, ભવઆ ચંડાળ ચોકડી માંથી છુટા જાય, મોક્ષે પહોંચી જાય, શાશ્વત સુખનો સ્વામી બની જાય. પણ ભવને આ ફાવતું નથી, આ સામગ્રી મળી, CHANCE મળ્યો, ત્યારે પરિવાર સુઝે છે, ધંધો સુઝે છે, સંસાર સુઝે છે, વિષયો સુઝે છે, સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે ભાઈ આ બધું અનંતવાર મળ્યું છે, એ આ-ભાનની જાગો એ બધા માટે નથી, આ ભાનની જાગો જલ્દીમાં જલ્દી ઔષધ લઈ લેવા માટે છે.

આખી દુનિયામાં આપણા જેવા ભાગ્યશાળી, અને આપણા જેવા દુર્ભાગી, કદાચ બીજા કોઈ જ નથી. અસંખ્ય દેવો, જે ભવની ઈર્ષ્યા કરે, ઝંખે કે અમને, કોઈ જૈન કુળમાં જન્મ મળે. સારા સંસ્કાર મળે, ભગવાન-ની વાણી મળે, સંસારનું સ્વરૂપ જલ્દી સમજવા મળે, અને જલ્દી માં જલ્દી વૈરાગ્ય જાગે ને હું સર્વવિરતિ ના-પંથે સંચરું, એ ભૂમિકા આપણને ALREADY મળી ગયા પછી પણ જેમાં કોઈ કસ નથી, એ દેવો પાસે અપ્સરાઓ છે, રૂપ રૂપના અંબાર જેવી, જેમની આખી જિંદગી જુવાની અકબંધ રહે, અદ્ભુત રૂપ, અદ્ભુત લાવણ્ય, સાચો પ્રેમ, અત્યંત પ્રેમ, આ બધું હોવાની સાથે પણ, એ દેવ જે ભૂમિકાની ઈર્ષ્યા કરે, એ ભૂમિકા આપણને મળ્યા પછી પણ, મળ-મુત્રની કોથળી જેવા વિમનીય પાત્રોની પાછળ, પાગલ બનીને ગાંડા બનીને, એ તકલાદી યૌવન, એ નશ્વર યૌવન, એ રોગોથી-ભરેલું યૌવન, એ વિચિત્ર સ્વભાવો થી ભરેલું યૌવન, એ જાતજાતની રોજ જ્યાં દુર્ઘટનાઓ બન્યા જ કરે એવું-ઘર, એવો પરિવાર જેમાં કોઈ કસ નથી, ને રોજ નવી ઉપાધિ આવે, એવા ધંધા જેમાં સ્વાર્થ સીવાય બીજું કશું જોવાતું નથી, એવા સગા સંબંધીઓના સગપણ

આ બધાને વળગી ને આપણે બેઠા રહીએ છીએ, પણ આપણા આત્માનું કલ્યાણ કરવાનું આપણને સુઝતું નથી.

સિધ્ધાર્થગણિ મહારાજ, બહુ પ્રેમથી આપણને કહે છે, ભલે તમને યૌવન ગમે, તમારું ગમે, બીજાનું ગમે, પણ એના સ્વરૂપને તમે જુઓ એ, તકલાદી છે, એ અનિત્ય છે, ગંદા આચરણ થી ભરેલું છે, આપણે પ્રશ્ન કરીએ છીએ કે ચાલો માની લઈએ, કામનો વિષય જ ગંદો છે ને એના કારણે યૌવન બરડાયેલું છે, એ અમને સમજાઈ ગયું, હવે આ વિષય પર આપે ઘણું કહ્યું હવે કહેવાની જરૂર નથી, પણ અમારો પ્રશ્ન હવે એટલો છે, કે સંસાર ની અંદર, અમારા ભવની અંદર, યૌવનની તબક્કો ખરાબ છે, ગંદો છે. પણ પૈસામાં શું ખોટું છે ?
સોનું હોય, ચાંદી હોય, રૂપિયા ની નોટો હોય, મિલકત હોય, પૈસામાં શું ખોટું છે ? દુનિયામાં પણ કહેવાય,

सर्वे गुणाः काञ्चनमाश्रयन्त ।

એક વ્યક્તિ શ્રીમંત છે તો એનામાં બધા જ ગુણો છે, પછી બીજું કશું જ જોવાનું નથી. સોનાની અંદર બધા ગુણો આવી ગયા. જેનામાં શ્રીમંતાઈ છે એ બહુ ઉદાર કહેવાય, એ શ્રીમંત એ ગુસ્સા વાળો હોય તો એ બહુ AGGRASIVE કહેવાય, POWERFUL કહેવાય. એ શ્રીમંત કાંઈ બોલે જ નહિ તો બહુ ગંભીર કહેવાય. એ શ્રીમંત એ બોલે તો બહુ સારો વક્તા કહેવાય. એ શ્રીમંત એ નીચું જોઈને બેસે તો નમ્ર કહેવાય. એ શ્રીમંત એ ઉંચું જોવે તો બહુ

ગૌરવશાળી કહેવાય. તો પછી,

## પૈસામાં ખોટું શું છે?

દુનિયામાં કહેવત છે, "વસુ વિના નર પશુ"

જો વસુ નથી એટલે કે પૈસા નથી, તો માણસ પશુ સમાન છે. દુનિયાની અંદર કહેવત છે,

"નાણા વિનાનો નાથિયો, નાણે નાથાલાલ"

પૈસા ન હોય તો એ નાથિયો કહેવાય, ને પૈસા હોય તો એ નાથાલાલ કહેવાય! પૈસાથી ઘણાબધા કામ થાય છે. પૈસા એ માણસની ASSET કહેવાય, પૈસા એ માણસનું મુલ્યાંકન કહેવાય, પૈસા એ માણસની સગવડ કહેવાય, પૈસા એ માણસની સુરક્ષિતતા કહેવાય. પૈસા એ બહુ મહત્વનું પાસુ, સંસારની અંદર છે. ને અત્યારી પાસે અમુક પૈસા છે ને અમુક મળી એમ છે. અને અમે એને - ભોગવીએ પણ છીએ, અને જ્યાં પૈસા છે, તો પછી એ સંસાર અસાર કઈ રીતે કહેવાય, પૈસા ખરાબ કઈ રીતે કહેવાય, છોડવા જેવા કઈ રીતે કહેવાય, અને સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે, આજ સવાલ નો જવાબ આપી રહ્યા છે.

अनित्याः सम्पदस्तीव्रक्लेशवर्गसमुद्भवाः।

જેમ યૌવન અનિત્ય છે, બરાબર એ જ રીતે પૈસા પણ અનિત્ય છે. સંપત્તિ પણ અનિત્ય છે, કાયમ મળતી નથી, કાયમ ટકતી નથી, અને મળેલું જતું રહે ત્યારે માણસ દુઃખી.. દુઃખી થઈ જાય છે. ગઈ કાલના રાજા મહારાજાઓ ના આજના વારસદારો, તુટેલી ચટ્ટાઈ ઉપર સુતા હોય, આ લક્ષ્મીની પરાકાષ્ઠા છે.

એક તો સંપત્તિ અનિત્ય છે. બીજું એને કમાવા માટે
કેટલા સંકલેશો, કેટલા TENSIONS, કેટલી -
ચિંતાઓ વહોરવી પડે છે.

સંયમ જીવનના બાળપણ ના એ -
દિવસો હતા, રાજસ્થાનની અંદર અમારા વિહારો,
વિહાર કરતા.. કરતા.. વચ્ચે નદી આવે, સુકી -
નદી હોય, રેતી હોય અંદર, આમ કહેવાય નદીને,
ઉંમર મારી ઘણી નાની ને, મનમાં અજંપો અજંપો
થયા કરે, અને એમ થાય કે નદી આવી ન -
હોવી જોઈએ, નહી તો પાણી વાળી હોવી જોઈએ.
ગમે નહિ આવી નદી. ને એકવાર અમે આવી -
નદીમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યાંના ગામનો -
કોઈ માણસ હતો ને મેં એને પુછ્યું કે આમાં
પાણી આવે ખરું ? એના ચહેરા પર મારા -
પ્રશ્ન થી પ્રસન્નતા આવી ગઈ ને ખુબ ખુશી સાથે
એણે જવાબ આપ્યો, કે ચોમાસામાં આવે !
જાણે ચોમાસામાં એ નદીમાં પાણી આવે છે માટે
એ નદીને શાબાશી આપવા જેવી ઘટના હતી !
પણ મને એના જવાબ થી કંઈ જ ખુશી ન થઈ,
મને એમ થાય કે ચોમાસામાં આમે બધે પાણી -
પાણી હોય ને આ નદીમાં પાણી આવે, એનો -
અર્થ શું ? આવા ઉનાળાની અંદર પાણી હોય તો
એ આશિર્વાદ રૂપ થાય. પ્રશમરતિ માં ઉમાસ્વાતિ
મહારાજ કહે છે,

विनयप्रशमविहीनो न शोभते निर्जलेव नदी

ગમે તેટલો શ્રીમંત રૂપાળો માણસ હોય પણ,
એનામાં વિનય ના હોય, પ્રશમ ના હોય, તો
પછી જેમ સુકી નદી શોભતી નથી, બરાબર એ
જ રીતે એ માણસ છે એનું પણ રૂપ, યૌવન,

સંપત્તિ વગેરે શોભતા નથી. શાસ્ત્રકાર ભગવંતો પણ કહે છે,
કે સુકી નદી શોભતી નથી. મુદ્દાની વાત હવે મારે-
કરવી છે કે, ધારોકે એક માણસ છે, રોજ એવી
નદીના કિનારે જઈને બેસે છે, સુકી ભઠ નદી છે,
સુકી રેતી છે, તપેલી રેતી છે, એને જોયા કરે છે,
પા-અડધો કલાક કિનારે બેસે છે. ઘરે પાછો આવે છે,
બીજે દિવસ, ત્રીજે દિવસ, ચોથો દિવસ, એમ
કરતા વૈશાખ ને જેઠ મહિનો પસાર થાય છે, અષાઢ
મહિનો આવી જાય છે, અડધી રાતે, આકાશની અંદર
કાળા ડિબાંગ વાદળો આવી જાય છે, વિજળીના કડાકા
થવા લાગે છે, વાદળોના ગડગડાટ થવા લાગે છે,
અડધી રાતે ધોધમાર વરસાદ તુટી પડે છે, સવારે-
વરસાદ અટક્યો છે, સવારે માણસ રોજના ક્રમ મુજબ-
નદી કિનારે આવ્યો છે, કિનારે બેઠો છે, નદીની
નજરો આખી બદલાઈ ગયી છે, ગામના છોકરાઓ
દોડી આવ્યા છે નદીમાં છબછબીયા કરી રહ્યા છે,
ડુબકીઓ લગાડી રહ્યા છે, ચિચિયારીઓ પાડી રહ્યા છે,
નહાય રહ્યા છે, પણિયારીઓ બેડા લઈ લઈને આવે છે,
ગામના લોકો પણ નદીને જોવા આવે છે. હંસ અને
ચાતક જેવા બધા પંખીઓ ત્યાં આવીને ગેલ કરી
રહ્યા છે, ને માણસ આ બધું જોઈ રહ્યો છે.

| સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને જોવાનું
શિખવાડવા માંગે છે, ઉભો થઈ જ સંસારમાંથી, આપણને
જબરદસ્તી ઉભા કરે, સંસાર છોડાવે, દીક્ષા ~~[illegible]~~ -
લેવડાવે, ધર્મ કરાવે, સિદ્ધર્ષિ ગણિ મહારાજ આવું કશું
પણ ઇચ્છતા નથી, સિદ્ધર્ષિ ગણિ મહારાજ ફક્ત આપણી
આંખોને ખોલવા માંગે છે. જોવડાવવા માંગે છે,
આખા ઉપમિતિ ગ્રંથને એક જ અક્ષરમાં CONVERT
કરવી હોય, તો કરી શકાય એમ છે ને એ અક્ષર -
- છે "જો" !

DATE 19 08 2021

"મેં" એટલે પછી બીજું કશું કહેવાનું નથી. બીજું મારે કાંઈ કરાવવાનું નથી, જબરદસ્તી કરવાની નથી, લાંબા.. લાંબા ઉપદેશો આપવાના નથી.

તું મેં અને વાત બધી પતી ગય છે!

અનાદિકાળ થી તેં મેપું નથી માટે સંસાર ચાલી રહ્યો છે. માટે તું દુઃખી છે, માટે દુર્ગતિ છે, માટે નરક છે, માટે ભવભ્રમણ છે. તું ફક્ત "મેં" અને વાત-પુરી. આજે સમય થયો છે, આજે બારણું રાજીએ!

---

# વ્યાખ્યાન નંબર - 135

DATE 20 08 2021

સમજ એ સંસારની સત્રાધિત છે, ચાર-ગતિ, ચોર્યાસી લાખ યોનિ, સાત નરક, અનંત ભવભ્રમણ, જેના મૂળમાં માત્ર એક જ વસ્તુ છે,

## સંસારની અણસમજ !

એક પરમ કારુણિક મહર્ષિ, એમણે કરેલો ઉપમા દ્વારા - સંસારની સમજ આપવાનો સચોટ પ્રયાસ, એટલે જ,

## ઉપમિતિ ભવ પ્રપંચ કથા !

આ એક ગ્રંથ નથી, એક પંથ છે, જેના પ્રત્યેક પગલે સંસારની સમજ ની યાત્રા છે. આત્માના કલ્યાણ માટે બસ આટલી જ જરૂર છે, કે સંસાર ને બરાબર સમજુ થય. ઉપમિતિ ના પંથી સિધ્ધર્ષિ ગણિ મહારાજ, આપણી આંગળી ઝાલી ને, આપણને આ સમજ ની યાત્રા કરાવી રહ્યા છે.

अनित्याः सम्पदस्तीव्रक्लेशवर्गसमुद्भवाः ।

માણસ રોજ નદીએ જાય છે, નદી સુકી છે. નદી એક ગામ ની નદી છે, એને નદી કહેવું એ એની પણ મશ્કરી છે, જેમકે એક ભિખારી ને શ્રીમંત કહેવો એ ભિખારીની પણ મશ્કરી છે, અને શ્રીમંતની પણ મશ્કરી છે. સુકો ભઠ નદી છે, રેતી સિવાય એમાં બીજું કશું જ નથી, રોજ એ માણસ જાય છે, જુએ છે, બેસે છે, પાછો આવે છે. અડધી રાતે મુશળધાર વરસાદ વરસ્યો છે, માણસ નદી એ પહોંચ્યો છે, નદીની અંદર પાણી જ પાણી દેખાય છે. રોજ નદીએ જવાનું ચાલુ છે, રોજ થોડો-ઘણો, થોડો ઘણો વરસાદ થયા કરે છે. હવે કિનારો-પણ થોડો પાણી માં ડુબી ગયો છે, છોકરાઓ કિલ્લોલ કરી રહ્યા છે, નાચી રહ્યા છે, કુદી રહ્યા છે, પાણી--

પાણી.. પાણી.. પાણી બોલી રહ્યા છે. પણિયારીઓ પાણી લેવા માટે આવ-જા કરી રહી છે. ગામના લોકો નજરો જોવા માટે આવે છે. હવે થોડા દિવસ થાય છે. અને કાંઠે, હરિયાળી.. હરિયાળી.. હરિયાળી.. છવાઈ જાય છે. પાણી એ આખુ ચિત્ર બદલી દીધું છે. માણસ MARK કરે છે, રોજે રોજ પાણીની સપાટી વધી રહી છે. વધી રહી છે. વધી રહી છે રોજ માણસ આવે છે, બેસે છે, જુએ છે, અને જાય છે. એની પછી ઓસરવાના તાપ શરૂ થાય છે. પાણીની સપાટી ધીરે ધીરે ઓછી થતી જાય છે.. ઓસરતી-જાય છે. પાણીની સપાટી ઓર ઓછી.. ઓર ઓછી.. ઓર ઓછી થાય છે.. માણસ રોજ આવે છે.. જુએ છે.. પાછો જાય છે. આસો-મહિનો, કારતક મહિનો ને નદી એક નીક બનીને રહી જાય છે, ને નદીના મોટા પટમાં માત્ર એક પાણીની રેખા હોય, માગસર- પોષ- અને મહા મહિના પસાર થાય છે, અને એ રેખા પણ ભૂંસાઈ જાય છે. માણસ આવે છે, બેસે છે, પણિયારીઓ હવે છે નહિ, છોકરાઓનો પત્તો નથી, મુલાકાતીઓ પણ સમજદાર છે. સન્નાટાનું સામ્રાજ્ય ફરી છવાઈ ગયું છે, હરિયાળી એક ભૂતકાળ-બની ગયી છે, હંસ અને બતક વગેરે પણ ગાયબ થઈ ગયા છે.

ફાગણ અને ચૈત્ર મહિનો આવે છે, રેતી નો પારો ચડવા લાગે છે, હવે ભીની રેતીના પણ દર્શન દુર્લભ છે. વૈશાખ અને જેઠ આવી ગયા છે.

રેતી અંગારાની જેમ તપી રહી છે!

માણસ રોજ આવે છે, કિનારે બેસે છે, ઝરણાને જુએ છે, ઝરણામાં હવે, ઝરણા જેવું કાંઈ રહ્યું નથી. અષાઢ મહિનો નજીક આવ્યો છે, એક દિવસ ફરી મુશળધાર વરસાદ તુટી પડે છે, ફરી રોજના વરસાદ ચાલુ થાય છે, હરિયાળી વધતી જાય છે. પાણી ની રેલમછેલ થઈ ગઈ છે, છોકરાઓ દોડી આવ્યા છે, છબછબિયા કરે છે, પાણીમાં ભુસકા મારે છે, કુદાકુદ કરે છે, નાચે છે, ફરી પણિયારીઓ આવે છે, ફરી મુલાકાતીઓ આવે છે, બંને કાંઠે લીલા-લહેર થઈ ગઈ છે. ફરી સુકુ ભઠ થઈ જાય છે. ફરી લીલા-લહેર થઈ જાય છે, ફરી સુકુ ભઠ, ફરી લીલા-લહેર, ફરી સુકુ ભઠ, ફરી લીલાલહેર, માણસ રોજ આવે છે, જુએ છે, બેસે છે, જોયા કરે છે, પાછો જાય છે.

અષાઢ મહિનો ફરી આવ્યો છે, મુશળધાર વરસાદ તુટી પડે છે, ગામ ફરી ગાંડુ થાય છે. ફરી માહોલ જામે છે, માણસ આવ્યો છે, કિનારે બેઠો છે, રેલમછેલ જોઈ રહ્યો છે. છોકરાઓની કુદાકુદ જોઈ રહ્યો છે, ગામ વાળાનો આનંદ જોઈ રહ્યો છે. એ જોઈ રહ્યો છે એણે કશું જ જોઈ રહ્યો નથી. વરસોના વરસો-સુધી એણે નદીના જુદા જુદા સ્વરૂપો જોયા છે, એણે વૈશાખ પણ જોયો છે, ને એણે અષાઢ પણ જોયો છે સુકુ અને રેલમછેલ બંને એણે જોયું છે. હવે એને વૈશાખની અંદર રોવા જેવું પણ નથી લાગતું, અને અષાઢની અંદર નાચવા જેવું પણ નથી લાગતું. આ બંને એના માટે એક ક્રમ છે, એક રિવાજ છે, એક ઘટના માત્ર છે. આમાં એને હસવા જેવું કે રોવા જેવું, શોક કરવા જેવું કે નાચવા જેવું લાગતું નથી. સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને એ માણસ બતાડે છે. એ માણસની જુઓ, એ માણસની દ્રષ્ટિને જુઓ,

DATE

એ માણસ કિનારે બેઠો છે, નદીને જુએ છે, નદી જેવી પણ છે એને જુએ છે. પહેલીવાર કદાચ સુકી નદી ને જોઈને આંખમાં નિરસતા હતી, નિ:સાસો હતો, અફસોસ હતો, વસવસો હતો, ભરેલી નદીને જોઈને આંખમાં ચમક હતી, મોઢા-પર ઉલ્લાસ હતો, ઉમંગ હતો, ઉમળકો હતો કેવી નદી ... કેવી નદી .. કેવી નદી -- ! અંતર એનું ઉછળકુદ કરતું હતું, વરસો ગયા, માણસે બધું જ જોઈ લીધું, વારંવાર જોઈ લીધું.

આ સુખ ભેદ પણ નથી, આ લીલા-લહેર પણ નથી, આ ક્રમ માત્ર છે, એને માણસ કળી ગયો. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહે છે, એના ચહેરા ને જુઓ. એની આંખો ને જુઓ. એની સ્થિતપ્રજ્ઞતા ને જુઓ, એની સમજણ ને-જુઓ. એના કરેલ પણાને જુઓ. એની દ્રષ્ટિને જુઓ.

अनित्याः सम्पदस्तीव्रक्लेशवर्गसमुद्भवाः ।

સંપત્તિ અનિત્ય છે, અને બીજું કંઈ જ નથી, જે તીવ્ર કલેશના વર્ગ થી પ્રાપ્ત થાય છે.

अनित्याः सम्पदः ।

દુનિયાભરના પ્રાચીન, અર્વાચીન અર્થશાસ્ત્રો ને ભેગા-કરવામાં આવે, મધ્યસ્થ દ્રષ્ટિએ એનું વલોણું કરવામાં આવે, દુનિયાના જેટલા જેટલા મહા-શ્રીમંતો થઈ ગયા, આજ સુધીમાં સેંકડો, લાખો, કરોડો, અબજો, અબજો ના અબજો, અબજો-ગુણિયા અબજો, એ બધા શ્રીમંતો ની અથ થી ઈતિ સુધી ની કથાઓ ભેગવામાં આવે, એ કથાઓનું વલોણું કરવામાં આવે, એ વલોણાનું-હજુ વલોણું કરવામાં આવે, હજુ એને SHORT,

ફરતા .. ફરતા .. ફરતા .. ફરતા .. એ જ શબ્દની અંદર પરિવર્તિત કરવામાં આવે, તો એ કયા એ શબ્દો હોય? શ્રી સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહે છે.

अनित्याः सम्पदः ।

સંપત્તિ અનિત્ય છે. નદી ભરાય છે અને નદી સુકાય છે. બરાબર એ જ રીતે માણસ શ્રીમંત થાય છે, અને - શ્રીમંત થયા પછી કંગાળ થાય છે. નદી પાણી થી - ભરાય છે અને સુકાય છે, ને માણસ સંપત્તિ થી ભરાય છે ને સુકાય છે. નદી સુકી ભઠ હોય છે, પછી છલકાય છે. છલકાયા પછી પાછી સુકી ભઠ થાય છે. માણસનું - પણ આ જ સત્ય હોય છે.

જે ~~[illegible]~~ માણસે વર્ષો સુધી નદીના ભાત-ભાતના પરિવર્તનો જોયા, એ માણસ માટે હવે નદી - ભરાય તો એ શું ને સુકાય તો એ શું ! અનાદિ કાળની આપણી આ યાત્રાની અંદર, આપણે સંપત્તિની અનંત - ઉથલપાથલો જોઈ, આખી જિંદગી રોજ એક ક્રોડ સોનામહોરોનું દાન આપીએ ને છતાં આપણો જન્મનો, એવો કાંકરી પણ ન ખરે, ત્યાં સુધી ની શ્રીમંતાઈ - આપણે જોઈ છે. આવતી કાલે શું ખાશું આનો પ્રશ્ન હોય, આવી ગરીબી પણ આપણે જોઈ છે. જે માણસે વર્ષો સુધી નદીની ઉથલપાથલો જોઈ હવે એ માણસ ઠરી ગયો, હવે પાણી આવ્યું તો શું, ગયું તો શું ? એ માણસને જેવું થઈ ગયું અનંત કાળની આપણી યાત્રાની શાસ્ત્ર થકી એ જોવાનો પ્રયાસ કરીએ.

કે જે શ્રીમંતાઈ એ ગરીબી, એ ચડતી, એ પડતી, મહાકવિ કાલિદાસ કહે છે.

नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ।

એક પૈડું હોય છે એમાં સતત એક જ ક્રમ ચાલ્યા કરે છે,

DATE

ઉપરનો ભાગ હોય છે નીચે આવે છે, નીચેનો ભાગ છે, એ ઉપર આવે છે, નીચે નું ઉપર, ઉપર નું નીચે, નીચે નું ઉપર, ઉપર નું નીચે, આ-જેમ થઇ નો ક્રમ છે. એ રીતે ભુવનની અવસ્થા-ઓનો, આત્માની અવસ્થાઓનો, એક ભવની-જુદી જુદી અવસ્થાઓનો, જુદા જુદા ભવોનો પણ આ જ ક્રમ હોય છે.

માણસ હરી ગયો છે, એણે મોઈ-લીધું છે, પાણી આવે છે, જાય છે, લીલા લહેર થાય છે, સુકુ ભઠ થઈ જાય છે. હવે સંપત્તિ આવી તો-એ શું ને ગઈ તો એ શું નદીની સંપત્તિ પાણી સ્વરૂપ છે, માણસની સંપત્તિ પૈસા, મિલકત, ગાડી, બંગલો, વગેરે સ્વરૂપ છે. અનાદિકાળની ઉથલ-પાથલ મોઈને ખુવ હરી જવો મોઈએ પણ, એ મૂઢ ખુવ પેલા બાળક જેવો હોય છે, જે પાણીને મોઈને પાગલ થઈ જાય છે, નાચે છે, કુદે છે, અહો જલમ્, અહો જલમ કહે છે, પણ જે પ્રબુદ્ધ-હોય છે, એમાં એને નાચવા જેવું નથી લાગતું, અને કુદવા જેવું પણ નથી લાગતું. એને માત્ર ક્રમ લાગે છે.

પાણી આવે છે એમાં નદીનું કશું આવતું નથી!

નદી જ્યારે ભરાતો હોય છે, ત્યારે પણ નદી હકીકતમાં ખાલી જ હોય છે. એક કવિએ બહુ મઝાની વાત કરી છે,

નદી ભલે માને કે પાણી અપાર છે,

પણ એને ખબરનથી કે વરસાદનું ઉધાર છે.

નદીમાં જ્યારે પાણી આવે ત્યારે નદીનું કશું આવતું-
નથી હોતું. નદી ભરાતી હોય છે ત્યારે નદી હકીકતમાં
ખાલી હોય છે. જે આવ્યું એ નદીનું ન હતું, માટે જ
ગયું હોય છે, જો નદીનું હોય તો એ કદી જાય નહિ.
અને ગયું એનો અર્થ એ છે કે એ નદીનું હતું નહિ.
નદી જો ખરા અર્થમાં ભરાઈ હોય તો નદી ક્યારે પણ
ખાલી થાય જ નહિ. નદી ખાલી થાય છે એનો જ અર્થ
એ છે કે નદી ખરા અર્થમાં ભરાય જ નથી.

સંપત્તિ આવે છે એમાં માણસનું કશું જ આવતું નથી!

માણસ શ્રીમંત થઈ જાય ત્યારે હકીકતમાં કંગાળ હોય છે

જો સંપત્તિ માણસની હોય તો કદી જાય-
નહિ, જો સંપત્તિ જતી રહે છે, એનો અર્થ એ છે કે એ
માણસની હતી નહિ. માણસ કંગાળ થાય છે, એ જ
જણાવે છે, કે એ શ્રીમંત થયો જ ન હતો. અને-
જો ખરા અર્થમાં એ શ્રીમંત થયો હોય, તો એ
કદી પણ કંગાળ થાય જ નહિ.

સુકી નદી ને નદી કહેવી, એ સ્થુલ-
દ્રષ્ટિ એ સમજ છે. સુક્ષ્મ દ્રષ્ટિ એ ભરેલી નદીને
પણ નદી કહેવી, છલકતી નદીને પણ નહી કહેવી-
એ પણ એક સમજ છે. સુકી નદી તો જે છે એ છે.
નદીમાં પાણી આવે છે, ભરાય છે, રેલમછેલ થાય છે,
લીલા લહેર થાય છે, અને ફરી ફાગણ-ચૈત્ર ને વૈશાખ
આવે છે, પાણી ગાયબ થઈ જાય છે, રેલમછેલ ગાયબ
થઈ જાય છે, લીલા લહેર ગાયબ થઈ જાય છે, એક
આગંતુક રેલમછેલ છેવટે તમાચો મારીને વિદાય થઈ
જાય છે.

સ્થૂલ દ્રષ્ટિએ ભિખારી હોવું એ મજાક જેવું છે.
સૂક્ષ્મ દ્રષ્ટિએ શ્રીમંત હોવું એ મજાક જેવું છે.
ભિખારી તો જે છે એ છે. પૈસો આવે છે, માણસ
ને અધ્ધર બનાવે છે, નચાવે છે, કુદાવે છે,
મનમાં રાઈ ભરાવે છે, અને છેવટે માણસને
ધુળ ભેગો કરીને વિદાય લઈ લે છે.

પાણીની રેલમછેલ એ કાંઈ નદીનો પોતાનો પર્યાય નથી. પાણીની રેલમછેલ એ હકીકતમાં નદીની સમૃદ્ધિ નથી, એ ક્ષેમ માત્ર ઘટના છે, જેની આવરદા શાશ્વત હોતી નથી, અલ્પ સમયની હોય છે, અલ્પ સમયની ઘટના ને શાશ્વત માની લેવી એ અંતર્ગત દુર્ઘટના છે, જે બહારની ઘણી બધી દુર્ઘટનાઓને જન્મ આપે છે.

સંપત્તિએ માણસની સમૃદ્ધિ નથી હોતી.

એ ક્ષેમપ્રાપ્ત ઘટના માત્ર હોય છે, અને એની આવરદા લાંબી હોતી નથી, કાયમ હોતી - નથી, એ અલ્પ સમયની શ્રીમંતાઈની ઘટના એને શાશ્વત માની લેવામાં આવે, એ અંતર્ગત દુર્ઘટના હોય છે જે, બહારની ઘણી બધી દુર્ઘટના ઓને - જન્મ આપતી હોય છે.

અષાઢ કદી હોતાં જ નથી, અષાઢ આવતાં હોય છે!

અને, માટે જ જનો રહેતાં હોય છે. અષાઢમાં નાચનારા- કુદનારા, ઉત્સવ મનાવનારા અષાઢ ને સમજ્યા જ હોતા નથી. જે વૈશાખ ને સમજે છે, એ અષાઢ ને સમજે છે. જે અષાઢને સમજે છે,

જે વૈશાખ ને સમજે છે. જે અષાઢ અને વૈશાખ, બંનેને સમાન સમજે છે, એ હકીકતમાં નદીને સમજે છે. સમૃદ્ધિ કદી હોતી નથી, શ્રીમંતાઈ કદી હોતી નથી, એ આવતી હોય છે ને માટે જ એ જતી રહેતી હોય છે. શ્રીમંતાઈમાં ફૂલાનારા, નાચનારા, કૂદનારા, એ શ્રીમંતાઈને સમજ્યા હોતા નથી. જે સંપત્તિની ઓટ ને સમજે છે, એ સંપત્તિની ભરતી ને સમજે છે. જે સંપત્તિની ભરતી ને સમજે છે, એ સંપત્તિની ઓટ ને સમજે છે. અને જે સંપત્તિની ઓટ ને અને સંપત્તિની ભરતી ને, બંનેને સમાન પણે સમજે છે, તેઓ હકીકતમાં માણસ ને સમજે છે!

સભાનો પ્રશ્ન :- સાહેબજી, ભલે વૈશાખ અને અષાઢના વાયરા બધાએ જોયા હોય, છતાં પણ ચાતકની નજર તો અષાઢ ની સામે જ હોય છે! ને એનો આનંદ પણ એમાં જ હોય છે.

પૂજ્યશ્રી નો ઉત્તર :- પ્રશ્ન નો આશય કદાચ એ છે કે ગમે તે આપ કહો પણ, ભલે અષાઢ ~~[illegible]~~ TEMPRARY છે, ભલે અષાઢ ક્યારેક જ આવે છે, ભલે અષાઢમાં જ રેલમછેલ છે, પણ ચાતક તો પાણી ની જ રાહ જોશે. પાણી જ એનું જીવન છે. પ્રશ્નનો આશય કદાચ એ છે કે, અમે ચાતક જેવા છીએ, અનાદિ ની ભવ યાત્રામાં ભલે સંપત્તિ ક્યારેક જ આવે છે, પણ અમારી નજર તો સંપત્તિ ઉપર જ રહેવાની! બહુ સરસ પ્રશ્ન છે ને બહુ જ બરાબર પ્રશ્ન છે ને સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ એનો જ જવાબ આપવા જઈ રહ્યા છે, નદીમાં પાણીની રેલમછેલ એ બે મહિના હોય છે, પણ પાણીની આશા એ બારે મહિના હોય છે. દુકાળ પડે તો નદીમાં બે મહિના પણ પાણી-આવવાનું નથી!

ખરી તકલીફ એ નથી કે પાણી ન આવ્યું, ખરી
તકલીફ એ છે કે પાણી આવી જાય છે, અને-
આશા ને સતેજ કરતું જાય છે. અને પછી જ્યારે
અષાઢ જ વૈશાખ બની જાય ને, ત્યારે લમણે
હાથ દઈને બેસવાનું રહે. શ્રીમંતાઈ અનાદિની
ભવ યાત્રામાં આપણને કેટલો સમય મળી, એનો
કદાચ RATIO કાઢીએ ને, તો અનંતા ભવોની
સામે, એકાદ ભવ પણ આપણને શ્રીમંતાઈ-
મળી નથી.

આપણે ગરીબી થી દુ:ખી નથી,

શ્રીમંતાઈની આશાથી દુ:ખી છીએ!

અનાદિની ભવયાત્રા, બીજુ રીતે RATIO કાઢીએ,
આપણા અનાદિના સમગ્ર ભવચક્રને સો કરોડ-
વર્ષ જેવું ગણીએ, એટલું નથી, એનાથી અનંતાનંત
ગણું છે, આપણી સમજ માટે, સો કરોડ વર્ષ એ
આપણું અનાદિનું ભવચક્ર. અને એની સામે-
આપણને કેટલો સમય શ્રીમંતાઈ મળી RATIO
WISE એનો સમય કાઢીએ, તો એક સેકંડનો-
સો કરોડમાં ભાગ, એટલો પણ આપણો શ્રીમંતાઈ
નો સમય નથી.

શ્રીમંતાઈની ઈચ્છા, આશા, આકર્ષણ-
આપણને એટલા માટે છે કે, એ મળશે જ-
એવી આશા છે, એ આવશે જ એવી આશા-
છે, એ ટકી જશે એવી આશા છે. આપણે
સુખી થશું એવી આશા છે. આશા સો કરોડ
વર્ષ છે એની એક પણ સેકંડ બાકી નથી.

DATE

અબજની શ્રીમંતાઈ સો વર્ષ પણ નથી, સો દિવસ પણ નથી, સો કલાક પણ નથી, સો સેકંડ પણ નથી, એક સેકંડ પણ નથી, એક સેકંડ નો સો મો ભાગ પણ નથી, હજારમો ભાગ, લાખમો ભાગ, કરોડ મો ભાગ, પચાસ કરોડમો ભાગ, સો કરોડમો ભાગ પણ નથી. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને આ જ કહેવા માંગે છે કે, હવે તુ શાંતિથી વિચાર કર, કે તારે સંપત્તિની આશા રાખીને દુઃખી થવું છે કે

**કે એની આશા છોડીને સુખી જ થઈ જવું છે!**

પ્રશ્નની હજુ વધારે નજીક આવુ, કે ચાતકનું તો એક જ પાણી છે ને, પાણી એની પ્યાસ છીપાવાનું છે, પાણી વગર એ તરફડવાનું છે અને એ પાણીની રાહ જોવે એમાં ખોટું શું છે ? અને બરાબર એ જ રીતે સંપત્તિ અમારી માટે પાણી છે ને અમે ચાતક છીએ. અમે ય એની રાહ જોઈએ તો એમાં ખોટુ શું છે ? ને સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આ સવાલ નો જવાબ આપે છે કે, ચાતક અને પાણી નું ઉદાહરણ તમે જે ઘટાવો છો એ ઉદાહરણ તમારા માટે એકદમ સાચું છે, પણ એમાં ચાતક ની જગ્યાએ તમે છો, તમે આટલા અંશે સાચા છો. અને પાણી ની જગ્યાએ શ્રીમંતાઈ નથી, પૈસો નથી, મિલકત નથી, પાણીની જગ્યાએ રત્નત્રયી ની શુદ્ધ સાધના છે, જેનાથી તમારા આત્મા ની બરા બર્થ માં તરસ છીપાય એવી છે. બીજા શબ્દોમાં કહીએ તો,

**રત્નત્રયી એ જ તમારો પૈસો છે!**

**રત્નત્રયી એ જ તમારું ઘરેણું છે!**

classmate

રત્નત્રયી એ જ તમારો ધંધો છે, એ જ તમારો - બંગલો છે, એ જ તમારી ગાડી છે, એ જ તમારી BANK BALANCE છે, એ જ તમારું STATUS છે, એ જ તમારું સર્વસ્વ છે.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને કહેવા માંગે છે, તમે "જુઓ"! માત્ર "જુઓ"! શ્રીમંત બનનારા ઓછા હોય છે, શ્રીમંતાઈની - આશા લઈને બેઠેલા ઘણા હોય છે. એ બિચારા - દોડે, ઉધામા કરે, પણ નસીબ જેમના ફુટેલા હોય તો શ્રીમંત તો ના બને, જે એની મુડી હોય તે એ મુડી પણ જતી રહે, ખરી તકલીફ એ નથી કે માણસ ગરીબ બની જાય છે, ખરી તકલીફ એ - નથી કે પાણી ઓસરી જાય છે, ખરી તકલીફ એ નથી કે નદી સુકી ભઠ થઈ જાય છે, ખરી - તકલીફ એ છે કે નદીમાં પાણી આવે છે, ખરી તકલીફ એ છે કે અમુક જણ અમુક સમય - માટે શ્રીમંત બની જાય છે જેનાથી બાકીના - બધાને આશા જાગે છે, કે જેમ આ શ્રીમંત - બન્યા એમ આપણે પણ શ્રીમંત બની શકીએ છીએ, દોડો શ્રીમંતાઈ માટે, બિચારા દોડે, ગાંડા બની ને દોડે, એમને આશા જાગે, કે - અમે પણ કાયમ માટે શ્રીમંત બની શકશું. પણ એમને પણ જ્યારે વૈશાખ જેવો પડે, અને શ્રીમંત પણ બનેલા હોય એમના પણ પાણી ઓસરી જાય, ત્યારે માત્ર લમણે હાથ લઈને બેસવાની વારી આવે છે.

કુમારપાળ મહારાજ, જ્યારે રાજા ન હતા બન્યા, ને જંગલની અંદર ભટકી રહ્યા-

DATE

ઈના. એક દ્રશ્ય એમને દેખાય છે, એક ઝાડ છે એનું મોટું થડ છે, એક એમાં બખોલ છે, એ બખોલ-માંથી ઉંદર બહાર આવે છે, ઉંદર પાસે એક સોનામહોર છે. કુમારપાળ મહારાજ કોઈ ઝાડના થડની પાસેથી, દૂર ઉભા રહીને આ દ્રશ્ય જોઈ રહ્યા છે. ઉંદર ડરી ન જાય, ભાગી ન જાય, એ શું કરે છે એ બરાબર જોવું છે, ઉંદર બહાર આવી ને ત્યાં એક સોનમહોર મુકે છે, ત્યાં અંદર જાય પાછો બીજુ સોનામહોર લાવે છે, બહાર મુકે છે, અંદર જાય છે ત્રીજુ લાવે છે, મુકે છે ને પાછો અંદર જાય છે, ટોટલ પાંચસો સોનમહોરો ઉંદરે લાવી કરી હતી, બખોલ બહુ મોટી હતી, અંદર સોનમહોરો રાખી હતી, બહાર ઢગલો પડ્યો છે, સોનામહોરના-ઢગલાની આજુબાજુ ઉંદર પ્રદક્ષિણા કરે છે, એ પગે-ઉંચો થાય છે, પડે છે, નાચે છે, કુદે છે, હસે છે, કુમારપાળ મહારાજ ને હસવું આવે છે. ઉંદર ને-સોનામહોરનું કામ શું છે ?

સંપત્તિ આપણને પણ મળી છે, આપણે નાચીએ છીએ, કુદીએ છીએ, ગેલમાં આવી જઈએ છીએ આખી જિંદગી સંપત્તિ ની પ્રદક્ષિણા દીધા કરીએ છીએ, જ્ઞાની જોઈને કદાચ આપણા માટે, હસવું તો ન આવે પણ કરૂણા જાગે કે આ આત્માને,

## આ બધી સંપત્તિનું કામ શું છે ?

ધર્મશાસ્ત્રોની વાત પછી કરીએ, નિતિશાસ્ત્રોની અંદર પણ કહ્યું, બે જોડી કપડા, તમારું પેટ ભરાય એટલું ભોજન, બની જાઓ તમારે જેટલી ખર્ચ કરવાની જરૂર છે, એટલી પૈસો. એનાથી વધારે, કશું પણ તમારું છે નહિ, તમારી ભ્રમણા છે, કે આ બધું તમારું છે !

classmate

શાસ્ત્રકાર ભગવંતો એ એક મસ્ત ભર્યો શ્લોક લખ્યો છે,

કૃપણેન સમો દાતા ન ભૂતો ન ભવિષ્યતિ ।

કંજુસ જેવો દાતા, બીજો કોઈ થયો નથી ને થશે પણ નહિ, જે પોતાની પાસે જે હોય એ બધુ આપીને રવાના થઈ જાય છે.

ઉંદરની Party પુરી થાય. એક પછી એક સોનામહોર બહાર આવી ને અંદર લઈ જાય છે. બહાર આવે છે, કુમારપાળ મહારાજા ધીમે પગલે ત્યાં પહોંચે છે, જેવો ઉંદર અંદર જાય છે, કુમારપાળ - મહારાજા ઝડપથી એક સોનામહોર લઈને છુપાઈ જાય છે. ઉંદર માત્ર સોનામહોરો મુકી નથી રહ્યો, સાથે - ગણી પણ રહ્યો છે, ચોરસી નવ્વાણું સોનામહોરો - થાય છે. એક જુટી છે, દેખાતી નથી, ઉંદર - બહાવરો બની જાય છે, ઉંદર પાગલ બની જાય છે, ઉંદર ચારે બાજુ લટકે છે, ફરે છે, કુમારપાલ - રાજા ચકોર છે, ઉંદરની નજર માં તેઓ બિલકુલ - ના આવે, સોનામહોર ચોરી લેવી છે એવું નથી, એક પ્રકારનો કુતુહલ ભાવ છે, કે શું થાય છે તે જોવું છે. ઉંદર ના વલોપાતનો આર્તધ્યાનનો કોઈ - પાર નથી, હું તમને કહું તમે કદાચ દસ કરોડ - રૂપિયા, પચાસ કરોડ રૂપિયા ભેગા કરીને પણ - બેઠા, એક કરોડનું નુકશાન થાય ને તમે આખી રાત જાગો, તમને વિચાર ન આવે કે, પૈસા એ તમારી દશા શું કરી દીધી છે! આગળ પચાસ કરોડ રૂપિયા તમારી પાસે અકબંધ છે, એક કરોડનું નુકશાન થયું છે. હું તમને પુછુ, આજે તમને સમાચાર મળ્યા, તમને એક કરોડનું નુકશાન થયું, તમારી દશા શું હોય ?

આમ મન ઉતરી જવું જોઈએ, ગુસ્સો આવવો જોઈએ કે સંપત્તિએ મારી આવી દશા કરી નાખી. કોઈ ફેર મને પડવાનો નથી, પહેરવામાં, ખાવા-પીવામાં, જવામાં, કશું કામ મારું અટકવાનું નથી, છતા આ પૈસાનું મમત્વ, પૈસાની મોહ, પૈસાની આસક્તિ, હું આટલો.. આટલો ગાંડો તુર બની જાઉં છું પૈસાની પાછળ!

એક કરોડ રૂપિયા જેવી નજીવી વસ્તુ મારી ઉંઘ બગાડી શકે, મારી તબિયત બગાડી શકે, મારું મન-બગાડી શકે, મારો દિવસ બગાડી શકે, મારા આત્માની-પરિણતિ બગાડી શકે, ધૂળ પડી આવા રૂપિયામાં!

अनित्याः सम्पदस्तीव्रक्लेशवर्गसमुद्भवाः ।

એક ભ્રમણા છે આપણા પૈસા છે, એક ભ્રમણા છે આપણા સારા માટે છે, એક ભ્રમણા છે આપણું એ પાણી છે, એક ભ્રમણા છે એનાથી આપણે બચાયા, એક ભ્રમણા છે એનાથી આપણે શ્રીમંત થયા, એક ભ્રમણા છે કે એ-આપણને સુખ આપશે ને આ ભ્રમણાને કારણે જીવ-અનાદિકાળમાં સંપત્તિ માટે દોડતો રહ્યો, દોડતો રહ્યો, દોડતો રહ્યો, અને જે એને ક્યારેક મળ્યું પણ હતું, એ બધું જ મુકીને રવાના થયો,

## સંપત્તિએ આપણને આપ્યું શું છે

ઉંદરના વલોપાતનો પાર નથી ને ઉંદર છેવટે નિરાશ થઈ જાય છે, સોનામહોર એને જે ખોવાઈ ગઈ છે, ચોરાઈ ગઈ છે, આઘીપાછી થઈ છે, નહિ જ મળે, આટલો વિશ્વાસ ઉંદરને થઈ ગયો છે, ત્યાં જ ઝાડ પાસે એક પત્થર હતો, ધાર વાળો પત્થર, જોરથી ઉંદર પોતાનું માથું એના ઉપર પછાડે છે, ઉંદર ઘાયલ થઈ જાય છે, ઉંદર લોહી-લુહાણ થઈ જાય છે, થોડી ગણતરીની મિનિટોમાં ઉંદરના-પ્રાણ છુટી જાય છે!

अनित्याः सम्पदस्तीव्रक्लेशवर्गसमुद्भवाः।

સંપત્તિ એ જ સર્વોત્કૃષ્ટ વસ્તુ, સંપત્તિ એ જ દુનિયાની સારામાં સારી વસ્તુ, આપણા મગજમાં બેઠેલી વાત છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે, સંપત્તિ જેવી- ખરાબ વસ્તુ, ગંદી વસ્તુ, હાનિકારક વસ્તુ, ભયંકર- વસ્તુ, દુનિયામાં બીજુ કોઈ જ નથી.

એક માણસ હોય છે, સીધો સાદો હોય છે, મધ્યમ વર્ગીય હોય છે, બધા સાથે- પ્રેમથી રહેતો હોય છે, જેની સંવેદના જીવતી- હોય છે, મિલનસાર જેનો સ્વભાવ છે, જેના અંતરમાં કરુણા છે, જે DOWN TO EARTH છે, જે નીચે બેસી શકે છે, કોઈને પગે પડી શકે છે, રાતો રાત એ કદાચ શ્રીમંત બની જાય છે ને એનું માથું ફરી જાય છે, જેની સંવેદના બુઠ્ઠી થઈ- જાય છે. એ અધ્ધર ચાલવા લાગે છે, એનું વર્તન બદલાઈ જાય છે, એને ગુસ્સો બહુ જલ્દી આવે છે, એનો EGO HURT બહુ જલ્દી થાય છે, સંપત્તિ એ એને આપ્યું શું ? મિત્રો એની પાસેથી ખસી જાય છે, લોભીયા, ધુતારા, ચમચાઓ એને ઘેરી વળે છે, એના ઘરની અંદર સંપત્તિના ઝઘડાઓ ચાલુ થઈ જાય છે, એના- શરીરની અંદર રોગો ચાલુ થઈ જાય છે, રાતો- ની અંદર ઉજાગરા ચાલુ થઈ જાય છે, એની ભાષાની અંદર ગંદા નવા શબ્દો ચાલુ થઈ જાય છે, - સંપત્તિ એ એને ભર્યો કે ખાલી કર્યો ?

એક પથિક હતો, રસ્તા પરથી જઈ રહ્યો છે.. જઈ રહ્યો છે, જઈ રહ્યો છે... જંગલનો રસ્તો છે, બિચારો ભુલો પડે છે.

ભમી ભમી ને થાકી ગયો, કાંઈ સુઝતું નથી ક્યાં જવું, ફંટાળી ગયો છે, કોઈક મળે ને મને રસ્તો બતાવે આવી એની ઈચ્છા છે. એક આશા સાથે ચાલી-રહ્યો છે, કોઈ મળે.. કોઈ મળે.. ને સાચો રસ્તો-મળે ને સામે એને એક માણસ મળે છે. માણસ મળ્યો છે, આંખમાં ચમક આવી છે, આશાનું કિરણ-જાગ્યું છે, ઝડપ વધારે છે ને માણસ સુધી પહોંચી જાય છે ને બધી વાત કરે છે કે ભાઈ આવી દશા થઈ છે ને તમે મને રસ્તો બતાડો. પેલા ભાઈ એને બહુ જ પ્રેમથી કહે છે, તમે કોઈ ચિંતા ના કરો. જુઓ આ જ કેડી છે ને આ કેડી એ જ સાચો રસ્તો છે, હું છું ને સાથે! તમે કોઈ ચિંતા-ના કરો. આ કેડી ઉપર બે ગાઉ જઈએ એટલે મારું ગામ આવી જાય, તમારે સીધા મારા ઘરે જ આવવાનું છે, ભૂખ્યા લાગો છો, તરસ્યા લાગો છો, ત્યાં હું તમને બરાબર જમાડીશ, ઠંડુ પાણી પાઈશ, મારા ઘર આગળ લીમડાનું ઝાડ છે, ત્યાં ખાટલો ઢાળી દઈશ, સરસ મઝાનો છાંયો, ઠંડો.. ઠંડો-પવન, આમ ઘસઘસાટ તમારે સુઈ જવાનું! અને પછી તમારે જે ગામ જવું હોય, અમારા ગામથી બધા બળદગાડા જતા જ હોય છે. મારા મિત્રો એ જતા હોય છે, બધુ ગોઠવી આપીશ. ચાલો મારી સાથે.

એ માણસ કૃતજ્ઞતાથી પાણી પાણી-થઈ જાય છે, પેલા ભાઈમાં એને દેવદૂત દેખાય છે, સાક્ષાત ભગવાન દેખાય છે, મારું કામ થઈ ગયું-એવું લાગે છે. આનંદ આનંદ થઈ ગયો. એના પગમાં પડી ગયો. તમે ના મળ્યા હોત તો મારુ થાત શું ને, તમે મળ્યા ને બધું પાર પાડી દીધું,

બુજ તમારો ઉપકાર! પેલા ભાઈ કહે છે કે -
એમાં શું ઉપકાર, એ તો મારી ફરજ છે,
ચાલો આપણે જઈએ પેલી ટેકરી ઉપર આગળ
વધી રહ્યા છે... વધી રહ્યા છે... વધી રહ્યા છે...
એક ગાઉ જેટલે પહોંચી ને પેલા ભાઈ કહે કે -
હમણા અહિંયા થોડો વિસામો લો, હું હમણા -
આવું થોડી વારમાં. એ ત્યાંથી કોઈક આડા -
રસ્તે જાય છે, પાંચ મિનિટ.. દસ મિનિટ..
પા કલાક.. અડધો કલાક.. કલાક.. દોઢ કલાક..
એમનો કોઈ જ પત્તો નથી. પેલા ભાઈ મનમાં
વિચાર ના વગડોળે ચડે છે.. ચડે છે.. ને મન
ધકળ-વકળ થાય છે કે એ ભાઈ આવશે
જ, ને બે કલાક થયા, ને એ ભાઈ થાકે છે કે
ચાલો ભાઈ, એમનું ગામ તો આ ટેકરી જ છે -
જેમ એમણે કહેલું, હવે એક જ ગાઉ બાકી
છે. હું જ પહોંચી જાઉં. એક ગાઉ નહિ, -
અગિયાર ગાઉ ચાલ્યા, કોઈ ગામ નથી, કોઈ પત્તો
નથી, એ જ વન વગડો છે. ભુખ, તરસ,
થાક, બધુ જ વધી ગયું છે, ન ગામનો પત્તો,
ન એ ભાઈનો પત્તો, એ સમજુ ગયા કે મને -
છેતરવામાં આવ્યો છે, એ ભાઈ ગાયબ થઈ
ગયા. એમણે જે વાત કરી એ બધી છેતરપીંડી
હતી, ખોટી હતી, મને ભરમાવવા ની વાત હતી.
આના કરતા તો એ ભાઈ ન મળ્યા હોત, તો-
વધારે સારું થાત. જુઠા સપના એમને મળ્યા -
એ સપના ન મળ્યા હોત તો એ ઓછા દુઃખી
હોત. રઝડપટ્ટી ઓછી થઈ હોત, આશા-
ઓછી જાગી હોત. જેને સપના દેખાડી ને એ
ભાઈ ગાયબ થઈ ગયા. એનો અર્થ છેતરપીંડી
સિવાય બીજો શું હોય?

આ સપના દેખાડી જ નહિ તો છેતરપીંડી નથી, થા તો સપના દેખાડી ને પુરા કરો તો છેતરપીંડી નથી. સપના દેખાડવા ને ગાયબ થઈ જવું એમાં છેતરપીંડી-સિવાય બીજું કશું જ નથી.

## સંપત્તિ એ બીજું કશું જ નથી, છેતરપીંડી છે!

★ સંપત્તિ આપણને સપના દેખાડે છે કે હું કાયમ ટકીશ!
★ સંપત્તિ આપણને સપના દેખાડે છે કે પરિવારમાં હું તમને આદરણીય બનાવીશ!
★ સંપત્તિ સપના દેખાડે છે સમાજમા હું તમને પ્રતિષ્ઠિત બનાવીશ!
★ સંપત્તિ સપના દેખાડે છે કે તમને હું તંદુરસ્ત રાખીશ!
★ સંપત્તિ સપના દેખાડે છે કે હું તમારું આખું ભવિષ્ય-સુરક્ષિત કરી દઈશ. હું તમને બધી જ રીતે સુખી કરી દઈશ. બધી આફતો ને હરાવવાના અને એ પથિક ની જેમ, આપણને પણ આમ હૈયા ધારણ-મળી જાય, હવે મને કોઈ સંકટ નહિ, હવે મને કોઈ ઉપાધિ નહિ, હવે આખું ભવિષ્ય SAFE! હવે મને સરસ મજાનું જમણ મળશે, પાણી મળશે, આરામ-મળશે, ઉંઘ મળશે, બળદગાડું મળશે, મને મારું-ગામ મળી જશે, અને આ રીતના સપના એ પથિકે જોયા હોય છે.

આ રીતના સપના સંપત્તિ ના ક્ષેત્રે આપણે જોયા હોય છે, અને જે સપના પુરા થાય એ-પહેલા સંપત્તિ રવાના થઈ જાય છે. સંપત્તિ રવાના-નથી થતી તો આપણે રવાના થઈ જઈએ છીએ. સંપત્તિ રવાના થાય કે આપણે રવાના થઈએ, અને માં સંપત્તિ નું ગાયબ થવું તો સમાન જ હોય છે.

સપના હજુ અધુરા છે, કામ આપણા હજુ પુરા-
થયા નથી, સંપત્તિ આપણી આવજા થઈ ગઈ છે
તો આ પણ એક પ્રકારની છેતરપીંડી નહિં તો
બીજું શું છે કે શાંત સુધારસમાં વિનય-
વિજયજી મહારાજ કહે છે,

लग्नापदः सम्पदः ।

સંપત્તિ આવી રહી છે, એનાથી તમે પાગલ ન બનો, એનાથી તમે ઘેલા ન બનો, એનાથી નાચો-કુદો નહિં, અહો જલમ.. અહો જલમ.. એની જેમ અહો પૈસા.. અહો પૈસા ના કરો.

## વિપત્તિ એ સંપત્તિની પાછળ જ હોય છે !

ગુણશુદ્ધિ પ્રકરણની અંદર એક અદ્ભુત વાત કરી,

सतोऽसत्ता स्थिता मूर्ध्नि,

જે હાજર છે એના માટે જ ગેરહાજરી બેઠેલી હોય-છે.

रम्याणां मूर्ध्न्यरम्यता ।

જે રમણીય છે, જે બહુ જ ગમે છે, જે હૃદયમાં વસી જાય છે, જે છુટી નથી શકતું, એના-માટે જ અરમ્યતા, ભયંકરતા, વગેરે વગેરે-બેઠેલું હોય છે.

सुखानां मूर्ध्नि दुःखानि,

સુખોના માથે જ દુઃખ બેઠેલું હોય છે.

किमेकं संश्रयाम्यहम् ।।

તો પછી હું એક સુખ જ લઈ લઉં, એક રમ્ય જ લઈ લઉં, એક અનુકૂળતા જ લઈ લઉં, એક હાજરી જ લઈ લઉં, એક સગવડ જ લઈ-લઉં, આ કઈ રીતે શક્ય બને ? આવશે તો બની સાથે આવશે. યા બે બાંધી એક -

આવવાનું નથી.

लग्नापदः सम्पदः ।

★ આપણને લાગે છે કે ઘર મારું છે, ઘર છેતરપીંડી છે.
★ પપ્પા કહીને વળગતા તમારા નાના બાળકો, છેતરપીંડી છે.
★ વિશ્વનીય પાત્ર જે આપણને મળ્યું છે, રૂપાળુ છે, એવું લાગે છે, છેતરપીંડી છે.
★ મિત્રો મિલનસાર છે, તમારા સુખ દુઃખમાં સાથે ઉભા રહે છે, છેતરપીંડી છે.
★ શરીર નિરોગી છે, છેતરપીંડી છે.
★ ધંધો તમારો બહુ ધીકતો છે, દુકાન તમારી બહુ સારી ચાલે છે, છેતરપીંડી છે.
★ તમે CHECK કરી લો છો, BANK ACCOUNT માં- આટલા રૂપિયા છે. આંકડો આટલે પહોંચી ગયો છે, છેતરપીંડી છે.
★ તિજોરી ખોલી ને તમે બધું સંભાળી લો છો, સાચવી- લો છો, જોઈ લો છો, તપાસી લો છો, તમારું આટલું છે એવું માનો છો, છેતરપીંડી છે.
★ તમારા જે પણ INVEST કરેલા FLAT છે, જમીન છે, એ કાગળોનું LIST જોઈ લો છો, મારું આટલું.. આટલું છે.. છેતરપીંડી છે.
★

## તમારા સપના અધુરા રહેવાના છે !

બધું જ છોડીને તમારે રવાના થવાનું છે. હશે ત્યાં સુધી પણ તમને એ સુખી કરી શકવાનું નથી. એ વધુમાં વધુ સુખની આશા આપી શકે છે. યા સુખની ભ્રમણા આપી શકે છે. એ સુખ આપી- શકતી નથી, નૈ જો સંપત્તિ સુખ આપી શકતી હોત, તો શ્રીમંતો જે આજે દુઃખી છે, મહાદુઃખી છે, એ દુઃખી હોવાને બદલે સુખી હોત.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, બહુ પ્રેમથી આપણને કહેવા માંગે છે, શા માટે ઉંદર જેવી મુર્ખામી કરો છો. જંગલમાં કોઈ માણસને સિંહે ફાડી ખાધો, એની થેલી ઉંદરને મળી ગઈ એટલું જ તથ્ય છે, એ સોનામહોરે ઉંદરની હતી નહિ, થઈ ન હતી, થઈ શકે એવી પણ ન હતી. કોઈ પણ રીતે ઉંદરે એને છોડવાની હતી, એને ઉંદરે-એને છોડવી જ પડી. તમે કોઈ રીતે મનુષ્ય-ભવમાં આવ્યા, શ્રીમંત પરિવારમાં જન્મ્યા, અથવા તો તમારી મહેનતે શ્રીમંત થયા, તમારી ભાષામાં! જે પૈસા વગેરે બીજું કંઈક હતું એ તમારી પાસે આવ્યું, અત્યારે તમારી પાસે છે એટલું જ તથ્ય છે. પૈસા તમારા હતા નહિ, પૈસા તમારા થશે પણ નહિ, એ પૈસા કાયમ રહેવાના નથી, રહે ત્યાં સુધી સુખ માટે જ થશે, કશું નક્કી નથી, જવાના એ નક્કી છે, સાવ તમે BOTTEM OUT થઈ જવાના કોઈ પણ પ્રકારે એ નક્કી છે, એની પળોજણ એનું TENSION એની ચિંતા, એનું આર્તધ્યાન, એનું રૌદ્રધ્યાન, એની લુનાવણ-એની દોટ, એમાં જે ખરું પાણી છે, ખરા પૈસા-છે, ખરી શ્રીમંતાઈ છે, જિનશાસન એની-આરાધના, દર્શન-જ્ઞાન-ચારિત્ર- એની વિશુદ્ધ ઉપાસના, એને ચૂકીને તમે મુર્ખા બનો. શા-માટે આવું કરો છો?

★ પૈસા એ જ તમારી પનોતી છે!

★ પૈસા એ જ તમારું CANCER છે!

★ પૈસા એ જ તમારો અભિશાપ છે!

DATE 20 08 2021

જેના મોહથી તમે આરાધનાના માર્ગે ચાલી પડવા માટે નીકળી શકતા નથી. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ !

---

ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ ત્રીજો

દશા પોરવાડ જૈન સંઘ- પાલડી.

વ્યાખ્યાન નંબર- 137 DATE 21 08 2021

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજા, ઉપમિતિ-ભવ પ્રપંચ કથાના ત્રીજા પ્રસ્તાવમાં, પ્રતિબોધક-આચાર્યના મુખે સંસારનું વાસ્તવિક દર્શન કરાવી રહ્યા છે,

अनित्याः सम्पदस्तीव्रक्लेशवर्गसमुद्भवाः।

સંપત્તિ સપના દેખાડે છે, એટલે ભાગે સૌ કુટ-માણસને બદ્ધર કરે છે, અચાનક પરિસ્થિતિ બદલાઈ જાય છે. માણસ એની પરકાય છે, એને વાગી જાય છે, એની છેતરપીંડી થાય છે, અને બધા સપનાઓ તૂટી જાય છે. ભરેલી નદી એ છેતરપીંડી છે, પાણીની રેલમછેલ એ છેતરપીંડી છે, અને કોઈ હરિયાળી છવાઈ હોય, છેતરપીંડી છે, લોકોને-ટહેલવા આવવાનું મન થાય એવો માહોલ હોય-છેતરપીંડી છે. પ્રેમાળ પત્ની હોય છેતરપીંડી છે. શ્રીમંત પતિ હોય, છેતરપીંડી છે. સ્થાવર અને જંગમ-બધી જ મિલકત, છેતરપીંડી સિવાય હકીકતમાં બીજું કશું જ નથી.

શાંતસુધારસની અંદર વિનય-વિજયજી મહારાજ કહે છે,

दर्शयन् किमपि सुखवैभवं संहरन् तदथ सहसैव रे।

કંઈક સુખ-વૈભવ દેખાડે ને અચાનક જ, એકાએક જે બધું જ ગાયબ થઈ જાય એનું સંહરણ કરી લેવામાં આવે,

विप्रलम्भयति शिशुमिव जनं कालबटुकोऽयमत्रैव रे।।

ભાગ્ય આખી દુનિયા નાના બાળક જેવી હોય ને કાળ બટુક, સંસારનો ઈન્દ્રજાળી, એવી છેતરપીંડી કરે, એવાં રમાડે, એવી ગમ્મત કરે, પાણીની રેલમછેલમાં પણ જેને સુખી ભઠ રેતી દેખાય છે, એ સાચો પ્રશ્ન છે.

DATE

ઢીમ-ઢીમ સાહેબજી અને શ્રીમંતાઈની અંદર પણ જૈને-
ગરીબી દેખાય છે. એ સાચો દ્રષ્ટા છે. વૈરાગ્ય શતક ગ્રંથ
ની અંદર પ્રાચીન પરમર્ષિ બહુ સ્પષ્ટ કહે છે.

संपत्तीओ तरंगलीलाओ।

જે મોજાઓ સ્થિર થઈ શકે, જે તરંગ સ્થિર થઈ શકે,
તો સંપત્તિ સ્થિર થઈ શકે. સંપત્તિ એટલી જ સ્થિર છે
જેટલા દરિયાના મોજા સ્થિર હોય. મોજા તમને બિલકુલ
સ્થિર નથી લાગતા, અત્યંત ચંચળ લાગે છે. એક સેકંડ-
પણ સ્થિર ન રહી શકે એવું લાગે છે. તો સમજી લો કે-
સંપત્તિની પણ આ જ વાત છે.

अनित्याः सम्पदस्तीव्रक्लेशवर्गसमुद्भवाः।

આપણે પ્રશ્ન પૂછી બેસીએ કે, માની લીધું સંપત્તિ અનિત્ય
છે, માની લીધું એ સ્થિર નથી બેસી શકતી, માની લીધું કે
એક દિવસ એ જતી રહેવાની છે, પણ એક દિવસ જતી-
રહેશે, એ મુદ્દે, આજે સંપત્તિ મેળવી શકાય છે, કમાય-
શકાય છે, તો એને શા માટે પહેલાથી છોડી દેવી ?
જતા રહેવાની વાત સાચી, પણ અત્યારે છે એનું શું ?
અત્યારે અમને ઉપયોગી થાય છે એનું શું ? અત્યારે-
અમને ગમે છે, એનું શું ? જતી રહેવાની એટલે પહેલાથી
છોડી દેવાની ?

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આ પ્રશ્નનો -
જવાબ આપે છે.

तीव्रक्लेशवर्गसमुद्भवाः।

સંપત્તિ અનિત્ય છે. આટલું જ એનું સત્ય નથી, સંપત્તિનું
સમાંતર સત્ય એ પણ છે, કે ખુબ.. ખુબ.. ખુબ સંક્લેશ
કર્યા પછી જ માંડ..માંડ મળતી હોય છે. અને એની
સાચવણી એ મગજમારી ની પર્યાય બની જતી હોય છે.

निरायासार्थोपार्जनम्...

જેની અંદર કોઈ મથામણ નથી, TENSION નથી, આયાસ-

નથી, કોઈ વિશિષ્ટ મહેનત નથી, ઉજાગરા નથી,
એવું અર્થોપાર્જન બહુ ઓછા લોકો કરી શકતા હોય છે,
એમાં પણ વિશેષતા સંપત્તિની નથી હોતી, એમના-
પુણ્યની હોય છે, સંપત્તિની વિશેષતા તો,

જીવનોમાં પાણી કાઢી દે એવી હોય છે !

ચૌદસો ચુમ્માલીસ ગ્રંથકર્તા, પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ-
યોગ શતક ગ્રંથની અંદર કહે છે,

अत्थे रागम्मि उ दुक्खसहस्ससंकुलं तत्तं

તમને જો પૈસાનો રાગ સતાવતો હોય, જો તમે પૈસાનો
રાગ ન છોડી શકતા હો, તો તમારે આ પ્રકારનું-
ચિંતન કરવું કે પૈસાની સાથે કેટલા સેંકડો દુઃખો-
જોડાયેલા છે.

गमणपरिणामजुत्तं,

પૈસાનો સ્વભાવ જ છે કે એ જતો રહેવાનો છે,

कुगइविवागं च चिंतेज्जा ।

અને પૈસો તો જતો રહેશે પણ એના માટે કરેલા પાપો
એ તમને દુર્ગતિની અંદર ધકેલી દીધા વગર-
રહેશે નહિ, આવું આવું તમારે શાંત ચિત્તે ચિંતન
કરવું !

સભાનો પ્રશ્ન :- સાહેબ અત્યારના સમયમાં તો
પૈસા હોય એના કરતા ના હોય
તો..તો સૌથી વધુ ઉપાધિ હોય છે !

પૂજ્યશ્રીનો ઉત્તર :- અમારી પાસે પૈસા નથી,
ગૃહસ્થોના સંદર્ભમાં કહું, તમે
અબજોપતિઓ ને જુઓ, કરોડપતિ ઓને જુઓ,
મધ્યમ વર્ગીય ને જુઓ, ગરીબ ને જુઓ, -

આરોગ્ય કોનું સારું રહે છે, પ્રસન્નતા કોની વધારે રહે છે, નિરાંત કોની વધારે છે, ઊંઘ કોને ઘસ-ઘસાટ આવે છે. તમે જો સર્વેક્ષણ કરીને ફરી પ્રશ્ન પુછમે. હવે આપણને એની મોહ સતાવે છે, હવે આપણે પૈસાની જરૂરના નામે આપણા મોહને પોસીએ છીએ, બહુ સરસ મજાની વાત આ પ્રશ્નના સંદર્ભમાં મહાભારતમાં આપી, વિદુરજી અને ધ્રુતરાષ્ટ્ર બેઠા છે, વિદુરજી - ધ્રુતરાષ્ટ્રને સમજાવી રહ્યા છે, આ બધી ઘેલછા છોડી દો, મારા દીકરાને એમનું રાજ્ય ને એમનું આમ ને એમનું તેમ, મુકો બધી માથાકુટ. બહુ અદ્ભુત વાત વિદુરજી ધ્રુતરાષ્ટ્રને કહે છે, કદાચ દીઆ નો જવાબ તમને એટલો ના-ગમે, અમારા માટે વિકલ્પ જ નથી, અમે સંસારમાં છીએ સાહેબ, સંસારના સંદર્ભની વાત કરો, તો હું સંસાર ના સંદર્ભ ની વાત કરું,

सहस्त्रिणोऽपि जीवन्ति, जीवन्ति शतिनस्तथा ।

વિદુરજી, ધ્રુતરાષ્ટ્રને કહે છે કે હે રાજન્! જેની પાસે હજાર રૂપિયા છે એ પણ જીવે છે, ને જેની પાસે સો જ રૂપિયા છે, એ પણ જીવે છે.

धृतराष्ट्र! विमुञ्चेच्छां न कथञ्चित् न जीव्यते ।

હે ધ્રુતરાષ્ટ્ર તમે ઈચ્છાને છોડી દો, તમારા મોહને છોડી દો, એવું નથી કે કોઈ રીતે નથી જીવી શકાતું, કરોડ થી એ જીવાય છે, લાખથી એ જીવાય છે, હજાર-થી એ જીવાય છે, સો થી એ જીવાય છે. એક જરૂરની ઓઠી, જરૂર નું બહાનું, જરૂરની જવાબદારી, નામની બબાલ, તમારી આખી જિંદગી બરબાદ કરી નાખે છે. વધારે ના ખર્ચા, ગાડા મોજશોખ, દેખાદેખી, અપનાવી લીધેલા વધારે પડતા ગજ-કરતા ઊંચા જીવન ધોરણ, તમારી જીંદગી માટે - તમે શાંતિ થી વિચાર કરો, ધર્મ દ્રષ્ટિ પછી ની

વાત છે, નિશાંત પ્રોફિટ, શાંતિ પ્રોફિટ, પ્રસન્નતા-પ્રોફિટ, હળવાશ પ્રોફિટ, મોકળાશ પ્રોફિટ, નવરાશ-પ્રોફિટ, એકે રીતે તમે સાચા પુરવાર થઈ શકો, એમ છો નહિ. STATUS એક તમારી ભ્રમ છે, જેને તમે વિકારી રહ્યા છો, દેખાડો એ એક-તમારી મજબુરી છે જે તમે કર્યા વગર રહી શકતા-નથી, દાડે દાડે, કલાકો સુધી કામ કરવું, કામ-પછી પણ ભાર રાખવો, ઉંઘમાં એના સપના-જોવા, ઉજાગરા સુધી પહોંચવું, આનાથી વધારે-મુર્ખામી બીજુ કઈ હોય શકે.

ઘણી વાર હું શાંતિથી વિચાર કરું, કરોડપતિ ઓ કરતા મજુરી મને ભાજ ગણા-સુખી લાગતા હોય છે. કોરોનામાં કેટલા મજુરો સપડાયા ને એની SURVEY કરવા નીકળો તમે! તમે એમના એરિયામાં જાઓ, એમનું વાતાવરણ જુઓ, FULL CORONA ની અંદર, જાણે દુનિયા-માં કોરોના જેવી કોઈ વસ્તુ જ નથી, એમ જ એ લોકો જીવ્યા છે. આપણે તો હજુ આગળ-આત્મ પ્રોફિટ સુધી પહોંચવાનું છે. કે આ પૈસાનું-આર્તધ્યાન, આની ચિંતા, આનું મમત્વ, આ-પરિગ્રહ સંજ્ઞા, આ એની હાય-વોય, આ એના-રાગ-દ્વેષ, આ કષાયો,

## મારા આત્માનું થશે શું ?

હૃદય પ્રદીપ ષટ્ત્રિંશિકા ની અંદર, પ્રાચીન પરમર્ષિ બહુ અદ્ભુત વાત કરે છે. કે જરી તકલીફ એ નથી કે તમને જવાબદારી છે, મજબુરી છે, BUDGET છે, ખર્ચા છે, પૈસા ન હોય તો

ઘણા સંકલેશ થાય એવું છે. ખરી તકલીફ આ નથી. ખરી તકલીફ એટલી જ છે, હજુ અંતરમાં તમને, આત્મા પ્રત્યેની રુચિ, આત્માનો સ્વાદ કદી અનુભવાયો નથી.

अथो ध्यानधीं बहुधा मतोऽयं स्त्रीणां चरित्राणि शास्त्रोपमानि।

એ આત્મરસનો સ્વાદ થોડો પણ અનુભવાયો હોય, તો પછી અર્થ અનર્થ લાગશે,

પૈસો DANGER લાગશે! BOMB લાગશે!

(વિજાતીય ના વિલાસો, હાવભાવો, એ રૂપ આ બધું જ મડદા જેવું લાગશે.

विषेण तुल्या विषयाश्च तेषां येषां हृदि स्वात्मलयानुभूतिः।

વિષયો હળાહળ ઝેર જેવા લાગશે. જે હૃદયની અંદર સ્વાત્મલયની અનુભૂતિ થઈ હશે. સાહેબ કઈ રીતે થાય, અમે આ કર્યું, તે કર્યું, નથી થતું. કેમ નથી થતું કે હું કહું છું નહિ થાય! આપણે PRIMARY PASS કરવી નથી ને COLLEGE ની મથામણ કરવી છે. તમે વસ્તુનો છોડો, તમે બાર વ્રતમાં તો આવો, તમે પરિગ્રહ પરિમાણમાં તો આવો, તમે એક વ્યવહાર ધુવનો શરૂ કરો, પછી નિશ્ચયની ભૂમિકા શરૂ થશે. હજુ વ્યવહારમાં આપણા બધા મીંડા.. મીંડા હોય, અને નિશ્ચયની વાતો કરીએ, સાહેબ આત્મ ધ્યાનનો રસ ઘણો પણ ધ્યાનમાં બરાબર મન... એ ધ્યાનની વાર છે તમને! બહુ સરસ મજાની વાત અધ્યાત્મ સાર ગ્રંથની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

व्यवहारविनिष्णातो यो ज्ञीप्सति विनिश्चयम्।

જે વ્યવહારમાં નિષ્ણાત નથી, અને નિશ્ચય ની તમન્ના રાખે છે, જિજ્ઞાસા રાખે છે.

कासारतरणा त्तः सागरं स तितीर्षति ॥

જે હજુ તળાવ તરી નથી શકતો, તળાવમાં એને હજુ છબછબીયા ફાવતા નથી, એને જે દરિયો તરવાની- વાત કરે છે.

## પહેલા નંબરમાં તમારો વ્યવહાર સુધારો !

ભુવનમાં કેટલા રાગ-દ્વેષ ના નિમિત્તો તમે રાખ્યા છે ને એની વચ્ચે તમે રહેતા હો છો, એક પછી એક- નિમિત્ત ને દૂર કરો.

## તમારા સંસારનું તમે REDUCTION કરો !

સંક્ષિપ્તીકરણ કરો. સંસારને બને એટલો ઓછો કરો. સંપર્કો ઓછા કરો, વસ્તુઓ ઓછી કરો. પરિગ્રહ- ઓછો કરો, બધુ ભળાવી દો. આપી દો. શ્રાવકના બાર વ્રત, ચૌદ નિયમ, આવશ્યક દેવ, ગુરુ, સંઘ- આના પ્રત્યેનું ઔચિત્ય, દૈનિક સેવા, જિનવાણી- શ્રવણ, વગેરે વગેરે BASIC (પાયાના) આચારો એમાં જે પુરા નથી, અને ધ્યાન, આત્માનુભૂતિ, આત્મજ્ઞાન, વગેરેની તૃષ્ણા રાખે છે. તેઓની- તૃષ્ણા કદી તૃપ્ત થવાની નથી.

## તેઓ ઝાંઝવાની પાછળ દોડી રહ્યા છે !

અધ્યાત્મસારમાં, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

व्यवहारं विनिश्चित्य ततः शुद्धनयाश्रितः ।

પહેલા તમે વ્યવહાર નયમાં PERFECT થાવ ને પછી શુધ્ધ નયનું અવલંબન લો.

आत्मज्ञानरतो भूत्वा परमं साम्यमाश्रयेत् ।।

પછી તમારું મન આત્મામાં ઠરશે, પછી તમને પરમ સમતા મળશે. પછી તમને શુદ્ધ ધ્યાનની ભુમિકા-મળશે. દિવસના આઠ-આઠ.. દસ-દસ કલાક-પૈસાની અંદર તમારો ઉપયોગ હોય, અને ધંધા-નોકરીના સમય સિવાય પણ તમારા મનમાં પૈસા ઘુમ-રાતા હોય, પછી આત્માની, મોક્ષની કોઈ વાત-કરવાનો કોઈ અર્થ નથી. જેમને કમાવાની કોઈ જ જરૂર નથી, જે કમાય નહિ તો પણ જેમનું ઘર ચાલે-એમ છે. અને છતા પ્રવૃત્તિ માટે, STATUS માટે, ધર્મમાં ખરચવા માટે પણ, જે કમાવા મચ્યા છે.

## તેઓ ધર્મ ને અને આત્માને સમજ્યા નથી!

પૈસા તો મળતા મળશે, ધર્મમાં તો ખર્ચીશ ત્યારે ખર્ચીશ, અત્યારે મારો-ઉપયોગ જિનશાસન વિના, ભગવાનના વચન વિના, પૈસાની અંદર આવશે, એના ઉપાર્જનના ઉપાયોની-અંદર આવશે, એની આંટીઘુંટી અને મથામણ ની-અંદર આવશે, આ આર્તધ્યાન પ્રભુએ કહ્યું, તો બિન-જરૂરી તો અનર્થદંડ પણ કહ્યો, એક એક રૂપિયો કઈ રીતે આવે, તપાસ કરીએ, અંદર કેટલી હિંસાઓ પણ આવી, એમાં જુઠ પણ બોલવાનું, એની અંદર મોટી કે નાની ચોરી પણ કરવાની, પૈસા વધશે, એટલે-LUXURY પણ વધારવાનું મન થશે, વિષયોનો ઉપભોગ વધશે, ચોથું વ્રત પણ મારું ગયું, પૈસા વધશે, પરિગ્રહનું પાપ વધશે, મારું પાંચમું વ્રત ગયું. પૈસા વધશે ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, બધું હડકે ને ભુસકે વધવાનું. અઢાર પાપસ્થાનકો, એનો બોજો મારા આત્મા ઉપર

DATE

વધવાની તો એ પૈસાનું મારે કામ શું છે! કમાણી નથી એ નુકશાની છે, આટલી ક્લિયર આપણી પાસે ના હોય તો, તમે દુકાને ન જાવ, ધંધો ન કરો તો, તમારે કશો વાંધો આવે એવું નથી, અને તમે દુકાને જાવ છો, એનો જરા અર્થ જવાબદારી નો, BUDGET નો, ખર્ચાનો છે જ નહિ, જરા સવાલ તમારા મોહનો જ છે અને ધારોકે તમે ન જાવ તો નથી ચાલે એમ, જેટલું તમે કરો અને એનાથી ઘર ચાલી જાય, એનાથી વધુ તમે કરો છો, એનો અર્થ શું છે?

જરા ગંભીરતાથી વિચાર કરો આજ મનુષ્ય ભવ છે, જેની અંદર ચારિત્ર ની સાધના છે, આ જ મનુષ્યભવ છે જેની અંદર ધંધો, પરિવાર, નોકરી વગેરે છે, બીજુ એકે ગતિ ની અંદર નથી અને આ ભવમાં આવ્યા પછી, આપણી એ જ દલીલ હોય કે અત્યારે જવાબદારી છે, અત્યારે ધંધો છે નોકરી છે, માટે અમે આત્માનું કરી શકીએ એમ નથી, તો શાસ્ત્રકાર ભગવંતો આપણને એ જ પુછે છે, તમે ક્યા ભવમાં આ કરશો? આ જ દાસ્તાન છે આપણી. અનંત વાર મનુષ્યભવ મળ્યો, અનંત-વાર જિનશાસન મળ્યું, જૈન કુળની અંદર જન્મ-મળ્યો, તો એ અનંતવાર કંઈ એક સાથે નથી મળ્યું, એ બે-બે ભવની [illegible] વચ્ચે અનંતકાળનો કદાચ GAP થઈ ગયો, અનંતકાળે માંડ ઉપર આવ્યા તો, ફરી આપણી પાસે આજ વાત હતી, પરિવાર છે, ધંધો છે, જવાબદારી છે.

આત્માની જવાબદારી હજુ સમજાતી નથી!

હજુ પરિસ્થિતિ ની ગંભીરતા સમજાતી નથી. આ ભવ એમને એમ જતો રહ્યો તો આપણું શું થશે, આનો વિચાર આપણને આવતો નથી. હજુ અંધારમાં છીએ, હજુ મોહમાં છીએ, હજુ આંખો આપણે બંધ રાખી છે, હજુ પરિસ્થિતિ નું દર્શન આપણે કર્યું નથી ને, કદાચ કરવું પણ નથી. આપણે આપણી ઈચ્છા ને અંધારામાં જ રાખવું છે ને, આપણા મોહની અંદર આંખ આડા કાન કરીને આપણે આપણી ધુનમાં ચાલે રાખવું છે. કદાચ એવી આપણી દશા છે.

સભાનો પ્રશ્ન :- ભગવન્ ! આપાતકાલીન પરિસ્થિતિ આવી જાય, એના માટે બચત કરવા માટે બે દોકડા હોઈએ તો !

પૂજ્યશ્રીનો ઉત્તર:- સંસાર એ જ મોટામાં મોટી આફત છે, ને આ ગતિ જેવી આપત્તિઓ, એના જેવી ઉપાધિઓ, એના જેવા દુ:ખો દુનિયામાં - કશે જ નથી ને, આપાતકાલીન પરિસ્થિતિ માટે ધન ભેગું કરવું જ જોઈએ, જો આફત આ સંસાર છે, આ ભવ ભ્રમણ છે, આ દુર્ગતિ છે, અને એમાંથી - રક્ષણ મેળવવા માટે,

**ધર્મ રૂપી ધન ભેગું કરી લેવું જોઈએ !**

આટલું SIMPLE આપણને શા માટે નથી સમજાઈ - શકતું. જે આપત્તિ ને સન્મુખ છીએ, જે આપત્તિ થી ડરવું છે, ને આપત્તિ નો પ્રતિકાર કરવા માટે પહેલાથી સજ્જ રહેવું છે. તો આ બધી આત્મ દ્રષ્ટિ ની જ વાત છે. સંસાર દ્રષ્ટિ ની વાત જ નથી. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

तीव्रक्लेशवर्गसमुद्भवा: ।

તમે સુખ માટે સંપત્તિ કમાવા જતા હો તો એટલો
સંપત્તિ ની અંદર જ કેટલું દુ:ખ પડેલું છે. તો
સુખ માટે સંપત્તિ મેળવવાની સવાલ જ ક્યાં આવે છે.
પ્રાચીન કથાઓની અંદર, બહુ NORMAL ચારિત્ર-
ગ્રંથોમાં આવે કે પૈસા કમાવવા પરદેશ ગયા.
બહુ સહજ આવું વાક્ય આવી જાય એની સાથે,
કેટલું બધું ભરેલું હોય. કેટલી હાડમારી, કેટલી-
મુસાફરી કરવાની, અજાણ્યા પ્રદેશમાં, અજાણ્યા-
દેશમાં જવાનું, ઘર-બાર છોડવાના, મા-બાપ-
છોડવાના, પરિવાર છોડવાનો, પરિચિત વ્યક્તિઓને
છોડવાની, પરિચિત ક્ષેત્રને છોડવાનું, અજાણ્યા ક્ષેત્રમાં
જવાનું, બધું ભગવાન ભરોસે. કેટલી બધી
હાલાકી ત્યાં, કેટલી બધી હાડમારી ત્યાં, કેટલી
બધી મહેનત ત્યાં, કેવા કેવા કડવા અનુભવો!
માંડ.. માંડ.. માંડ કંઈક કમાણી થઈ હોય ત્યાં,
રાજની કનડગત થાય, ધુતારાઓ હોય, એમની
કરામત થાય, ભારે કરવેરાના બોજ આવે,
મુસાફરીમાં જોખમ હોય, ક્યાંક ચોરી થઈ જાય,
ક્યાંક ભીલો ની ધાડ પડે, માંડ.. માંડ.. માંડ
કંઈક ભેગુ કરીને, પાછા વતન આવવા વહાણમાં
બેસી ને નીકળ્યા હોય, ત્યાં તોફાન આવે,
વાવાઝોડા આવે, દરિયો ગાંડો બને, વહાણ ભાંગી
જાય. આવી કેટકેટલા ચરિત્ર ગ્રંથોમાં કથા આવતી
હોય છે. જે પ્રાચીન કથાઓ છે એજ અર્વાચીન
કથાઓ છે, ફક્ત વહાણ અને એના ભાંગવાના
પ્રકારો બદલાઈ ગયા છે.

अनित्या: सम्पदस्तीव्रक्लेशवर्गसमुद्भवा: ।

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને બહુ પ્રેમથી-
કહેવા માંગે છે, ક્લેશ વિના પૈસો કમાય શકતો

નથી. પૈસો કમાવા માટે બીજાને પણ ક્લેશ આપવો પડે છે, અને આપણને પણ ક્લેશ આપવો પડે છે. પોતાના મનને ક્લેશમાં નાખ્યા વગર, પૈસો કમાઈ શકાતો નથી. ષટ્કાયના જીવોને ત્રાસ આપ્યા વગર પણ પૈસો કમાઈ શકાતો નથી.

## દરેક રૂપિયો લોહિયાળ હોય છે !

જેમાં ષટ્કાયના જીવોનું પણ લોહી હોય છે. અને આગળ વધીને, આપણું લોહી બાળ્યા વિના પણ, પૈસો કમાય શકાતો નથી, આપણો કમાયેલા દરેક રૂપિયા પાછળ, આપણો લોહી બાળેલું હોય છે. તમે કહો કે સાહેબ અમે કાંઈ લોહી બાળતા નથી, અમને તો એક સોદામાં અઢળક રૂપિયા મળી રહે છે, હું તમને પુછું છું એ સોદાનું જ્યાં સુધી પરિણામ ન આવે ત્યાં સુધી, તમારા દિલની દશા કેવી હોય છે. INVESTMENT તમે કરી દીધું, સાચું બોલો જેમાં તમારો જીવ નથી હોતો. હજુ વળતર નથી આવ્યું ત્યાં સુધી તમારી દશા- કેવી હોય છે, કદાચ તમારા પૈસા ડુબ્યા પણ નથી, પણ હજુ પાછા આવ્યા પણ નથી, ડુબવાની સંભાવના માત્ર છે, ત્યાં તમારી દશા કેવી હોય છે ?

अनित्याः सम्पदस्तीव्रक्लेशवर्गसमुद्भवाः ।

માણસોને પુરો પગાર આપ્યા પછી જ્યારે તમને કામચોરી દેખાતી હોય, ત્યારે તમે જીવ બાળતા હો છો. તમે- જાહેરાતોના ખર્ચા ઘણા કર્યા, પણ પુરુ વળતર જેનું તમને મળ્યું નહિ, જેમ પ્રમાણમાં કમાણી ઓછી થઈ, ત્યારે તમે જીવ બાળતા હો છો. યા નફો વધુ મળીને યા ઘરાક ગુમાવવો પડે, આવી SANDWITCH તમારી થાય, ત્યારે તમે જીવ બાળતા હો છો. નવા કરવેરા આવે, ત્યારે તમે જીવ બાળતા હો છો. સરકારી -

DATE

અધિકારીઓ આવીને જંજેરી જાય, ત્યારે તમે ખુબ બાળતા હો છો. પોલીસ આવીને એની ભોગ લઈ જાય ત્યારે તમે ખુબ બાળતા હો છો. STOCK પડ્યો રહે ત્યારે તમે ખુબ બાળતા હો છો. STOCK તમારે પડતર કિંમતે કાઢી દેવો પડે, યા તો એનાથી પણ ઓછો કિંમતે કાઢી દેવો પડે, ત્યારે તમે ખુબ બાળતા હો છો. MULTI NATIONAL COMPANY હોય, અથવા ONLINE BUSINESS હોય, એની સ્પર્ધા તમે ન કરી શકો, ત્યારે તમે ખુબ બાળતા હો છો. ચોપડા તમે READY કર્યા, અને પછી પણ તમારે વધારાના રૂપિયા ભરવા પડે, ત્યારે તમે ખુબ બાળતા હો છો.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે,

तीव्रक्लेशवर्गसमुद्‌भवा: ।

રૂપિયો એ હકીકતમાં રૂપિયો છે જ નહિ, તમારા કમાયેલા હરેક રૂપિયા ઉપર,

## હાડમારીની તકતી લાગેલી હોય છે!

દુનિયાની દ્રષ્ટિએ તમારી પાસે વધારે રૂપિયા હોય તો તમે મહાન વધારે છો. જ્ઞાની ઓની દ્રષ્ટિએ, વધારે રૂપિયાનો અર્થ વધારે હાડમારી થી વધારે કશું જ નથી. રૂપિયાની અંદર ચિંતા છે, રૂપિયાની અંદર ઉચાટ છે, રૂપિયાની અંદર મગજમારી છે, રૂપિયામાં ભાર છે, રૂપિયામાં ટેન્શન છે, રૂપિયાની અંદર ઉજાગરો છે. રૂપિયાની અંદર ઉદાસી છે, રૂપિયાની અંદર મથામણ છે, રૂપિયાની અંદર DIABETES છે, રૂપિયાની

અંદર High B.P. છે, રૂપિયાની અંદર અનગ્રનની શારીરિક અને માનસિક વેદનાઓ છે.

સભાની પ્રતિભાવ :- સાહેબજી સંસારમાં અસંતોષ નું પ્રમાણ વધી ગયું છે, એટલે આધિ, વ્યાધિ, ઉપાધીઓ વધી ગઈ છે. અપેક્ષાઓ વધી ગઈ છે. એને હિસાબે આ બધું થઈ રહ્યું છે.

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- બહુ પ્રેમથી મારે તમને કહેવું છે. રૂપિયાની અંદર રૂપિયો ઓછો છે. અને આ બધું વધારે છે. આ-બધું ભેગું થઈ ને રૂપિયા માંથી રૂપિયા ને હડસેલો-મારીને કાઢી મુકે છે. જ્યારે તમે રૂપિયાની પાછળ દોડો છો, ત્યારે તમે આ બધાની પાછળ દોડો છો. જ્યારે રૂપિયાનો અર્થ આ જ છે. રૂપિયાનો અર્થ રૂપિયો નથી, રૂપિયાનો અર્થ ઉજાગરો, બેચેની, રોગો, વગેરે-વગેરે જ છે, ત્યારે એની પાછળ દોડવામાં તમે તમારી મત અને જીંદગી વહેંચી નાખો, એનો અર્થ શું છે ?

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે, ખુશી અનિત્ય છે, યૌવન અનિત્ય છે, સંપત્તિ અનિત્ય છે. તીવ્ર ક્લેશો- સંક્લેશોથી સંપત્તિ મળે છે. હજુ આગળની વાત, એના કરતા પણ મહત્વની વાત, - સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

अनित्यं जीवितं चेद् सर्वभावनिबन्धनम् ।

આ બધું જ જેના આધારે છે. તમારી ઘર, પરિવાર, ધંધો, પૈસા, મિલકત, શરીર, સબંધ, બધું જ જેના આધારે છે, એ જીવન, એ જીવન પણ તો અનિત્ય છે. શાંતસુધારસમાં વિનય વિજયજી મહારાજ કહે છે,

आयुर्वायुतरत्तरङ्गतरलम् ।

આયુષ્ય એ વાયુની લહેરી જેવું, પવનના ઝોકા જેવું, તરંગ જેવું ચંચળ છે. ઉપદેશમાલામાં ધર્મદાસગણિ મહારાજ કહે છે,

संझराग जलबुब्बुओवमे जीविए य जलबिंदुचंचले।

જીવન શું છે ? આયુષ્ય શું છે ? માગે સાંજના - વાદળા હોય, રંગબેરંગી એમના રંગો હોય, એ - રંગો કેટલા ટકે, એટલું જ આયુષ્ય ટકી શકે એમ છે. પાણીનો પરપોટો હોય, એનું આયુષ્ય કેટલું ? પાણીનું એક ટીપું છે, ઘાસનો અગ્ર ભાગ છે, સોય જેવી પાતળી ને એના ઉપર પાણીનું એક - બિંદુ બાઝેલું છે, જીણું એ ટીપું છે, પવન આવી રહ્યો છે, ઘાસ આમ આમ થઈ રહ્યું છે. હજુ સુધી એ ટીપું પડી નથી ગયું, એટલું જ ! એ - ક્યાં સુધી ટકશે ?

આપણા માટે NEWS છે કોઈ OFF થઈ ગયું, શાસ્ત્રકાર ભગવંતો કહે છે, કોઈ OFF થઈ જાય એ NEWS નથી, કોઈ જીવે છે એ NEWS (સમાચાર) છે.

मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवितमुच्यते बुधैः।

મૃત્યુ એ તો માણસની પ્રકૃતિ છે, સ્વભાવ છે. જીવ માટે માણસ માટે શાસ્ત્રોમાં એક સમાનાર્થી શબ્દ નો પ્રયોગ થયો છે,

मरणधर्मा।

મૃત્યુ એ જ એનો ગુણધર્મ છે, મૃત્યુ એ જ એનો સ્વભાવ છે.

मरणधर्मा।

સ્વભાવ એ સહજ હોય છે. વિભાવ એ કૃત્રિમ હોય છે આપણો જીવીએ છીએ એ કૃત્રિમતા છે. આપણે જીવીએ છીએ એ વિભાવ છે. આપણે જીવીએ-

છીએ, એ વિકૃતિ છે. એ સહજ સ્વભાવ નથી. આપણે મરી જઈએ છીએ આ પ્રકૃતિ છે, આ સહજ સ્વભાવ છે. જીવન શ્વાસ દ્વારા ચાલે છે, શ્વાસ એક પ્રકારની વાયુ છે. અને વાયુથી વધારે, બીજું કશું જ ચંચળ નથી. સૌથી ચંચળ દુનિયામાં કંઈ હોય, તો એને વાયુ કહેવાય. એ વાયુના આધારે આપણું જીવન ચાલે છે ને, આપણે એના ઉપર વિશ્વાસ રાખીને, નિરાંતે બેઠા છીએ. આ-પણ આપણી મુર્ખામી છે.

એક માણસ હતો, એને સ્થળાંતર-કરવાની જરૂર પડી ને, કેવી મતનું એનું મગજ હશે! મોટા પૈડાઓ લાવ્યો, પૈડા ઉપર મોટું પાટીયું મુક્યું, પાટીયા ઉપર બધી ઘરવખરી મુકી દીધી. બધો પરિવાર-એમાં બેસાડી દીધો, ખુરશી, ટેબલ, FURNITURE, રાચરચીલું, બધી ચીજવસ્તુઓ, બધુ એ પાટીયા ઉપર મુકી દીધું, પરિવારને પાટીયા પર બેસાડી ને પોતે-પાટીયા ઉપર બેઠો, એ પાટીયા ને આગળ એક HIGH POWER વાળા CRANE સાથે બાંધી દીધું, આગળ-CRANE છે, પાછળ પાટિયું છે, નીચે પૈડા છે, પાટીયા ને CRANE ની વચ્ચે દોરી છે, અને આગળ જ્યાં જવાનું હતું, ત્યાં CRANE ચાલવા લાગ્યું. હજુ તો જરાક ચાલ્યું હતું ત્યાં, દોરી તુટી ગઈ. પાટીયું છુટું પડી ગયું, પાટીયું નીચે પડી ગયું, બધુ જ બરબાદ થઈ ગયું. આવું શા માટે થયું, કારણકે, પાટીયું જેના આધારે બંધાતું હતું, એ એક દોરી માત્ર હતી, દોરી પાછી સુતરની હતી, એ સુતર પાછુ કાચુ હતું. આપણને થાય આ કેવું કઠંગુ દ્રષ્ટાંત, કેવી બેહુદી વાત, આવી રીતે મુર્ખામી કોણ કરે કે બધુ એમાં મુકી દીધું ને કાચા સુતરની દોરી, એના આધારે એના-ભરોસે બધુ મુક્યું, એ તો બધું તુટવાનું જ હતું, ને

જલાસ જ થવાનું હતું. આવું કોણ કરે ? હકિકતમાં આવું આપણે જ કરી રહ્યા છીએ, ને આ આપણી જ વાત છે.

આપણું બધું જ ઘર, પરિવાર, ધંધો, શરીર, બધું જ આપણે જેના ભરોસે રાખ્યું છે, એ પાટિયાને જેની સાથે બાંધ્યું છે, એ કર્મનું CRANE છે, ને એ કાચા સુતરની દોરી છે એ આયુષ્ય છે, આયુષ્યના આધારે બધુ ચાલે છે. બહુ બુધ્ધિશાળી આપણે. દુનિયાને સલાહો આપનાર આપણે, આમ કરાય ને આમ ના કરાય ને તેમ કરાય. આપણે શું કરી રહ્યા છીએ એની પ્રત્યે આપણી દ્રષ્ટિ જતી નથી, આપણને લાગે છે કે આપણે બહુ ડાહ્યા છીએ. આપણે બહુ વ્યવસ્થિત કરીએ છીએ. આપણામાં કોઈ જ ભુલ નથી. કદાચ આપણને આવું દ્રશ્ય દેખાય કે આ રીતે પાટિયા ને CRANE થી ઊંચી ને કોઈ જઈ રહ્યું છે, તો આપણે એને સલાહ આપીએ, કે ભાઈ આ શું ગાંડા કાઢે છે. પણ આપણે શું કરીએ છીએ એનો આપણને વિચાર આવતો નથી. પાટિયા પર આળસ બેઠો હોય, માલિકીના પ્રેમમાં હોય આ બધું મારું છે, બહુ સરસ છે, દીકરાના માથે હાથ ફેરવતો હોય, પત્ની સાથે વાત કરતો હોય, ભાવતા ભોજન ખાતો હોય, T.V. જોતો હોય, ધંધાના સોદા કરતો હોય, રૂપિયાની ગોઠવણી કરતો હોય, ફોન પર વાત કરતો હોય, હિસાબ કિતાબ કરતો હોય, એને એઈની તમારા જેવા કહીશે કે ભાઈ નું આ ગાંડા ના કાઢ, આવી મુર્ખામી ના કર, આ બધું ફરવાનું છોડ, અને પેલા આ કાચા સુતરની દોરી ને જો,

એને સંભાળ, પહેલા તું એનો વિચાર કર, તું એને ઓળખીશને, તો તને બીજું કશું પણ એવા જેવું લાગશે નહિ.

अनित्यं जीवितं चेह सर्वभावनिबन्धनम् ।

સભાનો પ્રતિભાવ :- એ બાબતમાં કરુણાભાવ આવી જાય છે!

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- આપણે છે ને, ખરેખર કહું, કે થોડા ઘણા શબ્દો-ભણીએ એનો દુરુપયોગ કરીને, આપણે ખરેખર-આંખ આડા કાન કરી ને, ઉંધુ ઘાલીને, એક નહન-અણસમજુ છે, જેને કશી જ સંસારની ખબર નથી, સંસારનું સ્વરૂપ શું છે? મોક્ષમાર્ગ શું? જિનવાણી-શું? એને કશી ખબર નથી, આપણે વર્ષોથી સાંભળી-સાંભળી ને ઘણું ઘણું ભણી ચુક્યા, છતા જીવન આપણું લગભગ પેલા જેવું હોય છે. મુર્છા, મોહ, આસક્તિ, બધુ પેલાના જેવું છે ને આપણી પાસે એટલો સંતોષ છે કે મને બધી ખબર છે.

ઝેર ભણીને પીવો તો પણ ઝેર જ છે!

અધ્યાત્મ કલ્પદ્રુમમાં મુનિસુંદરસૂરી મહારાજ કહે છે,

गरोऽपि नामान्तरतोऽपि हन्ता ।

ઝેરનું નામ બદલી નાખો, ઝેરની બાટલી બદલી નાખો, ઝેર માટે ગમે તેટલા સારા વિચાર કરો, ઝેરને ભણી ને પીવો, અભણતા પીવો, ઝેર તો ઝેર જ છે. વાત પેલા માણસની નથી, વાત હકીકતમાં-આપણી જ છે, સિદ્ધર્ષિ ગણિ મહારાજ બહુ અદ્ભુત વાત કરે છે, કે માણસે જેમ બધુ જ એ પાટિયા ઉપર મુકો દીધું, એમ આપણે પણ આપણું બધું જ,

ધંધો, ઘર, ગાડી, મિલકત, પરિવાર, બધું જ લઈને એક પાટિયા ઉપર બેસી ગયા છીએ. એ-પાટિયાના ચાર છેડે, ચાર દોરડા આપણે બાંધ્યા-છે. એ ચારે દોરડાના છેડા, એક સુતરના-તાંતણાઓથી બનેલા, એ પાતળા દોરા સાથે-બાંધ્યા છે, એક કાચા સુતરની દોરી છે, એ-દોરી આપણા કર્મના CRANE સાથે બાંધેલી છે, એ CRANE ઘણું ઊંચું છે, ઠેઠ ઉપર ફૂટ-ઊંચું એ પાટિયું છે, જેની અંદર આપણું બધું જ છે. એ પાટિયું, એ CRANE, એ સુતરની દોરી, ક્યાં સુધી ?

अनित्यं जीवितं चेह सर्वभावनिबन्धनम्।

આટલું કરતા ફાવે ? હમણાં મેં વર્ણન કર્યું ને, આવું ચિત્ર ઘરના દરેક રૂમની અંદર રાખવાનું. ફાવે ? ડગલે ને પગલે એ ચિત્ર તમને-દેખાય, પછી જે કરવું હોય તે કરો, એ તમારી-ઇચ્છા, તમે ધંધા માટે દોડો, તમે પરિવાર માટે દોડો, તમે ઘર સજાવો, તમે ભવિષ્યના સપના-બનાવો, તમે PLANNING કરો, જે કરવું હોય એ કરો, તમારી પરિસ્થિતિ હકીકતમાં આ જ છે, ઘરના દરેક રૂમની અંદર તરત દેખાય એમ, આવું ચિત્ર લગાડી દીધું હોય ને રોજ એને જુઓ, અને સિદ્ધર્ષિ ગણિ મહારાજની આ પંક્તિ યાદ કરો,

अनित्यं जीवितं चेह सर्वभावनिबन्धनम्।

બધું જ જેના આધારે હોય, એ જ આટલું તકલાદી હોય, એ જ આટલું બધું ક્ષણવિનશ્વર હોય, તો બધું ભેગું કરવા માટે દોડવાનો, બધું ભેગું કરવાનો, સાચવવાનો અર્થ જ શું રહ્યો ?

अनित्यं जीवितं चेह सर्वभावनिबन्धनम्।

પ્રતિબોધક આચાર્ય આપણને એ કહેવા માંગે છે કે,

આ સ્થિતિ ની અંદર નાચવાનું ના હોય, આ સ્થિતિની અંદર, મોજમજા ન હોય, T.V. ના જોવાનું હોય, મારો-પરિવારનો, મારું આ બધું, રાચવા-માચવાનો આ-અવસર નથી. આમ તો રડવા જેવું દ્રશ્ય છે પણ-રડવાની પણ જરૂર નથી, પણ જ્યાં સુધી આ સુનરની તાવણી તુટચી નથી, ત્યાં સુધી કંઈક એવું કરી લેવું-જોઈએ, કે ભવે-ભવે, ફરી ફરી આપણે આવી કફોડી દશામાંથી પસાર ન થવું પડે.

બહુ સરસ મજાની વાત શાસ્ત્રકાર-ભગવંતો કરે છે,

महता पुण्यपण्येन, क्रीतेयं कायनौस्त्वया ।

આ શરીર તને મળ્યું નથી, ને તે ખરીદ્યું છે, ને એ શેના બદલામાં ખરીદ્યું, ઘણું બધું પુણ્ય આપ્યું, પુણ્યનું મુલ્ય ચુકવ્યું, પુણ્યની CURRENCY ચુકવી, પુણ્ય રૂપી મુલ્ય આપીને, ઘણી બધી મોટી કિંમત ચુકવી ને, આ શરીર રૂપી હોડી, એ તે ખરીદી છે.

पारं दुःखोदधेर्गन्तुं, तर यावन्न भिद्यते ॥

દુઃખના સાગરની પાર જવા માટે તે આ શરીર રૂપી હોડી ખરીદી છે.

तर यावन्न भिद्यते ।

આ હોડી ભાંગી ન જાય, ત્યાં સુધીમાં તું ઝડપ કર. તકલાદી હોડી છે, નશ્વર હોડી છે, ગમે ત્યારે દગો દઈ-દે એવી હોડી છે, એની માંડ માંડ તને મળી છે ને આનાથી જ તું પાર પામી શકીશ. તો બીજુ બધી જ મથામણ છોડીને, રંગરાગ છોડીને, મુર્ખામી છોડીને, તું જલ્દી થી આ હોડીથી પાર પામી જાય, એવું જ-કર ને!

अनित्यं जीवितं चेह सर्वभावनिबन्धनम् ।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને પ્રેમથી કહેવા માંગે છે,

એમને ખબર છે તમને વિષયો બહુ ગમે છે, પરિવાર-
નો મોહ ઘણો છે, પૈસાનો મોહ ઘણો છે, તમારી
બધી જ વાત સાચી.

सत्यं मनोरमाः कामाः, सत्यं रम्या विभूतयः।

અમે માનીએ છીએ કામભોગો મનોરમ હોય છે,
જીવન આકર્ષે છે, લોભાવે છે, વિષયોનું એને-
આકર્ષણ છે, અમે માનીએ છીએ, વાત સાચી છે,

सत्यं रम्या विभूतयः।

હવે તમારા પચ્ચીસ માંથી એકસો પચ્ચીસ કરોડ,
બનાવવાના PLANNINGS છે, હવે મોટો બંગલો
કરવો છે, મોટી ગાડી લેવી છે, હવે તમારે ઘરને-
LUXURIOUS બનાવવું છે, કોઈ પગ મૂકે ને એના-
મોઢા માંથી આહ નીકળી જાય એ LEVEL ઉપર
તમારે પહોંચવું છે ને, એ વિભૂતિઓ, એ-
શ્રીમંતાઈઓ, એ સાહેબીઓ, એ વૈભવ છેલ,
આ પણ રમ્ય છે, ગમે એવી છે, જીવન લોભાવે
એવી છે, અમે ACCEPT કરીએ છીએ, વાત-
સાચી છે, YOU ARE RIGHT! કામભોગો
બહુ મનોરમ છે, શ્રીમંતાઈ આકર્ષક છે, બધી
જ વાત સાચી.

किन्तु मत्ताङ्गनापाङ्गभङ्गलोलं हि जीवितम्॥

એક ઉન્મત્ત સ્ત્રી હોય ને એની આંખ જેટલી ચંચળ
હોય, એના જેટલું જ ચંચળ, આયુષ્ય છે.
આ જીવન છે. જો જીવન શાશ્વત હોત, જો-
જીવનનો નાશ ન હોત, જો આ જીવન એ જ સત્ય
હોત, અને જો આ જ કાયમી હોત તો તમે દોડો
વિષયોની પાછળ, પૈસાની પાછળ, ધંધાની પાછળ,
ગાંડાતુર બનો, કમાઈ લો ઘણું, હોંશથી એને
ભોગવો, કોઈ જ અમને વાંધો ન હતો, અમે-
કોઈ તમને દુઃખી કરવા કંગાળ કરવા, પરાણે-

છોડાવવા, એવું કશું જ ઈચ્છતા નથી. પણ એવું છે જ
નહિ, જીવન ક્ષણનશ્વર છે, ભાંગી જવાનું, તૂટી જવાનું,
પૂરું થઈ જવાનું, શા માટે તમે આવી મુર્ખામી કરો-
છો ? જે તમારી સાથે નથી આવવાનું, જે કાયમ-
નથી ટકવાનું, જે તમે માત્ર ભેગું કરવાની મજૂરી કરવાના,
એને ભેગું કરવા સાથે, અનેક ગણું-
પાપ ભેગું કરવાના, જે ભેગું કર્યું એ મુકીને જવાના,
પાપ બધું સાથે લઈ જવાના, ભવભ્રમણ કરી કરીને-
દુઃખી થવાના, શા માટે તમારે આવું કરવું છે ?

તમે પૈસા જુઓ છો, તમે આયુષ્ય નથી
જોતા, તમે ધંધો જુઓ છો, આયુષ્ય નથી જોતા,
પરિવાર જુઓ છો, આયુષ્ય નથી જોતા, સગાવ્હાલા-
જુઓ છો, વ્યવહારો જુઓ છો, આયુષ્ય નથી જોતા,
તમારી નજર પાટિયા ઉપર છે, પાટિયા ઉપરની વસ્તુઓ
ઉપર છે, પાટિયા પરની વ્યક્તિઓ ઉપર છે, તમારી
નજર એ કાચા સુતરના તાંતણા ઉપર નથી, કે જેના-
આધારે પાટિયું ટક્યું છે, અને એ તાંતણાનો બિલકુલ
ભરોસો નથી, તમે ભેગું કર્યું કે ન કર્યું એનો કોઈ જ
અર્થ નથી, ખરો સવાલ એ છે કે આવી કફોડી દશામાં
વારંવાર તમે ન ફસાવ, એના માટે તમે શું કર્યું ?

આપણે શાંત ચિત્તે વિચાર કરીએ, આ
બધું શા માટે ? ક્યાં સુધી ? અને આમાં મારા
આત્મા નું શું ? વૈરાગ્યશતક માં પ્રાચીન પરમર્ષિ કહે
છે,

सव्वाओ रिद्धिओ पत्ता।

એક પણ પ્રકારની શ્રીમંતાઈ મેળવવાની હજુ સુધી બાકી
રહી નથી. લખલુટ ખજાના, લખલુટ વૈભવ, આ જીવને
અનંતી વાર મળી ગયા છે.

सव्वे वि सयणसंबंधा ।

બધા જીવો સાથે બધી જાતના સંબંધો આ જીવે, - અનંતી વાર કરી લીધા છે

संसारे ता विरमसु,

હવે તો તારી સંસારની દોડને અટકાવ,

तत्तो जइ मुणसि अप्पाणं ॥

જો હવે પણ, હજુ પણ, તું તારા આત્માને સમજ્યો હોય, તો આ દોડ છોડ. અને જિનશાસનની - આરાધનાની દોડમાં જોડાઈ જા. આજે સમય - પાક્યો છે, આજે આટલું રાજીએ !

---

## વ્યાખ્યાન નંબર- ૧૩૮   DATE 22 08 2021

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, મોહ - વિલય વિધાનમાં, પ્રતિબોધક આચાર્યના મુખે, સંસારના સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવી રહ્યા છે.

અનિત્યે જીવિતં ચેહ સર્વભાવનિબન્ધનમ્ ।

બધા જ વસ્તુઓનું જે કારણ છે, આધાર છે, બીજુ બધી જ વસ્તુઓનું જે અસ્તિત્વ છે, એ જીવન પણ તો અનિત્ય જ છે. એક કવિએ મઝાની વાત કરી છે.

એક કબુતરને તોપ સે પુછા, ક્યા યહાં ઘોંસલા બના લું?

કબુતર છે, ભોળુ છે, ઉડતુ.. ઉડતુ.. એક તોપ પડી છે, એની પાસે આવે છે ને, તોપને - પુછે છે. આ તારું નાળચું છે, ને એની અંદર જગ્યા છે, તુ રજા આપ તો આની અંદર હું મારો માળો બનાવી - લઉં. કબુતર ભોળુ છે, આપણે ભોળા છીએ, કબુતરને કશી ખબર પડતી નથી, આપણને પણ કશી ખબર પડતી નથી. કબુતરને તોપ એક બહુ જ સારી, ADVISABLE, REASONABLE, APPROPRIATE જગ્યા લાગે છે. આપણને પણ સંસાર, ઘર, ધંધો, પૈસા, બધી યોગ્ય - જગ્યા લાગે છે. કબુતર ને નથી ખબર કે ભાઈ આ તો ખરાબ માં ખરાબ જગ્યા છે, એક જ SECOND માં એક જ ધડાકાની સાથે, માળો, ઈંડા, બચ્ચા, હું બધા ના - ફુરચે- ફુરચા ઉડી જાય એમ છે, એથી અહિંયા - ના રહેવાય. આપણને પણ નથી ખબર કે,

### જીવ માટે પણ સંસારમાં રહેવા જેવું નથી!

એક રાજા હતા. એનો સ્વભાવ છે ને વિચિત્ર. એક વાર એક માણસ ઉપર એ ખુશ થઈ ગયો, તારે જે માગવું હોય તે માંગી લે તને વરદાન આપુ છું, પેલાએ બહુ

ગડમથલ કરી કશું સુઝે નહિ, ને રાજાએ મુંઝવણ-
સમજુ ગયો ને રાજા કહે કે ચાલ હું તને મારી-
પ્રતે આપું. પેલા એ કહ્યું કે શું આપશો ?
રાજાએ કહ્યું કે એ મારો અતિથિ માટેનો
SPECIAL મહેલ છે એમાં તને અતિથિ-
બનાવું, સવારે તુ એની અંદર આવે ને એટલે
તને સો વાનગીઓથી પહેલા નાસ્તો કરાવું.
અને એની સાથે તને પચીસ કરોડ ચાંદીના-
રૂપિયા આપું. પેલાની આંખમાં તો ચમક આવી-
ગઈ, રાજા પોતાની વાત આગળ વધારે છે, પછી તો
અપ્સરા જેવી યુવતીઓ, મહેફિલ, નાટક, સંગીત,
નૃત્ય. અદ્દભુત માહોલ હોય. બસ, તને એમ-
લાગે કે તુ દેવલોક માં આવી ગયો છે, એટલું-
સુખ... એટલું સુખ... એટલું સુખ... પછી
બપોરે તને એકસો પચ્ચીસ વાનગીઓનો જમણ-
વાર કરાવું, અને તને એકાવન કરોડ ચાંદીના-
રૂપિયા આપું. પછી અપ્સરા જેવી યુવતીઓ,
મહેફિલ સુગંધ, સુગંધ, સુગંધ વાળુ વાતાવરણ.
અત્તર, PERFUMES, ફુલો, પુષ્પશીયા, અદ્દભુત
દિવ્ય સંગીત. ઓલાને અંદરથી મનમાં થાય છે કે
આપી દો વરદાન પણ રાજા બોલી રહ્યા છે એને
વચ્ચે થી કેવી રીતે અટકાવાય. રાજાએ કહ્યું-
પછી તો તને, સાંજે 80 વાનગીઓથી વાળુ-
કરાવુ, છત્રીસ કરોડ રૂપિયા ચાંદીના બીજા તને
આપુ. ફરી અદ્દભુત મહેફિલ જામે, અને પછી
રાજાનો ચહેરો, આંખ, ભાવ બધા બદલાય ગયેલા
લાગ્યા, પેલા ને શંકા પડી ગઈ ને તરત પુછાઈ
ગયું પછી શું ? પછી હું તને ફાંસી ના
માંચડે ચડાવી દઈશ ! બોલ તને મંજુર-
છે ? તો તને આપું વરદાન આપું ને પેલા

માણસે ધડ કરીને કહી દીધું કે મારે તમારું વરદાન-જોઈતું નથી, તમારું વરદાન તમારી પાસે રાખો. મારે-એની કોઈ જ ઈચ્છા નથી.

જે માણસ પાસે એટલી COMMON SENSE છે, કે ગમે તો હોય, આખો દિવસ ગમે તેવી મહેફિલ-માં, ગમે તેટલા રૂપિયા મળે, ગમે તેટલા વિચારો મળે, ગમે તેટલું સુખ મળે, એ સાંજે મારે મરી જ જવાનું છે તો, આ બધી વસ્તુઓનું કરવાનું શું ? જે માણસ-જેટલી COMMON SENSE આપણને આવી જાય, એટલી COMMON SENSE આવી જાય, કે જીવનની સંધ્યાએ, એ મારે આ બધું જ છોડી દેવાનું છે, તો આખા-દિવસમાં મને કેટલી ઉપલબ્ધિઓ મળી, કેટલા રૂપિયા-મળ્યા, કેટલા સુખો મળ્યા, આનો કોઈ અર્થ જ નથી. સંસાર રૂપિયા આપે છે કે નથી આપતું, સંસાર રૂપ આપે છે કે નથી આપતું, સંસાર કદાચ રૂપ અને રૂપિયો-ગમે તેટલા આપે, સંસાર છેલ્લે સાંજે દરેકે દરેક-વ્યક્તિને ફાંસીના માંચડે ચડાવ્યા વગર રહેતો જ નથી, તો પછી સંસાર શું આપે છે, કેટલું આપે છે, ગમે એવું-છે, નથી ગમે એવું, મળ્યું ના મળ્યું, આ બધાનો અર્થ-જ શું રહ્યો !

માણસ બહુ વેપારી રીતે સમજે છે કે, સાંજ પડશે ને રામને તો એનું આપેલું બધું પાછું મળી જવાનું, પચ્ચીસ-છત્રીસ કે એકાવન કરોડ હોય, રામનું રામ ને મળી જવાનું, મારા પ્રાણ છૂટી જવાના. આખા દિવસની મહેફિલ મારે માથે પડવાની. આપણને એટલું સમજાઈ-શકતું નથી, કે જીવન સંધ્યાએ, સંસારનું બધું જ સંસારને પાછું મળી જવાનું. હું અનંત મૃત્યુની યાત્રાએ ઉપડી જવાનો અને આ બધું ભેગું કરવા માટે, મેં જે પાપો કર્યા, એનાથી

મારો આત્મા, ભવાંતર ની અંદર દુઃખી થવાનો.

अनित्यं जीवितं चेह सर्वभावनिबन्धनम् ।

બધા જ ભાવો, બધી જ વસ્તુ જેના આધારે છે, એ જીવન પણ અનિત્ય છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે.

पुनर्जन्म पुनर्मृत्युर्हीनादिस्थानसंश्रय: ।

સંસાર શું છે ? ફરી જનમવું, ફરી મરવું, ફરી જનમવું, ફરી મરવું, ફરી જનમવું, ફરી મરવું, હિન, મધ્યમ, ઉચ્ચ વગેરે સ્થાનોમાં જવું.

पुन: पुनरिदं यदत:, सुखमत्रो न विद्यते ।।

ફરી.. ફરી.. ફરી.. ફરી.. આ જ ઘટમાળ, આ જ થક્ક ચાલ્યા કરે, તો આમાં સુખ ક્યાં છે ?

**સભાનો પ્રશ્ન :-** સાહેબ, શાસ્ત્રોમાં જેટલા પણ-દ્રષ્ટાંતો આવે છે, એમાં ચરમ શરીરી બધા આત્માઓ પણ, છેલ્લા સમયે માથામાં સફેદ-વાળ આવે તો દીક્ષા લે, અથવા તો વૃધ્ધાવસ્થામાં દીક્ષા લે, યુવાનની તો કાળતો રાજ્યના વહીવટમાં જ પસાર કરે છે. તો અમારે છેલ્લા સમયે વિચારવાનું-કે અત્યારથી ?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** ત્રિશષ્ટિ શલાકા પુરુષ ચરિત્રની અંદર કલિકાલ સર્વજ્ઞ, હેમચંદ્રાચાર્ય એ આ સવાલનો જવાબ આપ્યો છે.

વાત છે આદિનાથ ભગવાનના ચરિત્ર-ની, અને એમના પૂર્વભવ મહાબલ રાજાના ભવની. વૈરાગ્ય જાગ્યો છે ને મંત્રીઓ સમજાવે છે કે હજુ યૌવન છે તો, હજુ હમણાં રાજ-પાટ ભોગવો. રાજા એ જ્ઞાની ભગવંતો એ કહી દીધું છે કે,

તમારું આયુષ્ય હવે માત્ર આટલા જ દિવસનું છે, એનાથી વધારે આયુષ્ય નથી, રાજા ભોગી ભય છે, સમજુ ભય છે, પ્રતિબોધ પણ ત્યારે જ પામે છે, આયુષ્ય પણ ત્યારે જ સમજે છે, હજુ રાજાની ઉંમર નાની છે, મંત્રીઓ બધા તુટી પડયા છે કે, હજુ હમણાં નહિ. રાણી ભગવતી કહે કે હજુ આપ જુવાન છો, નિરોગી છો, આયુષ્ય-વધારે પણ હોય શકે, તો અત્યારે દીક્ષા લેવાની જરૂર શું છે ને, રાજા ત્યાં જવાબ આપે છે,

राजोचे यदि बह्वायु - बहु पुण्यं भविष्यति।

રાજા કહે છે કે જે આયુષ્ય ઘણું બધું હોય, તો પુણ્ય-પણ ઘણું બધું થાય. રાજા બહુ સરસ મજાનું ઉદાહરણ આપે છે, સરોવરની અંદર કમળની વેલ ઉગેલી છે, એ કયાં સુધી વધે છે એની જમીનથી શરૂઆત થઈ-હોય, એ વધતી જાય.. વધતી જાય.. વધતી જાય -- વધતી જાય--- પાણી જે પાંચ ફુટ ઉપર છે તો ત્યાં-આવીને અટકે, દસ ફુટ ઉપર છે તો ત્યાં આવીને અટકે, સો ફુટ ઉપર છે ત્યાં આવીને અટકે. અને નંદા, પુષ્કર, વિવિધ સમુદ્રો વગેરે, એની અંદર જે કમલીનિ ઉગતી હોય છે.

जोयणसहस्समहियं णवरं पत्तेयरुक्खाणं।

પૂર્વ-વિચારની અંદર કહ્યું, કે પ્રત્યેક વનસ્પતિની-HIGHEST HEIGHT કેટલી છે, તો સાધિક એક-હજાર યોજન. સવાલ પુછયો કે તમે આ કઈ રીતે કહ્યું કે, આટલી એની HIGHEST HEIGHT હોય ને-ત્યાં બતાડ્યું કે આ જે દરિયા હોય છે, લવણ-સમુદ્ર હોય, કાલોદધિ સમુદ્ર હોય, સ્વયંભુ રમણ સમુદ્ર હોય, બધાનું DEPTH (ઉંડાણ) છે એ એક હજાર યોજન છે, એમાં ઠેઠ તળિયે થી કમલીનિ એની ઉગવાની શરૂઆત થઈ, ત્યાંથી જતી જતી કયાં સુધી આવે, પાણીની સપાટી સુધી આવે, ત્યાં એના પાંદડા

ફેલાઈ ગય, અને એની ઉપર હજુ આગળ દાંડી -
નીકળી, અને ત્યાં કમળ ઉગી, એટલે કે સાધિક-
એટલે કે કંઈક PLUS, એક હજાર યોજન, એટલી
પ્રત્યેક વનસ્પતિકાયની HEIGHTEST HEIGHT -
[મહત્તમ ઊંચાઈ] હોય.

શિષ્ય કહે છે કે જેમ જેટલું પાણી
વધારે હોય, એટલી કમલીનિ વધારે ઉગે,
બરાબર એ જ રીતે મારું આયુષ્ય એ વધારે હશે
તો સાધના વધારે થશે. જે એમ વિચારે છે કે
આયુષ્ય ઘણું છે તો પછી ભોગવી લો, માણી લો,
છેલ્લે બધું કરશું, એને સાધનાની રુચિ જ નથી,
એ છેલ્લે પણ ધર્મ આરાધી શકવાનો નથી.
આ પ્રશ્નનો જવાબ ઉત્તરાધ્યયન સૂત્રમાં આ
શબ્દો માં આપ્યો છે,

खिप्पं न सक्केइ विवेगमेउं

ON THE SPOT, અચાનક, ગમે તે રીતે, તમે
સીધા સંસારમાંથી છલાંગ લગાડી ને બહાર આવી-
જશો, દ્રવ્યથી કે ભાવથી, બધું જ છોડી દેશો,
અત્યંત એનાથી છુટા થઈ જશો, અને સાધનામાં
ડુબી જશો, આ બધા શેખચિલ્લીના સપના છે.

खिप्पं ण सक्केइ विवेगमेउं

આખી જીંદગી તમે જેનો અભ્યાસ કર્યો, આખી-
જિંદગી જે ઘુંટ્યું, આખી જીંદગી જેમાં તમે રાચીમાચી
ને રહ્યા, એની અંદર પચ્યા પાચર્યા રહ્યા, અને
અંત સમયે તમે એને ON THE SPOT છોડી દેશો,
બહુ અઘરી વાત છે. આ પ્રશ્નનો જવાબ ધર્મબિંદુ
ગ્રંથમાં હરીભદ્રસૂરી મહારાજ જી આ શબ્દોમાં-
આપ્યો છે,

करोत्यकाण्डमेवेह मृत्युः सर्वं न किञ्चन ।

DATE

જેમ બને એમ જલ્દીમાં જલ્દી, અચાનક, તમારું કામ થઈ જશે આવી ભ્રમણામાં રહ્યા વગર, છેલ્લે કામ થઈ જશે, આવી ભ્રમણામાં રહ્યા વગર, તમે તમારા આત્માનું હિત કરી લો. કારણકે છેલ્લું શું છે, એ જ તમને ખબર નથી. માણસ હજુ ગર્ભમાં જ છે આ-પણ છેલ્લું હોય શકે છે. JUST જન્મ થયો, આ-પણ છેલ્લું હોય શકે છે. પાંચ વર્ષની ઉંમર છે આ પણ છેલ્લું હોય શકે છે. પંદર, પચ્ચીસ, પાંત્રીસ, પિસ્તાલીસ, પંચાવન, પાંસઠ, પંચોતેર, પંચ્યાસી, આમાંથી શું છેલ્લું છે એની જ જ્યારે તમને ખબર-નથી, તો પછી છેલ્લે કરશું, આ વાત માત્ર વાત-બનીને રહે છે. મન મનાવવાની વાત છે. છટકવાની વાત છે. અને

પોતાના આત્મ કલ્યાણનો જુગાર ખેલવાની વાત છે!

પ્રશ્નનો હજુ એક અલગ રીતથી જવાબ આપું કે, મહાપુરુષો જે પ્રાચીન ચરિત્રોમાં આવે, FOR EXAMPLE- ભરત ચક્રવર્તી, નિકાચિત પુણ્ય છે, ચક્રવર્તી નામ કર્મ બાંધ્યું છે, ષટ્ખંડનું સામ્રાજ્ય વગેરે ભોગવવાનું છે. જે પુણ્ય ખુટ્યું નથી, ત્યાં સુધી ભરત-ચક્રી સંસારમાં છે, પણ કેવા છે?, કે જે ઝુરતા હતા, રડતા હતા, આત્માને રોજ ઢંઢોળતા હતા, ખાસ માણસો-રાખ્યા હતા, મને રોજ તમે ઢંઢોળજો,

जितो भवान् भयं वर्धते।

ભરતજુ મન મેં હી વૈરાગી! નિકાચિત પુણ્યના ઉદય-સુધી, તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો, રાજાઓ, મહારાજા-ઓ, કોટયાધિપતિઓ, સંસારમાં રહે પણ ખરા, પણ પૂર્વ ભવની જે ચારિત્રની સાધના, પૂર્વભવના જે સંસ્કાર, એમની જે ધારા, સતત મન સંયમની અંદર, એક-

બંધના, એક તલસાર, આ બધું મળેલું એ દુઃખ બરાબર લાગે, બંધન લાગે, બેડી લાગે, એવી-ભૂમિકા આપણી બની છે. જે પહેલાથી નીકળી-ગયા હોય છે ને એ જ છેલ્લે નીકળી શકતા-હોય છે. જે પહેલાથી ખૂંપેલા હોય, લપસેલા-હોય, લપટાયેલા હોય, એ છેલ્લે પણ નીકળી-શકતા નથી. અમે છેલ્લે કરશું, આ માત્ર એક નાના છોકરાને જે વસ્તુ અપાવવી જ નથી ને, માત્ર તમે કહો, બેટા તને આ અપાવવાનું છે! આપણે આ પછી લેશું. અને તમે એક માત્ર વાતને ધાળે પાડો છો. તમે એને ખોટી લાલચ-આપીને, આશ્વાસન આપીને, ત્યાં લેંકડી નાખતી બજારમાં રડતો ખટકાવી છો. તમે અપાવતા-નથી, તમે અપાવાના નથી, કારણકે તમારી-અપાવવાની દાનત પણ નથી. આવું જ પછી-ધર્મ કરશું, પછી દીક્ષા લેશું, છેલ્લે છોડશું આમાં ઊંડે ઊંડે પણ કંઈ નથી રહ્યું ને, એ એવાની જરૂર આપણી છે.

વૈરાગી છે જે સંસારને તાદૃશ્ય રૂપે જુએ છે!

વૈરાગી છે જે સંસારને યથાવત જુએ છે!

વૈરાગી છે જે સંસારને જેવો છે, એ સ્વરૂપે જુએ છે.

વૈરાગી ચાર રીતે સંસારને જુએ છે.

પહેલા નંબરમાં એ લાંબુ જુએ છે. વૈરાગી માત્ર-આ જ ભવનું નથી જોતો, વૈરાગી અનાદિ-અનંત કાળનું જુએ છે. અધિક અનંત ભવો, આવતા અનંત ભવો, વૈરાગી લાંબુ જુએ છે.

વૈરાગી ની જે દ્રષ્ટિ છે, જે બીજા નંબરની અંદર
પહોળું જુએ છે. માત્ર તે તે ભવો ને નથી જોતા,
તે તે ભવોની અંદર થયેલી સુખ દુ:ખની પરંપરાની-
ઘટનાઓને પણ જુએ છે. વૈરાગી NUMBER ONE
લાંબુ જુએ છે, NUMBER 2 પહોળું જુએ છે,
NUMBER ત્રણ, વૈરાગી ઊંડુ જુએ છે, માત્ર તે તે
ઘટના નહિ, તે તે ઘટનાની પાછળ રહેલા, પરિબળો,
એમાં રહેલી કારણતા, એમાં રહેલી પરિણામના, એના-
ચોક્કસ હેતુઓ, એ ઘટનાઓનું સ્વરૂપ, એની અંદર
રહેલું આત્માનું અંતર્ગત સ્વરૂપ, એમાં થતા કર્મબંધો
કર્મ ઉદયો, વિવિધ અંતરંગ અધ્યવસાયોની ધારાઓ,
આ સમગ્ર ચિત્ર ને વૈરાગી જુએ છે ત્રીજે વૈરાગી-
ઊંડુ જુએ છે. NUMBER ચાર. વૈરાગી ઊંચુ જુએ
છે. માત્ર ભવો જોયા, માત્ર ઘટનાઓ જોઈ, માત્ર-
ઘટનાનું ઊંડાણ જોયું, એટલું જ નહિ, વૈરાગી પાસે
ઉચ્ચ દ્રષ્ટિ છે, એટલે કે આત્મ દ્રષ્ટિ છે. વૈરાગી-
એના દ્વારા, આ બધું જોયા પછી, ઉચ્ચ દ્રષ્ટિ થી-
આત્મ દ્રષ્ટિ થી, એટલો વિચાર કરે છે કે આ બધા-
માં મારા આત્માનું શું ? વૈરાગી જે ચાર રીતે જુએ
છે, રાગ બરાબર એનાથી ચાર ઊંધા વિકલ્પો થી-
જુએ છે. રાગ લાંબુ નથી જોતો રાગ ટૂંકુ જુએ-
છે, ભવોભવ- અનાદિ અનંત કાળ, ત્યાં સુધી એ
જોઈ શકતો જ નથી. માત્ર આ ભવનું રાગ જુએ છે.
બીજા નંબરમાં રાગ છે, એ સાંકડુ જુએ છે, આ-
ભવની અંદર પણ હકીકતમાં શું થઈ રહ્યું છે. સુખ
શું છે ? દુ:ખ શું છે ? એની ઘટના શું છે ?
દુ:ખમાં પણ જો કર્મ નિર્જરાનો ભાવ છે તો એ દુ:ખ-
દુ:ખ નથી રહેતું, ઉત્સવ બને છે, સુખરૂપ બને છે,
સુખ પણ કેટલું કલંકિત હોય છે, પરાધીન હોય છે,
ક્ષણિક હોય છે. એની અંદર પણ કેટલા ભયો ને

DATE

ભરાટો ભરેલા હોય છે. સુખની અંદર પણ કેટલા અભિલાષાઓ છે. કેટલી ચિંતા છે. કેટલા દુઃખો છે, રાગીઓ વિચારી શકતા નથી, કારણકે એની-પાસે રાગ દ્રષ્ટિ છે, અને રાગ દ્રષ્ટિ માં સારું જ જોઈ શકાય છે. ત્રીજી નજર ની અંદર, રાગ છે એ છીછરું જુએ છે, ઊંડુ જોઈ શકતો નથી, મને આણે સુખ આપ્યું, આણે દુઃખ આપ્યું, આણે ટાંટિયો ખેંચ્યો, આણે રૂપિયા આપ્યા, આણે સારું બોલ્યું, આણે ખરાબ બોલ્યું, ક્યાં-એના કારણો છે, ક્યાં એના મુળ છે, ક્યાં-એના કર્મ બંધની, કર્મ ઉદયની, THEORY છે, રાગી ને કશી જ ખબર નથી. નજર ચાર-રાગી છે એ બીજું જુએ છે માત્ર બે દ્રષ્ટિમાં રાચે છે.

રાગી છે એ આત્મ દ્રષ્ટિ ને અપનાવી શકતો નથી!

★ વૈરાગી છે એ ખરા અર્થમાં જુએ છે.
★ વૈરાગ્ય છે એ ખરી આંખ છે. રાગ એ અંધાપો છે.
★ વૈરાગ્ય એ સમ્યગ્ દર્શન છે, રાગ એ વિપરિત દર્શન છે.
★ વૈરાગ્ય હિતવૃત્તિ નુ કારણ બને છે, રાગ અહિત-વૃત્તિ નું કારણ બને છે.
★ વૈરાગ્ય હિત હેતુ બને છે, રાગ અહિત હેતુ બને છે.
★ વૈરાગ્ય એ માતા નો વાત્સલ્ય ભર્યો ખોળો છે.
★ રાગ એ ભુખી સિંહણ ના જડબામાં ભરેલું ડોકું છે.
★ વૈરાગ્ય એ ઝાડની છાયા છે. રાગએ ધગધગતો તડકો છે.
★ વૈરાગ્ય એ આરોગ્ય છે રાગ એ રોગોની રાફડો છે.
★ વૈરાગ્ય એ પુષ્પની શૈયા છે. રાગ એ ધગધગતા-અંગારાની શૈયા છે.

पुनर्जन्म पुनर्मृत्यु हीनाङ्घ्रिस्थानसंश्रय:।

વૈરાગ્ય બરાબર જુએ છે, વૈરાગ્ય બરાબર સમજે છે, વૈરાગ્ય બરાબર કહે છે, એને સંસાર છોડવાની વાત ઉપર પણ વૈરાગ્ય ને હસવું આવે છે. સંસાર માંડવાની વાત, એને પાગલતાની પરાકાષ્ઠા લાગે છે. સંસાર છોડવા જેવો પણ નથી, કારણકે સંસાર પકડવા જેવો- પણ નથી. હું તમને વ્યાખ્યાનની અંદર બાધા આપુ, બહુ FORCE કરું, સમજાવું કે કોઈએ પણ વિષ્ટાનું વિલેપન કરવાનું નહિ, લો નિયમ. વિષ્ટા વિલેપનનો ત્યાગ, બરાબર એના જેવી વાત છે. કે હું તમને કહું કે, સંસારમાં પડવું નહિ, સંસાર છોડવો, બધા સંસાર છોડવાનો નિયમ લો. હું તમને કહું કે કોઈએ ઉકરડામાં આળોટવું નહિ, પ્રતિજ્ઞા લો બધા. એના જેવી વાત છે, સંસાર છોડવાનો ઉપદેશ. હું કહું, કોઈએ હાથે કરીને VIRUS લગાડી ને રોગ પોતાનામાં પેદા કરાવવો નહિ, એના જેવી વાત છે.

<u>સંસાર છોડવાની વાત પર પણ, વૈરાગ્યને હસવું આવે છે!</u>

ઉનાળાની બપોર છે, માણસ ઘરની- અંદર જમીન ઉપર સુતો છે, બાજુમાં એક વરસનું- બાળક પણ સુતુ છે. કલાક દોઢ કલાક થય છે ને માણસની આંખ ખુલે છે ને એનું ધ્યાન થય છે, બન્યું હતું એવું કે છોકરો સુતા.. સુતા છી કરી ગયો છે.. માણસનો હાથ પગ ત્યાં પડ્યો છે, ઊંઘમાં ખ્યાલ રહ્યો નથી, હાથ બગડાયો છે. આંખ- એની ખુલે છે, પહેલી જ સેકંડે, એને કંઈક ભાસ થાય છે. ખ્યાલ આવે છે. હવે બે વિકલ્પ છે. વિકલ્પ નંબર એક, એ માણસ નું ધ્યાન થય છે, એ ત્યાં જ સુતો છે, એ વિચાર કરે છે, ચિંતન કરે છે,

કે આ શું બન્યું છે ? મારા હાથમાં ક્યો પદાર્થ
લાગેલો છે. એનું સ્વરૂપ શું છે ? એની ગંધ
પ્રશસ્ત કે અપ્રશસ્ત, જો ક્યા પ્રકારમાં આવે ?
મારે એ પદાર્થ ને મારા હાથ ઉપર રાખવો કે-
કાઢી નાખવો. હું એને કાઢી શકું એમ છું કે-
નહિ! શું હું એને કાઢી શકીશ ખરો ? શું
હું એના વગર રહી શકું એમ છું કે નહિ ?
માણસ બહુ સારી રીતે આ ચિંતન કરી રહ્યો છે
એ જ સમયે એના પપ્પા બહારથી આવે છે,
દ્રશ્ય જુએ છે, વસ્તુ બધી સમજી જાય છે,
હાકોટો કરીને એને કહે છે કે ગધ્ધા આ તારો
હાથ બગાડ્યો છે તો ધો તો ખરો! અને એ
માણસ બહુ સ્વસ્થતા સાથે જવાબ આપે છે,
કે હા મને ખબર છે, હું એના વિષે જ વિચાર
કરી રહ્યો છું! આ પહેલો વિકલ્પ છે.

બીજો વિકલ્પ છે, માણસ જાગે છે,
આંખ ખોલે છે, જેવું એને સમજાય છે, ફટ
દઈને ઉભો થઈને, WASHROOMમાં જઈને-
હાથ ધોઈ આવે છે. હું તમને પુછુ છું કે આ
બે વિકલ્પોમાંથી ક્યા વિકલ્પની સંભાવના છે.
જો એ માણસનું ચસકી ના ગયું હોય તો, તો
બીજા વિકલ્પની જ સંભાવના છે, એ માણસ-
સમજદાર છે, એ માણસ ખરા અર્થમાં જાગી-
ગયો છે, તો એને કોઈ ચિંતન ની પણ-
જરૂર નથી ને હાકોટા ની પણ જરૂર નથી.
ફટ દઈને એ ઉભો થઈને એ હાથ ધોઈ આવશે
ને એ હજુ એ સુતેલો છે એનો અર્થ એ જ
છે કે હજુ એ જાગ્યો જ નથી. એના પપ્પા
એને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, એની

સીધો અર્થ એ છે કે, એ કશું જ સમજ્યો નથી ને હકીકતમાં એ ભણ્યો પણ નથી!

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને બહુ પ્રેમથી એ કહેવા માંગે છે, કે વૈરાગ્ય જ્યારે યથાર્થમાં જાગી જાય, ત્યારે સંસાર છોડવા માટેની સમજાવટની પણ જરૂર હોતી નથી. અને સંસાર છોડવા માટેના ચિંતનની પણ જરૂર હોતી નથી. વૈરાગ્ય જ્યારે જાગી જાય, ત્યારે

**સંસાર છોડવામાં કોઈ જ વિલંબ હોતો નથી!**

વૈરાગ્ય જ્યારે જાગી જાય, ત્યારે સંસાર છોડવાનો પણ હોતો નથી, બલ્કે સંસાર છુટી જ જાય છે, અને ON THE SPOT છુટી જાય છે.

**સભાનો પ્રશ્ન**:- સાહેબજી વિષ્ટા હજુ સાચા અર્થમાં વિષ્ટા લાગતી નથી!

**પૂજ્યશ્રીનો ઉત્તર**:- માણસ હજુ વિચાર કરી રહ્યો છે, કે હાથ ધોવો કે નહિ, એ મુદ્દે માણસ હજુ CLEAR નથી, એનો સીધો અર્થ એ છે કે હાથ બગડ્યો છે કે નહિ, એ મુદ્દે પણ માણસ CLEAR નથી. અને વિષ્ટા જ્યારે, ચંદનનો લેપ લાગે, આવી ભ્રમણા થઈ જાય, એ હાથ ધોવાનો સવાલજ આવતો નથી. એ માણસ ચિંતન કરી રહ્યો હતો, તમે ચિંતન કરી રહ્યા છો, બીજો કોઈ જ ફરક નથી. અંગારા અને બગડેલો હાથ આ બંને સાથે હોય, એવો સમય લઘુતમ હોય છે. વૈરાગ્ય અને સંસાર, આ બંને સાથે હોય, એવો સમય લઘુતમ હોય છે. અંગારા એ જે વિષ્ટા ને અસહ્ય તરીકે જુએ.

મગરણ માટે વિષ્ટા અસહ્ય બની જાય. બગડેલો હાથ અસહ્ય બની જાય.

વૈરાગ્ય એ જેના માટે સંસાર અસહ્ય બની જાય!

મગરણ જેમ બને એમ જલ્દીમાં જલ્દી, હાથ ધોઈને જ જંપે છે. વૈરાગ્ય જેમ બને એમ જલ્દીમાં જલ્દી સંસારને છોડીને જ જંપે છે. હાથ હજુ બગડેલો હોય, અને માણસ હજુ પડ્યો હોય, એ ખરા અર્થમાં મગરણ જ નથી. હજુ સંસારમાં જ વ્યક્તિ પડ્યો હોય, એને ખરા અર્થમાં વૈરાગ્ય થયો જ નથી.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને બહુ પ્રેમથી કહેવા માંગે છે,

पुनर्जन्म पुनर्मृत्यु: ।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ હકીકતમાં ઉપમિતિ દ્વારા બીજું કશું જ નથી કહેતા, પેલા પિતાના જેવો હાકોટો કરે છે, અલ્યા તારો હાથ બગડ્યો છે, ધો તો ખરો! અને આપણે બહુ પ્રેમથી, સ્વસ્થતા સાથે, આપણા-ચિંતનની વાત કરી રહ્યા છીએ, કે હા મને ખબર છે, હું એના વિશે જ વિચારી રહ્યો છું. આપણને-લાગે છે કે આપણે બહુ સમજદાર છીએ, પંચેન્દ્રિય-પણું, મનુષ્યપણું, સાબુત દિમાગ, ફાંકડું દિમાગ, બુદ્ધિના આપણે બાદશાહ, નિશ્ચય દ્રષ્ટિ એ-જોઈએ ને, તો સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્તા જીવ-જેવું ચૈતન્ય સૌથી ઓછું કહેવાય, એના કરતા પણ આપણું ચૈતન્ય વધારે ઓછું છે.

સંસારનો સ્પર્શ પણ આપણને દઝાડી દે!

જો નિશ્ચય એકેન્દ્રિય પણું છે. સંસાર ઉપર આપણને ધૂ.... ધૂ થઈ જાય, આ નિશ્ચય બેઈન્દ્રિય પણું છે. સંસારની દુર્ગંધ આપણું માથુ ફાડી નાખે, એવી અનુભૂતિ આપણને થઈ રહી હોય, આ નિશ્ચય તેઈન્દ્રિય પણું છે. સંસાર દીઠો ય ના ગમે, આ નિશ્ચય ચૌરેન્દ્રિય પણું છે. સંસાર એક એવો શાશ્વત ઘોંઘાટ લાગે કે આપણા - કાન ફાડી નાખતો હોય એવું લાગે, આ નિશ્ચય પંચેન્દ્રિય પણું છે. સંસાર અત્યંત હેય લાગે, અને એક સેકન્ડ - પણ સંસારમાં રહેવાની આપણી ઈચ્છા ન હોય, આ નિશ્ચય સંજ્ઞિપણું. અને જો આવી કોઈ FEELINGS આપણને નથી, તો વ્યવહાર દ્રષ્ટિ એ ભલે આપણે સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્ય હોઈએ, નિશ્ચય દ્રષ્ટિ એ, આપણે વિકલેન્દ્રિય છીએ. નિશ્ચય દ્રષ્ટિ એ આપણે એકેન્દ્રિય છીએ. નિશ્ચય દ્રષ્ટિ એ આપણે સુક્ષ્મ - એકેન્દ્રિય છીએ. નિશ્ચય દ્રષ્ટિ એ આપણે સુક્ષ્મ - અપર્યાપ્તા નિગોદના સાધારણ વનસ્પતિકાય જેવા એકેન્દ્રિય છીએ. નિશ્ચય દ્રષ્ટિ એ આપણે અસંજ્ઞિ છીએ, નિશ્ચય દ્રષ્ટિ એ આપણે સુક્ષ્મ, અપર્યાપ્ત સાધારણ વનસ્પતિકાય નિગોદ જેટલા ચૈતન્ય ને પણ ધરાવતા નથી.

જો આપણે સદ્ગુરુના ગોચરી, પાણી - લાવી રહ્યા છીએ, તો નિશ્ચય દ્રષ્ટિ એ આપણી પાસે હાથ-પગ છે. જો આપણે સર્વવિરતિની સાધનાની - ઓહર, પડિલેહણ, પ્રતિક્રમણ, વગેરે ક્રિયા કરી રહ્યા છીએ, તો નિશ્ચય દ્રષ્ટિએ આપણી પાસે હાથ પગ છે. ગુરુની આંગળી પકડીને જો આપણે વિહાર કરી રહ્યા છીએ તો નિશ્ચય દ્રષ્ટિ એ આપણી પાસે હાથપગ છે, એક હાથે પગની અંગુઠી પકડીને, બીજા હાથે ચોપડી પકડીને ધુણી - ધુણીને આપણે ગાથા ગોખી રહ્યા છીએ, અને સદ્ગુરુને આપવા માટે જઈ રહ્યા છીએ, તો નિશ્ચય દ્રષ્ટિએ -

આપણી પાસે હાથ પગ છે. અને એ આપું નથી, તો નિશ્ચય દ્રષ્ટિ એ આપણે લુલા અને લંગડા-છીએ. નિશ્ચય દ્રષ્ટિ એ આપણી પાસે હાથ-પગ જ નથી. નિશ્ચય નય કહે છે,

यदेवार्थक्रियाकारी तदेव सत् ।

છે માટે છે આવું નિશ્ચય નય નથી માનતો. જે એનું જરૂ કામ કરે એ છે, આવું નિશ્ચય નય-માને છે. આગમ વૃધ્ધાશ્રમમાં છે, બાળપણનો દોસ્ત મળવા આવે છે, પ્રશ્ન પુછ્યા વગર નથી રહી શકતો કે તમારા તો ચાર દીકરા છે ને. પુછાય-ગય છે. અને પેલા ભાઈ જવાબ આપે છે એકેય-દીકરી નથી, અરે પણ ચાર.. એકે નથી, કહું છું ને એકે નથી. કહેશે ! છે માટે છે નથી. કારણ કરે માટે છે.

यदेवार्थक्रियाकारी तदेव सत् ।

અને નિશ્ચય નય કહે છે, કે ભાઈ આ રસનેન્દ્રિય-શેના માટે હતી, આ ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરેન્દ્રિય, શ્રોત્રેન્દ્રિય, આ મન આ સંવેદના, હાથ-પગ શેના માટે હતા, એ જે વસ્તુ તમે નથી કરી રહ્યા, તમે કાંઈ બીજું જ કરી રહ્યા છો, દીકરા કાંઈ બીજું જ કરી રહ્યા છે, મા-બાપને સાચવી નથી રહ્યા, તો એ દીકરા જેમ નથી, એમ તમને મળેલી ઈન્દ્રિયો, મન, બુધ્ધિ, શક્તિ, આયુષ્ય, સામગ્રી, પંચેન્દ્રિય-પણું, મનુષ્યપણું, સંજ્ઞિ પણું, મળેલું જિન-શાસન, મળેલી સમજ, મળેલી શ્રધ્ધા, એનો એ તમે સદ્ઉપયોગ નથી કરી રહ્યા, તો હકીકતમાં આ બધું તમારી પાસે છે જ નહિ. હૃદય એ-જિનશાસનના રંગે રંગાયેલું છે, હૃદયની અંદર એ જિનશાસનની પ્રતિષ્ઠા થઈ છે, હૃદય એ જિનાજ્ઞા-ને સમર્પિત છે, હૃદય એ જિનાજ્ઞાને વરેલું છે,

સંસાર એ હૃદયને અળખામણો લાગે છે. સંસાર અળખામણો લાગે છે, સ્વજનો અળખામણા લાગે છે, ચતુર્વિધ સંઘ એ પોતાનો પરિવાર લાગે છે, વ્હાલો લાગે છે, મારો લાગે-છે. એ આ ભૂમિકા છે તો આપણી પાસે હૃદય છે, એ આ ભૂમિકા છે તો આપણે સહૃદય છીએ, એ આ ભૂમિકા નથી તો આપણી પાસે હૃદય નથી. આવું-નિશ્ચય દ્રષ્ટિ કહે છે.

આપણી નસોની અંદર, આપણી રગ-રગની અંદર, જિનશાસનની સંવેદના વહી રહી હોય, -જિનાજ્ઞાનો રાગ વહી રહ્યો હોય, સંસારમાં હોઈએ તો ધ્રુસકે ને ધ્રુસકે રોતા હોઈએ, ક્યારે જિનશાસનની શુદ્ધ આરાધના મને મળે, ક્યારે જિનશાસનની સેવા મળે, ક્યારે જિનશાસન માટે સમર્પણ ભાવ મળે. એ આ-સંવેદના છે તો નિશ્ચય દ્રષ્ટિ એ આપણી પાસે નસો છે, એ આ સંવેદના નથી તો નિશ્ચય દ્રષ્ટિ એ આપણી પાસે નસો નથી, જે માત્ર કોઈ PLASTIC ની-PIPE LINES જેવું છે, જેને નસો કહેવાય એ વસ્તુ છે જ નહિ.

(શરત લગાડી શકીએ)

એ મોહરાજાને આપણે CHALLANGE કરી શકીએ, હવે એ તારી તાકાત હોય તો મને ફસાવી ને બતાવ, એમ પર વીર બની ને આપણે કર્મ સંગ્રામ-ખેલી શકીએ, એ ધસી જઈએ આપણે રાગ-દ્વેષ ની-સામે, રાગ-દ્વેષના ડોકા ઉડાડી દઈએ, વિષય, વાસના-અને કષાયો નો એ આપણે કચ્ચરઘાણ વાળી દઈએ, તો નિશ્ચય દ્રષ્ટિ એ આપણી પાસે છાતી છે, અને એ એવું કશું જ નથી, તો હકીકતમાં આપણી પાસે છાતી છે જ નહિ. એ આપણા હાડકા નો માત્ર હાડકા નહિ, હાડકાની અંદર રસ હોય જેને અસ્થિ મજ્જા કહેવાય,

ભગવતી સુત્રના શબ્દો છે,

અટ્ટિમિંજપેમ્માણુરાગરત્તા૦ ણિગ્ગંથે પવયણે।

જિનશાસનના શ્રાવક કેવા હોય, તુંગીયા નગરી જે ભગવાનના કાળમાં હતી, એના શ્રાવકો હતા - જેમનું વર્ણન ભગવતી સુત્રની અંદર લખ્યું, એમના ભુવનમાં, એમની વાણીમાં, એમના વિચાર--માં, એમના રોમે રોમે જિનશાસન હતું, એમની રગ-રગમાં જિનશાસન હતું, એમના માંસમાં- જિનશાસન હતું, એમના હાડકામાં જિનશાસન- હતું, એની હાડકાની અંદર જે રસ હોયને જેને અસ્થિ-મજ્જા કહેવાય, ત્યાં પણ એ- જિન શાસનના રંગે રંગાયેલા હતા.

રાજ્ય હતું, ચોરીઓ થાય, કોઈની- પત્ની ઓને કોઈ ઉપાડી જાય, પૈસા ઉપાડી જાય, ઘરેણા ઉપાડી જાય, કિંમતી વસ્તુઓ ઉપાડી જાય, કોટવાલના નાકે દમ આવી ગયો, ચોરનો પત્તો- મળતો નથી, મહાજન રાજા પાસે પહોંચ્યું છે, બધી વાત કરી છે, રાજા બીડું ઝડપે છે કે આવું તો ના ચાલે મારી પ્રજામાં થાય, મારા રાજ્યમાં થાય. કથા બહુ લાંબી છે, ટુંકમાં કહું, ચોરનો પત્તો મળી જાય છે, જેની જે વસ્તુઓ હતી એ પાછી આપવામાં આવે છે ચોરને મૃત્યુદંડ - આપવામાં આવે છે, પત્નીઓ જેની જેની હતી, એમને આપવામાં આવે છે, એનો ચોર હતો એ માંત્રિક-તાંત્રિક હતો, જે અદ્રશ્ય થઈને પત્નીઓને ઉપાડી જતો ને પછી એવું કામણ કરતો, કે જે પત્ની છે એ એને જ પોતાનો- પરમેશ્વર માને એ ભાગી છુટવાનું પણ ના- વિચારે, એ એની પત્ની બનીને રહે.

આવુ કામ જે ચોરે કર્યું હતુ. હવે બન્યું એવું કે પેલી સ્ત્રીઓને કહેવામાં આવ્યું કે હવે અમ તમારા પતિને ત્યાં તો જે લોકો જવા નથી, ઘણા ને સમજાવવામાં આવે છે, તો વાત સમજાય છે ને પોતાના ઘરે જાય છે. ઘણા ને ઘણું સમજાવવું પડે છે ને પછી માંડ જાય છે. એનુક છે જે કોઈ પણ હિસાબે ત્યાં જવા જ તૈયાર-થતી નથી, એની પતિ આવે, એનો દીકરો આવે, એના સસરા આવે, એના પિયરથી એના મા-બાપ આવે, તો લાજ સમજાવે, એકે ની જો ના થાય. પોતાના નામનું રડ્યા કરે.

રાજા કોઈ જાણકારની સલાહ લે છે ને જાણકાર કહે છે, કે ચોરને મૃત્યુદંડ આપ્યો તો, એના હાડકા દુધ સાથે ઘસીને, જે સ્ત્રીઓ ને પીવડાવો તો, અને પછી એમની સાન ઠેકાણે આવી જશે. રાજાએ પુછ્યું કે શા માટે આવી વિધિ કરવાની અને પેલા-જાણકારે કહ્યું, કે એમના હાડકા સુધી, એમની અસ્થિ-મજ્જા સુધી, જે ચોરનો રાગ બેઠો છે, અને એનું વારણ કરવાનો આ ઉપાય છે. શાસ્ત્રમાં આ દ્રષ્ટાંત આપીને કહ્યું કે જિનશાસનના શ્રાવક સમ્યક્દ્રષ્ટિ આત્મા કેવા હોય, જેના હાડકા સુધી, હાડકાના અંદરના રસ સુધી, અસ્થિ મજ્જા સુધી, જિનશાસન નો રાગ-બેઠો હોય, ભગવતી સુત્ર ના શબ્દો છે, તો આ રાગ બેઠો હોય, પછી એમની સંવેદના શું હોય ?

इस अट्ठे ।

જિનશાસન એ જ અર્થ છે. જિનશાસન જ સાર્થક છે.

इस परमट्ठे ।

આ જિનશાસન જ પરમાર્થ છે.

सेसे अणट्ठे ।

અને જિનશાસન સિવાયનું દુનિયામાં જે પણ છે, એ અનર્થ- સિવાય બીજું કશું જ નથી

DATE

★ પતિ એ અનર્થ છે !
★ પત્ની એ અનર્થ છે !
★ દીકરો એ અનર્થ છે !
★ દીકરી એ અનર્થ છે !
★ સગા એ અનર્થ છે !
★ ધંધો એ અનર્થ છે !
★ ઓફિસ એ અનર્થ છે !
★ BANK BALANCE અનર્થ છે !
★ ઘરેણા અનર્થ છે !
★ શરીર સુધ્ધા અનર્થ છે !

જિનશાસન સિવાયનું આખું વિશ્વ અનર્થ છે !

કારણકે, એ આત્મા માટે અનર્થની પરંપરા લાવ્યા-વગર રહેનું નથી. આપણો દરેકે દરેક શ્વાસ-એ સદ્‌ગુરુ ની સંમતિ ની મહોર લઈને, અંદર જતો હોય અને બહાર નીકળતો હોય, તો નિશ્ચય-દ્રષ્ટિ એ આપણામાં શ્વાસ છે. તો નિશ્ચય-દ્રષ્ટિ એ આપણે જીવીએ છીએ, એ આવી કોઈ સંવેદના નથી, આ ભૂમિકા નથી, સદ્‌ગુરુ પ્રત્યેનું-આવું કોઈ સમર્પણ નથી, તો ચામડા ની ધમણ જેમ ફુલાય અને સંકોચાય, એવી પ્રક્રિયા માત્ર ચાલી રહી છે, શ્વાસ કે જીવન જેવું આપણામાં કશું જ નથી. આપણી ઈન્દ્રિયો, આપણા હાથ-પગ-, આપણું હૃદય, આપણી રગ-રગ, આપણી છાતી, આપણા હાડકા, આપણો શ્વાસ, એ ખરા અર્થમાં જિનશાસનની આરાધનાથી જ સાર્થક છે. જિનશાસન-ની આરાધનાથી જ એ સાચા છે. અને જો એવું નથી, તો આપણે બીજું જ કંઈ સંઘરીને બેઠા-છીએ. બહુ ગંભીરતા થી વિચાર કરો.

DATE

જરૂ SERIOUSLY વિચાર કરો. ખરેખર અનંત પુણ્યથી મળેલી આ સામગ્રી, અનંતકાળે મળેલી સામગ્રી, અનંત-પુણ્યોમાં આપણને મળેલી સામગ્રી, શાસ્ત્રકાર ભગવંતો આપણને જરૂ વેદના સાથે કહે છે,

ન યુક્તં કાઞ્ચનસ્થાલ્કેન પુરીષશોધનમ્ ।

ઘરમાં છોકરો છી કરી ગયો છે તો કોઈ પ્રસોતું, ચીથરા-જેવું, કપડું લઈને સાફ કરાય. એના માટે નિર્ભંશેમાથી સોનાની થાળી જેના ઉપર હીરા જડ્યા હોય, એનાથી જેમ એ ગંદકી સાફ ન કરાય. બરાબર એ જ રીતે, આ સંજ્ઞિ પંચેન્દ્રિય પણું, આ મનુષ્યપણું, આ સમ્યક્, આ શ્રદ્ધા, આ જિનશાસન, આ બધું મળ્યું પછી, આ સોનાના થાળથી, સંસારની પ્રવૃત્તિ, સંસાર-ના વ્યવહારો, રસોડું ચલાવીએ, દુકાન ચલાવીએ, બસ આ જ પ્રવૃત્તિ કરીએ, આ તો સોનાની થાળીથી એ ગંદકી સાફ કર્યા બરાબર વસ્તુ છે.

સભાનો પ્રશ્ન:- સાહેબજી, આપે પ્રવચનની શરૂઆત-માં કહ્યું કે, કજુનર એ તોપના નાળચા ને પુછી રહ્યું છે કે હું અહિંયા માળો બનાવું. એ કજુનર ભોળુ હતું. અમે પણ એ જ પુછી રહ્યા છીએ-આપને.

પૂજ્યશ્રીનો ઉત્તર:- અમે કહી કહી ન થાકી ગયા, તો પુછવાનો ક્યાં સવાલ છે. તમને બધા જવાબ આપી દીધા છે. કહેવામાં કાંઈ બાકી નથી, તમારે ક્યાંય પુછવા જવુ પડે એવું પણ નથી. તમને ખબર પડી ગઈ છે. કજુનરને તોપનું આખું વિવરણ આપી દીધું છે. કે તોપ શું છે, એમાં તમે રહો-બેસો તો શું થાય, કજુનરને બધું જ કહેવાઈ ગયું છે, હવે કજુનર કહે કે, હજુ ક્યાં પુછવા જઈએ, એટલે

કબુતરની સ્થિતિ એવી છે, કે સામે બિલાડી આવી ગઈ છે ને આંખ બંધ કરી દે છે, ઉડતું નથી. હજુ કાંઈ-પુછવાનું બાકી છે એટલે હજુ કાંઈ ખબર નથી, હજુ કાંઈ ખબર નથી એનો અર્થ આજ મીંચામણા-કરીએ છીએ અને આંખ મીંચામણા કરી એટલે-બિલાડી તો એનું કામ કરવાની જ છે. ઘણા-બધા-આવા સવાલ જવાબ હોય શકે. આવા હજાર સવાલ-નો એક જવાબ આપું, છલાંગ મારીને જો નીકળ્યા-નહિ, તો ચારિત્ર મોહનીય કર્મનો બંધ થશે. અને તમે વધારે ને વધારે ઢીલા પડતા જશો.

સમજીને ન કરવું એ સમજણની-ઉપેક્ષા છે, સમજણની આશાતના છે, જ્ઞાનની-આશાતના છે, એનાથી જ્ઞાનાવરણીય કર્મ વધારે-બંધાવાનું, ભવાંતરમાં સમજણ સુધી પણ નહિ પહોંચી શકીએ. ચારિત્ર સુધી પહોંચવાની વાત દૂર છે. એવું કર્મ આપણે આપણા આજના પ્રમાદથી બાંધી રહ્યા-છીએ. બહુ ચર્ચા થઈ ગઈ, બહુ વાતો થઈ ગઈ. હવે કરવાની વાત છે, હવે નહિ કરીએ તો ક્યારે-કરશું, પેલો માણસ ચિંતન કરી રહ્યો છે કે ભાઈ આ શું લાગ્યું છે, શું કરવું, છોડવું, ના છોડવું, છોડી શકું એમ છું કે નહિ, એના વગર રહી-શકીશ કે નહિ,

ફક્ત એક છલાંગની જરૂર છે!

ચિંતનની કોઈ જરૂર નથી, તમે બીજાને પ્રતિબોધ પમાડી શકો ને એટલા સમજદાર થઈ ગયા. એક RESPECT છે, મારી આગળ નીચે બેસો-છો, શાંતિથી સાંભળો છો. બધી ખબર છે! આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

# વ્યાખ્યાન નંબર - 139

DATE 24 08 2021

પ્રશ્ન ગઈકાલનો ચાલુ છે, કબુતરે તોપ ને પુછયું કે હું અહિંયા માળો બનાવી લઉં, કબુતર ની ખબર નથી. તમારો પ્રશ્ન છે કે અમે ક્યાં કોને પુછવા જઈએ, માણસ સુતો છે હાથ બગાડ્યો છે, ચિંતન ચાલુ છે, પણ એ હાકોટો કર્યો છે, આમ જોઈએ તો કશું - સમજવાની હજુ જરૂર નથી, સમજવાનું બાકી નથી. અને છતાં એ માણસ એમ કહે કે હું કોને પુછુ એનો અર્થ એ છે, કે હવે એ માણસ એવું ઈચ્છે છે કે - કોઈ એવી વ્યક્તિ એને મળે કે જે કહે કે તારો હાથ બગડ્યો જ નથી ને જે થયું છે એ સારું જ થયું છે. આમાં કોઈ ધોવા જવાની જરૂર નથી. હકીકત આ છે. કબુતર પ્રત્યે હજાર હાકોટા થઈ ગયા, કબુતરના હજાર ચિંતન થઈ ગયા,

**ચિત્ર હવે સ્પષ્ટ છે, તોપ - તોપ જ છે!**

અને છતા કબુતર વિચારે કે મારે કોને પુછવા જવું એનો અર્થ એ છે કે કબુતર હકીકતમાં, એને પુછવા માંગે છે કે જે એને સમજાવે કે તોપ જેવી સરસ વસ્તુ - દુનિયામાં બીજુ કોઈ જ નથી. એના જેવી ઘર બનાવાની જગ્યા, બીજુ કોઈ નથી. સારામાં સારી એ જ જગ્યા છે, ત્યાં જ રહો, મજે થી રહો, કોઈ જ ચિંતા નહિ કરો, એકદમ સુરક્ષિત સ્થાન છે. કબુતરને કોઈ આવી વ્યક્તિ જોઈએ છે, ને માટે કબુતર એ વિચારે છે, કે મને સાચું કહે.

**ભાવાર્થ એ છે મને ગમે એવું કહે!**

**ભાવાર્થ એ છે મને સારું લાગે એવું કહે!**

DATE

ક્યાં સુધી
તમે પ્રવચન ને પ્રવચન તરીકે લેશો, ત્યાં સુધી તમને પ્રવચનનો લાભ થવાનો નથી. મારે તો કાંઈક - પામવું છે. મારે મારું ભવ ભ્રમણ દૂર કરવું છે, મારે તત્ત્વ સમજીને એનું અનુસરણ કરવું છે, મારે ભગવાનની વાણી એને સાંભળી ને, એને - અનુરૂપ જ જીવન જીવવું છે, એના માટે જે છોડવું પડે એ છોડવાની મારી તૈયારી છે. આ ભૂમિકા - સાથે આપણે પ્રવચનમાં આવતા નથી હોતા માટે પ્રવચન આપણા માટે એક PROGRAM જેવું, એક EVENT જેવું, એક જાણવા જેવું, નવું - નવું - સાંભળવા જેવું, એટલું બનીને રહી જાય છે. આપણે એનાથી આગળ વધી શકતા નથી.

વકીલ પાસે તમારે જવાનું થયું, તમારી પાસે BASE છે કે હું બહુ તકલીફ માં મુકાઈ ગયો - છું, તમારી પાસે BASE છે કે મારે આ બધી તકલીફો માંથી બહાર જ નીકળવું છે. તમારી પાસે BASE છે જે સાંભળવાની જે રકમ ચુકવવી પડે એ ચુકવવાની તૈયારી છે. તમારી પાસે BASE છે કે એ જે સલાહ આપે એનું સો ટકા આપણે પાલન કરવાનું જ છે. તમારી પાસે BASE છે કે વકીલ પાસે હું કોઈ EVENT, PROGRAM, વાતોચીતો - માત્ર, જાણવા માત્ર, સમજવા માત્ર, એના માટે - નથી જતો, હું બહુ જ SERIOUSLY મારી - તકલીફ દૂર કરવાનો ઉપાય જાણવા જ જઈ રહ્યો છું એ જે કહે એનો સો ટકા આપણે અમલ કરવાનો - જ છે. વાત સમજાય છે તમને કે આખી જિંદગીમાં એક પ્રવચન આવા BASE સાથે, સાંભળ્યું હશે, તો આપણું કલ્યાણ થઈ જશે. બધુ સમજ્યા પછી કદાચ આપણું સમજવાનું બાકી -

હોય, હજુ DOUBTFUL લાગતું હોય કે મોક્ષ જ -
મેળવવા જેવો, સંસાર છોડવા જેવો, હજુ CLEAR ના
થતું હોય, ઉપર છલ્લી પ્રેક્ટિકલી આપણે સાંભળીએ -
બોલીએ, બીજા ને પણ સમજાવી દઈએ. આપણને લાગે
આપણે સમજી ગયા છીએ, એ જ બધી પ્રવૃત્તિઓ, -
એ જ વિષય-કષાય, એજ આકર્ષણ, એ જ સંસારનો
રાગ.

હું તમને કહું કે, તમે છોડો સંસાર એ
દૂરની વાત છે, પડોશી છોડતો હોય, તમારા કોઈ -
સગા સંબંધી છોડતા હોય, તો તમે રાજી થશો કે
બહુ જ સારું થયું એવું લાગે ખરું ? આપણે છોડવાની
વાત કરીએ છીએ, છોડવાની વાત દૂર છે, છોડવું છે -
એ સારું છે, એ ભૂમિકા આપણી ખરી ? જિંદગીની
અંદર પાંચ હજાર પ્રવચન સાંભળ્યા પછી, કોઈ તમારી
સલાહ માંગવા આવે, કે મારો દીકરો એને દીક્ષા લેવાનો
ભાવ છે, હું તમને પુછુ, તમારું સીધું REACTION
શું છે ?

(સભાગૃહ)

એક AUDITORIUM છે, એમાં કોઈ -
PROGRAM છે, નાટક છે, કંઈક SEMINAR છે,
તમે ગયા છો, તમારી પાસે કોઈ જ બીજો BASE -
નથી, એક તમારી રોજિંદી જીંદગી માંથી બદલાવ તમને
જોઈએ છે, એક મનોરંજન ની અપેક્ષા છે. એનું
નામ સાંભળ્યું છે, આપણા બે-ત્રણ કલાક સારા -
જશે, એવી આશા છે. બાકી તો જે જીવન ચાલે છે
એમાં કશો જ બદલાવ કરવો નથી. આ BASE ઉપર
કોઈ નાટક વગેરે જોવા માટે જવામાં આવે, અને -
જોયા ને જોયા આપણે પાછા આવીએ. અને એવી
ને એવી જિંદગી ચાલે, આવું જ પ્રવચનની બાબતમાં પણ

પાય, આપણે કદી ગંભીરતાથી વિચાર નહિ કરીએ.
પ્રવચન જ્યારે આપણા માટે પ્રવચન ના રહ્યું, પ્રવચન પ્રયોજન બની ગયું, અને પ્રવચન પ્રયોગ બની ગયું, ત્યારે આપણું કલ્યાણ થશે.

કબુતરને બધી જ ખબર છે, કબુતરને તોપનું બધું જ વર્ણન મળી ગયું છે. હવે કબુતર ગડમથલમાં છે, કે અહિંયા માળો બનાવવો કે ના બનાવવો, તો પછી આ કબુતરનું ભોળપણ નથી, આ કબુતરનું અજ્ઞાન નથી. હવે એને માર્ગદર્શન ઓછું મળ્યું છે, એવું પણ નથી! આ કબુતરની કમનસીબી પણ નથી.

## આ કબુતરની ધિઠ્ઠાઈ છે!

વૈરાગ્ય શતકમાં પ્રાચીન પરમર્ષિ બહુ સ્પષ્ટ કહે છે,
ધી ધી ધિટ્ટત્તણં તાણં
નજર સામે સંસારની બધી વાસ્તવિકતા જોયા પછી, અનુભવ્યા પછી, સાંભળવા કરતા પણ ઘણું આગળ વધ્યા પછી, પણ જેનો સંસારનો રાગ છુટતો નથી. તમે દીક્ષા લો કે ના લો, આ ભવની અંદર એ કદાચ શક્ય બને કે ના બને, દીક્ષા જ સાચી, દીક્ષા જ સારી, દીક્ષા જ લેવા જેવી, એક સેકંડ- પણ સંસારમાં રહેવું નહિ, દાદા ગુરૂદેવે એક - ભાઈ ને મંત્ર આપ્યો હતો, રોજ એની નવકારવાળી એ ભાઈ ગણે, જિનશાસન ના બહુ જ ઉંચા શ્રાવક આરાધક, એ નવકારવાળી રોજ ગણે, મંત્ર - ' આ મુજબ હતો,

## હું મુર્ખ છું, ચારિત્ર લેતો નથી!

સમજણ એ સાચી કે ખુદ પોતે સંયમ માટે ઝુરે,
સમજણ એ સાચી કે પોતાના સિવાયનું આખું ઘર-
દીક્ષા લઈ શકતું હોય ને પોતાના માટે એ શક્ય ન-
હોય તો આખા ઘરને કહી દે કે મારો વિચાર કર્યો છે તો
ખબરદાર ! હું લેતો નથી, હું લઈ શકતો નથી, હું રોજ
રડી રહ્યો છું, આટલું તો સંસારનું પાપ મારે માથે છે,
ને આખા પરિવારને સંસારમાં રાખવાનું પાપ મારે-
કરવાનું ? એક દિવસ પણ મારા માટે વિલંબ કર્યો છે-
તો ખબરદાર !

આજની તારીખમાં એવા પિતા છે, જેમના
શ્રાવિકાની વિદાય થઈ ગઈ છે, જેમના ભાઈઓ નથી,
અને જેમણે દીકરાને બધું સ્પષ્ટ કહી દીધું, કે મારા
માટે તારે સંસારમાં બિલકુલ રહેવાનું નથી. પણ પપ્પા-
ગુરુ મહારાજ ના પાડે છે, એ કહે છે કે પહેલી ફરજ-
તારી પપ્પા માટે. ભાઈ સીધા ગુરુ પાસે પહોંચ્યા છે,
ગુરુદેવના ચરણોની અંદર ધ્રુસકે ને ધ્રુસકે રડ્યા છે,
હું તો લઈ શકું એમ નથી, મારે એને અંતરાય કરવો-
નથી. સાહેબ આટલી આટલી ગોઠવણ છે, બધું થઈ
જશે. સાહેબ મારા દીકરાને દીક્ષા આપો.

આજની તારીખમાં એવા શ્રાવક છે,
જેમણે શ્રાવિકાને રજા આપી છે, એ આજની તારીખમાં-
એવા શ્રાવિકા છે, જેણે શ્રાવકને રજા આપી છે.
એક પાત્ર આજે સંયમની સુંદર આરાધના કરી રહ્યા છે,
અને બીજા પાત્ર, ભરપુર અનુમોદના દ્વારા, પળે પળે-
લખલુટ કર્મની નિર્જરા કરી રહ્યા છે. સમજણ એ
સાચી, પોતે કુદી જ પડે, અને કદાચ એવી બેડીઓ-
હોય, ખરેખર બેડીઓ હોય, ન જ નીકળી શકે, સહજ-
રીતે એના એ જ ઉદ્ગાર હોય, સગો દીકરો હોય,

પતિ હોય, પત્ની હોય, ક્યાંય પણ સગા- સંબંધી હોય- મિત્ર હોય, આડોશ- પાડોશ હોય, કોઈની પણ- દીક્ષા થતી હોય, આનંદ.. આનંદ.. આનંદ.. થઈ જાય, કોઈ સલાહ માંગવા આવે, એનો એક જ જવાબ હોય,

## ભાઈ આપણે ઘણા મોડા છીએ !

હજુ નથી લેવી દીક્ષા એ જરા પ્રશ્ન છે, દીક્ષા લેવી કે નહિ, આ કરવું .. તે કરવું .. આમ છે .. તેમ છે.. છોકરો આ રીતે કહે છે, માનતો નથી, નથી- માનતી આમ કરી નાખ .. તેમ કરી નાખ, હું કહું છું આપણે દીક્ષાર્થી તો નહિ, આપણે ~~શ્રાવક~~ પણ- નહિ, ~~આપણે~~ સમકિતિ પણ નહિ, આપણે- આસ્તિક પણ નહિ, આપણે નાસ્તિક, આપણે મિથ્યાત્વી, આપણે ભારેકર્મી.

શ્રેણિક મહારાજા, પોતાના રાજ્યની અંદર ઢંઢેરો પીટાવે છે, જેમને પણ દીક્ષા લેવી હોય જેમની રાજા તરીકે હું એમ ~~કહું~~ છું, એટલું જ નહિ, આખી જિંદગી, એમના પરિવારની જે જવાબ- દારી, જે જીવન નિર્વાહ, જે જરૂરી સંપત્તિ, જે જરૂરી સાર સંભાળ, જે જરૂરી કાળજી, એ બધી જ પુરી કરવાની જવાબદારી મારી ! આનું નામ- સમ્યગ્ દર્શન ! પૈસાની બધી જ ગોઠવણ આપણી પાસે હોવા છતા, કોઈ દીક્ષા લે છે, એની ચર્ચા અને નિંદા આપણે કરીએ, એક ની એક હતો, આમ હતું, તેમ હતું, હવે એના મમ્મીનું શું ?, હવે એના- પપ્પાનું શું ?, હું તમને કહું છું કે આવા વિચાર- અને આવી ચર્ચા આવતી હોયને, તો આપણે પહેલો

વિચાર એ કરવાની જરૂર છે, કે હું આટલા હલકા વિચાર
કરું છું, તો મારા આત્માનું શું ? ખબર પડે કોઈ
દીક્ષા લે છે, તમારી પાસે સગવડ હોય, સીધા લાખ-
રૂપિયા લઈ જઈને તમે ત્યાં બહુમાન કરી આવો, તો
એનું નામ સમ્યગ્ દર્શન ! તમારી પાસે સગવડ હોય-
અને તમે કહી દો કે ભાઈ, દીક્ષામાં તમારે એક-
રૂપિયો વાપરવાનો નથી, નામ તમારું રહેશે, મને-
ખબર છે કે ખાધે-પીધે સુખી છો પણ પ્રસંગ કરવા
સહેલા નથી, લાભ બધો મારો, ગુપ્ત પણે. અને-
નામ તમારું તો તમારામાં સમ્યગ્દર્શન ! તમારી પાસે
અનુકૂળતા હોય, સમયની, તમે એમને કહી આવો
ભલે પૈસાની તમને જરૂર પણ નથી, ઘરનો માણસ
સમજુ ને મને બધું જ કામ સોંપજો. આજથી દીક્ષાના
દિવસ સુધીની, કામગીરી ની જવાબદારી મારી, મારા
ઘરે પ્રસંગ હોય, તો જે રીતે હું લાગુ એ રીતે
કામે લાગીશ. આ FEELINGS, આ OFFER, આ
પડાપડી હોય, તો આપણામાં સમ્યગ્ દર્શન ! તમારી
પાસે અનુકૂળતા હોય, અને તમે એમને કહી આવો,
કોઈ ચિંતા કરતા નહિ, દર મહિને આટલાનો ચેક-
તમારા ઘરે આવી જશે, તો તમારામાં સમ્યગ્દર્શન !
તમારી પાસે સમય ની અનુકૂળતા હોય તમે એમને-
કહી આવો. એક તમારો દીકરો દીક્ષા લે છે, એક
દીકરો તમારા ઘરમાં આવી ગયો છે, એમ સમજુ લો,
મને દીકરો સમજજો, રોજનું કાંઈ ને કાંઈ કામ તમારે-
મને સોંપવાનું છે, અને દીકરા તરીકે હું તમારું કામ
કરી દઈશ, આવી FEELINGS મળે, તો આપણામાં
સમ્યગ્ દર્શન ! ખરો સવાલ એના મમ્મી નું શું થશે,
એના પપ્પાનું શું થશે એ નથી. ખરો સવાલ આપણી
સંપત્તિ અને સમયની અનુકૂળતા અનુસાર આપણે એમની
HELP (મદદ) કરીએ છીએ, એ પણ નથી !

DATE

જરી સવાલ અનંત તીર્થંકરો એ પ્રરૂપેલા સર્વ વિરતિ ધર્મ માટે, આપણા હૃદયની અંદર લાગણી છે કે - નહિ એ છે.

એ લાગણી નું નામ જ સમ્યગ્ દર્શન છે!

એ જ જિનશાસન છે!

આપણે ઘણું બધું કરીએ આખી જિંદગી ગમે તેટલી આરાધના કરીએ, સર્વ વિરતિ ની પક્ષપાત, દીક્ષા - ધર્મની આંતરિક લાગણી, કોઈ દીક્ષા લે, સમાચાર - આવે, નામ સંભળાય, દહેરાસર ગયા કોઈક બેનર - વાંચ્યું, કોઈક ફોન આવ્યો, સમાચાર આવ્યા, દીક્ષા નું નામ પડ્યું અને આપણા રૂંવાડા ખડા થઈ જાય, આંખ ભરાય જાય, એ આંખની અંદર એ આત્માની અનુમોદનાના આંસુ, ને બીજુ બાજુ જાત - માટેના અફસોસ ના આંસુ હોય, તો આપણામાં સમ્યગ્ દર્શન!

પ્રવચન સાંભળીને આપણા - ઉપર શું અસર થાય છે ? એ સાબિત કરે છે કે આપણી ભુમિકા શું છે ? આપણી મનની ભુમિકા - આપણા આત્મા ની ભુમિકા, આપણી યોગ્યતાની - ભુમિકા, શું છે એ આપણા પ્રવચનના પ્રતિભાવ - થી નક્કી થાય છે!

સિદ્ધર્ષિગણિ મહારાજ ઉપમિતિ ભવ પ્રપંચ કથા ની અંદર, ત્રીજ પ્રસ્તાવમાં એક ભાવ વિશ્વ ખડું કરી રહ્યા છે. મોહવિલય ઉદ્યાનની - અંદર પ્રતિબોધક આચાર્ય ની દેશના ખળખળ વહી-

રહી છે. સંસારના સ્વરૂપની પર્દાફાશ, પ્રતિબોધક - આચાર્ય કરી રહ્યા છે.

पुनर्जन्म पुनर्मृत्युर्हीनादिस्थानसंश्रयः ।

જુઓ તમે આ સંસારને, આ સંસાર છે શું ? ફરી જન્મ છે, ફરી મૃત્યુ છે, હીન, મધ્યમ, ઉત્તમ, વગેરે સ્થાનની અંદર સંશ્રય,

पुनः पुनश्च यदतः सुखमत्र न विद्यते ॥

બસ ફરી ફરી આ ઘટમાળ ચાલ્યા કરે.. ચાલ્યા કરે.. ચાલ્યા કરે.. ખુબ સુખ ની આશા લઈને બેઠા છે, પણ સુખ છે ક્યાં ? આપણા ઉપર અસર શું છે ? યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર, ચૌદસો ચુમ્માલીસ- ગ્રંથના કર્તા પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ કહે છે, કે અમુક જીવોની એવી કક્ષા હોય છે, એવી ભુમિકા હોય છે, જીવ જાણે છે, જુએ છે, સમજે છે, સંસારના સ્વરૂપની જેને પુરી ખ્યાલ આવી ગયો છે. અને છતા એમને સંસારથી ઉદ્વેગ થતો નથી.

जन्म - मृत्यु - जरा - व्याधि - रोग - शोकाद्युपद्रुतम् ।

તે જીવો જુએ છે કે, સંસારની અંદર, જન્મ છે, મૃત્યુ છે, ઘડપણ છે, રોગ છે. ઉપદ્રવ છે. ઉપાધિઓ છે,

वीक्ष्यमाणा अपि भवं,

તેઓ સંસારને સાક્ષાત આ સ્વરૂપે જોઈ રહ્યા છે.

नोद्विजन्तेऽतिमोहतः ॥

છતા પણ અત્યંત મોહના કારણે, એમને વૈરાગ્ય જાગતો નથી. આપણે હળુકર્મી કે ભારેકર્મી ?

આપણે દીર્ઘસંસારી કે અલ્પસંસારી ?

આપણો મોક્ષ નજીક કે દુર ?

એ એના પરથી નક્કી થશે, કે આ બધુ સાંભળીને આપણા ઉપર અસર શું થઈ ? ઉપદેશમાલા ગ્રંથ, શ્રાવકો માટે આગમ જેવો ગ્રંથ, અદ્ભુત પાંચસો ગાથાનો ગ્રંથ ધર્મદાસ ગણિ મહારાજ, ભગવાન મહાવીરના હાથે દીક્ષીત,

રાજર્ષિ મહાત્મા, અવધિજ્ઞાનના સ્વામી મહાત્મા અને
જે મહાત્મા, તપ ની પૂર્ણાહુતિ કરતા કરતા લજે છે,
સોઉણ જગરણમિણં ધમ્મે જાઓ ન ઉજ્જમો જસ્સ ।
ઉપદેશ માલા પ્રકરણ સાંભળીને, વાંચીને, સમજીને,
જે ધર્મમાં અત્યંત ઉદ્યમ વાળા થતા નથી,
ન ય જણિયં વેરગ્ગં,
જેમને આ સાંભળીને પણ વૈરાગ્ય થતો નથી,
જાણિજ્જ અણંતસંસારી ।।
સમજુ લો કે એ અનંત સંસારી થશે.

સભાનો પ્રશ્નઃ- શ્રાવક ને સાધુ ભગવંતો પ્રત્યે અહોભાવ હોય, પણ પોતાને દીક્ષા-લેવાનો ભાવ ન થતો હોય તો એ કઈ ભુમિકા એ કહેવાય છે.

પુજ્યશ્રીનો ઉત્તરઃ- પ્રશ્ન એ છે, કે મહાત્મા-પ્રત્યે આદર છે, વાત્સલ્ય છે પણ દીક્ષા લેવાનો પોતાને ભાવ થતો નથી, પ્રશ્ન-ના હજુ થોડા પ્રકાર પાડીને હું તમને જવાબ આપુ. પોતાને ભાવ નથી થતો એટલે દીક્ષા ને હેય-માનીને ભાવ નથી થતો, કે ઉપાદેય માનીને ભાવ નથી થતો છે, દીક્ષા લેવા જેવી જ છે, એવું મન-ની અંદર બ્રજલેસલાક બેસી ગયું છે, કોઈ લેતું હોય તો પુરી પોતાના તરફથી સ્પષ્ટ છે, અનુમોદના-છે, સહાય છે, આનંદ છે, અને પોતે ન લઈ-શકતા હોય ઉપાદેય માન્યા પછી પણ, હજુ હું તમને કહું છું અહિંયા ન અટકો, હજુ પ્રશ્નની અંદર ભગો, પોતાને ન લેવા પાછળ ડર જશે - બળાપો જશે, ગુસ્સો જશે છે તો એનામાં સમ્યગ્-દર્શન છે!

DATE

દીક્ષા જ લેવા જેવી છે, ફલાણા ફલાણા એ લેવા જેવી છે, ગામે લેવા જેવી છે, મારી દીકરી કેમ માગતી ની એ લાક્ષા જાય ત્યાં. જેની આ ભૂમિકા છે, એનામાં પણ સમ્યગ્ દર્શન ન હોય. સંસારનો મોહ હજુ નડતો હોય, સંયોગો કદાચ નડતા હોય, શક્યતાઓ ઓછી હોય, ન હોય, ન લઈ શકે હું કહું છું હજુ કદાચ માફી મળશે. બીજાને લેવા પણ ના દે, બીજા લેતા હોય એની-અનુમોદના પણ ના હોય, જૈનત્વ હોવાથી સાધુ-સાધ્વી-પ્રત્યેનો આદર હોય, ભક્તિભાવ હોય, સુપાત્ર દાન સુધી વાંધો ના હોય, સેવા સુધી વાંધો ના હોય, બાકી-સર્વ વિરતિ ધર્મ પ્રત્યે આંતરિક લાગણી ના હોય, તો પણ સમ્યગ્ દર્શન નથી. જેને ભક્તિભાવ નથી, સેવા નથી, સુપાત્ર દાન નથી, એના કરતા એ આત્મા હજાર-ગણા આગળ છે, પુણ્ય ભરપુર ભક્તિ દ્વારા બાંધી-રહ્યા છે, એમાં કોઈ જ ના નથી. સમ્યગ્ દર્શનનો અર્થ શું? સમકિત ના ૬૭ બોલની સજ્ઝાયમાં મહોપાધ્યાય, યશોવિજયજી મહારાજ કહે છે,

નારક ચારક સમ ભવ ઉભગ્યો તારક જાણીને ધર્મ,

સમકિતિ આત્માનું ત્રીજું લક્ષણ નિર્વેદ, એને નિર્વેદ દ્વારા, આખો સંસાર, સાક્ષાત નરક જેવો લાગે ને ક્ષણમાં આ પણ ભાગી છુટવા મળે તો, ભાગી છુટુ આ જેની ભૂમિકા હોય, એ કોઈની દીક્ષામાં અંતરાય કરે ને પોતે છતી શક્તિએ, છતા સંયોગે દીક્ષા ન લે, આ વાતમાં કોઈ માલ છે?

(વિહારની અંદર, રાજસ્થાન જતા કે-રાજસ્થાનથી ગુજરાત આવતા, વચ્ચે એક ગામ આવે, એનું નામ છે, ઇકબાલગઢ! આગલા ગામે જઈ પુછ્યું કે ભાઈ ત્યાં શું છે? નામ એવું છે. નામ જ એવું છે. સુરત ગોપીપુરામાં જેમ હિન્દુ ના મળે, એમ ઇકબાલગઢમાં

DATE

~~મુસ્લિમ~~ મુસ્લિમ ના મળે. મને કહે ત્યાં અગ્રવાલોના ઘરો છે, ભાવિક છે, જ્યારે જ્યારે ત્યાં જવાનું-થયું, ત્યાંના ભાવ આપણને હૃદયમાં વસી જાય, આપણને ના લાગે કે જૈન નથી. એક ઈતિહાસ-એવો મળે છે, મુળમાં જૈન છે એ લોકો. ઉગ્રસેન રાજા જે નેમિનાથ ભગવાનના પૂર્વજ કહેવાય, જેમના નામ ઉપરથી આગ્રા શહેર બન્યું, એમનો-વંશ એ અગ્રવાલ વંશ, અને મુળમાં જૈન. -

જુઓ ભાવ, એમના લોહીમાં એ-સંસ્કાર હોય, હું તમને કહું છું વહોરાવવાના-એમને ભાવ છે, સદ્ભાવ સાધુ-સાધ્વીજી પ્રત્યે-છે, એમની દીક્ષા પ્રત્યેની ઉપાદેયતા લાગતી નથી, એવું કોઈ જ્ઞાન નથી, સમજ નથી, CONCEPT જ નથી, હું દીક્ષા લઉં ને કોઈને લેવા દઉં આવો-ક્યારે કોઈ વિચાર જ નથી. તો સુપાત્રદાન-માત્રથી, સાધુ-સાધ્વી પ્રત્યેના ભક્તિભાવ માત્રથી, એમના માં સમ્યગ્ દર્શન છે એવું ના કહેવાય. એવી રીતે, આપણામાં પણ, સુપાત્ર દાન માત્રથી, સાધુ-સાધ્વી ના ભક્તિભાવ માત્રથી, સમ્યગ્દર્શન-છે આવું ના કહી શકાય.

સભાનો પ્રશ્ન :- સાધુ પ્રત્યેના અહોભાવથી - ચારિત્ર મોહનીય કર્મની તુટે ને ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- તુટી શકે એનો કોઈ જ સવાલ નથી, એમાં પણ એકાંત નથી. જુદી જુદી થાય, જુદી જુદી અવસ્થા, એવું ઘર, એવું કુળ, એવા સંસ્કાર, અને એના કારણે જેને ભક્તિભાવ હોય, પણ સંયમ ધર્મની કોઈ જ -

પક્ષપાત ના હોય ને ના તુટી જાવું પણ બની શકે, ઘણા ઘણા ધર્મના આચારો કુલાચાર સ્વરૂપ હોય છે. ઘણા ક્ષાયોપશમિક ભાવો ભવપ્રત્યીક હોય છે, દાખલા તરીકે કબુતરનું બચ્ચું છે, એની અવસ્થા જ એવી છે, અત્યંત સરળ. સરળતા એ મોક્ષ માર્ગ છે- એની ના નથી, પણ એ સરળતા ભવ પ્રત્યયીક છે, ગુણ પ્રત્યયીક નથી. ગુણ તરીકે દેખાતી હોય છતાં- કાયમી નથી. એક ઔપાધિક સરળતા છે, સ્વાભાવિક- એની સરળતા નથી, માટે એની એ સરળતા એ જીવ- માટે મોક્ષ માર્ગ સ્વરૂપ નહિ બને.

સભાનો પ્રશ્ન:- સાહેબજી, તો પછી શાલિભદ્રજી ના- જીવનમાં જ્યારે, ખીર વહોરાવી ત્યારે- સાધુ પ્રત્યે અહોભાવ હતો, તો બીજા ભવમાં એક ઝટકે બધુ છોડી ને દીક્ષા લેવાનો ભાવ થયો.

વૈરાગ્યશ્રીનો ઉત્તર:- બસ, મારે તમને એ જ કહેવું છે, કે એ કબુતરનું બચ્ચું એ સરળ છે, અને બીજો જીવ એ સરળ છે. કબુતર ના બચ્ચાનો અનંત- સંસાર બાકી છે, બીજો સરળ છે, માર્ગાનુસારી તરીકે- સરળ છે, એનો સરળતાનો ગુણ તાત્વિક છે. એને- માટે એનાથી એનો મોક્ષ થઈ જશે. તમે એને એ બની શકે, પૂર્વના અનંતાભવોની અંદર, આપણા ઘરે મહાત્મા આવ્યા, આપણે ના નથી પાડી, ભદ્રિકતા હતી, એ સંસ્કાર હતા, ઔચિત્ય હતું, આપણેય ખીર વહોરાવી છે, આપણે શાલિભદ્ર બન્યા નથી, આપણા સંસારની બારી ખોલી નથી. એટલે વહોરાવવામાં -- વહોરાવવામાં પણ ફરક હોય શકે છે. ગુણ- ગુણમાં પણ ફરક હોય શકે છે. આચાર- આચારમાં પણ ફરક હોય શકે છે. ક્યા હિસાબે આચાર છે ને તાત્વિક દ્રષ્ટિનું સુપાત્ર દાન કર્યું છે,

જ્યાં નિશ્ચય કક્ષાનું, નિશ્ચય નય શુદ્ધ, શુદ્ધ નય શુદ્ધ સુક્ષ્મ દ્રષ્ટિ એ શુદ્ધ, એવું સુપાત્ર દાન એ છે કે - સુપાત્ર પ્રત્યે સુપાત્રત્વ ની સંપૂર્ણ પ્રતિતી છે ! સુપાત્ર સુપાત્ર લાગે એટલે C.A. M.B.A. ડૉક્ટર - વગેરે એ સાવ ફાલતુ લાગે.

સર્વવિરતિ એ દુનિયાની મોટામાં મોટી DEGREE લાગે!

રાજાઓ પતિઓ, ઉદ્યોગપતિઓ, મોટા મોટા મંત્રી, મુખ્ય - મંત્રી વગેરે, હોય એ બધા હલકા લાગે. સાધુ - ઉંચા લાગે. આ સુપાત્ર ની સુપાત્ર તરીકેની અંદર જડબેસલાક જેવી પ્રતિતી છે તો, પ્રતિતી સાચેનું જે દાન અપાય, એને નિશ્ચય નય સુપાત્ર દાન - કહે છે.

સુપાત્ર આવી ગયા એ એમના માટે સુપાત્ર - છે. આપણને એ સુપાત્ર લાગે, જડબેસલાક લાગે, અને એટલી હદે લાગે કે રોજ આપણે અંદરથી ઝુરી રહ્યા હોઈએ, કે મને તો સુપાત્ર દાનનો લાભ મળી - રહ્યો છે, પણ હું સુપાત્ર ક્યારે થઈ જઉં, સુપાત્ર - સુપાત્ર લાગે ત્યારે આપણા માટે આપેલું દાન સુપાત્ર દાન હોય છે. વ્યવહાર નય કહેશે કે ભાઈ એને કશી જ ગતાગમ નથી, કોઈ ભાવ નથી એ વહોરવે સુપાત્ર - દાન જ છે, પુણ્ય મળશે. સદ્ગતિ મળશે, દેવલોક - મળશે. સુખી મળશે. પણ સુપાત્ર, સુપાત્ર લાગે. સુપાત્ર ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ લાગે, દીકરો અમેરિકા - જતો હોય દુનિયાની NUMBER ONE COMPANY - એમાં સારી POST ઉપર JOB મળતી હોય, વરસનો પગાર એનો કરોડો ને પાર કરી જાય એટલો હોય, એની તમને જે આનંદ થાય. એના કરતા અનેક

DATE

ગણો આનંદ, જો દીક્ષા લેતો હોય તો થાય, ત્યારે આપણું સુપાત્ર દાન, ખરા અર્થમાં સુપાત્ર દાન બને છે.

બહુ સુક્ષ્મ પ્રેક્ટિકલ, આપણે આપણા આત્માનું આત્મ નિરીક્ષણ કરીએ, સાધુના આપણે શું સમજીએ છીએ ? રસ્તા પરથી તમે જઈ રહ્યા છો, આગળ કોઈ બહેન ચાલી રહ્યા છે, તમે ઓળખી શકતા, અથવા તમને કોઈ કહે છે, ફલાણા અભિનેત્રી છે. અત્યારે શુટીંગ છે, ગાડી તેમને ઉતારી ને જઈ રહી છે, શેરિયામાં નજર પડી ગઈ. પાંચસો - હજાર લોકો આવી - ગયા છે જોવા માટે, તમને તેમને ઘણી બધી વાર - પડદા ઉપર જોયા, બહુ નામ સાંભળ્યું, બધે જેમનું નામ છે એવા અભિનેત્રી, તમને રસ્તા પર સામે મળ્યા, ભલે તમારો કોઈ વિભાવ નથી, વિકાર નથી, એવો કોઈ ભાવ નથી, પણ એક બહુ મોટી વ્યક્તિ તરીકે ના - આકર્ષણ ભાવ સાથે તમે એમને જુઓ છો. ટોળુ - નીકળી ગયું, આગળ તમે ગયા, સાધ્વીજી ભગવંત આવી રહ્યા છે, પેલાને અભિનેત્રી તરીકે ઓળખ્યા છે, આમને સાધ્વીજી ભગવંત તરીકે ઓળખ્યા છે, બંને ને - તમે જોયા છે, તમે મત્થએણ વંદામિ, કર્યા ન કર્યા - એ પછી ની વાત છે. હું તમને કહું છું કે બંને ને - જોયા મળ્યા પછી, FIRST સેકંડે તમારું આંતરિક REACTION શું છે ? કોના માટે વધારે ભાવ તમને ઉછળે છે ?

ભારતના P.M. હોય, એક નાના - તમારા માટે જમણ્યા, કોઈ પણ સમુદાય ના મહાત્મા - કરતા, ક્યાંય હલકા લાગે, તો તમારામાં સમ્યગ્ દર્શન છે એનું ખુબ જ નામ છે ભારતના એક કરોડ, પાંચ - કરોડ, પચાસ કરોડ, સો કરોડ, લોકો એમને બહુ સારી

રીતે ઓળખે એવી અભિનેત્રી કરતા કોઈ નાનકડા સાધ્વીજી ભગવંત, તમને અનેક ગણા મહાન લાગે, અનેક ગણો જેમના માટે અહોભાવ થાય, તો-તમારામાં સમ્યગ્દર્શન! ખુબ આત્મ નિરીક્ષણ કરો, આપણે જૈન, શ્રાવક, તપસ્વી, આરાધક, પામેલા, સમજેલા, એક તદ્દન નાસ્તિક માણસ, ધર્મને-બિલકુલ નહિ સમજનારો માણસ, એને અભિનેત્રી અને સાધ્વીજી ભગવંત ની બેઉને જે ભાવ આવે છે, એ જ ભાવ એ આપણને આવે છે તો તાત્ત્વિક-દ્રષ્ટિએ, એની ને આપણી ભૂમિકા સરખી છે.

**નિભાનો પ્રતિભાવ :-** સાહેબ આ જમાનામાં એવું છે કે ભાઈ, એ અભિનેત્રી ૨૦-૨૫ વાર જોઈએ એ LIVE, તો પછી એમને ય એના માટે કાંઈ ના લાગે, પહેલી વાર કુતુહલ લાગે, પછી કાંઈ નહિ!

**પૂજ્યશ્રીનો પ્રતિભાવ :-** હું શું કહું છું, તમારે જ્યારે એ વ્યક્તિને રૂબરૂ-મળવાનું થાય છે, તમારી ગલી માંથી PM જવાના છે, અને મહાત્મા જવાના છે. આજની તારીખમાં તમારો પ્રતિભાવ શું છે ? PM ને તમે જોયેલા છે, રોજ-છાપામાં આવે, T.V. NEWS માં આવે, ખબર છે કે ભઈ એ P.M. છે. એની વાત બધી. અને ત્યાં છે ને તમારા ઘર તો જોડેલું જ છે, કે REACTION તો આવતું જ હોય. તમને એટલી ખબર પડી કે ફલાણા ના લગ્ન હતા, અમદાવાદમાં જ હતા, એ તમારા એ પરિચિત હતા, ને એના લગ્નમાં PM આવી ગયા, ત્યાં તમારું REACTION શું છે ? તમારા સંઘની બહાર ફલાણા મહાત્મા

પધાર્યા, ત્યાં તમારું REACTION શું છે ? ખુબ મંથન કરો, ખુબ વિચાર કરો, કે

અંદર સંસાર બેઠો છે કે શાસન બેઠું છે !

અંદર સંયમની પ્રતિષ્ઠા છે કે અવિરતિની પ્રતિષ્ઠા છે !

જેણે તમને ધંધામાં હેરાન કર્યા, સમાજમાં ટાંટિયો ખેંચ્યો, તમારી ઘોર બદનામી કરી, તમારી સાથે ઝગડા-ઝગડી પણ એમના કોઈ અણસમજ કાળમાં, ખુબ જ થઈ ગઈ. એ વ્યક્તિ જાતે દીક્ષા લઈ રહી છે, અને એ દીક્ષા લઈ રહી છે, આટલા મુદ્દે તમારા અંતરની અંદર એમના પ્રત્યે, વાંલ વાંલે અહોભાવ ઉભરે, તો તમારામાં સમ્યગ્ દર્શન છે.

સભાનો પ્રતિભાવ :- P.M. તો ક્યારેક જ ભાવના હોય, પરંતુ મહાત્માઓના દર્શન તો રોજ જ થતા હોય, પેલું ક્યારેક જ બનતું હોય, અને અમુક - વસ્તુઓ ROUTINE થઈ ગઈ હોય. તો સદ્ભાવ અલગ થઈ જાય છે.

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- દુકાનની અંદર રોજ એના એ રૂપિયા મળે, એક પચાસની નોટ, એક પાંચસોની, એક સોની, ઘડી ઘડી તો નોટો બદલાતી નથી, વર્ષોના વર્ષો અંદર ક્યારેક એના રૂપ રંગ બદલાય, ને હવે તમે ય કંટાળી ગયા હો, તમને એના માટે એવો કોઈ ભાવ હોય નહિ. ઠીક છે ને આપે છે ને લેવા પડે છે, ને આમાં શું નવું ને, શું કરવું ! ખુબ આપણે મંથન કરશું તો આપણને ખ્યાલ આવશે, કે હજુ આપણા કર્મો ભારે છે, હજુ આપણો

તત્ત્વ સમજ્યા નથી, હજુ શાસન વસ્યું નથી. હજુ સર્વ વિરતિ પ્રત્યેની તીવ્ર ઉપાદેય બુદ્ધિ અંતરમાં આવી નથી, માટે અહિંયા બધું ROUTINE (રોજનું) થઈ જાય છે, સંસારમાં આપણને બધું નિત-નવીન અને ATTRACTIVE (આકર્ષક) લાગતું હોય છે.

સભાનો પ્રતિભાવ :- મહાત્મા ઓ પ્રત્યે તો અહોભાવ છે જ! પરંતુ સરકારી વ્યક્તિઓને જો માન ન આપીએ તો અમારા ધંધાના કામો વગેરે અટકી જાય છે, તો શું કરીએ ?

પૂજ્યશ્રીનો પ્રતિભાવ :- હું શું કહું છું કે તમારે કોઈ બહુમાન આપવાનો પ્રસંગ નથી, વ્યવહાર કરવાનો પ્રસંગ નથી, તમને સમાચાર મળ્યા છે કે ફલાણા ના લગ્નમાં પોતે જઈ આવ્યા છે, P.M.! હવે અહીંયા જે તમારું REACTION છે, એમાં તમારે કોઈ બહુમાન, વ્યવહાર, પૈસા, કશું લાગતું વળગતું નથી.

હજુ છે ને આપણે કાંઇક મારીએ છીએ

કે આપણે સાચા છીએ. અને છો તો લાખલાખ ધન્યવાદ છે. હું એમ નથી કહેતો કે તમે બધા ખોટા જ છો. હું કહું છું તમે તમને CHECK કરી લો, ને બહુ જ HONESTLY (ઈમાનદારીથી) CHECK (તપાસી) લો. તમે તમારામાં RAID પાડો, તમે તમારી ઝડતી પડો, તમે તમારું POST MORTEM કરો, તમે સંપૂર્ણ આત્મ-નિરીક્ષણ કરો કે ખરેખર જરૂર શું પડ્યું છે ? વ્યવહારથી કરવું પડ્યું હશે, ઔચિત્ય હશે,

કંઈક નગરાશ સંસારની સવાલ હશે, ધંધાની સવાલ હશે, હું કહું છું માફ છે. બની શકે ને એવા પણ પુણ્યાત્માઓ અહીંયા બેઠા હશે, જેમને કશી જ સંસારની પડી નથી ને, સંયમની જ પ્રતિષ્ઠા થઈ છે. પણ આપણેઓમાં જરા કે નહિ ? એ બધાની આપણી ફરજ છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,
હીનાદિસ્થાનસંશ્રય: ।
આ એ જ સંસાર છે, જેણે આપણને અનંત વાર રાજા બનાવ્યા પછી, સીધા મૃત્યુ પછી વિષ્ટાના કીડા બનાવ્યા છે આ એ જ સંસાર છે જેણે આપણને શેઠ બનાવ્યા પછી, સીધો એવા ઘરની અંદર જન્મ આપ્યો કે, આખી જિંદગી આપણે ગટર સાફ કરી છે. આ એ સંસાર છે, જે સંસારની અંદર, આપણે દેવ બન્યા, અને પછી સીધા એકેન્દ્રિય ની અંદર ઘુસી ગયા.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે કે, ભારતના વડાપ્રધાનને DISMISS કરીને સીધી સુધરાઈ ની ગટરની અંદર કામદાર તરીકે નોકરી આપી દેવામાં આવે, એના જેવી ઘટના, એના જેવી જ નહિ, એના કરતા અનંત ગણી હીન ઘટના, આપણી સાથે અનંત વાર બની ચુકી છે. યોગશાસ્ત્રની અંદર કલિકાલ સર્વજ્ઞ કહે છે,
શ્રોત્રિય: શ્વપચ: સ્વામી પત્તિર્બ્રહ્મા કૃમિશ્ચ સ
આપણો જીવ કેટલી કેટલી વાર વેદ પાઠી બ્રાહ્મણ જેનું સમાજમાં ઊંચું સ્થાન, એક મહાત્મા તુલ્ય સ્થાન, એવા જ બ્રાહ્મણ આપણો જીવ બન્યો ને, આપણો જ જીવ કેટલી વાર, એવા ઘરની અંદર જન્મ્યો, જ્યાં એણે આખી જિંદગી મડદા બાળવાનું કામ કર્યું. ક્યારેક માલિક બન્યો, ક્યારેક દાસ બન્યો, ક્યારેક એ મોટો દેવ બન્યો,

ક્યારેક એ કીડી બન્યો, ક્યારેક એ બ્રહ્મા જેવો મહાન બન્યો, ક્યારેક એ કૃમિ જેવો અધમ બન્યો,

संसारनाट्ये नटवत्, संसारी हन्त चेष्टते ।।

સંસાર એટલે એક રંગ મંચ, સંસાર એટલે એક નાટક જીવ એટલે એક નટ, એની અંદર જીવ છે, જેસ એ અભિનય કર્યા કરી છે, જુદા જુદા એને ભવો મળી, અને એ ભવને અનુરૂપ એ ચેષ્ટાઓ કર્યા કરી, યોગશાસ્ત્રની અંદર કલિકાલ સર્વજ્ઞ કહે છે,

न याति कतमां योनिं कतमां वा न मुञ्चति ।

આ જીવ ૮૪ લાખ યોનિઓ માંથી કઈ યોનિમાં અનંત વાર ગયો નથી. કઈ યોનિને અનંતવાર છોડતો - નથી. સંસાર એટલે એક ભાડાનું ઝુંપડું, એક ભાડાનું ઘર, આ ભવ પણ એક ભાડાનું ઘર, બીજો ભવ પણ એક ભાડાનું ઘર, કાયમી ક્યાય રહેવાનું નહિ, જવાનું, રહેવાનું, ઘર વસાવવાનું, પહેલાથી - બધું સર્જન કરવાનું, અને બધું જ છોડીને જતા રહેવાનું.

સંસારે આપણા પ્રત્યે એવું વર્તન કર્યું છે, તો આપણું ઔચિત્ય એ છે કે, સંસારને એવી લાત મારીને જતા રહીએ કે, સંસાર કદી આપણી સામે નજર ના કરી, સંસારને એવી લાત મારીને - જતા રહીએ, કે આપણને પણ પચ્છે કોઈ ભવમાં - સંસાર સામે જોવાનું મન સુદ્ધા ન થાય, સંસારે આપણી સાથે એવું વર્તન કર્યું છે કે, સંસારને - મારવા માટે જ આપણે જીવવું જોઈએ, એની બદલે આપણે સંસારને જીવાડવા માટે જીવીએ, સંસારને આપણને હેરાન પરેશાન કરવા માટેનું પોષણ આપવા માટે જીવીએ, સંસારને વધારે - નાગડો બનાવવા માટે જીવીએ અને આપણે

DATE

સત્યાનાશ વાળવા માટે, સંસારને હથિયારી આપવા માટે પુણીએ, જેનાથી જરાક વાત આપણા માટે જીણુ કઈ હોય શકે છે.

સિધ્ધાર્થ ગણિ મહારાજ બહુ સ્પષ્ટ કહે છે, ચગડોળ ની અંદર ઉપરથી નીચે જવું, એ મનોરંજન હોય શકે છે. ચગડોળ ગોળ ગોળ ફરે, નીચે થી ઉપર જાય, ઉપરથી પાછુ નીચે આવવાનું હોય, એમાં ઉપરથી નીચે આવો, મનોરંજન હોય શકે. સત્તાના ક્ષેત્રે, સંપત્તિના-ક્ષેત્રે, પદના ક્ષેત્રે, સમાજ ના ક્ષેત્રે, ઉપરથી નીચે આવવું એ મનોરંજન નથી હોતું એ અત્યંત યાતના સમ હોય છે. કોઈ ભુતપુર્વ મંત્રી હોય, ભુતપુર્વ મુખ્ય મંત્રી હોય, ભુતપુર્વ પ્રધાનમંત્રી હોય, ભુતપુર્વ કોઈ સંસ્થાના પ્રમુખ હોય, ભુતપુર્વ કોઈ સિનેતારક હોય, એમની વેદના જે સમજે એ સમજ શકે. પોતાની એ ભુતકાળ યાદ આવે એ-દિવસો યાદ આવે, એ SEAT યાદ આવે, એ પ્રસિધ્ધિ યાદ આવે, એ માન-પાન યાદ આવે, આજે પોતાની જગ્યાએ બેઠેલી એ વ્યક્તિઓ દેખાય, આજના એમના-માન-પાન અને પોતાની સ્થિતિ એ બંનેની તુલના થાય, અંતર વલોવાઈ જતું હોય, હૈયું આઘાતમય બની ગયું-હોય, એવી એમની દુર્દશા હોય, હું તમને કહું છું, આવી દુર્દશા આપણી, સંસારે અનંત વાર કરી છે.

શાંત સુધારસ માં વિનય વિજયજી મહારાજ કહે છે,

ઘટયતિ ક્વચન મદમુન્નતેઃ, ક્વચિદહો હીનતાદીનતા રે ।

આ સંસારની અંદર ક્યારેક તને એવું સ્થાન મળે છે, જેનાથી તને ઉન્નતિ નો મદ થઈ જાય છે. ક્યારેક તુ હીનતા થી હીન થઈ જાય છે. તો હીન તુ થઈ ગયો, એવું ક્યારેક બની જાય છે.

પ્રતિભવં રૂપમપરાપરં વહસિ બત કર્મણાધીન । રે ॥

પ્રત્યેક ભવે જુદુ જુદુ રૂપતુ લેતો [redacted] જાય, એવી તારી

classmate

કર્મની ગુલામી. કેવી પરાધિનતા! શું તને હજુ એમ નથી થતું કે,

## આવો સંસાર તો ન જ જોઈએ !

INTERVIEW હતો, AD છપાઈ ગઈ છે, - INTERVIEW લેવાઈ રહ્યો છે, INTERVIEW લેનારા જે T.V. કે MOVIE ના DIRECTOR છે, નિર્દેશક છે, અભિનેતા બનવા માટેનો - INTERVIEW આપવાનો છે, PERFORMANCE બતાડવાનું છે, એક પછી એક અંદર આવતા - જાય છે. એક ભાઈ PERFECT જેવા એના હતા - એવા નહિ, એનાથી સારા નિર્દેશક ને મળી જાય - છે, એને કહે છે કે હું તમને પાસ કરું છું, અને કાલથી તમે આવી જાવ. INTERVIEW આપવા આવનારે, સ્પષ્ટ આ વાતનો પ્રતિભાવ આપ્યો કે હજુ સુધી મેં અહિંયા કામ કરવાનું નક્કી કર્યું નથી. નિર્દેશક ચમકે છે. - નિર્દેશક કહે છે કે, તો પછી તમે અહિંયા - આવ્યા હતા શા માટે ? INTERVIEW - આપવા, તો તમારે અભિનય કરવો નથી, કહે કે મેં હજુ નક્કી નથી કર્યું, તો અભિનય નથી કરવાના તો પછી INTERVIEW આપવા આવ્યા શા માટે ? તો કહે કે નથી કરવાનો એવું પણ નથી, પણ મારી એક શરત છે, બીજું કોઈ હોત તો એમને ઉભો કરીને રવાના કરત, ને પેલા સરસ ACTOR જે ભાઈ ને - નિર્દેશકની એવી ઈચ્છા કે મારે તો આમને રાખવા જ છે. તો એમને શરત પૂછી કે - તમારી શરત શું છે ? અને એ ACTOR એ

(પાત્ર)

જવાબ આપ્યો, કે મારે કયો ROLE કરવો, એનીસત્તા જો નક્કી કરવાની સત્તા મને મળતી હોય, તો મારે અભિનય કરવો છે. નહિંતો મારે અભિનય નથી કરવો. નિર્દેશક સ્તબ્ધ બની ને જોઈ રહ્યા છે ને આગળના જેવા લોઈ એમને બીજા કોઈ મળે એમ નથી. એ કબુલ કરે છે, તમારે જે રોલ જોઈએ, હું તમને કથા વગેરે સમજાવીશ, એમાંથી તમારે પસંદ કરવાનો તમારો રોલ, સત્તા તમારી પાસે, બોલો હવે તમે રાજી ? પેલા કહે હું રાજી, કાલથી આવી જઈશ.

હું તમને સવાલ પુછવા માંગુ છું કે આ ભવની અંદર, તમે કેટલા રોલ કર્યા, એ તમને ગમતા હતા ખરા ? આખા ભવ ચક્રની અંદર - આપણે જે જે રોલ કર્યા, એમાંથી એકે પણ રોલ - પસંદ કરવાની સત્તા આપણને મળી હતી ખરી ? એક બે બદામનો ACTOR, નિર્દેશક ને કહી શકે કે, જે રોલ પસંદ કરવાની સત્તા મને ન મળી હોય, એ રોલ મારે કરવો નથી, ને મારી પસંદગીનો રોલ કરવા ન મળે તો મારે રોલ કરવો નથી, એ માણસ નિર્દેશકને કહી શકે. અનંત શક્તિઓ નો માલિક, અનંત શક્તિનો સ્વામી, એવો આપણો આત્મા, આ સંસારને બેધડક - ના કહી શકે, કે જો મારે નક્કી નથી કરવાનું કે મારે કયો રોલ કરવાનો તો પછી મારે અહિંયા રોલ કરવો નથી. આ સંસારની અંદર મારે રહેવું નથી. શાંત - સુધારસમાં વિનય વિજયજી મહારાજ કહે છે,

अनन्तान् पुद्गलावर्तान्, अनन्तानन्तरूपभृत् ।

અનંત પુદ્ગલ પરાવર્તો સુધી, અનંતાનંત ભવો સુધી, અનંત.. અનંત.. અનંત.. જુદા જુદા વેષ, જુદા જુદા, રોલ, જુદી જુદી ભુમિકા, જીવ બિચારો કરતો આવ્યો કરતો આવ્યો ... કરતો આવ્યો ... હજુ ક્યાં સુધી આ - - રોલ કરવાનો ?

DATE

સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

पुनर्जन्म पुनर्मृत्युहीनादिस्थानसंश्रयः।

ફરી ફરી હાડમારી, મજૂરી, લાચારી, વિવશતા, ફરી ફરી હડધૂત પણું, ફરી ફરી હલકાભવો, ફરી ફરી જ્યાં જ્યાં ભવ ત્યાં હડ હડ થાય, ફરી અત્યાચાર સહેવો, ફરી માર સહેવો, ફરી આપણી હત્યા થાય, ફરી આપણે કુનરાના મોતે મરીએ આનું નામ સંસાર હવે ક્યાં સુધી આપણે એની નોકરી કરવી છે, હવે ક્યાં સુધી એના માટે વફાદારી રાખવી છે. હવે ક્યાં સુધી આપણા રોલ નક્કી કરવાની સત્તા, આપણે સંસારને આપવી છે.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

पुनः पुनश्च यदतः सुखमत्र न विद्यते।

બધી જ આશા સુખ માટે છે, ભલે આ સંસાર આવો, ભલે નવો, ભલે ફલાણો, ભલે ઢીંકણો, નમે લાખ ગાળ સંસારને આપો પણ અમને તો સંસારથી જ સુખ મળશે ની. આપણી છેલ્લી વાત આ આવી ને ઉભી રહે છે.

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને જવાબ આપે છે કે જે ગટરની અંદર નિર્મળતા મળી શકે તો સંસારની અંદર સુખ મળી શકે. પણ એ જેમાંથી એકે મળી શકે એમ નથી, કારણકે એ છે જ નહિ, આપણો પ્રશ્ન છે,

## સંસારમાં કઈ રીતે સુખ મળે ?

સંસાર છોડવાની કોઈ CONCEPT જ આપણી પાસે નથી. વિચાર સુધ્ધા નથી. હવે આમાં કઈ રીતે થશે, સાહેબ છોકરો ડાહ્યો કઈ રીતે થઈ જાય ?

દીકરા લે એવો નો વિચાર જ નથી. સામુ બોલતો બંધ થઈ જાય, મૂઢ બંધ થઈ જાય, કહ્યાગરો થઈ જાય, વિનિત થઈ જાય, ધંધો સારો થઈ જાય, શરીર સારું થઈ જાય, ઘરની અંદર વાતાવરણ સારુ થઈ જાય, ત્યાં સુધીના આપણા વિચારો છે, સંસાર છોડવાની તો વાત જ નહિ કરવાની. અંદર આને એ આ ભૂમિકા છે.

આપણો સવાલ એ છે, સંસારમાં કઈ રીતે સુખ મળે. પ્રતિબોધક આચાર્ય એમ નથી કહેતા. આ રીતે સુખ મળે, એમ પણ નથી કહેતા. મળી શકે એમ નથી. એ એટલી જ વાત કરે છે,

સુખ છે જ નહિ !

सुखमत्र न विद्यते ।

તમે ચાહે પુરુષાર્થ ની પરાકાષ્ઠાને સ્પર્શો, જે વસ્તુ જેની અંદર છે જ નહિ, એ કઈ રીતે મળશે ? આખી દુનિયાની ઘાણી એની કામે લગાડો, અને એમી અંદર રેતી પીલવાનો પ્રયાસ કરો, રેતી માં તેલ છે જ નહિ, તો મળવાનું પણ નથી. રેતી પીલે રાખો.. પીલે રાખો.. પીલે રાખો.. આખી જિંદગી પીલો, ઘાણી ના દુનિયાના ઉત્કૃષ્ટ યંત્રથી પીલો, રેતીમાં તેલ નથી, તો રેતીમાંથી તેલ મળવાનું નથી. સંસારમાં સુખ નથી, લાખ ઉધામા કરો, તો પણ સુખ મળવાનું નથી.

છગને મગનને કહ્યું કે દિવસે હું બે કલાક આરામ કરું છું. એટલે મગને કહ્યું કે દિવસે તુ બે કલાક સુઈ જાય છે. છગને કહ્યું કે ના-મારી પત્ની બે કલાક સુઈ જાય છે.

DATE

પત્ની ભગતી હોય ત્યાં સુધી છગનનો આરામ શક્ય-નથી.

**સંસાર ભગતો હોય ત્યાં સુધી આત્માનો આરામ શક્ય નથી.**

જ્યાં સુધી સંસાર ભગતો હોય ત્યાં સુધી આત્માને-ઉજાગરો થવાનો છે. સંસારની અંદર પુદ્ગલ ક્યાંક-સુખ જેવું લાગે પણ ખરું. જે પુદ્ગલનું મોહું હોય છે એ પુદ્ગલની ભ્રાન્તિ હોય છે. હકીકતમાં સુખ હોતું-નથી.

**સંસાર ભગી રહ્યો છે માટે પુદ્ગલનું સુખ શક્ય જ નથી!**

છગન એને બહુ બરાબર ખબર છે, આ રીતે જ આરામ શક્ય છે. આપણને બહુ જ બરાબર ખબર પડી જાય, જ્ઞાની સિવાય આરામ શક્ય નથી, જ્ઞાની સિવાય સુખ શક્ય નથી. મોક્ષમાં જ સુખ છે, સર્વ વિરતિ એ જ મોક્ષ નો ઉપાય છે. પૈસા, પરિવાર, વિષયો વગેરે વગેરે, તાત્વિક દ્રષ્ટિએ દુઃખનો રસ્તો છે. બુધ્ધ જ CLEAR થઈ પછી જ આપણી ખરા અર્થમાં સુખની યાત્રા શરૂ થશે. [illegible] બાકી સુખના નામે ગમે તેટલું કરી છુટીએ, સુખ મળવાનું નથી, કારણકે આપણે જ્યાં શોધી રહ્યા-છીએ, ત્યાં સુખ છે જ નહિ

સુખમત્ર ન વિદ્યંતે।

છેલ્લી વાત કહેવાનું મન થાય, કામથી આવી .. જરૂર આવી .. બસ આ ભૌતિક-હવી પ્રવચન નથી સાંભળવું, પ્રવચન ખરાબ છે એવું નથી, પ્રવચન ની જે વ્યાખ્યા હું તમને

સમજાવી રહ્યો છું, એ જ તાત્ત્વિક વ્યાખ્યા છે, પણ
પ્રવચન શબ્દ ને આપણે એટલો બધો બદનામ કરી દીધો
છે ને, એટલે હવે મારે તમને નવો શબ્દ આપવો પડે-
છે. આપણે પ્રયોજન માટે આવવું છે, આપણે પ્રયોગ-
માટે આવવું છે, આપણે સંસારથી ત્રાસીને, કંટાળીને
આવવું છે, એ તકલીફ દુર કરી દેવાના માર્ગદર્શનની-
ભુખ સાથે આવવું છે,

આપણા આત્માના નિશ્ચિત કલ્યાણ માટે આવવું છે!

એની જે કિંમત ચુકવવી પડે, એ
ચુકવવાની તૈયારી સાથે આવવું છે. અને જે ભગવાન-
ની વાણી આપણને મળે, એનો અમલ સો ટકા-
કરીને રહેવું છે. અનંતભવચક્રો ને સમાપ્ત થઈ જવા-
માટે, આથી વધુ કંઈ જ અપેક્ષા નથી, એના માટે-
પ્રયાસ કરીએ. આજે સમય થયો છે, આજે આટલું
રાખીએ!

---

# વ્યાખ્યાન-નંબર 140

DATE 25 08 2021

સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

प्रकृत्याऽसुन्दरं ह्येवं, संसारे सर्वमेव यत ।

આ રીતે સંસારની અંદર જ્યારે બધું જ અસુંદર છે, ખરાબ છે, ભયાનક છે,

अतोऽत्र वद किं युक्ता क्वचिदास्था विवेकिनाम ।।

તો પછી વિવેકી મનુષ્યો એ, સંસારમાં ક્યાંય પણ-આશા બાંધવી, લાગણી બાંધવી, રાગ કરવો, આ-વસ્તુ મારા માટે સારી છે એવું માનવું, અથવા-આ વસ્તુ કાયમ રહેશે એવું માનવું, આ શું ઉચિત-છે ?

अतोऽत्र वद किं युक्ता क्वचिदास्था विवेकिनाम् ।

સિધ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે કે જો તમારામાં થોડો પણ વિવેક હોય, તો તમને-સંસારની કોઈપણ વસ્તુ બિલકુલ ગમવાની નથી. સંસારની કોઈપણ વસ્તુ તમને થોડી પણ ગમે છે, એનો સીધો અર્થ એ છે, કે તમારામાં વિવેક નથી. અવિવેકી ને જ સંસાર ગમી શકે. અવિવેકી હોય-એ જ સંસાર પ્રત્યે આસ્થા બાંધી શકે. વિવેક અને સંસાર પ્રત્યે આસ્થા, આ બંને તો કોઈનામાં હોય જ ના શકે.

ઉપાશ્રય છે. સદ્ગુરુ પાટ ઉપર બેઠા છે, પ્રવચન ચાલી રહ્યું છે, સભા ભરાયેલી છે, સદ્ગુરુ નરકનું વર્ણન કરી રહ્યા છે, ઉષ્ણ વેદના, શીત વેદના, અસિપત્ર વન, વૈતરણી નદી, છેદન, અસહ્ય ભૂખ, ભયાનક તરસ, પ્રવચન ની ધારા-ચાલી રહી છે... ચાલી રહી છે... ચાલી રહી છે.. નરક ના એક પછી એક દુઃખ સદ્ગુરુ બતાવી રહ્યા છે. એક શ્રોતા અકળાય ગયે છે, અને પ્રશ્ન કરે છે કે,

નરકમાં શું સારું છે એ જ કહી દોને !

એને સદ્‌ગુરુ બહુ પ્રેમથી એટલું કહે છે, કે નરકમાં કશું પણ સારું નથી. અને શ્રોતા- કહે છે, તો પછી નરકમાં બધું જ ખરાબ છે, એમ કહી દો. સદ્‌ગુરુ એ એજ શાંતિ સાથે કહ્યું કે, હકીકતમાં હું એજ વાત કરી રહ્યો છું. અને છેવટે તો મારે એ જ- કહેવાનું છે.

જે નરકની વાત છે, એ જ સંસારની વાત છે !

प्रकृत्याऽसुन्दरं ह्येवं संसारे सर्वमेव यत् ।

આ સંસાર છે, અને એની અંદર, પ્રકૃતિથી, સ્વભાવથી, સહજ પણે હોય છે, અસુંદર છે.

સંસાર એ જ નરકનું બીજું નામ છે !

જો તમે સંસારથી નથી ડરતા, એનો અર્થ એ છે, તમે- નરકથી નથી ડરતા. જો તમે નરકથી ડરો છો, એનો અર્થ એ છે કે તમે સંસારથી ડરો છો. સારું કહી શકાય એવું સંસારની અંદર કશું પણ નથી, અને ખાનાખરાબ કરી દે એવું સંસારની અંદર બધું જ છે.

એક ભાઈ નરકની મુલાકાતે ગયા, આખી નરકની અંદર ફર્યા, બધી જ વસ્તુઓ જોઈ, અને એ ભાઈએ નરકને કીધું કે તમારી આખી દુનિયામાં, જોડ જડે એવી નથી. જીવને દુઃખી કરવાની ઉત્કૃષ્ટ માં- ઉત્કૃષ્ટ વ્યવસ્થા, તમે રાખી છે. અને એ સમયે- નરક એ ભાઈ ને કહે છે, કે સાચું કહું ! તો હું કશું જ નથી. મારું સર્જન કરનાર સંસાર છે.

DATE

મારી અંદર જીવોને સતત મોકલનાર સંસાર છે. મને
જીવની રાખનાર સંસાર છે. અને સંસાર એ મારું જ
સ્વરૂપ છે, અને હું એ સંસારનું જ સ્વરૂપ છું.

એક જીવની અપેક્ષાએ જોઈએ, તો -
એના સમગ્ર ભવચક્રની અંદર એણે સૌથી ઓછો -
સમય મનુષ્ય ગતિમાં વીતાવ્યો હોય છે. એના -
કરતા અસંખ્ય ગણો સમય નરકમાં વીતાવ્યો હોય છે.
એના કરતા અસંખ્ય ગણો સમય એણે દેવલોકમાં -
વિતાવ્યો હોય છે. એના કરતા અનંત ગણો સમય,
એણે તિર્યંચમાં વિતાવ્યો હોય છે. છતા પણ એ -
જ્યાં સુધી સંસારમાં હોય છે, ત્યાં સુધી એ નરકમાં
જ હોય છે, કારણકે સંસાર એ નરકનું જ સ્વરૂપ છે.
પેલા ભાઈ છક થઈને સાંભળી રહ્યા છે ને, નરક -
પોતાની વાત આગળ વધારે છે. તમને એવું લાગતું
હશે કે દેવલોકમાં હું નથી પણ હકીકતમાં દેવલોકની
અંદર પણ મારું અસ્તિત્વ છે. હું એટલે કે નરક,
દેવલોકની અંદર પણ છું. પેલા ભાઈ માથું ધુણાવી -
છે ને નરક પોતાની વાત આગળ વધારે છે.

એક દેવ હોય છે, એ જ્યારે પોતાના -
મહર્દ્ધિક દેવની ઋદ્ધિને જુએ છે, સમૃદ્ધિને જુએ -
છે, ત્યારે ઈર્ષ્યાના કુંભીપાકની અંદર શેકાતો હોય છે.
નરકમાં પણ કુંભીપાક છે દેવલોકમાં પણ કુંભીપાક
છે. નરકની અંદર ભ્રાષ્ટ્રપાક હોય છે, ખાસ જાતનું
વાસણ હોય અંદર જીવોને ભરી દેવામાં આવે, ઢાંકી
જાય, અંદર રંધાય જાય. એ જીવ એક રસોઈ -
બની જાય, જેને ભ્રાષ્ટ્રપાક કહેવાય. એક દેવ -
જ્યારે મહર્દ્ધિક દેવ એટલે કે એમનાથી ઘણા -
પુણ્યશાળી, ઘણા ઐશ્વર્ય વાળા દેવની, દેવીઓને

જ્યારે જુઓ. ત્યારે કાગના ગ્રાઉન્ડ પાર્કની અંદર રેઘાય-જતી હોય છે.

સભાનો પ્રશ્ન :- સાહેબજી આ નરકમાં DAY-TO-DAY નું MANAGEMET કોણ કરે છે?

પૂજ્યશ્રી નો ઉત્તર :- મારો પ્રશ્ન તમને છે કે - તમારું MANAGEMENT કોણ કરે છે? પ્રશ્ન બહુ સાચો છે તમારો, સવાલ-માત્ર નરકનો નથી આખા વિશ્વનો છે, કોણ છે જે-સંસારનું સંચાલન કરે છે?

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજએ આ-સવાલ ના જવાબ માં એક આખા ગ્રંથની રચના કરી છે, જેનું નામ છે,

## લોક તત્વ નિર્ણય !

ગુજરાતી ભાષાંતર સાથે પણ આ ગ્રંથ બહાર પડેલો છે, જુની પ્રત રૂપે જ્ઞાન ભંડાર માં મળી જાય. વાંચવા જેવો-અદ્ભુત ગ્રંથ અને એની અંદર જુદા.. જુદા.. જુદા.. જુદા.. દુનિયાના દર્શનો ધર્મ ગ્રંથો, ચિંતકો ની માન્યતા મુજબ-આ વિશ્વનું સર્જન અને સંચાલન કોણે કર્યું?, હકીકતમાં આ દુનિયા કઈ રીતે ચાલી રહી છે, એના વિષે બહુ સરસ વાતો કરી છે.

યુગપ્રધાન આચાર્યસમ પૂજ્ય પંન્યાસ શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ, એમણે એક વિશાલ સંસ્કૃત-ગ્રંથની રચના કરી છે, જેનું નામ છે, ધ્રુવ સત્રાસ વૃત્તિ ! લોક તત્વ નિર્ણયના પદાર્થો થી પણ આગળ વધીને,

આધુનિક વિશ્વના પણ અનેક દર્શનો, અનેક-
ધર્મશાખાઓ, જે બધાના મતે વિશ્વ શું છે. -
ઉત્પત્તિ કઈ રીતે થઈ, સંચાલન કઈ રીતે થાય છે,
તમારા શબ્દોમાં કોણ MANAGE કરે છે, કઈ-
રીતે MANAGE થાય છે, એની અદ્ભુત વાતોનો
સંગ્રહ કર્યો છે, લગભગ ચાલીસ હજાર શ્લોક પ્રમાણ
એની ટીકા છે, જે પૂજ્યશ્રીએ પોતે રચી છે.

સૂત્ર કૃતાંગ આગમ સૂત્રની અંદર,
પણ આ લોક તત્ત્વ નિર્ણય, આ જીવ સમાસ વૃત્તિ
એના બીજ રહેલા છે.

અયં મૂણાકેડે લોએ....

શું બ્રહ્માએ વિશ્વની રચના કરી છે, શું ઈશ્વરે એ
કરી છે, શું ઠીંકણોએ કરી છે, વગેરે વગેરે મતોનો
ઉપન્યાસ કરી ને, હકીકતમાં તત્ત્વથી, યુક્તિથી,
અનુભવથી, શાસ્ત્રથી, શું ઘટે છે, નથી ઘટતું.
વગેરે વાત એની અંદર બતાડી છે. સાર એ છે,
નરક પણ શાશ્વત છે. લોક પણ શાશ્વત છે,
સંસાર અનાદિ છે, જીવ અનાદિ છે. કોણે કર્યો
લોક છે, એનો સીધો જવાબ, કે તમારી જે-
દુનિયા છે, એની રચના તમેં જ તમારા કર્મો-
દ્વારા કરી !

અમુક જીવો છે, એમના એવા પ્રકારના
કર્મો છે, કે તેઓ ત્યાં પરમાધામી થાય છે,
અમુક જીવો છે, એમના એવા પ્રકારના કર્મો છે,
તેઓ ત્યાં નારક થાય છે ને સૂત્ર કૃતાંગ આગમ-
ની અંદર, તમારા પ્રશ્ન નો સીધો જવાબ આ
શબ્દો દ્વારા આપ્યો છે.

उदीण्णकम्माण उदिण्णकम्मा पुणो पुणो ते सरहं दुहेंति ॥

એ નરકના જીવોના તથાવિધ કર્મોના ઉદયો છે. પરમા-ધામી સ્વરૂપ દેવોના તથાવિધ કર્મોના ઉદયો છે, એમના કર્મોના ઉદયો અને એમના કર્મોના ઉદયો, આ બંનેના કારણે, તેઓ ત્રાસ પામે છે, અને તેઓ ત્રાસ આપે છે, આખા વિશ્વનું સંચાલન એકદમ-વ્યવસ્થિત રીતે થાય છે.

એક જીવ સાથે તમારો ઋણાનુબંધ છે, એ લેનાર છે એને આટલા રૂપિયા તમારે દેવાના છે. એનું મૃત્યુ થાય છે, તમારા ઘરે દીકરા, પૌત્રા રૂપે, એ ઉત્પન્ન થાય છે, એના સમયે એનો જન્મ થાય છે. એ કેટલું કેટલું લેણું તમારી પાસેથી લે છે, બહુ જ વ્યવસ્થિત આખા વિશ્વનું સંચાલન, એની અંદર, કોઈ MANAGER, કોઈ મહેતાજી, કોઈ માલિક વગર-અનાદિ કાળથી થઈ રહ્યું છે.

**સભાનો પ્રશ્ન :-** નારકમાં આટલા બધા દુઃખો પરમાધામી દ્વારા જીવોને અપાય, તો એના પણ કર્મ બંધ તો થાય ને ?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** પરમાધામી પણ તીવ્ર કર્મ બંધ બાંધે, અને એ કર્મોને ભોગવે, અને ત્યાંથી ચ્યવીને જે ગતિમાં મચ્છ ~~[illegible]~~ પરમાધામી, ત્યા પણ બહુ જ દારૂણ દુઃખ હોય. અને ત્યાંથી પાછા મરીને એ નરકમાં નારક તરીકે ઉત્પન્ન થાય, અને ત્યાં પણ ભયાનક દુઃખને ભોગવે. વાત મુળ નરકની જ નથી,

નરકની મુલાકાત પેલા ભાઈએ લીધી છે તો નરક, એમ કહેવા માંગે છે, કે આખા વિશ્વની અંદર હું છું તે બધે જ મારું સ્વરૂપ છે, તમે માનો કે દેવલોક-

માં હું ન હોઉં, પણ હકીકત અને સત્ય એ છે કે દેવ-
લોકની અંદર પણ હું હોઉં છું.

એક દેવ હોય છે અને ક્યારે -
મહર્ધિક દેવ કે બીજો કોઈ દેવ, એના રત્નોની ચોરી
કરી જાય, ત્યારે એ વિલાપની વૈતરણીની અંદર ડુબી
જાય છે. નરકમાં પણ વૈતરણી નદી જેમાં જીવો ડુબી
જાય, જેમ જેમ તરવા જાય એમ વધારે ડુબે. દેવલોક-
માં પણ રત્નોની ચોરી થઈ જાય ને એ દેવ
જેમ વિલાપની વૈતરણીની અંદર ડુબી જાય. નરકની
અંદર અસિપત્ર વન હોય છે, નરકની ભુવ હોય-
એના ઉપર જે વૃક્ષના પાંદડાઓ ધડાધડ પડે, તલવાર
જેવા પાંદડા, અસિ એટલે તલવાર, પત્ર એટલે -
પાંદડા, તલવાર જેવા પાંદડા જ્યાં છે, એવા વૃક્ષો
જેની અંદર છે, એને અસિપત્ર વન કહેવાય, ને
પાંદડાથી એનું આખું શરીર, ટુકડે ટુકડા.. ટુકડે..
ટુકડા... ટુકડે.. ટુકડા થઈ જાય.. દેવલોકની અંદર
દેવ ની દેવીને કોઈ ઉપાડી જાય, અપ્સરાનું -
અપહરણ કરી જાય, ત્યારે આઘાતનું અસિપત્ર વન
એ દેવના ટુકડે ટુકડા કરી નાખે છે.

દેવલોકની અંદર સ્વામી - સેવકની
વ્યવસ્થા છે, સ્વામી દેવ હોય એ સેવક દેવને
કહે, કે જાવ આ જંબુદ્વીપમાં, આ લવણસમુદ્રનો
મારો આટલો AREA છે, એકવીસ લાખ યોજન
તમારે એમાં JOURNEY કરવાની છે, અને જે
બધું સાફ કરી દેવાનું છે. ત્યારે અપમાનની
છોળો એ દેવને છોલી નાખતી હોય છે. સ્વામી
દેવ જ્યારે કહે, કે ચાલો અત્યારે આ પ્રોગ્રામ
છે, ઢોલ તમારે વગાડવાનો છે. મનુષ્ય-

જાતિની અંદર એવા પ્રકારની જાતિ જેનું ઢોલ વગાડવાનું કામ હોય, બીજી જાતિઓ દ્વારા એ અપમાનીત થતી હોય, એ ઢોલ વગાડે એ એની મજબુરી હોય. બરાબર એજ રીતે દેવલોકની અંદર સેવક દેવે જ્યારે આમ ઢોલ વગાડવો પડે, ત્યારે હાંસીપાત્રતાનો હથોડો એ દેવને કુટી નાખતો હોય છે.

સ્વામી દેવ ક્યારેક કહે કે ~~ચલ~~ ચાલો હવે જ્યારે તમારે છો ને, તમારે મારા માટે હાથી-બનવાનું છે, વાઘ બનવાનું છે, સિંહ બનવાનું છે, જનાવરનું રૂપ કરવાનું છે, અને આ પ્રોગ્રામમાં મારી સાથે આવવાનું છે, હું તમારા ઉપર બેસીશ. ત્યારે એ દેવ,

લાચારીના ધુંધવાટથી આખો ધુંધવાઈ જતો હોય છે!

કે જે દેવ જ્યારે પોતે જુએ હવે મારું ઘણું બધું આયુષ્ય થઈ ગયું, હવે હું આરે આવ્યો, મારું તેજ છે, મારું બળ છે, મારું રૂપ છે, એ ઝાંખુ પડી રહ્યું છે. અને અભિનવ દેવ એની તુલના-માં, એનું તેજ મારું તેજ.. એનું બળ.. મારું બળ.. એમાં હું ક્યાંય ઉભો રહી શકું એમ નથી, એની તુલના માં હું ઝાંખો પડી જઉં છું, ત્યારે

શોકની ઘાણીમાં રીતસર એ દેવ પીલાતો હોય છે!

તરફ પેલા ભાઈને કહી રહી છે કે જો આમાં છે. એ બધુ જ દેવલોકમાં છે, આયુષ્ય પુરુ થવા આવે છ મહિના બાકી હોય, માળા કરમાવા લાગે, દેવને ખ્યાલ આવી જાય, ભલે હજારો.. લાખો.. કરોડો.. કે અબજો વર્ષો

સુધી આ દેવલોકની અંદર હું રહ્યો, આ રત્નો, આ-
વાવડીઓ, આ રત્નસ્તંભો, આ અપ્સરાઓ, આ વૈભવ-
આ નાટક, આ ચેટક, આ બધુ જ મને મળ્યું અને-
હવે મારે આ બધું જ છોડીને જવાનું છે, ત્યારે-
એ દેવ, પાગલ કુતરાની જેમ બહાવરો બની મથ, માથું
કુટે, છાતી કુટે, એ રત્ન સ્તંભો ઉપર પોતાનું-
માથુ પછાડી પછાડી ને ધ્રુસકે ને ધ્રુસકે રોતો હોય,
પળે પળે એને વિચાર સતાવતો હોય, શું હવે મારે-
આ બધું છોડી દેવાનું છે ?, અપ્સરાઓ કોઈ ને-
બહાવરો બની મથ કે શું હવે આનો માલિક કોઈ-
બીજો બની જશે, શું હવે આનો માલિક હું નહિ હોઉં ?
શું આ બધું જ હવે મારે છોડી દેવાનું છે ? શું
હવે મારે કોઈ તિર્યંચ ગતીમાં, કોઈ એકેન્દ્રિયમાં
કોઈ કુતરીના પેટે, કોઈ બિલાડીના પેટે, કોઈ ભુંડણ-
ના પેટે, જતુ રહેવાનું છે, શું હવે આ સુગંધ-
શું હવે આ શુભ પુદ્ગલો, શું હવે આ અદ્ભુત
વાતાવરણ, શું હવે આ ઉત્તમ વિષયો, શું હવે આ
બધું મને નહિ મળે ?, અને આ વેદનાની અંદર-
પેલો રડતો હોય, માથુ કુટતો હોય, ધ્રુસકે ને ધ્રુસકે
રડતો હોય, નરક પેલા ભાઈ નો કહે છે કે મારે
ત્યાં, એક સાથે સો પરમાધામીઓ, એક નારકને
પીડતા હોય, એને જેવી વેદના થાય, એના કરતા-
અનેગણી વેદના એ સમયે પેલા દેવ ની થાય.

કાર્તિકેય અનુપ્રેક્ષા નામના ગ્રંથ ની
અંદર લખ્યું છે,

સારીરિયદુક્ખાદો માણસદુક્ખં હવેઈ અઇપઉરં ।

શારીરિક દુઃખ અસહ્ય હોય છે, દુઃસહ્ય હોય છે,
જીવને ગમતું નથી, જીવને ત્રાસ આપે છે, પણ
એનાથી મોટું સત્ય એ છે, કે શારીરિક દુઃખ-

કરતા પણ માનસિક દુઃખ, અનેક ગણું હોય છે. સવાલ કર્યો કે ભાઈ આ બધું ભલે હોય, પણ દેવલોકની અંદર કેવા શુભ પુદ્ગલો, કેવા શુભ વિષયો, કેવા ઉત્કૃષ્ટ-વિષયો, અને આવા વિષયો હોવા છતા, માનસિક દુઃખથી માણસ દુઃખી કઈ રીતે થઈ જાય, અને કાર્તિકેય-અનુપ્રેક્ષા ગ્રંથ ત્યાં જવાબ આપે છે,

माणसदुक्खजुदस्स हि विसया वि दुहावहा हुन्ति ।।

જે માનસિક દુઃખથી વિહ્વળ છે, એના માટેનો વિષયો પણ દુઃખાવહ થઈ, વિષયો પણ દુઃખદાયક થઈ જાય, ગમે તેટલા સારા ઈષ્ટ વિષયો હોય, ભાવતી વાનગી-તૈયારી બનાવી છે, કોળિયો તમે લીધો છે, મોઢામાં-મુક્યો છે, સ્વાદ સરસ તમને આવી રહ્યો છે. ફોનની રિંગ વાગી છે, ધંધાના મોટા નુકશાનના ખબર આવ્યા છે. હવે જે કોળિયો ભાવશે નહિ, હવે એને ઉતારવો ભારે પડશે, એ કૂચા જેવો લાગશે, હવે એ બિલકુલ બેસ્વાદ લાગશે, કારણકે માનસિક રીતે તમે દુઃખી થઈ ગયા છો.

બારેક પોતાની વાત આગળ વધારે છે, દેવલોકની અંદર માનસિક દુઃખ જ છે, એવું નથી, દેવલોકની અંદર શારિરીક દુઃખ પણ છે, કોઈ દેવ જ્યારે મહર્ધિક દેવના રત્નો માં લોભાય અને એની ચોરી કરી જાય, જો દેવ પોતાના અવધિજ્ઞાનથી જુએ, કોણ-મારા રત્નો લઈ ગયું છે, દોડે એની પાછળ, પકડી પાડે, દિવ્ય પુદ્ગલોનો એવો એના ઉપર પ્રહાર કરે, છ-છ-મહિના સુધી પોતાને એની વેદના રહે, છ-છ મહિના-સુધી પાગલ કુતરાની જેમ બહાવરો બનીને, ચીસો-પાડતો, રાડો પાડતો, કણસતો, નથી સહન થતું મારાથી, એ રીતે પેલો દેવ દોડાદોડ કરતો હોય, આ દેવલોકની અંદર પણ શારિરીક દુઃખ હોય છે. હજુ આગળ વધીને-ભવનપતિ અને વૈમાનિક, આ જો દેવ નિકાય કહેવાય,

દેવલોક ના પ્રકાર કહેવાય. એમને જન્મગત સાપ અને નોળિયા જેવું વેર હોય. વારંવાર, સતત ને સતત - કોઈ ને કોઈ ભવનપતિ દેવો, ઉપર પહોંચી ગયા - હોય યુદ્ધ માંડી દીધું હોય, ભયંકર યુદ્ધ ચાલતુ હોય, એટલું જ નહિ, દેવલોકના ચાર નિકાય, ચાર પ્રકાર - છે. વ્યંતર, ભવનપતિ, જ્યોતિષ, અને વૈમાનિક! ચારે નિકાયની અંદર ઈર્ષ્યા ને કારણે, કષાયો ને - કારણે, કોઈ ને કોઈ ઘટનાઓના કારણે, સતત યુદ્ધો ચાલુ ને ચાલુ જ હોય છે. પ્રત્યેક સમયે - અસંખ્ય દેવોનું યુદ્ધ અવશ્ય ચાલતું જ હોય છે. દિવ્ય શસ્ત્રો, દિવ્ય પુદ્ગલો ના પ્રહારો, ભયંકર અતિ - પીડાઓ, પાગલ કુતરાની જેવી વેદનાઓ, જનાવરા - બની ગયેલા દેવતાઓ, સતત ને સતત, ક્યાંક ને - ક્યાંક, આ યુદ્ધો ચાલુ ને ચાલુ હોય છે. તો - દેવલોકની અંદર પણ દુઃખ છે, ત્યાં માનસિક દુઃખ - પણ છે, ત્યાં શારિરીક દુઃખ પણ છે, તો માનવું જ પડશે કે આવા ભયંકર દુઃખો જ્યાં છે, ત્યાં પણ દુ ખ છે, એટલે કે,

## દેવલોકની અંદર પણ નરક છે!

ભાઈ સાંભળી રહ્યા છે ને દેવલોક માટેના બધા જ વિચારો, એમના આંગળી આંગળી ને નવો આકાર - ધારણ કરી રહ્યા છે. ને નરક પોતાની વાત આગળ વધારે છે, જો દેવલોકની પણ આ જ દશા હોય, તો મનુષ્યપણા ની તો શું વાત કરવી ?

અલ્પ તુચ્છ આયુષ્ય, નબળુ શરીર, રોગોની ભરમાર, બાળપણ નું અજ્ઞાન, ઘડપણની વિડંબણાઓ, ગધેડાની જેમ બોજો ઉપાડતી જુવાની,

DATE

મંદી, મોંઘવારી, દુકાળ, ભૂકંપ, યુદ્ધો, પુર, અતિવૃષ્ટિ, કંકાસો, કકળાટો, ઝગડાઓ, સંઘર્ષો, વિશ્વાસઘાતો, દગા, ફટકાઓ, માર-પીટો, અત્યાચારો, હત્યાઓ,

કોણ કહે છે કે મનુષ્યલોકમાં પણ નરક નથી ?

મનુષ્યલોકની અંદર પણ, કેટકેટલી વિડંબનાઓ છે. માણસ હજુ નાનો હોય એના મા-બાપ OFF થઈ જાય, મા-બાપ હજુ ~~જુ~~ જુવાન હોય, દીકરો OFF થઈ જાય, માથાભારે તત્વો હોય, દાદાગીરીઓ કરતા હોય, નજીક ની વ્યક્તિઓ હોય ને ટાંટિયો ખેંચતી હોય, કોઈ આપણી આંતરડી કકળાવતા હોય, કોઈ આપણને લેવા-દેવા વગરના બદનામ કરતા હોય. કંઈક આપણી પડતી થાય છે. કોઈનાથી એ સહન નથી થતી, એ આપણને હેરાન કરે છે.

★ નરક વાત કરે છે કે ક્રોધાદિ કષાયો, એ મનુષ્ય લોક ની ઉષ્ણ વેદના હોય છે. નરકની અંદર ભયાનક ગરમી, શેકાઈ જાય, બફાઈ જાય નરકના જીવો, એટલી ગરમી હોય છે. અને અહીંનો ગુસ્સો, કષાયો, ક્રોધ, આ મનુષ્યલોકની ઉષ્ણ વેદના હોય છે.

★ નરકની અંદર શીત વેદના હોય, થીજુ-જવાય, એમ લાગે કે મરી ગયા આનાથી. સોહામણા સપનાઓ એ મનુષ્યલોકની શીત વેદના હોય છે. જે જીવને આશામાં ને આશામાં દુઃખી કર્યા કરે છે. આશા સારી લાગે, સપના સારા લાગે, ઠંડક, શીતળતા સારી લાગે, પણ હકીકતમાં જીવ એનાથી દુઃખી થતો હોય છે.

★ સ્વજનો એ અસિપત્ર વન હોય છે. જેઓ અવ્યક્ત રીતે, જીવને કાપ્યા જ કરે છે.

★ ઘર ચલાવવાની જવાબદારીએ વૈતરણી નદી હોય છે. જીવ જેમ જેમ તરવાનો પ્રયાસ કરે, એમ એમ એમાં- વધારે ને વધારે ડુબતો જાય છે.

★ ઈર્ષ્યાળુઓ એ કુહાડા હોય છે જે જીવને કૂટી નાખે છે!

★ ઓપાળરે તત્વો છે જે પીલણ હોય છે, જે જીવનું તેલ કાઢી નાખે છે.

★ કેટકેટલા ચિત્રવિચિત્ર લોકોએ કઠન હોય- છે, જે મનુષ્યલોકમાં મનુષ્યોને ત્રાસ આપ્યા વગર રહેતા નથી.

★ વિવિધ રોગો હોય છે, જે શીલા યંત્ર હોય છે, જે જીવનો અવાર-નવાર જુદો કરી નાખે, રોગની- શીલાઓ નાખી નાખી ને.

★ અકસ્માતો એ જીવ માટે કરવત હોય છે, જે જીવને ઊભો ને ઊભો કાપી નાખતા હોય છે.

★ અકશાંતિયા પણું, અત્યંત લોભ, હજુ રૂપિયા- મેળવી, હજુ મેળવી... હજુ મેળવી, આ નરકમાં જેવી અસહ્ય ભૂખ હોય છે, જેનાથી મનુષ્યો ક્યારે પણ તૃપ્ત થતા જ નથી.

★ અત્યંત વિષય તૃષ્ણા, આ નરક જેવી અસહ્ય તરસ હોય છે, જેનાથી મનુષ્ય લોકના જીવો પણ, સતત તડપ્યા જ કરે છે.

તેમને લાગતું હોય કે નીચે જ દુઃખ, નીચે જ નરક છે, તો એ તમારી ભૂલ છે, દેવલોક માં પણ દુઃખ, મનુષ્યલોકમાં પણ દુઃખ, મારે ત્યાં દુઃખી કરવાની જે વ્યવસ્થાઓ છે, એ બધી જ દેવલોકમાં અને મનુષ્ય-લોકમાં પણ છે. અને તિર્યંચ ગતિની તો વાત જ શું કરવી!

બાર પ્રકારના તિર્યંચો શિયાળો વિતાવે, ઉનાળો વિતાવે, તો આ પણ એમની ઉષ્ણ અને શીત-વેદનાઓ હોય છે. તિર્યંચ ગતિની અંદર, કતલ-ખાનાઓની અંદર, કપાઈ જવાનું હોય છે, ત્યાં કુંભીપાક, ભ્રાષ્ટ્ર પાક, અસીપત્ર વન, છેદન, છુંદણ, બધી જ વ્યવસ્થા છે. એ તિર્યંચોને ઢોર માર મારવામાં આવતો હોય, એ તિર્યંચોના અંગો પાંગો ભાંગી નાખવામાં આવતા હોય. એક મોટા, જાડા, સળિયાથી એમની ખોપરી તોડી નાખવામાં આવતી હોય. એમના પુંછડા આમળીને તોડી નાખવામાં આવતા હોય. ખૂબ જ તપાવેલું લોઢાનું ધારદાર શસ્ત્ર, એમના શરીરના છિદ્રમાંથી જોરથી અંદર ઘુસાડીને અંદરનું બધું જ માંસ, ઉલાળી દેવામાં આવતું હોય, એમને જોરદાર વિજળીના કરંટના આંચકા આપવામાં આવતા હોય, એમની આંખો ફોડી નાખવામાં આવતી હોય, એમની કરોડરજ્જુ ભાંગી નાખવામાં આવતી હોય, એમના અંગોના નાના-નાના ટુકડા કરી દેવામાં આવતા હોય, એમની ડોક એક જ ઝટકે કાપી નાખવામાં આવતી હોય, લોહીનો ફુવારો ઉડતો હોય, ચીસો ને તરફડાટ સાથે ખૂબ જ કમોતે તિર્યંચ મોતને ભેટતો હોય, જે તિર્યંચ ઉપર જેટલો અમાનુષી ત્રાસ ગુજારવામાં આવે, કે - જાણે એ જીવ જ નથી, જીવતા ને જીવતા એની ચામડી ઉતારી દેવામાં આવતી હોય. એક જીવતુ ને જાગતુ પશુ એ માંસના પડીકાઓની અંદર પરિવર્તિત થઈ જતું હોય. અને HIGHEST જેટલો ત્રાસ આપી શકાય, એટલો

(૨૨)

આપવામાં આવતો હોય, સાપના JUICE બનતા હોય, SNAKE JUICE હોય, CHICKEN SOUP હોય, કીડીઓની ચટણીઓ હોય ઉંદરોના અથાણા હોય, દુનિયાનું એવું કોઈ તિર્યંચ બાકી ના હોય, જે - જંગલી પશુ હોય, અથવા કીડા, મકોડા, મચ્છર, ભમરા વગેરે કોઈ પણ, બે ઈન્દ્રિય જીવો, ઈયળો વગેરે, કૃમિઓ વગેરે હોય, કે બીજા કોઈ પણ જીવો હોય, કોઈ પણ પ્રકારના જીવો તમે જોઈ લો, તિર્યંચ ગતિની અંદર કેવી કાળો કેર વર્તી રહ્યો છે, અને એવી વેદનાઓને તિર્યંચો સહન કરતા હોય, તો શું એ મારું જ સ્વરૂપ નથી ?

## કાર્તિકેય અનુપ્રેક્ષા નામનો ગ્રંથ કહે છે,

अन्नोन्नं खज्जंता तिरिया पावंति दारुणं दुक्खं।

તિર્યંચ ગતિના દુઃખો માત્ર મનુષ્યો તરફથી જ છે, એવું - નથી, તિર્યંચ ગતિ, તિર્યંચો તરફથી પણ દુઃખી છે, આગળ વધીને, તિર્યંચો જે મનુષ્યો થી પણ દુઃખી છે, પોતાની જ જાતિ, ~~બીજા~~ તિર્યંચો થી પણ દુઃખી છે, એ વાતાવરણથી પણ દુઃખી છે, અને પોતાનું જે - તીર્યંચ પણું એનાથી પણ દુઃખી છે. પરસ્પરથી દુઃખી છે, એક બીજાને ખાનારા, એક બીજાને મારનારા, એક - બીજા પર હુમલા કરનારા, જંગલની અંદર પશુઓએ કઈ એકડું, કોણ એના ઉપર તરાપ મારે, કોણ એને ફાડી ખાય, દરિયાની અંદરની કોઈ માંછલી ક્યારે - મોટી માછલી કે જળચરો નો કોળિયો થઈ જાય, એનો કોઈ જ ભરોસો નહિ.

अन्नोन्नं खज्जंता,

એક બીજાને ખાતા એવા તિર્યંચો, ભયાનક વેદનાને પામે છે.

माया वि जत्थ भक्खदि, को अण्णो तत्थ रक्खेदि ? ॥

સગી માતા હોય, ભુંડણ હોય, કુતરી હોય, નાગણ હોય, પુરા દિવસો ચાલતા હોય, કશું ખાવા માટે શોધવા ન જઈ-શકી હોય, અત્યંત ભુખ.. ખુબ ભુખ.. ખુબ ભુખ.. અને ગર્ભ કાળ પુરો થાય, બચ્ચા ને જન્મ આપે, ભયાનક ભુખ લાગી છે, અને પોતાના સગા બચ્ચાને, સગી "મા", બચકા ભરી ભરીને, તાજુ જન્મેલું બચ્ચું, એને ખાતી જાય.

माया वि जत्थ भक्खइ,

જ્યાં સગી "મા" સુધ્ધા ભક્ષણ કરી જતી હોય,

को अच्छो तत्थ रक्खइ ।।

ત્યાં બીજું તો કોણ રક્ષણ કરે ?

ધરતી કહો, દરિયો કહો, કે આકાશ કહો તિર્યંચ ગતિ એટલે કાળો કેર, તિર્યંચ ગતિ એટલે ભયાનક ત્રાસ, અને તિર્યંચ ગતિ જ્યારે આવી જ છે, તો

એની અંદર નરક નથી એવું કઈ રીતે કહી શકાય!

નરક વાત કરી રહી છે, પેલા ભાઈ સાંભળી રહ્યા છે. નરક કહે છે, કે આ તો ખોટી જશ ન લેવાય ને એટલે કહું છું, કે તમે કહો કે મારી વ્યવસ્થા બેજોડ, તમે કહો કે જીવોને દુ:ખી કરવાની સર્વોત્કૃષ્ટ વ્યવસ્થા-મારી પાસે છે. હું બહુ નિખાલસતાથી કહું છું કે વાત ખોટી છે. મારામાં તો નીચે, માત્ર સાત પ્રકાર છે નરકના, તિર્યંચ ગતી ની અંદર, મારા અનંત પ્રકાર છે. નરક સાત છે એ સ્થુલ વાત છે, ગતિ ચાર છે એ સ્થુલ-વાત છે. હકીકતમાં એક જ ગતિ છે, નરક! હકીકતમાં સાત જ નરકના પ્રકાર નથી, નરકમા અનંત પ્રકાર છે. નરક વાત કરે છે, હું તો આ સંસાર વૃક્ષની એક માત્ર શાખા છું, આવી તો અઢળક શાખાઓ છે. કરોડો, અબજો, અબજો ના અબજો, આ સંસાર વૃક્ષની તે તો

DATE

શાખાઓના પાંદડાઓ છે, અને પાંદડે પાંદડે અનંત-દુ:ખોનો દરિયો છે.

प्रकृत्यासुंदरं ह्येवं संसारे सर्वमेव यत् ।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહેવા માંગે છે, કે આ સંસારની અંદર તમે જેનો પણ વિચાર કરો, જે-અણગો-આંચરો જુઓ, જે દ્રષ્ટિકોણથી જુઓ, જે-અપેક્ષા એ વિચાર કરો,

## સંસારની અંદર દુ:ખ જ દુ:ખ છે !

સંસારમાં બધુ જ અસુંદર છે. સંસારની અંદર કશું પણ સારુ નથી. ચુલા ઉપર કડાઈ મુકી છે, ચુલો-ચાલુ કર્યો છે. જ્વાળાઓ ઉંચી ઉંચી થઈ રહી છે, જ્વાળાઓ આખી કડાઈને ઘેરી વળે છે, લોઢાની-કડાઈ છે, ગરમ થઈ રહી છે... જોર ગરમ.. જોર-ગરમ.. જોર ગરમ.. જોર ગરમ.. અત્યંત ગરમ.. હવ્વુ ગરમ.. હવ્વુ ગરમ.. હવ્વુ ગરમ.. હવે એ કડાઈ-કયા ભાગે ઠંડી હશે ? કયાંક તો ઠંડી હશે ને ? આ પ્રશ્ન કેવી મુર્ખામી ભર્યો કહેવાય,

## સંસારની બરાબર આ જ સ્થિતિ છે !

## સંસારની અંદર કશું પણ સારું નથી !

અને કડાઈ કયાંક તો ઠંડી હશે આવી આશામાં એને અડવામાં આવે, તો દાઝવાનું જ થશે. સંસાર કયાંક-તો સારો હશે ને, આ ભ્રમણામાં, આ આશામાં, એને જ્યાં અડવામાં આવે, ત્યાંથી ખરાબ અનુભવ થયા વગર રહેવાની નથી. ચુલા પર તપાવેલી-કડાઈ બધી જ રીતે, બધી જ જગ્યાએથી ગરમ જ હોય.

સંસાર છે, જે બધી રીતે ખરાબ જ હોય. કડાઈ બધે તો ગરમ કર્યાથી હોય કે આવી અંધશ્રધ્ધા, જે હમડ્યા વગર રહેતી નથી, ભલે મહારાજ સાહેબ ગમે તેવી વાત કરે, સિધ્ધાર્થ મહારાજ ગમે તેવું બતાડે, બધે કાંઈ સંસાર ખરાબ-ન હોય, સંસારમાં કાંઈ સારું પણ હોય છે, ને આપણી તો સંસાર સારો જ છે, સંસાર બધી રીતે કઈ રીતે ખરાબ હોય શકે.

સભાનો પ્રશ્ન :- એટલે પૈસા, પરિવાર, પુત્ર, પત્ની એ બધી તપેલી કડાઈ છે કે જેને અમે અડીએ એટલે અમે દાઝીએ છે.

પૂજ્યશ્રીનો ઉત્તર :- આપણી છે ને, ખરી તકલીફ એ નથી, કે સંસાર દઝાડે છે. આપણી ખરી તકલીફ એ છે કે આપણે હજુ સુધી દાઝ્યા- નથી. હજુ સુધી આપણે નથી દાઝ્યા એટલે ભ્રમણામાં- રહીએ છીએ ને એના કારણે આપણે દાઝતા રહીએ- છીએ.

ઉત્તમ પ્રકારના જીવો હોય છે જે બીજાના- ઉદાહરણથી સમજે છે. કોણિક ની વાત સાંભળે, ને- દીકરાનો મોહ ઉતરી જાય. સુર્યકાંતા ની વાત સાંભળે ને એની પત્ની પ્રત્યેનો મોહ ઉતરી જાય. એ ચાણક્ય ની- વાત સાંભળે એનો મિત્રનો મોહ ઉતરી જાય. એ કનક- કેતુ રાજાની વાત સાંભળે, કે જેણે દીકરાઓ જન્મે ને- એમના હાથ- પગ- નાક વગેરે કાપવાના શરૂ કર્યા, કારણકે મોટો થઈ ને એ રાજા ન બની જાય. કનકકેતુની વાત સાંભળે ને પિતા નો મોહ ઉતરી જાય. ચુલનીની વાત સાંભળે, માતા નો મોહ ઉતરી જાય. ઉત્તમ જીવો હોય છે જે બીજાના ઉદાહરણ થી, સમજુ જતા હોય છે, શીખી જતા હોય છે. મધ્યમ જીવો હોય છે, પોતાના ઉદાહરણથી

શીખે, પોતે હાર્યા, અને પછી નક્કી કરે કે,
હવે મારે આ સંસાર ના જોઈએ. હિય્ય થઈ ગયું,
સીતાજી શુદ્ધ તરીકે સાબિત થઈ ગયા, રામ કહે છે,
હવે ચાલો અયોધ્યા રાજ મહેલમાં, રાજરાણીનું પદ-
તમારે શોભાવવાનું છે. અને સીતાજી કહે છે કે -
સંસારે આટઆટલા તમાચા મને માર્યા, એ સંસાર-
પ્રત્યે હવે મને કોઈ જ લાગણી રહી નથી, હવે મારે-
સંયમના પંથે જ જવું છે.

ઉત્તમ જીવ બીજાના ઉદાહરણથી શીખે,
મધ્યમ જીવ પોતાના અનુભવથી શીખે, અધમ જીવ,
લાખ અનુભવ થવા છતા, સંસારને સારો જ માને,
શાસ્ત્રોમાં ચરિત્ર ગ્રંથોની અંદર એવા ઉદાહરણો આપ્યા
છે. નજર સામે પત્નીની બેવફાઈ જોવા છતા, એનું -
દુશ્ચારિત્ર જોવા છતા, માણસ એ પત્નીને સારી જ
માને, આગ બૂ.. બૂ થઈ જાય, કેવો મુર્ખો, કેવો -
ભામો, કેવો ઘેલો કેવો ગાંડો, એવું થઈ જાય. નજર-
સામે બધું જોઈ લીધું, છતા પત્નીનો મોહ ન
ઉતરે, હકીકતમાં એ માણસની વાત નથી, પત્ની -
એટલે સંસાર, માણસ એટલે આપણે, એનું -
દુશ્ચરિત્ર આપણે અનંતવાર જોયું છે, આ ભવની -
અંદર, અનેક સંસારના અનુભવો આપણને થયા છે,
અથવા તો આંખ સામે આપણે બીજાની દશાઓ,
જોઈ રહ્યા છીએ, આ બધું જ સંસારનું દુશ્ચરિત્ર -
જોવા છતા, હજુ આપણો સંસારનો મોહ ઉતરે નહિ,
તો આપણા જેવા ધીઠ્ઠા બીજા કોઈ જ નહિ.

વર્તમાન સમયે, આજની તારીખમાં તમને
તમારો પરિવાર, તપેલી કડાઈ જેવો લાગે છે કે -
નથી લાગતો, એ વાતનું કોઈ જ મુલ્ય નથી.

જે વાતનું હકીકતમાં મુલ્ય છે કે સંસારનું સ્વરૂપ શું છે. અને આ બધુ જેની તમે વાત કરો છો, એ સંસારની અંદર છે, કે સંસારની બહાર છે. હજુ સુધી શરીરમાં રોગ આવ્યો-જ નથી, એના મતલબ તમારું શરીર કદી રોગોમાં આવવાનું-જ નથી, હજુ સુધી ઘડપણ નથી આવ્યું, એટલે કાયમ જુવાન રહેવાના, હજુ સુધી તમને ધંધામાં નુકશાની નથી થઈ, એટલે આખી જિંદગી માં કદી નુકશાની થવાની જ નથી, હજુ સુધી તમારા સગા-વાહલા- પરિવાર સાથેના સંબંધો સારા છે, એટલે કાયમ સારા રહેશે. હજુ સુધી તમે જીવી રહ્યા છો એટલે કાયમ જીવતા રહેશો ?

प्रकृत्यासुंदरं ह्येवं संसारे सर्वमेव यत् ।

સંસારનો સ્વભાવ જ છે ખરાબ પણું !
સંસારનો સ્વભાવ જ છે કે એ દુઃખ ત્રય છે !
સંસારનો સ્વભાવ જ છે વહેલા-મોડા એ તમને રોવડાવવાનો !
સંસારનો સ્વભાવ જ એ છે કે કદાચ પુણ્યોદયથી અત્યારે તમને હસાવી રહ્યો છે, તો હાસ્યની એક એક આગના બદલા-માં, એ તમને કદાચ આખો વરસનું રુદન તમને આપવાનો.

प्रकृत्यासुंदरं सर्वं

આપણી એ આશા છે, એ ભ્રમણા છે કે, કદાઈ ક્યાંક નો હડો હશે. કદાઈ બધે તપેલી હોય આપું તો કઈ રીતે - બની શકે. ના ભાઈ, આપણો દીકરો તો શ્રવણ જ છે. આપણી પત્ની તો સીતા ને સાવિત્રી જ છે. આપણો-સંસાર બહુ સારો છે. આ બધી વાત સાચી હશે, સાહેબજી કહું ! આ બધી તો બીજા, ત્રીજા, ફલાણા, ઢીંકણા ની વાત હશે, આપણું તો કેટલું સારું ... કેટલું સારું ... અને આમાં ને આમાં ખૂબ સંસારના કડવા અનુભવો કરતો હોય છે.

ઉગાનને કોઈએ પ્રશ્ન કર્યો. કે તમે અનુભવ કઈ રીતે લો છો ? અને ઉગાની તરત જ-જવાબ આપ્યો, ખોટા નિર્ણયો લઈને !

કોઈ કવિએ બહુ મઝાની વાત કરી છે,

"હજુ કાચી હશે સમજણ અમારી,
હજુ અમને અનુભવો થઈ રહ્યા છે!"

નાનકડું બાળક છે, ઘુંટણિયે ચુલાની નજીક જતો રહે છે, અડી જાય છે ગરમને, અંગારાને, જ્વાળાને, હાથ એનો દાઝી જાય છે, ચીસ પાડે છે, રડે છે, મમ્મી દોડી આવે છે, ઉંચકી લે છે, કવિ કહે છે કે બાળકની જે વાત છે, એ જ અમારી વાત છે,

"હજુ કાચી હશે સમજણ અમારી
હજુ અમને અનુભવો થઈ રહ્યા છે!"

જે ભવ સાધનાના અનુભવ માટે હતો, જે ભવ આત્માના અનુભવ માટે હતો, જે ભવ મોક્ષના અનુભવ માટે હતો. એ ભવને આપણે સંસારના કડવા અનુભવો લેવા દ્વારા, બરબાદ કરી રહ્યા છીએ, એનાથી વધારે દુર્ભાગ્ય આપણું બીજું કયું હોય શકે?

સિદ્ધર્ષિગણિ મહારાજ, બહુ પ્રેમથી આપણને કહેવા માંગે છે, કોઈ પણ સુખની આશા ભુલે ચુકે સંસાર પાસે રાખશો નહિ. રાખો છો તો તમારી સમજણ કાચી છે. કડવા-કડવા ઝેર જેવા અનુભવો, તમને થઈને રહેવાના છે. કદાચ તમે કહો અત્યારે અમારો પુણ્યોદય છે, શરીર, ધંધો, પરિવાર, સંબંધ, પ્રેમ, શાંતિ, બધું જ અકબંધ છે. સિદ્ધર્ષિગણિ મહારાજ કહેશે, ક્યાં સુધી અકબંધ રહેશે તે નક્કી નથી! ગમે ત્યારે આ બધું જ ફરી જવાનું છે

છેવટે, મૃત્યુ દ્વારા આખું જ વાતાવરણ ફરી જવાનું ! બધું જ પતી જવાનું, અને એમાં કરેલી મોહ, રાગ-દ્વેષ, બાંધેલા કર્મો, એનાથી તમારો આત્મા આ ભવના સુખનું મુલ્ય, આવનારા અનંત ભવો સુધી, કદાચ દુઃખી.. દુઃખી-થઈને ચુકવતો રહે, એવો અભ્યાસ, એવો સંસાર પર વિશ્વાસ, એવી જોરી હૈયા ધારણ રાખીને તમે શા માટે તમારા આત્માને દુઃખી કરો છો. આજે સમય થયો છે, આજે જાગતું રાખીએ !

x x x x x x